# આણંદના મહેરબાન એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં

સે.કે. નં.૪૫/૦૮

ફરિયાદીઃ     સરકાર

વિ.

તહોમતદારઃ  વીનુભાઈ ભીખાભાઈ પટેલ અને બીજા

## બાબત.- સાહેદો તરફે લેખિત દલીલો

અમો આ કામના મુળ ફરીયાદી તથા સાહેદો તરફે એડવોકેટ આપ નામદાર કોર્ટ સમક્ષ આ લેખિત દલીલો રજુ કરી  છીએ કે. . .

૧) તારીખ ૨૭.૨.૦૨ ના રોજ ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનના ડબ્બામાં હિન્દુ કારસેવકોને સળગાવી દેવાનો જે હત્યાકાંડ સર્જાયેલ તે મુસ્લિમ કોમના લોકોએ અંજામ દીધેલ છે તેવો મોટાપાયે  ઉહાપોહ અને પ્રચાર કરી વિશ્વ હિન્દુ પરિષદ અને બીજા કટ્ટર હિન્દુવાદી હિંદુ સંસ્થાઓએ તારીખ ૨૮.૨.૦૨ ના રોજ  ગુજરાતબંધનું એલાન આપેલ. તે ગુજરાત બંધના એલાનના કારણે સમગ્ર ગુજરાતમાં કોમી તંગદિલી અને ઉશ્કેરાટ ફેલાયેલ અને તેના અનુસંધાને તારીખ ૧.૩.૦૨ ના રોજ ઓડ ગામે હિન્દુ કોમના ટોળાએ બપોરના ૧.૦૦ થી ૧.૩૦૦ વાગ્યાના સુમારે મુસ્લીમ કોમની વસ્તી ઉપર હુમલો કરી જાનમાલને નુકશાન કરી કોમી બદલો લેવાના ઈરાદે પોતાનો સામાન્ય બદઈરાદો પુરો પાડવાના હેતુથી હિન્દુ કોમના મોટા ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી, પુર્વ આયોજીત કાવતરાના ભાગ રૂપે જીવલેણ હથિયારો સાથે તથા પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો ધારણ કરી તારીખ ૧.૩. ૦૨ તથા તારીખ ૨.૩.૦૨ તથા તે સમય દરમ્યાન ઓડ ગામે મુસ્લીમોની વસ્તી ધરાવતા મહોલ્લાઓ  ઉપર હુમલો કરી ફરીયાદી રફીકમહંમદ અબ્દુલભાઈ ખલીફા (સાહેદ નં. ૧૦૪, આંક-૨૪૦) તથા સાહેદો તથા તેઓના મકાનો ઉપર પથ્થરમારો કરી ઈજાઓ પહોંચાડી મકાનો, દુકાનો, કેબીનો, વાહનો તથા છાપરાને  આગ ચાંપી તથા

લુંટફાટ કરી તથા સાહેદ અકબરખાન ભીખનખાન પઠાણના મકાનમા કે જે પુર્ણીમા ચોકમા આવેલા ઝાપલીવાળા મકાન તરીકે ઓળખાય છે અને તેના બાજુમા આવેલ મુરાદમીયા ભુલામીયાના મકાનમા  બચવા માટે સંતાયેલા મુસ્લીમ કોમના સ્ત્રી, પુરૂષો અને બાળકોને પેટ્રોલ, કેરોસીન છાંટી બેરહેમીથી જીવતા સળગાવી તેમના મોત નીપજાવી તથા મુસ્લીમ કોમના લોકોની કોમી લાગણી દુભાય તથા તેમના ધર્મનું અપમાન થાય તે રીતેનો સુત્રોચ્ચાર કરી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ ગેરકાયદેસર મંડળીના સભ્ય બની તથા હુલ્લડ કરી ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(ક), ૨૯૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૬, ૩૩૭, ૩૦૨, ૩૦૭, ૩૯૬, ૩૯૭, ૪૩૫, ૪૩૬, ૩૪, ૧૨૦(બી)  તથા બી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓ સદરહુ તોહમતદારોએ કરેલ છે તે બાબતે નામદાર કોર્ટે મજકુર તોહમતદારો સામે તા.૧૨.૧૧.૦૯ ના રોજ  તોહમત ફરમાવેલ છે.

૨) મજકુર તોહમતદારો સામે તેમણે કરેલ ગુનાઓ નામદાર કોંટમા સાબિત કરતા પહેલા એ નોંધવું જરૂરી છે કે સને ૨૦૦૨ માં ગુજરાતમાં  થયેલ કોમી તોફાનો બાબતમાં ગુજરાત પોલીસ ની ઢીલી, દ્વેષપુર્ણ અને ખોટી રીતે સત્યને દબાવી ખરા ગુનેગારોને છાવરવાની નીતીના કારણે સુપ્રિમકોર્ટે અસરગ્રસ્તનોને સાચો ન્યાય મળી રહે તે માટે ન્યાયપ્રિય એન.જી.ઓ તરફથી નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા આદેશ કરી ગુનાની તપાસ તટસ્થ અને સાચી રીતે કરી શકાય તે માટે ના. સુપ્રીમ કોર્ટ સમક્ષ નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન ને (ક્રીમીનલ) પીટીશન નં.૧૦૯/૨૦૦૩ પીટીશન દાખલ કરેલ અને ના.સુપ્રીમ કોર્ટ સમક્ષ (ક્રીમીનલ) પીટીશન નં. ૧૦૯/૨૦૦૩ નેશનલ હ્યુમન રાઈટ કમિશને કરેલ  પીટીશન ધ્યાને લેતા તા. ૨૬.૩.૦૮  ના રોજ ના. સુપ્રીમ કોર્ટે ખાસ તપાસ દળની રચના કરવાનો હુકમ કરેલ છે. અને ખાસ તપાસ દળની (સીટ)રચના શ્રી આર.કે. રાધવન ના અધ્યક્ષપણા નીચે રચના કરવામાં આવેલ. સમગ્ર ગુજરાતમાં થયેલ કોમી હુલ્લડો બાબતમાં ત્યારબાદ સીટે તપાસની શરૂઆત પોતાની રીતે શરૂ કરેલ. સીટ દ્વારા પણ કરવામાં આવતી તપાસ સંપુર્ણરીતે તટસ્થ અને સાચી દિશાની ન હોઈ અવાર નવાર તે બાબતે નામદાર સુપ્રીમકોર્ટે તથા સંબંધિત કોર્ટોનું ધ્યાનદોરી સાચી દિશાનું અન્વેષણ કરવાની માંગણી અસરગ્રસ્તો તરફથી અવાર-નવાર કરવામાં આવેલ. પરિણામે નામદાર સુપ્રિમકોર્ટે સીટના

કેટલાક જવાબદાર અધિકારી શીવાનંદ ઝા તથા બીજા જવાબદાર તપાસ અધિકારીને સીટ દ્વારા થતા અન્વેષણ ની કાર્યવાહીમાંથી તેમને તેમની જવાબદારીમાંથી મુક્ત કર્યા હતા.

આમ, કોમી તોફાનો દરમ્યાન બનેલ મોટા પાયા પરના હિંચકારા ગુનાઓમાં સહન કરનારા મુસ્લિમ અસરગ્રસ્તોને સાચી દાદ મેળવવામાં મોટા અંતરાયો ઉભા થયેલ અને તેમને થયેલ અન્યાય બાબતે ખરા તોહમતદારો સુધી પહોંચવાનો તથા  તપાસનો મુખ્ય ઉદેશ સાચી દિશામાં  તે બાબતે સહાનુભુતિ પુર્વક તપાસ ન કરી ઈન્વેસ્ટીગેશનમાં છીદ્રો રહે તે માટે જાણી જોઈને સાહેદો તરફથી આપવામાં આવતા નિવેદનોમા  વિરોધાભાસ ઉભો થાય તે રીતે તપાસ કરવામાં આવેલ છે.આ સંજોગોમાં સાહેદોની જુબાની નામદાર કોર્ટમાં થયેલ છે.

૩) નામદાર કોર્ટ સમક્ષ ફરીયાદપક્ષે તોહમતદારો સામે તેમણે કરેલ તોહમતનામા અનુસારના ગુનાઓ સાબીત કરવા કુલ ૧૫૮ સાહેદો તપાસેલ છે. નામદાર કોર્ટમાં સાહેદોએ આપેલ જુબાની અસરગ્રસ્તોએ આપેલ છે તે તમામ પુરતી, વિશ્વાસપાત્ર માની શકાય તેવી જુબાની અને પુરાવો છે. ફરીયાદ પક્ષે બનાવના નજરેજોનાર સાહેદો જેમાં ઘણા બનાવ વખતે ઈજાઓ પામેલ છે અને તેમની બનાવ વખતની હાજરી નકારી શકાય તેમ નથી અને  તેઓની ના.દાર કોર્ટમા જુબાની થયેલ છે અને તેમણે બનેલ બનાવ અંગે પુરેપુરૂ સમર્થન આપેલ છે તથા ફરીયાદપક્ષે જરૂરી એવા ડોકટરી પુરાવાઓ તથા પંચો અને પોલીસ અધિકારીઓને તપાસી જરૂરી એવા દસ્તાવેજો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

૪) આ કેસમાં પુરાવા પ્રમાણે હિન્દુકોમના ટોળાએ પ્રથમ તા.૧.૩.૦૨ ના રોજ ઓડ ગામમાં સુરીવાળી ભાગોળ, પીરાવાળી ભાગોળ તથા અન્ય વિસ્તારમાં મુસ્લિમોના મકાનો તેમજ ઘરવખરીને ગામના તોફાની  ટોળાએ બાળી નાંખેલ. ત્યારબાદ તા. ૧.૩.૦૨ ના રોજ બપોરના આશરે ચાર સાડા ચાર વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી બની ૧ થી ૧.૩૦ વાગે સુરીવાળી ભાગોળ અને ત્યારબાદ પુર્ણીમા ચોક ખાતે આવેલા ઝાપલીવાળા મકાન પાસે આવી બુમો અને કીકીયારીઓ પાડતા ગોધરાકાંડ અનુસંધાને પોતાનો સામાન્ય ઈરાદો બર લાવવા મુસ્લીમ વસ્તી ધરાવતા મહોલ્લા આગળ  આવેલા અને બુમો અને

કીકીયારીઓ પાડતું, મીંયાઓને મારી નાંખો, કાપી નાંખો, જીવતા સળગાવી નાંખોની બુમો પાડી ઝાંપલીવાળા મકાન તેમજ ઉસ્માનમીંયાના મકાન ઉપર હુમલો શરૂ કરેલો. આ ટોળું લગભગ ૧૦૦૦ થી ૧૫૦૦ નું હતું અને મુસ્લીમોના મકાનો ઉપર તોડફોડ કરી, લુંટફાટ કરી આગ લગાડવાની શરૂઆત કરેલ. ટોળાની પાસે તે વખતે પેટ્રોલ, કેરોસીન ના પાઉચ અને પેટ્રોલ જેવા જવલનશીલ પદાર્થો તથા મારક હથિયારો સાથે સજજ થઈને હતા અને ટોળાના હુમલાથી બચવા નીરાધાર મુસ્લીમ સ્ત્રી, બાળકો અને બીજા માણસો જાન બચાવવા મુરાદમીયા ભુલામીયા તથા અકબરખાન ભીખનખાન ના ઘરમાં ભરાઈ ગયેલ. હુમલો કરનાર ટોળાના માણસોએ મુરાદમીયા ભુલામીયા તથા અકબરખાન ભીખનખાન ના મકાનમાં જાન બચાવવા ભરાઈ ગયેલ લોકોને બેરહેમીથી પેટ્રોલ, કેરોસીન જેવા પદાર્થો નાખી, આગ ચાંપી બાળી મુકેલ, મુરાદમીયા ભુલામીયા તથા અકબરખાન ભીખનખાનના ઘરમાંથી બચાવો-બચાવોની કીકીયારીઓની કોઈ અસર હુમલો કરનાર ટોળાના હ્દયને પીગળાવી શકેલ નહી.

મુરાદમીયા ભુલામીયા તથા અકબરખાન ભીખનખાનના મકાનોમા બચવા માટે રહેલા સ્ત્રીઓ,પુરુષો,બાળકોને ટોળાના માણસોએ જીવતા સળગાવી દીધેલ અને આ પૈકી સિંકદરમીયા ઉસ્માનમીયા અને તેમની નાની દિકરી ગુડ્ડી ઉર્ફે મુન્નીની લાશ અકબરખાન ભીખનખાનના મકાનના પાછળના ભાગે અને રાવજીભાઈના વંરડા તરફ રસ્તા ઉપર લાશો પડેલી હતી. આ બનેલ બનાવવાળી જગ્યાએ ૨૩ જેટલી નિર્દોષ મુસ્લીમ સ્ત્રી, પુરૂષો અને બાળકોને બાળીને મારી નાંખ્યા હતા. અને આ ૨૩ વ્યક્તિઓ નીચે મુજબની હતી.

(૧) યાસીનખાન ઉર્ફે ફકીર અકબરખાન પઠાણ

(૨) સકીનાબીબી અકબરખાન ભીખનખાન પઠાણ

(૩) રૂકસાનાબાનુ અકબરખાન ભીખનખાન પઠાણ

(૪) મુમતાજબીબી યાસીનખાન અકબરખાન પઠાણની દીકરી

(૫) ઈમ્તીયાઝખાન યાસીનખાન પઠાણ

(૬) નફીસાબાનુ તે યાસીનખાન અકબરખાનની દીકરી

(૭) મુરાદમીંયા ભુરામીંયા મલેક

(૮)સુગરાબીબી તે મુરાદમીયા ભુલામીંયા મલેકની પત્ની

(૯) રજીયાબાનુ તે યાસીનખાન અકબરખાનની દીકરી

(૧૦) અફસાનાબાનુ તે મુરાદમીંયા રસુલમીંયાની દીકરી

(૧૧) સમીમબાનુ તે બશીરમીંયા રસુલમીંયાની દીકરી

(૧૨) જેતુનબીબ તે ઉસ્માનમીંયા ભુલામીંયાની પત્ની

(૧૩) અનીશાબાનુ તે મુસ્તાકમીંયા રસુલમીંયાની દીકરી

(૧૪) રસીદાબીબી તે સિકંદરમીંયા મલેકની દીકરી

(૧૫) કરીશ્માબાનુ તે સિકંદરમીયા ઉસ્માનમીંયાની દીકરી

(૧૬) મદીનાબીબી મહંમદમીયા મલેક

(૧૭)મકસુદાબીબી તે સફીમીયા મહંમદમીયાની પત્ની

(૧૮) સબાનાબાનુ તે સફીમીયા મહંમદમીંયાની દીકરી

(૧૯) અફસાનાબાનુ તે સફીમીયા મલેકની દીકરી

(૨૦) સૈદનબીબી તે અબ્દુલસત્તાર મલેકની પત્ની

(૨૧) અબ્દુલ સત્તાર હાસમમીંયા મલેક

(૨૨) સીકંદરમીંયા ઉસ્માનમીંયા મલેક

(૨૩) ગુડ્ડી ઉર્ફે મુન્ની તે સિકંદરમીંયા ઉસ્માનમીંયાની દીકરીને

આ ઝનુની ટોળાએ ઉપરોક્ત વ્યક્તિઓને જીવતા સળગાવીને બાળી નાંખેલ તેમજ અન્ય વ્યક્તિઓને ઈજાઓ પહોંચાડેલ છે. આ હીચકારો હુમલો કરનાર ટોળુ ગેરકાયદેસર મંડળી સ્વરૂપે હતું અને તેમાં સામેલ દરેક વ્યક્તિ કે ટોળાએ કરેલ લુંટફાટ, પથ્થરમારો, આગચંપી, ખુન, ગંભીર ઈજાઓ પહોંચાડવા તેમજ બીજા દરેક ગુના માટે બરાબરના દોષિત છે. આ ટોળામાં સામેલ વ્યક્તિઓને નામદાર કોર્ટમાં તપાસવામાં આવેલ સાહેદોએ સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલ છે. તોહમતદારોને ઓળખી બતાવનાર સાહેદો તે જ ગામના રહેવાસીઓ છે. તેઓ તેમને સારી રીતે ઓળખે છે અને તેમણે સંભવિત વહેલામાં વહેલી તકે પોલીસને તેમના નામો આપેલ છે તેમજ સીટ સમક્ષ પણ સાહેદોએ તો.દારોના નામો જાહેર કરેલ છે. અને ના.દાર કોર્ટમા પણ તો.દારોના નામ જાહેર થયેલ છે અને તો.દારોને ઓળખી બતાવેલ છે. બનાવ વખતે મોડી સાંજનો સમય હોઈ તેમજ ટોળુ મોટુ હોઈ તોહમતદારોને ઓળખી ન શકાય તેમ બતાવવાની બચાવ પક્ષ તરફથી કોશિશ કરવામાં આવેલ છે. તેમજ બચાવ પક્ષ તરફથી તોફાની ટોળા દ્વારા સળગાવીને બાળી નાંખવામાં

આવેલ ૨૩ વ્યક્તિઓને આજની તારીખે પણ ગુમશુદા એટલે કે લાપતા બતાવેલ છે, કે જે તેમની ઉલટ તપાસથી ફલિત થાય છે. પરંતુ, ખરી હકીકતે જે ૨૩ વ્યક્તિઓને જે જગ્યાએ જે સ્થળે બાળી નાંખવામાં આવેલ છે તે જગ્યાએ બનાવના દિવસથી લઈને લગભગ બે દિવસ સુધી કોઈ પોલીસનો બંદોબસ્ત નહોતો કે ગામમાં કોઈ પણ મુસ્લીમ વ્યક્તિ હાજર નહોતી. બનાવ બાદ તે જગ્યાને કોર્ડન કરેલ નહિ તેમજ વહેલામાં વહેલી તકે પંચનામુ કરેલ નહિ. તેથી, આ કામના તોહમતદારોને સદર બનાવના સ્થળે પુરાવાનો નાશ કરવા અંગેનો પુરેપુરો સમય મળેલ હતો. અને બેખોફ થઈને તોફાનીઓએ તેઓનુ અપકૃત્ય કરેલાનુ સાહેદોએ જુબાનીથી ફલિત થાય છે.

૫) આમ પોલીસ તપાસ શંકાસીલ રીતે થયેલ હોય તેવી સ્થિતીમાં સાહેદોની જુબાનીમાં કોન્ટ્રાડીકશનનું તથા ઓમીશનનું બહુ મહત્વના ના ગણી શકાય. અને આવા સંજોગોમાં સાહેદોએ આપેલ જુબાની મહત્વ ધારણ કરે છે અને તે જુબાનીને ના.કોર્ટે તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે જ તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.અમો વીકટીમ્સના એડવોકેટ સૌ પ્રથમ આપ ના.દાર કોર્ટનુ ધ્યાન આ કામના નજરે જોનાર, ભોગ બનનાર સમગ્ર બનાવ વખતે હાજર સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની તરફ ધ્યાન દોરીએ છીએ. સાહેદોએ પ્રોસીક્યુસન કેસને તટસ્થ રીતે જુબાની આપી કેસને સમર્થન આપેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો જોતા સાહેદોનો ન્યાય મેળવવાનો એક માત્ર આધાર કોર્ટ છે અને તેથી જ સાહેદોએ તેમણે જોયેલી તમામ હકીકતો સાચી રીતે ના.કોર્ટમાં તેઓની જુબાની સ્વરૂપે રજુ કરેલ છે. અને તે જ હકીકત ના.કોર્ટે લક્ષમાં લેવી જોઈએ તેવી અમારી ખાસ રજુઆત છે. વધુમાં ના.કોર્ટે સીટે સાહેદોના જે જવાબ સાહેદોના કહેવા મુજબ લખાવેલ જ નથી તેનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ વધારાનો જવાબ ક્યારે લેવો જોઈએ અને તપાસનો કયો ભાગ બાકી રહી જતો હતો તેના કારણે આવા નિવેદનો સીટે લખવા, ઘડવા અથવા તો લેવા પડ્યાં તે સમજી શકાય તેમ નથી તે એક અનુમાનનો વિષય છે. આમ ઉપરોક્ત બાબતોથી સીટની તપાસ પણ ઘણે અંશે ખુબ જ ઢીલી નીતી વાળી રહેલ છે.

આ કામના વીકટીમ્સના અવાર નવારના પોલીસ સમક્ષના નિવેદનો, અરજીઓ, સોગંદનામા, રજુઆતો વિગેરે ના.દાર કોર્ટના રેકર્ડ પર આવી હોય

ત્યારે કોર્ટે શુ માનવુ અને શુ નહી માનવુ જોઈએ તેવી ગંભીર પરિસ્થિતિ આ કેસમાં ઉભી થયેલ છે અને આવી ગંભીર બાબત સર્જાય ત્યારે તેવા સંજોગોમા ના.સુપ્રિમ કોર્ટે એ.આઈ.આર.૧૯૫૬ એસ.સી.૧૮૧ બાલાદીન તથા બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં પેરા-૧૧માં ઓબ્ઝર્વ કરેલ છે જે નીચે મુજબ છે.

**On appeal by the convicted persons the Division Bench of the High Court wrote very painstaking judgement which runs in to 83 printed pages. The judgement tends to be discursive and could have been more consise without affecting its quality. The High Court went into meticulous details but, as will presently appear, fell into a grievous error as a result of which it acquitted 20 of the appellants, a number of whom had been ascribed leading parts in the accurence which was the subject matter of charge against them.**

**The High Court held that the Sub-Inspector the Circle Inspector and the Deputy Superintendent of Police who were successively in charge of the police investigation, to put it mildly, were not very circumspect in conducting the investigation. The investigation suffered from lack of thoroughness and quickness, with the result that statements of witnesses were recrded by them in the most haphazard manner and many matters of importance and significance to the case were omitted. It also observed that.**

**Sub-Inspector Raj Bahadur Singh for oblique motives distorted their statements,……that his attempt was to introduce such variations in the statements and to leave such loopholes as to damage the ultimate result of the case to as large a measure as possible.**

**The High Court in the main relied upon the testimony of the four eye-witnesses, the ladies belonging**

**to the family of the victims, but with reference to the testimony of paiyyan Devi and Shanti Devi further observed that their eveidence should be scrutinized and relied upon only when corroborated by other evidence on the record. Hence in respect of those two witnesses, the learned Judges were not as sure as inrespect of the others.**

**Having held that the four eye-witnesses were on the whole reliable and that the record of their statements made by the investigating Sub-inspector was not honest and faithful, the High Court fell into the error of acquitting all those accused persons, appellants before it, whose names did not find a place in the record made by that police officer. In other words it rejected reliable testimony with reference to that very record which it had condemned as unreliable.**

**Thus the plice officer was allowed by the High Court to succeed in his effort to favour the accused. Ordinarily accused persons are entitled to challenge the testimony of witnesses examined in court with reference to the statements said to have been made by them before the investigating police office. Statements made by prosecutions witnesses before the investigating plice officer being the earliest statements made by them with reference to the facts of the occurrence are valuable material for testing the veracity of the witnesses examined in court, with particular reference to those statements which happen to be at variance with their earlier statement; bu the statements made during police investigation are not substantive evidence.**

**Hence the record made by a police investigating officer has to be considered by the court only with a view to weighing the eveidence actually adduced in court. It the police record becomes suspect or unreliable, as in the present case, on the ground that it was deliberately perfunctory or dishonest, it loses much of its value and the court in judging the case of a particular accused has to weigh the evidence given against him in court keeping in view the fact that the earlier statements of witnesses as recorded by the plice is tainted record and has not as great a value as it otherwise would have in weighing all the material on the record as against each individual accused.**

**In so far as the High Court misled itself into relying upon the record made by the Sub-inspector of Plice to discard the evidence given in the court it fell into a serious error.**

આમ પોલીસ તપાસ શંકાસીલ રીતે થયેલ હોય તેવી સ્થિતીમાં સાહેદોની જુબાનીમાં કોન્ટ્રાડીક્શનનું તથા ઓમીશનનું બહુ મહત્વના ના ગણી શકાય. અને આવા સંજોગોમાં સાહેદોએ આપેલ જુબાની મહત્વ ધારણ કરે છે અને તે જુબાનીને ના.કોર્ટે તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે જ તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. સાહેદોના એક કરતા વધુ નિવેદનો લીધા હોય, કોન્ટ્રાડીક્શનનું તથા ઓમીશન ઘણા આવતા હોય તેવા સંજોગોમા કોર્ટ રૂબરૂની જુબાની જ વધુ મહત્તા ધારણ કરે છે.

અમો વીકટીમ્સના એડવોકેટ સૌ પ્રથમ આપ ના.દાર કોર્ટનુ ધ્યાન આ કામના નજરે જોનાર, ભોગ બનનાર સમગ્ર બનાવ વખતે હાજર સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની તરફ ધ્યાન દોરીએ છીએ અને જેમાં નીચે મુજબના સાહેદોએ તોહમતદારોને નામદાર કોર્ટ સમક્ષ નામ આપેલ છે અને ઓળખેલ છે જે નીચેના કોષ્ટક માં દર્શાવેલ છે.

| ક્રમ | તો. નંબર | તો.દારનું નામ | આંક | સાહેદ નં | સાહેદોના નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૨ | હેમંતભાઈ સતાભાઈ ઉર્ફે ગોકળભાઈ પટેલ | ૧૪૨ | ૪૨ | બશીરમીંયા હસનમીંયા મલેક (ટોળામાં) |
| | | | ૧૫૩ | ૫૧ | સીકદરમીંયા મહંમદમીંયા મલેક |
| | | | ૧૫૫ | ૫૩ | યાસીનમીયા મુસ્તુમીયા મલેક |
| | | | ૧૭૦ | ૬૫ | નબીમીયા અકબરમીયા મલેક |
| | | | ૨૦૦ | ૯૦ | રૂકસાનાબાનુ ઈલીયાસમીંયા મલેક |
| | | | ૨૦૭ | ૯૩ | ઐયુબખાન કાસમખાન પઠાણ |
| | | | ૨૧૬ | ૯૯ | ફીરોજખાન માતબરખાન પઠાણ |
| | | | ૨૨૮ | ૧૦૨ | કાલુમીયા મહંમદમીંયા મલેક |
| | | | ૨૪૨ | ૧૦૫ | શફીમીયા મહંમદમીયા મલેક |
| | | | ૨૫૨ | ૧૧૦ | મહેમુદાબીબી મજીદમીયા મલેક |
| | | | ૨૫૪ | ૧૧૧ | આરીફમીયા ઉર્ફે લાલો જુસબમીયા મલેક |
| | | | ૨૫૮ | ૧૧૨ | હસનખાન હસુખાન પઠાણ |
| | | | ૨૫૯ | ૧૧૩ | મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૨ | ૨૬ | સનતકુમાર રણછોડભાઈ | ૧૪૨ | ૪૨ | બશીરમીંયા હસનમીંયા મલેક (ટોળામાં) |
| | | | ૧૫૩ | ૫૧ | સીકદરમીંયા મહંમદમીંયા મલેક |
| | | | ૧૫૫ | ૫૩ | યાસીનમીયા મુસ્તુમીયા મલેક |
| | | | ૨૨૨ | ૧૦૧ | કાલુમીયા જીવામીંયા મલેક |
| | | | ૨૩૮ | ૧૦૩ | મજીદમીંયા મુરાદમીંયા મલેક |
| | | | ૨૪૨ | ૧૦૫ | શફીમીયા મહંમદમીયા મલેક |
| | | | ૨૪૬ | ૧૦૭ | યાસીનમીંયા મહેમુદમીંયા મલેક |
| | | | ૨૫૧ | ૧૦૯ | મહેરાજબીબી રસુલખાન પઠાણ |
| | | | ૨૫૨ | ૧૧૦ | મહેમુદાબીબી મજીદમીંયા મલેક |
| | | | ૨૫૪ | ૧૧૧ | આરીફમીંયા જુસબમીંયા મલેક |
| ૩ | ૩૨ | વિનુભાઈ શનાભાઈ | ૧૪૨ | ૪૨ | બશીરમીંયા હસનમીંયા મલેક |
| | | | ૨૧૬ | ૯૯ | ફીરોજખાન માતબરખાન પઠાણ |
| | | | ૨૪૨ | ૧૦૫ | શફીમીયા મહંમદમીયા મલેક |
| | | | ૨૫૪ | ૧૧૧ | આરીફમીયા ઉર્ફે લાલો જુસબમીયા મલેક |
| | | | ૨૫૯ | ૧૧૩ | મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૪ | ૪૫ | પ્રવિણભાઈ મંગળભાઈ પટેલ | ૧૪૨ | ૪૨ | બશીરમીંયા હસનમીંયા મલેક |
| | | | ૨૧૬ | ૯૯ | ફીરોજખાન માતબરખાન પઠાણ |
| | | | ૨૨૮ | ૧૦૨ | કાલુમીંયા મહંમદમીંયા મલેક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૫૨<br>૨૫૪ | ૧૧૦<br>૧૧૧ | મહેમુદાબીબી મજીદમીંયા મલેક<br>આરીફમીંયા જુસબમીંયા મલેક |
| ૫ | ૩૬ | છોટુભાઈ રામાભાઈ પટેલ | ૧૪૩<br>૨૪૮ | ૪૩<br>૧૦૮ | મહેબુબમીયાં ઉર્ફે કાલુમીયા રસુલમીયા શેખ<br>ઈલીયાસમીંયા દિલબાસમીંયા શેખ<br>(નામ આપેલ છે) |
| ૬ | ૪૧ | નિલેશભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૨૪૬ | ૧૦૭ | યાસીનમીંયા મહેમુદમીંયા મલેક |
| ૭ | | મિનેશભાઈ અરવિંદભાઈ પટેલ | ૨૪૬ | ૧૦૭ | યાસીનમીંયા મહેમુદમીંયા મલેક – (નામ આપેલ છે) |
| ૮ | | અનિલભાઈ જશભાઈ પટેલ | ૨૪૮ | ૧૦૮ | ઈલીયાસમીંયા દિલબાસમીંયા મલેક – (નામ આપેલ છે) |
| ૯ | ૪ | ભુરાભાઈ રાવજીભાઈ પટેલ | ૨૪૮ | ૧૦૮ | ઈલીયાસમીંયા દિલબાસમીંયા મલેક – (નામ આપેલ છે) |
| ૧૦ | | જયેન્દ્રભાઈ સતાભાઈ | ૨૫૧<br><br>૨૫૨<br><br>૨૫૯ | ૧૦૯<br><br>૧૧૦<br><br>૧૧૩ | મહેરાજબીબી રસુલખાન પઠાણ – જયેન્દ્ર તરીકે ઓળખી બતાવેલ છે<br>મહેમુદાબીબી મજીદમીંયા મલેક- વીનુભાઈ ભીખાભાઈ તરીકે ઓળખેલ છે.<br>મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૧૧ | ૧૦ | હરીશ વલ્લભભાઈ | ૧૫૩<br>૨૧૬<br>૨૨૮<br>૨૫૧ | ૫૧<br>૯૯<br>૧૦૨<br>૧૦૯ | સીકંદરમીયા મહંમદમીયા મલેક<br>ફિરોજખાન માતબરખાન પઠાણ<br>કાલુમીયા મહંમદમીયા મલેક<br>મહેરાજબીબી રસુલખાન પઠાણ |
| ૧૨ | ૧ | વીનુભાઈ ભીખાભાઈ | ૧૫૩<br>૧૭૦<br>૧૭૭<br>૨૦૦<br>૨૦૭<br>૨૧૬<br>૨૨૮<br>૨૩૮<br>૨૫૧<br><br>૨૫૨ | ૫૧<br>૬૫<br>૭૦<br>૯૦<br>૯૩<br>૯૯<br>૧૦૨<br>૧૦૩<br>૧૦૯<br><br>૧૧૦ | સીકંદરમીયા મહંમદમીયા મલેક<br>નબીમીયા અકબરમીંયા મલેક<br>એહમદમીંયા અબ્બાસમીંયા મલેક<br>રૂકસાનાબાનુ ઈલીયાસમીંયા મલેક<br>ઐયુબખાન કાસમખાન પછાણ<br>ફિરોજખાન માતબરખાન પાણ<br>કાલુમીંયા મહંમદમીયા મલેક<br>મજીદમીંયા ભુરામીંયા મલેક<br>મહેરાજબીબી રસુલખાન પઠાણ<br>(દીનુ ઉર્ફે બડવા ઓળખેલ છે)<br>મહેમુદાબીબી મજીદમીંયા મલેક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૫૮<br>૨૫૯ | ૧૧૧<br>૧૧૩ | હસનખાન હસુખાન પઠાણ<br>મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૧૩ | ૩૭ | જયંતિભાઈ આશાભાઈ | ૧૫૫ | ૫૩ | યાસીનમીંયા મુસ્તુફામીંયા મલેક |
| ૧૪ | ૧૯ | પરેશકુમાર રણછોડભાઈ દેસાઈ | ૧૫૫<br>૨૧૬<br>૨૨૨<br>૨૪૬<br>૨૫૯ | ૫૩<br>૯૯<br>૧૦૧<br>૧૦૭<br>૧૧૩ | યાસીનમીંયા મુસ્તુફામીંયા મલેક<br>ફીરોજખાન માતબરખાન પઠાણ<br>કાલુમીયા જીવામીયા મલેક<br>યાસીનમીયા મહેમુદમીયા મલેક<br>મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૧૫ | ૨૯ | પુનમભાઈ લાલજીભાઈ પટેલ | ૧૭૦<br>૨૩૮<br>૨૫૨ | ૬૫<br>૧૦૩<br>૧૧૦ | નબીમીયા અકબરમીંયા મલેક<br>મજીદમીંયા મુરાદમીયા મલેક<br>મહેમુદાબીબી મજીદમીયા મલેક<br>(કૌશિકભાઈ જશભાઈને) |
| ૧૬ | ૪૪ | મોહનભાઈ મહીજીભાઈ ભોઈ | ૧૭૭ | ૭૦ | અહેમદમીયા અબ્બાસમીંયા મલેક |
| ૧૭ | ૨૭ | મનુભાઈ જેઠાભાઈ પટેલ | ૨૦૦<br>૨૫૨ | ૯૦<br>૧૧૦ | રૂકસાનાબાનુ ઈલીયાસમીયા મલેક<br>મહેમુદાબીબી મજીદમીયા મલેક |
| ૧૮ | ૩૨ | વિનુભાઈ શનાભાઈ પટેલ | ૨૦૭ | ૯૩ | ઐયુબખાન કાસમખાન પઠાણે- નામ આપેલ છે |
| ૧૯ | ૧૭ | દીલીપભાઈ વીનુભાઈ પટેલ | ૨૦૭<br>૨૪૨<br>૨૫૨<br>૨૫૪ | ૯૩<br>૧૦૫<br>૧૧૦<br>૧૧૧ | ઐયુબખાન કાસમખાન પઠાણ<br>શફીમીંયા મહંમદમીંયા મલેક<br>મહેમુદાબીબી મજીદમીયા મલેક<br>આરીફમીયા જુસબમીયા મલેક |
| ૨૦ | ૧૬ | સુરેશભાઈ ભાઈલાલભાઈ પટેલ (સુર્યકાંત) | ૨૦૭<br>૨૧૬<br>૨૨૨ | ૯૩<br>૯૯<br>૧૦૧ | ઐયુબખાન કાસમખાન પઠાણ<br>ફીરોજખાન માતબરખાન પઠાણ<br>કાલુમીયા જીવામીયા મલેક |
| ૨૧ | ૩ | વિજયભાઈ રાવજીભાઈ પટેલ | ૨૦૭<br>૨૫૨ | ૯૩<br>૧૧૦ | ઐયુબખાન કાસમખાન પઠાણ<br>મહેમુદાબીબી મજીદમીયા મલેક |
| ૨૨ | ૨૦ | અરવિંદભાઈ રાવજીભાઈ | ૨૦૭<br>૨૨૨<br>૨૨૮<br>૨૩૮<br>૨૫૨<br>૨૫૯ | ૯૩<br>૧૦૧<br>૧૦૨<br>૧૦૩<br>૧૧૦<br>૧૧૩ | ઐયુબખાન કાસમખાન પઠાણ<br>કાલુમીયા જીવામીયા મલેક<br>કાલુમીંયા મહંમદમીયા મલેક<br>મજીદમીંયા મુરાદમીંયા મલેક<br>મહેમુદાબીબી મજીદમીયા મલેક<br>મહંમદખાન અકબરખાન પઠાણ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | ૪૬ | રાવજીભાઈ ધુળાભાઈ | ૨૧૩ | ૯૮ | કાલુમીયા રસુલમીયા પઠાણ |
| ૨૪ | ૪૭ | બુધાભાઈ ધુળાભાઈ | ૨૧૩ | ૯૮ | કાલુમીયા રસુલમીયા પઠાણ- રમણભાઈ ધુળાભાઈ ને બુધાભાઈ ધુળાભાઈ તરીકે ઓળખી બતાવેલ છે. |
| ૨૫ | ૩૮ | રાવજીભાઈ સતાભાઈ | ૨૧૩ | ૯૮ | કાલુમીયા રસુલમીયા પઠાણ |
| ૨૬ | | રાવજીભાઈ વલ્લભભાઈ | ૨૧૩ | ૯૮ | કાલુમીયા રસુલમીયા પઠાણ-(નામ આપેલ છે) |
| ૨૭ | | દીલીપ રણછોડ – આરોપી નથી | ૨૫૪<br>૨૫૮<br>૨૫૯ | ૧૧૧<br>૧૧૨<br>૧૧૩ | આરીફમીયા ઉર્ફે લાલો જુસબમીયા મલેક<br>હસનખાન હસુખાન પઠાણ<br>મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૨૮ | | કાનજી હરમાનભાઈ | ૨૫૯ | ૧૧૩ | મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૨૯ | | હરેશભાઈ હરમાનભાઈ | ૨૫૯ | ૧૧૩ | મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૩૦ | | ચંદ્રકાંત રાવજીભાઈ | ૨૫૯ | ૧૧૩ | મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૩૧ | | હીરૂભાઈ રાવજીભાઈ | ૨૧૬<br><br>૨૫૯ | ૯૯<br><br>૧૧૩ | ફિરોજખાન માતબરખાન પઠાણ – પરદેશ જતા રહ્યા છે<br>મહંમદખાન અકબરખાન પઠાણ- (નામ આપેલ છે) |
| ૩૨ | ૨૮ | દીલીપભાઈ રણછોડભાઈ પટેલ | ૨૧૬<br>૨૩૮<br>૨૫૯ | ૯૯<br>૧૦૩<br>૧૧૩ | ફિરોજખાન માતબરખાન પઠાણ<br>મજીદમીંયા મુરાદમીંયા મલેક<br>મહંમદખાન અકબરખાન પઠાણ |
| ૩૩ | ૨ | અતુલભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૨૨૨<br>૨૪૨<br>૨૫૨ | ૧૦૧<br>૧૦૫<br>૧૧૦ | કાલુમીંયા જીવામીંયા મલેક<br>શફીમીયા મહંમદમીંયા મલેક<br>મહેમુદાબીબી મજીદમીંયા મલેક |
| ૩૪ | ૩૧ | પરેશકુમાર પ્રમોદરાય પંડયા | ૨૧૯ | ૧૦૦ | મોહંમદ યુનુસ ઈસ્માઈલભાઈ વોરા હોસ્ટાઈલ |
| ૩૫ | ૨૫ | હીરૂભાઈ ભાઈલાલભાઈ | ૨૨૮ | ૧૦૨ | કાલુમીંયા મહંમદમીંયા મલેક |
| ૩૬ | ૮ | દીલીપભાઈ વલ્લવભાઈ | ૨૨૮<br>૨૫૧ | ૧૦૨<br>૧૦૯ | કાલુમીંયા મહંમદમીંયા મલેક<br>મહેરાજબીબી રસુલખાન પઠાણ |
| ૩૭ | ૪૦ | નટુભાઈ મંગળભાઈ | ૨૩૮ | ૧૦૩<br>૧૦૫ | મજીદમીંયા મુરાદમીંયા મલેક<br>શફીમીંયા મહંમદમીંયા  મલેત- |
| ૩૮ | | ધર્મેન્દ્રભાઈ નટુભાઈ (ધર્મેશભાઈ) | ૨૪૨<br>૨૪૬ | ૧૦૫<br>૧૦૭ | શફીમીંયા મહંમદમીંયા મલેક<br>યાસીનમીંયા મહેમુદમીંયા મલેક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૫૨<br>૨૫૪ | ૧૧૦<br>૧૧૧ | મહેમુદાબીબી મજીદમીંયા મલેક<br>આરીફમીંયા જુસબમીંયા મલેક |
| ૩૯ | | કનુભાઈ રણછોડભાઈ પટેલ | ૨૫૮ | ૧૧૨ | હસનખાન હસુખાન પઠાણ(નામ આપેલ છે). |
| ૪૦ | ૩૫ | ધનશ્યામ કાથીભાઈ | ૨૩૮ | ૧૦૩ | મજીદમીંયા મુરાદમીંયા મલેક |
| ૪૧ | ૨૧ | રમેશભાઈ રણછોડભાઈ (મેડી) | ૨૩૮ | ૧૦૩ | મજીદમીંયા મુરાદમીંયા મલેક |
| ૪૨ | ૭ | પ્રકાશભાઈ જશભાઈ | ૨૪૦ | ૧૦૪ | રફીકમોહંમદ અબ્દુલભાઈ ખલીફા |
| ૪૩ | ૫ | દેવાંગભાઈ હર્ષદભાઈ | ૨૪૦ | ૧૦૪ | રફીકમોહંમદ અબ્દુલભાઈ ખલીફા |
| ૪૪ | | ધનશ્યામભાઈ મંગળભાઈ | ૨૪૦ | ૧૦૪ | રફીકમોહંમદ અબ્દુલભાઈ ખલીફા |
| ૪૫ | ૬ | ગીરીશભાઈ સોમાભાઈ | ૨૪૦<br>૨૪૮ | ૧૦૪<br>૧૦૮ | રફીકમોહંમદ અબ્દુલભાઈ ખલીફા<br>ઈલીયાસમીંયા દીલબાસમીંયા સૈયદ- (નામ આપેલ છે) |
| ૪૬ | ૧૨ | દીલીપભાઈ શનાભાઈ પટેલ | ૨૪૦ | ૧૦૪ | રફીકમોહંમદ અબ્દુલભાઈ ખલીફા |

**અમો વીકટીમ્સના એડવોકેટ સૌ પ્રથમ આપ ના.દાર કોર્ટનુ ધ્યાન આ કામના નજરે જોનાર, ભોગ બનનાર સમગ્ર બનાવ વખતે હાજર સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાની તરફ ધ્યાન દોરીએ છીએ. જે નીચે મુજબ છે.**

**૧) આ કામમાં સાહેદ નં.૧૦૪ અને આંક-૨૪૦ થી આ કામના ફરીયાદી રફીકમહંમદ અબ્દુલભાઈ ખલીફા ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીમાં નીચે મુજબ જણાવેલ છે કે,**

**<u>પેરા નં.૨</u>**

**બનાવ ૧લી તારીખે શુક્રવારે ૨૦૦૨ની સાલમાં બનેલો અને મહિનો ફેબ્રુઆરી હતો. તે દિવસે બંધનું એલાન હતું. ગોધરાકાંડના લીધે બંધનું એલાન હતું. ગોધરાકાંડનો બનાવ ૨૮મી તારીખે બનેલો. ગોધરાકાંડના બનાવમાં ડબો સળગાવેલો તેવુ જાણેલું. ૧લી તારીખે બનાવ બન્યો તે દિવસે ગામનું બજાર બંધ હતુ અને વાતાવરણ તંગ હતુ. બનાવના દિવસે સવારે ૧૦:૦૦ વાગે હું મારા લાકડાના પીઠા ઉપર હતો. ગામ બંધ હતુ તેથી ઘરે જઈ નમાઝ પઢીને સુઈ જાઉ તેવુ વિચારેલું. તેથી હું મારા લાકડાના પીઠા ઉપરથી ૧૨:૦૦ વાગે ઘરે પરત**

આવેલો. મસ્જીદની નજીક મારુ ઘર છે. ત્યાં આવીને પોલીસે કહેલુ કે, આજે નમાઝ પઢવા ભેગા થશો નહી. વાતાવરણ ખરાબ છે. તેથી હું મસ્જીદ ઉપર નમાઝ પઢવા ગયેલા નહી અને ઘરે આવીને બેઠેલો. સવા થી દોઢ વાગ્યાના અરસામાં મારો – કાપો એવો અવાજ આવેલો. તેથી મે મારા મકાનના બીજા માળના ઝરૂખામાંથી એક જણે સળગતો કાકડો નાંખેલો. આ બધા મારા ઘરની નજીક જ હતા મેં તે વખતે ૧૦-૧૫ જણાને જોયેલા, હતા ઘણા આ ટોળા પૈકી એક જ જણ પાસે કાકડો હતો. કોઈની પાસે સાધનો હતા નહી એક જણા પાસે કાકડો હતો તેણે કાકડો મારા ઘર ઉપર નાંખેલો. પથ્થરો બહુ પડતા હતા તેથી મારા ઘરના બાકીના સભ્યો ઘરમાં બેસી રહેલા અને ઝરૂખામાં હું એકલો હતો અને મેં ૧૦ મીનીટ સુધી બનાવ જોયેલો. મે જે માણસોને જોયેલા તેઓને ઓળખેલા મે ઓળખેલા માણસોમાં (૧) પ્રકાશભાઈ જશભાઈ (૨) દેવાંગભાઈ હર્ષદભાઈ (૩) ઘનશ્યામભાઈ મંગળભાઈ (૪) ગીરીશભાઈ સોમાભાઈ (૫) દીલીપભાઈ શનાભાઈ એ રીતેના પાંચ જણાને ઓળખેલા.

<u>પેરા નં.૩</u>

મારા ઘરની સામે પ્રેસ આવેલું છે. આ પ્રેસ હર્ષદભાઈ પટેલનું છે. આ પ્રેસમાં ભુરાભાઈ નામના ઈસમ નોકરી કરે છે. આ ભુરાભાઈને હું ઓળખું છું. બનાવ બન્યો ત્યારે આ ભુરાભાઈ આ પ્રેસ પાસે ઉભા હતા. મે જે ઓળખેલા માણસોના નામ આપ્યા છે તેઓને હું વર્ષોથી ઓળખુ છું. આ માણસો આજે કોર્ટમાં હાજર છે. તેઓને આજે હું ઓળખી શકું.

<u>પેરા નં.૪</u>

સાહેદ આરોપીઓ પૈકી આરોપી પ્રકાશભાઈ જશભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી દેવાંગભાઈ હર્ષદભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. મેં જે ઘનશ્યામભાઈ મંગળભાઈને જોયેલા અને ઓળખી બતાવેલા છે. તેઓ ગુજરી ગયેલા છે. તેવી જ રીતે સાહેદ આરોપી ગીરીશભાઈ સોમાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ શનાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૫</u>

મે જે માણસો ઓળખી બતાવ્યા તે પૈકી અમુક જોતા હતા અને અમુક કાકડો નાંખતા હતા. મારા ઘર ઉપર કાકડો નાંખતા મારુ ઘર સળગી ઉઠેલું. મારા ઘરને એક જ દરવાજો છે અને આ દરવાજો પ્રેસની સામે પડે છે. મે પ્રેસમાં નોકરી કરનાર ભુરાભાઈનું જે નામ આપ્યું છે તે ભુરાભાઈ આજરોજ કોર્ટમાં હાજર છે. તેઓનું હું ઓળખી શકું. આરોપીઓ પૈકી આરોપી ભુરાભાઈને સાહેદ નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૬</u>

મારૂ મકાન લાકડાનુ હોવાથી સળગી ઉઠેલુ, તેથી હું નીચે ઉતરેલો, મારા ઘરના સભ્યો નીચેના માળે હતા. અમોએ ઘરનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કરતા બહારથી હેન્ડલ મારેલુ હતુ, બંધ કરેલ હતુ. અમને મારી નાખવા માટે બહારથી દરવાજો બંધ કરી દીધેલો. છોકરાઓએ રડારોળ કરેલી અને બુમરાણ કરેલી. તે અવાજ સાંભળીને એક જમાદારે હેન્ડલ ખોલી નાંખેલુ. પછી અમે બહાર નીકળેલા અને તે જમાદાર અમને પાછલા મહોલ્લામાં -ખડકીમાં લઈ ગયેલા. પોલીસ આવતા ટોળાના માણસો વેર-વિખેર થઈ ગયેલા. પોલીસે ટીયરગેસ છોડેલા તેમજ ગોળીબાર કરેલો. અમો પાછળના મહોલ્લામાં જતા રહેલા. અડધો કલાક થયો એટલે મકાન પડી ગયેલુ. અડધુ મકાન પડી ગયેલુ અને અડધુ રહેલુ. ત્યાં હાજર સી.પી.આઈ. ભુવાને મેં કહેલુ કે, મારે ફરીયાદ કરવી છે. મારા પાસપોર્ટ અને એવુ બધુ હતુ તેથી ફરીયાદ લખાવી દઉ તેવુ મે વિચારેલુ. આ ભુવા સાહેબને ૪.૦૦ વાગ્યાની આસપાસ મળેલો.

<u>પેરા નં.૭</u>

મારા મકાનની આજુબાજુ પણ મકાન આવેલા છે. તે મકાનોને પણ આગ લાગેલી. તે મકાનોને કોણે આગ લગાડેલી તેની ખબર નથી. મને ફરીયાદ નોંધવવા માટે એક હેડ કોન્સટેબલ ભીંમસિંહભાઈ અને વીનુભાઈ કોન્સ્ટેબલ ખંભોળજ લઈ ગયેલા. અમારા ઓડ ગામ થી ખંભોળજ પોલીસ સ્ટેશન આઠેક કીલોમીટર દુર થાય. મને સરકારી ગાડીમાં  ખંભોળજ પોલીસ સ્ટેશને લઈ ગયેલા. ૧૦-૧૫ મિનિટમાં અમે ખંભોળજ પહોંચેલા. તે વખતે આશરે ૪:૧૦ થી ૪:૧૫ નો સમય થયેલો. ત્યાં ખંભોળજ પોલીસ સ્ટેશને જઈને મેં ફરીયાદ નોંધાવેલી. જે બનાવ બનેલો તે બાબતે મેં ફરિયાદ નોંધાવેલી. પોલીસ સ્ટેશનના જમાદાર આ ફરિયાદ લખતા હતા. તે ફરિયાદની નીચે મે સહી કરેલી. મને

નિશાની૧૪/૧ બતાવવામાં આવે છે. તે ફરિયાદની નીચે મારી સહી છે તે હું ઓળખી બતાવુ છુ. આ ફરિયાદના પહેલા પાન ઉપર પણ મારી સહી છે, તે હું ઓળખી બતાવુ છું. મારા લખાવ્યા મુજબ અને કહ્યા મુજબ આ ફરિયાદ નોંધાયેલી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે તેમજ ફરીયાદીએ ફરીયાદ લખાવી તેનો સમય, તારીખ પણ તેજ સમય વખતે એટલે કે ફરીયાદ આપતી વખતે પો.સ્ટેશનમાં આપેલ છે અને તે જ વખતે તોફાની ટોળામાંના તોફાનીઓના નામો પણ આપેલ છે. આમ સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૨) આ કામમાં સાહેદ નં.૧૦૫ અને આંક-૨૪૨ થી આ કામના સાહેદ શફીમીંયા મહંમદમીયાં મલેક ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીના માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૫</u>

તે વખતે સાડા-ચાર વાગ્યાના ગાળામાં ગામ બાજુથી પટેલ લોકોનું ટોળુ આવેલુ અને તે ટોળુ બુમો પાડતુ હતુ કે બાંડ્યાઓને મારો, કાપો, જીવતા સળગાવી દો, એવી બુમો પાડતુ હતુ. એ લોકો પાસે કાકડા, પાઉચ, ઘાતક હથિયારો હતા. એ લોકો અમારા પુર્ણીમાં ચોક, પીરાવાળી ભાગોળ ઉપર આવી ગયેલા. પૂર્ણીમા ચોક અમારા ઘરથી નજીક જ આવેલો છે. પુર્ણીમા ચોક આગળ જ અમારુ મકાન આવેલુ છે. આ પુર્ણીમાં ચોક પાસે પટેલ લોકો પણ રહે છે અને અમારી મુસ્લીમ કોમના લોકો પણ રહે છે. આ લોકો કાકડા લઈને સિંકદર મીયા ઉસ્માનમીયાંના ઘરને પણ આગ લગાડતા હતા. તેમના ઘરના લોકો જીવ બચાવીને અમારા કાકા મુરાદમીંયાના ઘરે આવી ગયેલા. આ પટેલ લોકોએ સળગાવેલું.

<u>પેરા નં.૬</u>

આ ટોળમાંના કેટલાક માણસોને મેં ઓળખેલા તેમાં (૧) હેંમતભાઈ ગોકળભાઈ બીન સતાભાઈ કે જેમના હાથમાં કારબો હતો તેઓ પેટ્રોલ અને

એવુ બધુ અમારા ઘરના કંતાન (ટાટીયા) ઉપર છાંટતા હતા (૨) સનતકુમાર રણછોડભાઈના હાથમાં સળગતો કાકડો હતો. તે કાકડો તેઓ અમારા બધા ઘરોમાં ચાંપતા હતા. (૩) દિલીપભાઈ વીનુભાઈના હાથમાં લોખંડની પાઈપ હતી. (૪) ધર્મેન્દ્રકુમાર નટુભાઈને મેં ઓળખેલા, તેમના હાથમાં કારબો હતો. (૫) વીનુભાઈ છનાભાઈને મેં ઓળખેલા અને તેમને જોઈને પણ ઓળખુ છું. (૬) નટુભાઈ મંગળભાઈને મેં ઓળખેલા તેમના હાથમાં લાકડી હતી અને તેઓ સુમરાવના ચોરોના રહેવાસી છે. મેં જે ધર્મેન્દ્રકુમાર નટુભાઈને ઓળખેલા તે નટુભાઈ મંગળભાઈનો દિકરો થાય છે. (૮) મેં અતુલભાઈ ડાહ્યાભાઈને ઓળખેલા. આ રીતના લોકોને મેં ઓળખેલા.

<u>પેરા નં.૭</u>

હું અમારા ગામના જયેન્દ્રભાઈ સતાભાઈને ઓળખતો નથી. આ બધા લોકો આવીને સળગાવતા હતા, તે વખતે હું મારા કાકાના ઘરે હતો. હું જીવ બચાવવા માટે મારા પત્નિ, માતા, બહેન-બનેવી તેમજ મારી બે દિકરીઓ સાથે મારા કાકા મુરાદમીંયા ભુલામીંયાના મકાને જતો રહેલો. ત્યાં પણ આ લોકો સળગાવતા હતા. મુસ્તુફામીંયા ઉમરાવમીંયાના મકાન ઉપર આ લોકોએ છુટા કાકડા, પાઉચો ઉપરના માળે નાંખેલા મારા કાકા મુસ્તુફામીંયા ઉમરાવમીંયાનું ઘર સળગતું હતુ ત્યારે મારા કાકા મુરાદમીંયાએ એવુ કહેવુ કે, અંહીયા જો રહીશું તો જીવતા સળગી જઈશું અને આ લોકો આપણને પણ મારી નાંખશે. ત્યારપછી મુરાદમીંયા ભુલીમીંયાના મકાનના ઉપરના માળે હું મારા કુટુંબના સભ્યો સાથે ગયેલો અને ત્યાં મારા બંન્ને કાકા ઘરના સભ્યો અમે બધા સાથે હતા. તેમાં મુરાદમીંયા ભુલામીંયાના ઘરના પાંચ માણસો હતા. જેમાં મુરાદમીંયા ભુલામીંયા પોતે તેમજ સુગરાબીબી મુરાદમીંયા, જીન્નતબાનું મુરાદમીંયા, ભાણી નફીસાબાનું અને મુસ્તકીમમીંયાએ રીતના હતા. મારા ભાઈ મજીદમીંયા મુરાદમીંયાની સાળીની દિકરી સુપલી પણ ત્યાં હતી. આ મુસ્તકીમમીંયા મારા બનેવી થાય.

<u>પેરા નં.૮</u>

અમે બધા એક રૂમમાં હતા તે વખતે વધુ સળગતું હતું. તે વખતે મારા કાકા મુરાદમીંયા ભુલામીંયાએ અમે કહેલુ કે, મુસ્તુફામીંયાનું મકાન સળગી રહ્યુ છે અને આપણું મકાન પણ સળગશે, જેથી બાજુમાં અકબરખાન

ભીખનખાનનું મકાન આવેલું છે. તેમાં બાકોરું પાડીને અમારો જીવ બચાવીને તેમના ઘરમાં જતા રહેલા. મારા ઘરના બધા માણસો આ અકબર ખાનના ઘરમાં જતા રહેલા. મારા ભત્રીજા સલીમમીંયાએ મને એવુ કહેલું કે અહીં પણ જીવતા સળગી જઈશું અને મરી પણ જઈશું તેથી આપણા વાળા જેટલા પણ પેઠા છે તે બધા પાછા નીકળી જાવ. તેમાં મારા ભાભી, મહેમુદાબીબી, મારો ભત્રીજો સલીમમીંયા મજીદમીંયા, મારો બીજો ભત્રીજો ઈમ્તીયાઝમીંયા, મજીદમીંયા, મારી ભત્રીજી સેતાજબાનું મજીદમીંયા અમે આટલા માણસો પાછા નીકળી શકેલા. અમે પાછા નીકળીને મારા કાકા મુરાદમીંયાના ઘરે પાછા આવી ગયેલા અને મારા કુટુંબના બાકીના માણસો અકબરખાન ભીખનખાનના સળગતા ઘરમાં જ રહી ગયેલા.

<u>પેરા નં.૯</u>

ત્યારપછી મારા કાકા મુરાદમીંયા ભુલામીંયાનું મકાન પણ ઉપરથી સળગવાનું ચાલુ થઈ ગયેલું તેથી અમે અમારો જીવ બચાવવા માટે દાદર ઉપર થઈને અમારા પાણીયારા પાસે આવીને ત્યાં બેસી ગયેલા. તે વખતે ટોળાના માણસો અમારા પુર્ણીમા ચોક આગળ સળગાવ સળગાવ કરતા હતા તે વખતે મે પટેલ લોકોને અમારો દરવાજો ખુલ્લો હતો તેમાંથી દાદર ઉપરથી ઉતરતા જોયેલા તે વખતે મારો જીવ બચાવવા માટે હું પાણીયારા આગળ લપાઈ ગયેલો. તે વખતે મારી સાથે મારા ભાભી મહેમુદાબીબી મજીદમીંયા તેમજ બીજો ભત્રીજો ઈમ્તીયાઝમીંયા મજીદમીંયા, સેતાજબાનું મજીદમીંયા એ રીતના પાણીયારા પાસે બેસી રહેલા. તે વખતે આશરે ૪:૩૦ થી ૪:૪૫ નો સમય થયો હતો.

<u>પેરા નં.૧૦</u>

તે વખતે મારો ભાઈ મજીદમીંયા મુરાદમીંયા બુમો પાડતો આવેલો. તે સાંજના છ-સાડા છના અરસામાં આવ્યો હશે તે એવી બુમો પાડતો હતો કે, મમ્મી પપ્પા બચ્યા હોવ એટલા નીકળી જાવ નહીતર સળગીને મરી જશો. મારા ભત્રીજાએ મારા આ ભાઈ મજીદમીંયાનો અવાજ સાંભળેલો તેથી મારો ભત્રીજો સલીમમીંયા તે અવાજ સાંભળીને મારા ભાઈ મજીદમીંયાનો અવાજ સાંભળેલો તેથી મારો ભત્રીજો સલીમમીંયા તે અવાજ સાંભળીને મારા ભાઈ મજીદમીંયા જોડે જતો રહ્યો હતો. તે વખત અમને એવું લાગ્યું કે, અમારો ભાઈ જ છે એટલે

અમે બધા બહાર નીકળેલા ત્યારે નીકળતામાં મારો ભાઈ સિંકદરમીંયા ઉસ્માનમિંયા સળગતી હાલતમાં નીચે પડેલો અમે જોયેલો તે વખતે અમો સામે જોયું તો પટેલોનું ટોળુ લીગડીયાવાડ સામે ઉભુ હતુ. ત્યારપછી અમારો જીવ બચાવવા માટે અમે મુસ્લીમ મહોલ્લો, પઠાણ ફળીયામાં જતા રહેલા.

<u>પેરા નં.૧૧</u>

મેં ઉપર ટોળામાંના જે માણસોના નામ આપ્યા છે તેઓને હું ઓળખું છું તેઓને નામથી અને જોયે પણ ઓળખુ છું.આ મેં જે નામ આપ્યા છે તેઓ પૈકી એક જણ કોર્ટમાં હાજર નથી અને તે નહી હાજર વ્યક્તિનું નામ નટુભાઈ મંગળભાઈ છે. મેં જેમના નામ આપ્યા છે તે બાકીનાને હું કોર્ટમાં ઓળખી શકું. સાહેદ આરોપીઓ પૈકી ધર્મેન્દ્રકુમાર નટુભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે તેવી જ રીતે સાહેદ આરોપી પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈને વીનુભાઈ છનાભાઈ તરીકે નામથી અને જોઈને ઓળખી બતાવે છે મેં જે નટુભાઈ મંગળભાઈનું નામ આપ્યુ છે તે આરોપીઓમાં હાજર નથી. સાહેદ આરોપીઓ પૈકી આરોપી અતુલભાઈ ડાહ્યાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના ચાર (૪) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અને તેઓની પાસે રહેલ હથિયારો અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે બનેલ બનાવમાં પોતાની પત્ની બાળકો અને પોતાના સગાઓને નજરની સામે ટોળા દ્વારા જીવતા સળગાવીને બાળી નાંખતા જોયેલ છે. અને બનાવ બન્યો તે વખતે સદર સાહેદ તથા અન્ય સાહેદ જેવાકે અકબરખાન ભીખનખાન તથા મોહંમદખાન ઉર્ફે ગફુર તથા મહેમુદાબીબી મજીદમીંયા પણ આ સાહેદની સાથે બનાવવાળા મકાનમાં હાજર હતા અને બનાવ બન્યો તે વખતે મુરાદમીંયા ભુલામીંયાના મકાન અને અકબરખાન ના મકાનની વચ્ચેની દિવાલને તોડીને બાકોરૂ પાડવાની વાતને પણ સમર્થન આપેલ છે. અને આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૩) આ કામમાં સાહેદ નં.૧૦૩ અને આંક-૨૩૮ થી આ કામના સાહેદ મજીદમીંયા મુરાદમીંયા મલેક ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૩</u>

ગોધરાકાંડના સંદર્ભે અમારા ગામમાં બંધનું એલાન હતું. ગોંધરાકાંડના બનાવમાં હિન્દુઓને સળગાવી દીધા છે અને ટ્રેન સળગાવી દીધી છે એવુ કાંઈક બન્યાનું સાંભળેવું તે દિવસે ગામનું બજાર બંધ હતુ. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ સવારે નાસ્તા પાણી કરી મારા ખેતરમાં બાજરીનો પાક કરેલો હોવાથી ખેતરે ગયેલો. ખેતરમાં હું કામ કરતો હતો તે વખતે લગભગ દોઢેક વાગ્યો હશે તે વખતે મેં ગામ તરફથી ધુમાડા ઉઠતા જોયેલા. ઘાસના પૂળા એવુ સળગ્યું હશે. એવુ મને લાગેલુ પછી હું મારા ખેતરમાં કામ કરવા લાગેલો તે વખતે આખુ ગામ સળગતું હોય તેવા ખુબ જ ભડકા અને ધુમાડા જોયેલા મારુ ખેતર અમારા ગામથી આશરે દોઢ – પોણા બે કિલોમીટરના અંતરે છે. હિન્દુ લોકોએ આપણા ગામમાં આવુ કાંઈક કર્યુ હોય તો આપણે ઘરે જઈએ એવુ મને લાગેલુ તેથી હું મારા ઘરે સાડા પાંચ વાગે આવેલો. તે વખતે હું મહાદેવવાળા રસ્તે આવ્યો તે વખતે બાગ આગળ મુસ્લીમ મહોલ્લા આગળથી બુમો પાડીને મને તું અહીંયા આવત તેમ કહેવામાં આવેલું તેથી હું મુસ્લીમ મહોલ્લામાં ગયેલો ત્યાં બધાએ મને કહ્યું કે તારુ ઘર સળગાવી દીધુ છે તે બાજુ તારાથી જવાય તેમ નથી ટોળાઓ તમારા મકાન બધાને આગ ચાંપે છે. તેથી મને એમ લાગેલું કે મને જોવા તો જવા દો મે એ લોકોને કહેલુ કે મને છેટેથી મારી પત્નિ, માં-બાપ, બાળકો ભાણી શું કરે છે તે જોવા દો પછી હુ મારા કાકા જુસબમીંયા ભુલામીંયાના મકાનની આાગળની બાજુથી વંડાની કિનાર છે ત્યાંથી મેં બધુ જોયેલું પઠાણ મહોલ્લાના નાકા ઉપર મારા કાકાનું મકાન આવેલું છે.

<u>પેરા નં.૪</u>

હિન્દુઓના જે ટોળા હતા તે પાઉચો અને કાંકડા એવુ બધુ ઐયુબભાઈના ઘરો ઉપર અને અમારા ઘરો ઉપર નાખતા હતા. આ ટોળામાં (૧) દિનુભાઈ ભીખાભાઈ (૨) સનતકુમાર રણછોડભાઈ (૩) પુનમભાઈ લાલજીભાઈ (૪) નુટભાઈ મંગળભાઈ (૫) દિલીપભાઈ રણછોડભાઈ (૬) નટુભાઈ મંગળભાઈ (૭) ઘનશ્યામભાઈ કાશીભાઈ (૮) રમેશભાઈ

રણછોડભાઈ ઉર્ફે મેડી (૯) અરવિંદભાઈ રાવજીભાઈ, વિગેરેને ઓળખેલા. આ લોકોને હું જોયે ઓળખુ છું. આ લોકો સલ્ફેટની કોથળીઓ આવે છે તેમાંથી પાઉચ કાઢીને નાંખતા હતા. આ લોકોની પાસે છેટા કારબા પડેલા હતા. કાંકડા સળગાવીને આ ટોળાના માણસો નાંખતા હતા.

<u>પેરા નં.૫</u>

મેં ઉપર જે નામ આપ્યા છે તે વ્યક્તિઓ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તેઓને હું ઓળખી શકું. આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને સાહેદ દીનુભાઈ ભીખાભાઈ તરીકે સાહેદ નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ કૌશીકભાઈ જશભાઈ નામના આરોપીને પુનમભાઈ લાલજીભાઈ કહીને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી નટુભાઈ મંગળભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી દિલીપભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. હું જે બીજા નટુભાઈ મંગળભાઈ કહુ છું તે આરોપીઓમાં છે નહી સાહેદ આરોપી ઘનશ્યામભાઈ કાશીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદે આરોપી રમેશભાઈ રણછોડભાઈ ઉર્ફે મેંડીને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી અરવિંદભાઈ રાવજીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૬</u>

આ ટોળાના માણસોને જોયા ત્યારે હું જુસબમીંયા ભુલામીંયના ઘર આગળ હતો. મેં જોયું ત્યારે મારી સાથે નાકા આગળ અમારી કોમનું કોઈ હતુ નહી.

<u>પેરા નં.૮</u>

ત્યારપછી હું ફરીદખાન અને ફીરોજખાન એ રીતેના અકબરખાન ભીખનખાનના ઘર આગળ પહોંચેલા. અમોએ પપ્પા,મમ્મી, ભાઈ, સલીમ એમ કહીને મોટેથી બુમો પાડેલી તે વખતે અકબરખાનના મકાનની બાથરૂમના ભાગેથી ખખડાટ થયેલો. મને બચાવો, તમે કોણ છો ? તેવો અવાજ આવેલો. તેથી અમે તે બાથરૂમ ખોલેલી તો ત્યાં બાથરૂમમાં અકબરખાનને જોયેલા તો તેમનો હાથ તુટેલો હતો, મોઢાના ભાગે સળગેલુ હતુ અને પગ થોડા સળગેલા

હતા. આ અકબરાખાનને અમોએ મહોલ્લામાં પહોંચતા કરેલા તેઓને ફરીદખાન લઈને પઠાણ મહોલ્લામાં ગયેલો. મેં મારી પત્નિ, બાળકો, ભાઈ કે કોઈનો અવાજ સાંભળેલો નહી. પછી અમે રસ્તાના ભાગે થઈ પુર્ણીમા ચોક વાળા રસ્તે થઈને મારા મકાન તરફ ગયેલા ત્યાં મારા ઘર પાસે જઈને મે અબ્બા, મમ્મી, બેટા, ભાઈ એવી જોશથી બુમો પાડેલી તે વખતે અંદરના મારા બાથરૂમવાળા ખુણામાંથી મારી પત્નિ નામે મહેમુદા, મારો મોટો દિકરો સલીમ અને મારો દિકરો ઈમ્તીયાઝહુસેન, મારી દિકરી સરતાજબાનું અને શફીમીંયા મહંમદમીંયા આવીને મને ચોંટી પડેલા. આ શફીમીંયા મારા કાકાનો છોકરો થાય. પછી અમે બહાર નીકળેલા તે વખતે ત્યાં કોઈ ટોળુ હતુ નહી. અમે બહાર નિકળ્યા તે વખતે ઉપરથી કાંઈક પડ્યુ તેથી અમે એકદમ પાછા ખસી ગયેલા અને જોયુ તો એક લાશ પડેલી જોયેલી બે લાશ હતી નજીક જઈને જોઉ તો સિકંદર છતો પડેલો હતો અને તેના એક ખભા ઉપર તેની બેબી તેડેલી હતી. તેના જમણા હાથમાં કડું હતુ તે પરથી ખ્યાલ આવેલો કે આ મારો ભાઈ સિંકદર છે. પછી છોકરાઓ કાકા કાકા કહીને રડવા લાગેલા પછી પુર્ણીમા ચોકની સામે લીગડીયા વાડ છે ત્યાંથી પબ્લીક આવતી હોય તેવું અમને લાગેલું તેથી અમે પઠાણ મહોલ્લામાં ગયેલા અને પઠાણ મહોલ્લામાંથી ચાલતા મહાદેવવાળા રસ્તે થઈને ભાલેજ કેમ્પમાં પહોંચેલા.

<u>પેરા નં.૯</u>

આ પેરામાં સાહેદ જણાવે છે કે ‘‘આર.જી. પટેલ અને ભુવા સાહેબ જેવા પોલીસ વાળાએ કોઈ તપાસ બરોબર કરેલી નહી અને અમારી સાથે બહુ ખરાબ વર્તન કરેલ મેં ૭મી તારીખે ભાલેજ આઉટ પોસ્ટમાં અમારો જવાબ નોંધાવ્યો ત્યારે આ પોલીસવાળાને કહેલું કે, મારા ઘરના અને આજુબાજુવાળા જીવતા સળગી ગયા છે તેમના અવશેષો અમને આપો તો અમે અંતિમ ક્રિયા કરી શકીએ’’ તો તેમણે એવો જવાબ આપેલો કે. ‘‘અમે તારા નોકર છીએ ? બબ્બે - ત્રણ ત્રણ વાર તમારા ઘરો ખોદી નાંખ્યા છે અને ફેંદી કાઢ્યા છે પણ કાંઈ મળ્યુ નથી તે જ વખતે ઝમીર વબાંગ નામના સાહેબ આવેલા મને કોઈક પોલીસવાળો દયાળુ હશે તેણે કહેલું કે આ સાહેબને ચોંટી પણ, તારૂ કામ થઈ જશે.’’ આ વબાંગ સાહેબ ગુજરાતી સમજતા ન હતા મેં તેઓને હિન્દીમાં આજીજી કરેલી કે, ‘‘ સાહેબ મેરે કો એક દફા મેરે ઘરપે લે જાઓ કુછ ના કુછ

તો મીલેગા''. તેમણે મને કહેલું કે ''તુમ્હારી યે અરજી હમ સ્વિકાર કરતે હે તો કલ કોઈ બડે સાહબ કો લેકે હમ તુમ્હે લેં જોંએગે''

<u>પેરા નં.૧૦</u>

તેથી બીજા દિવસે ૮મી તારીખે લગભગ ૧૨:૦૦ વાગ્યાના અરસામાં બી.એસ.એફ.ના જવાનો, અમુક પોલીસવાળા અને એસ.આર.પી. ના જવાનો, વબાંગ, ઝમીર સાહેબ વિગેરેએ અમને સંદેશો મોકલેલો અને બોલાવેલા અને કહેલું કે આપણે ત્યાં જવાનું છે જેથી હું મારી પત્નિ તથા ઐયુબખાન એ રીતના અમે ત્રણેય જણા બનાવવાળી જગ્યાએ ગયેલા તે વખતે આશરે એક – દોઢનો સમય થયેલો. ત્યાં પોલીસના માણસોએ જે.સી.બી. મશીન મંગાવેલું મેં અને મારી પત્નિએ જે જગ્યા બતાવેલી તે જગ્યા એટલે અકબરખાન ભીખનખાનના મકાનની પછીતની જગ્યા હતી. પોલીસે જે.સી.બી. મશીન પડે ત્યાં જે માટી પડેલી હતી તે બહાર કઢાવેલી, ત્યાં અમને હાડકાના નાના મોટા ટુકડા મળેલા તેમજ થોડા કપડા બળેલા મળેલા. થોડી રખીયા લીધેલી અને આ બધી કાર્યવાહીનું શુટીંગ થયેલું. આ બધી કાઢેલી વસ્તુનું એ લોકોએ પેકીંગ કરેલું. તેમાં અમારી કોઈ સહી લીધેલી નહી અને કહેલું કે અમે મોકલાવી દઈશું.

<u>પેરા નં.૧૨</u>

સિંકદર અને તેની બેબીની લાશ સલીમશા મકબુલશા દિવાનને પોલીસે સોંપેલી અને આ લાશની દફનક્રીયા સુરેલી કબ્રસ્તાનમાં કરેલી. સલીમશાને લાશો સોંપેલી તેથી સુરેલીના કબ્રસ્તાનમાં દફનક્રીયા થયેલી. હું આ દફનક્રીયામાં ગયેલો.

<u>પેરા નં.૧૩</u>

આ બનાવમાં મારા બાપુજી નામે મુરાદમીંયા ભુલામીંયા તેમજ મારી બા સુગરાબીબી, મારી નાની બહેન જીન્નતબાનું, મારી બહેનની દિકરી અનીસાબાનું મારી સાળીની દિકરી નામે યાસ્મીન તેમજ શફીમીંયા મહંમદમીંયાના ઘરની છ વ્યક્તિઓ તથા સિંકદરમીંયા ઉસ્માનમીંયાના ઘરની છ વ્યક્તિઓ તેમજ અકબરખાન ભીખનખાનના ઘરની સાત વ્યક્તિઓ એ

રીતના ગુજરી ગયેલા. આ બધા જ લોકો સળગીને મરી ગયા છે અને જીવતા બચવાનો કોઈ સવાલ જ નથી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદે તેમના નજરોનજર તેમના કુટુંબીજનોને ટોળા દ્વારા જીવતા સળગાવી દીધેલાનુ જોયેલ છે અને પોતાના માતા પિતા અને અન્ય સ્વજનોને ગુમાવી દીધેલ છે. તેમજ સીંકદરમીંયા અને ગુડ્ડીની લાશને બનાવના સ્થળે જોયેલ છે અને ત્યારબાદ તે બંન્ને લાશોને સુરેલી મુકામે હુસેની કબ્રસ્તાનમાં તેમની દફનવીધી કરેલ છે તે વખતે પણ તેમની હાજરી છે. સદર સાહેદની જુબાનીમાં તેઓએ પોલીસ સામે પણ પોલીસની શંકાસીલ બનાવ અંગેની તપાસ સામે પણ આક્ષેપો કરેલ છે આ સાહેદના કહેવા મુજબ તેઓએ ઉચ્ચ પોલીસ અધિકારી ઝમીર વંબાગ સાહેબને બનાવના તપાસ અધિકારીઓ અંગેની વર્તણુંક થી વાકેફ કરેલા અને આ સાહેદની વિનંતી બાદ જ બનાવ વાળા સ્થળે વધુ તપાસ એટલે કે મરી જનારના અવશેષો માટે ના પંચનામા થયેલ હતા, તેથી આ સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૪) આ કામમાં સાહેદ નં.૧૧૦ અને આંક-૨૫૨ થી આ કામના સાહેદ મહેમુદાબીબી મજીદમીયાં મલેક ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૬</u>

ગોધરાકાંડ થયો તેના બીજા દિવસે એટલે કે ૧લી માર્ચ, ૨૦૦૨ ના રોજ શુક્રવારે બંધનું એલાન હતું. ઓડ ગામમાં પણ બધુ બંધ હતું અને ગામનું વાતાવરણ તંગ હતું. બનાવના દિવસે સવારે અમો અમારા ઘરે હતા. ચા-નાસ્તો પતાવીને મારા પતિ દસ – અગીયારના અરસામાં ખેતરે ગયેલા. તે વખતે હું, મારા બાળકો, મારા સાસુ-સસરા બધા ઘરે હતા. પછી દોઢ-બે વાગ્યાના સુમારે સુરીવાળી ભાગોળે તોડફોડ થવા લાગેલી. મસ્જીદ, દુકાનો બધુ સળગાવવા માંડ્યા, તોડવા માંડ્યા, પછી અમે થોડુ સાંભળ્યું કે, સુરીવાળી ભાગોળે સળગાવવા માંડ્યુ છે તે વખતે અમો ઘરે હતા. પોત પોતાના ઘરે હતા, અમે

અમારા ઘરે હતા. પછી અમે સાંભળ્યું કે બધુ સળગાવવા માંડ્યુ છે અને આપણી બાજુ પણ સળગાવશે. બધા બેસી રહેલા. ચાર-સાડા ચાર વાગે અમારી બાજુ ટોળુ આવેલું. ટોળુ મારો કાપો, બાળો, મુસલમાનોને સળગાવો એવી બુમો પાડતું આવેલું. ત્યાં ટોળુ બજાર બાજુથી આવેલું અને લીગડીયા વાડ તરફથી પણ આવેલું. આ લીગડીયા વાડનું બીજુ નામ પુર્ણીમા ચોક પણ છે. આ ટોળુ હિન્દુ કોમનું હતું અને ગામનું હતું.

<u>પેરા નં.૭</u>

ટોળામાં પહેલા થોડાક જ એટલે કે ૩૦-૪૦ માણસો હતા. પછી પાછળથી બહુ મોટુ ટોળુ થયેલું. તે ટોળું મેં જોયેલુ. ટોળા પાસે લાકડીઓ, ધારીયા, કેરોસીન, ગેલનીયા, સળગતા કાકડા એવું બધુ હતું આ ટોળુ રસ્તામાં હતુ. બૂમો પાડી તેથી હું મારા ઘરની ઉપર પતરાં ઉપર આવી ગયેલી.

<u>પેરા નં.૮</u>

મેં ટોળું જોયેલું તે ટોળામાંના માણસોને મેં જોયેલા અને તેઓને મેં ઓળખેલા તે ટોળામાં (૧) દિલીપભાઈ વીનુભાઈ (૨) સનતભાઈ રણછોડભાઈ (૩) મનુભાઈ જેઠાભાઈ (૪) દીનુભાઈ ભીખાભાઈ કે જેઓ બડુ તરીકે ઓળખાય છે. તે (૫) જયેન્દ્રભાઈ સતાભાઈ (૬) અતુલભાઈ સતાભાઈ (૭) વિજયભાઈ રાવજીભાઈ (૮) લાલજીભાઈ પુનમભાઈ (૯) ધર્મેન્દ્રભાઈ નટુભાઈ (૧૦) હેમંતભાઈ ગોકળભાઈ, (૧૧) પ્રવિણભાઈ મંગળભાઈ એ રીતેના ઓળખેલા. આ બધાને હું નામથી તેમજ જોયે પણ ઓળખુ છું.આ લોકો બુમો પાડતા મારો, કાપો, બાલો કહેતા પહેલા આવેલા, સિંકદર મીંયાના ઉસ્માનમીંયાના મકાન ઉપર કંતાન બાંધેલા હતા. તેની ઉપર એ લોકોએ કેરોસીન ફેંકીને કાંકડા નાંખેલા, પછી તે સળગાવેલું.

<u>પેરા નં.૯</u>

મેં ઉપર જે ૧૧ માણસોના નામ આપ્યા છે તેઓ કોર્ટમાં હાજર છે તેઓનું હું ઓળખી શકું. સાહેદ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ વીનુભાઈને નામેથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી મનુભાઈ જેઠાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ

આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને દીનું ઉર્ફે બડુ તરીકે ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈને જયેન્દ્રભાઈ સતાભાઈ તરીકે ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી વિજયભાઈ રાવજીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી કૌશીકભાઈ જશભાઈને લાલજીભાઈ પુનમભાઈ તરીકે જણાવીને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી ધર્મેન્દ્રભાઈ નટુભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી હેમંતભાઈ સતાભાઈને હેંમતભાઈ ગોકળભાઈ તરીકે ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી પ્રવિણભાઈ મંગળભાઈ નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદે જયેન્દ્રભાઈ સતાભાઈને પોતે ઓળખે છે . તેવી સ્પે.પી.પી.શ્રીને જાણ કરતા ફરીથી કોર્ટ તરફથી તેઓને આ જયેન્દ્રભાઈ સતાભાઈને ઓળખે છે કે કેમ તે જોઈને કહેવાનું જણાવતા સાહેદે ફરીથી બધા આરોપીઓને જોઈને આરોપી જયેન્દ્રભાઈ સતાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૧૦</u>

હવે હું ફરીથી નામ યાદ કરીને કહુ છું કે, તે ટોળમાં અરવિંદભાઈ રાવજીભાઈ કે જે ફાડુ તરીકે ઓળખાય છે તે પણ હતા આ સિવાય બીજા કોઈને મેં ઓળખેલા નહી. આ અરવિંદભાઈ રાવજીભાઈ કોર્ટમાં હાજર છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી અરવિંદભાઈ રાવજીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૧૧</u>

સીંકદરમીંયાના ઘરના કંતાન સળગાવીને પછી આ ટોળાએ મદીનાબીબીનું મકાન સળગાવેલું. સિંકદરમીંયાના ઘરના કંતાનો સળગાવ્યા ત્યારે તેમના ઘરના લોકો મારા ઘરે આવતા રહેલા. તેમાં સિંકદરમીંયા, તેમના પત્નિ, તેમની બંન્ને દિકરીઓ, તેમની માતા એ રીતના પાંચ જણા મારા ઘરે આવતા રહેલા. પછી અમારી બાજુમાંના મુસ્તુફામીંયા ઉમરાવમીંયાના મકાન ઉપર પાઉચ નાંખીને એ લોકોએ સળગાવેલું. પછી અમારા મકાન ઉપર પથ્થર પડવા માંડ્યા અને પેટ્રોલ અને કેરોસીનના પાઉચ બધુ આવ્યું.તે વખતે મારા

સસરા નીચેના માળે હતા અને અમે ઉપરના માળે હતા. પુરૂષો નીચે હતા અને અમે સ્ત્રીઓ ઉપલા માળે હતી. પછી અમારા મકાન ઉપર એ લોકોએ ખુબ જ પથ્થરબાજી શરૂ કરી દીધેલી. તે વખતે સિંકદર મીંયાના ઘરના અને શફીમીંયાના ઘરના બધા નીચેના માળે હતા શફીમીંયાના ઘરના માણસો પૈકી શફીમીંયા પોતે, તેમજ તેમની માતા, તેમના પત્નિ, બે દિકરીઓ અને તેમના બહેન બનેવી એ રીતેના અમારા ઘરે આવી ગયેલા. પછી બહુ સળગાવવા માંડ્યુ અને બહુ પથ્થર બાજી થવા માંડી.

<u>પેરા નં.૧૨</u>

પછી મારા સસરાને જમણી આંખના ઉપરના ભાગે કપાળમાં પથ્થર વાગેલો અને તેમના કપડા લોહી લુહાણ થઈ ગયેલા. પછી મને ખબર પડી કે મારા સસરાને વાગી ગયુ છે તેથી હું ઉપરના માળેથી નીચે આવેલી. મારા બે દિકરા નાની ઉંમરના ૧૩-૧૪ વર્ષના હતા તેમને પણ વાગી જશે એવુ મને લાગેલું. નીચે આવીને જોયું તો મારા સસરા લોહી લુહાણ હતા. પછી તેમને હાથથી પકડીને ઉપરના માળે લઈ ગયેલા. ઉપર થોડીવાર અમે બેઠેલા પછી અમને એવું થવા લાગ્યું કે, આપણો બચાવ થશે નહી. મારા સસરાએ અમને કહેલુ કે અકબરખાન ભીખનખાન અને આપણા ઘરની વચ્ચેની જે દિવાલ છે તેમાં બાકોરૂ પાડીને બચવુ હોય તો અકબરખાનના ઘરમાં જતા રહો. આ બાકોરૂ કોણે પાડેલું તેનો ખ્યાલ નથી. આ બાકોરમાંથી અમે બધા જ અકબરખાનના ઘરમાં પહોંચેલા. સૌથી છેલ્લી હું ગયેલીં.

<u>પેરા નં.૧૩</u>

અકબરખાનના ઘરમાં તેમના ઘરના માણસો રૂમમાં બેઠેલા હતા જેમાં અકબરખાન પોતે તેમજ તેમનો દિકરો ગફુર ઉર્ફે મહંમદ, તેમના પત્ની સકીનાબીબી, તેમનો દીકરો આસીકખાન, આસીનની પત્ની મુમતાઝબીબી, આસીનની દિકરીઓ રઝીયાબાનું અને અફસાનાબાનું, આસીનનો દિકરો ઈમ્તીયાઝખાન, ગફુરની બહેન રૂકસાનાબીબી એ રીતના હતા.અકબરખાનનું મકાન નીચેથી સળગાવેલું તેના ધુમાડાના ગોટા આવવા લાગેલા તેથી મને ગભરામણ થયેલી અને મારો જીવ બહુ ગભરાવવા લાગેલો. મને મારા છોકરાની કે કોઈની યાદ રહેલી નહી.

<u>પેરા નં.૧૪</u>

પછી હું મારા મકાનમાં પાછી આવેલી. મેં મારા દિકરા પાસે પાણી મંગાવીને સળગે છે તો ઓલવીએ તેમ જણાવેલું મારા દિકરો કહ્યું કે, નીચેથી સળગાવ્યું છે, આપણો બચાવ નહી થાય મારે એ બાજુ આવવું છે. પછી મારા બંન્ને દિકરા અને દિકરી આવી પહોંચેલા અને પછી શફીમીંયા મહંમદમીંયા પણ આવેલા. પછી તેમની માતા આવતા હતા પણ ફસાઈ ગયા તેથી તેમનો હાથ છુટી ગયો અને તેઓ આવી શકેલા નહી. અમારા સિવાય બાકીના બધા અકબરખાનના ઘરમાં રહી ગયેલા તે બધા બુમો પાડતા હતા અને રડતા કકળતા હતા અને બચાવો બચાવો એવી બુમો પાડતા હતા. પછી અમે થોડી વાર અમારા ઘરમાં ઉપરના માળે બેઠેલા. પછી અમાર મકાન સળગવા લાગેલું અમે નીચે ઉતરી ગયેલા. અમે નીચે આવીને પાણીયારા નીચે સંતાઈ ગયેલા. તે વખતે ૬:૦૦ વાગ્યાની આસપાસનો સમય હતો. પછી દાદરો સળગેલો.

<u>પેરા નં.૧૫</u>

ત્યારબાદ અમે પાણીયારાથી નીકળીને બહાર ઓસરીમાં આવી બાથરૂમની સાઈડમાં અમે બેસી ગયેલા. પછી શફી મહંમદ એવુ બોલેલો કે ભાભી આપણને સળગાવી દેશે મને એવુ થયેલું કે આપણો ઉપરવાળો છે. પછી થોડુ થોડુ અંધારુ થયેલુ અને સાતેક વાગ્યા હશે ત્યારે મારા પતિ ઘરે આવેલા અને તેમણે બુમો પાડેલી ઓ મમ્મી, ઓ પપ્પા છોકરાઓને એવુ લાગેલું કે પપ્પાજ છે અને તેમને છોકરાઓ વળગી પડેલા તેમણે કહેલું કે જો જીવ બચાવવા હોય તો બધા ચાલો, અમે બહાર નીકળ્યા તે વખતે રસ્તામાં અકબરખાન ભીખનખાનના મકાનની પછીતે જે બારી છે તેની નીચે રસ્તામાં સિકંદર મીંયા ઉસ્માનમીંયા અને તેમની દિકરીની લાશ પડેલી હતી.આ દિકરી દોઢ વર્ષની હતી.

<u>પેરા નં.૧૬</u>

ત્યારપછી અમે પઠાણ ફળીયામાં ગયેલા ત્યાં થોડી વાર અમે ઉભા રહેલા પછી મહાદેવવાળા રસ્તે થઈ ખેતરોમાં રહીને ભાલેજ પહોંચેલા અમે પઠાણ ફળીયામાં જવા માટે નીકળ્યા ત્યારે ટોળું ડેરી પાસે હતું. ભાલેજ મોડી રાત્રે પહોંચેલા કેટલા વાગે પહોંચેલા તે સમયનો ખ્યાલ નથી. ભાલેજ મારા નણંદના ઘરે રોકાયેલા. મારૂ ઘર બધુ સળગાવી દીધેલું. અકબરખાન ભીખનખાનના મકાનમાં જે લોકો રહેલા તેમને ચોફેરથી આગ લગાવીને

સળગાવી દીધેલા. મારી નણંદને ત્યાં હું દસ દિવસ રોકાયેલી અને બીજા બધા કેમ્પમાં રહેલા. ભાલેજમાં અમે દોઢ મહિનો જેટલું રોકાયેલા.

<u>પેરા નં.૧૭</u>

બનાવના છ-સાત દિવસ પછી ભાલેજ પોલીસ સ્ટેશને જવાબ લખાવવા ગયેલા. ત્યાં પોલીસે બધી પુછપરછ કરેલી અને મેં જવાબ લખાવેલો મેં આ જવાબ નોંધાવ્યો તેના બીજા દિવસે ઓડ ગયેલી. બનાવવાળી જગ્યા મેં બતાવેલી મારી સાથે મારા પતિ, મારા દિયર શફીમીંયા તેમજ ઐયુબખાન કાસમખાન હતા. અમે બધા ઓડ પહોંચ્યા પછી પોલીસવાળાએ બધુ મશીનથી ખોદાવેલું તે વખતે ત્યાંથી ૨૦૦-૫૦૦ ગ્રામ જેટલા હાડકા મળ્યા હતા તેમજ આટલી બધી રાખ ભરેલી તેમજ બધા ખુંણાંમાંથી માટી લઈને ભેગી કરેલી અને તે કોથળીમાં ભરેલી તેમજ આ બધી રાખ ભરેલી તેમજ આ બધી કાર્યવાહીનો વીડીયો ઉતારવામાં આવતો હતો. આ બધુ કોથળીમાં ભરીને કબજે કરીને પોલીસવાળા લઈ ગયેલા. ચાર-પાંચ દિવસ પછી પોલીસવાળા આવેલા અને કહેતા હતા કે, આ બધા લાપતા થઈ ગયા છે, સગાવ્હાલા જતા રહ્યા છે. પોલીસવાળા આવુ કહેતા હોવાનું મને જાણવા મળતા હું ત્યાં ગયેલી અને મેં બનાવની હકીકત પોલીસને જણાવેલી અને પોલીસે મારો જવાબ નોંધેલો.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદે તેમના નજરોનજર તેમના કુટુંબીજનોને ટોળા દ્વારા જીવતા સળગાવી દીધેલાનુ અને સાહેદ પોતે પણ જે મકાનમાં ટોળા દ્વારા જે ૨૩ વ્યક્તિઓને સળગાવી દેવામાં આવેલ હતી, તે પોતે પણ બનાવ સમયે તે જ મકાનમાં હાજર હતા.અને સદર સાહેદ બનાવ વખતે તેમની હાજરી બનાવવળા સ્થળે એટલે કે મકાનમાં જણાવેલ છે અને બનાવ સમયે આ સાહેદે અન્ય સાહેદોની સાથે હાજરી હતી. અને સદર સાહેદની સાથે અન્ય સાહેદો જેવાકે, શફીમીંયા મહંમદમીંયા મલેક તથા અકબરખાન ભીખનખાન પઠાણ પણ તેઓની સાથે બનાવવાળા મકાનમાં હાજર હતા અને આ સાહેદે પણ તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે મુરાદમીંયા ભુલામીંયા અને અકબરખાન ભીખનખાન પઠાણની દિવાલમાં

બાકોરૂ પાડીને અકબરખાનના મકાનમાં ગયેલ હતા. અને આમ, અન્ય સાહેદોએ પણ બનેલ બનાવને સમર્થન આપેલ છે. તેથી આ સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેને ન માનવાને કોઈ કારણ નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ખુબ જ મહત્વનો બની જાય છે. અને તેને ધ્યાને લેતા પણ આરોપીઓનુ અપકૃત્ય જણાઈ આવે છે.

૫) આ કામમાં સાહેદ નં.૧૧૨ અને આંક-૨૫૮ થી આ કામના સાહેદ હસનખાન હસુખાન પઠાણ ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

૨૦૦૨ની સાલમાં ઓડ મુકામે ધમાલ થયેલી તે વખતે સવારના અમે ખેતરમાં હતા અને બાજરી ઓરવા ગયેલા. બનાવ ત્રીજા મહિનાની પહેલી તારીખે બનેલો અને ૨૦૦૨ની સાલ હતી. બનાવના દિવસે શુક્રવાર હતો. અમારી કોમના બધા લોકો સુરીવાળી ભાગોળે મસ્જીદમાં નમાઝ પઢવા ગયેલા. મારા ભત્રીજા ઈમ્તીયાઝે મને કહેલુ કે, તમે નમાઝ પઢવા જશો નહી ખેતરમાંથી હું બાર સાડા બાર વાગે ઘરે આવેલો પછી જમી પરવારેલો, હું નમાઝ પઢવા ગયેલો નહી અને હું ઘરે જ હતો. ટોળુ નાસભાગ કરતુ હતુ.તે વખતે લગભગ ત્રણ – સાડા ત્રણનો સમય થયેલો. સુરીવાળી ભાગોળે પછી ધમાલ થયેલી. હું ઘરેથી નીકળેલો જ નહી. ઝાંપલીવાળા ઘર બાજુ ટોળુ નાસભાગ કરતુ હતું. ચાર – સાડા ચાર વાગે બનાવ બનેલો. કાકડા અને એ બધાથી સળગાવતા હતા મહંમદખાનનું ઝાંપલીવાળું ઘર સળગાવેલું અમે નાકા ઉપર ઉભા રહીને જોતા હતા અકબરખાન ભીખનખાનનું મકાન સળગેલુ. એ બાજુ અમારાથી જવાય એમ ન હતુ. ટોળામાં ખાસ્સા માણસો હતા ટોળા પાસે બધા ઘાતક હથિયારો હતા.

<u>પેરા નં.૩</u>

૬:૩૦ વાગે મહંમદ ગફુર આવેલા અને તમે બધા ભાગી જાવ આપણા ઘરમાં બધા મરી ગયા છે. એવુ અમને કહેલુ મે ટોળુ જોયેલુ ટોળામાં (૧) દીનુભાઈ ભીખાભાઈ (૨) હેંમતભાઈ ગોકળભાઈ (૩) દિલીપભાઈ રણછોડભાઈ (૪) કનુભાઈ રણછોડભાઈ એ રીતના ચાર માણસોને ઓળખેલા. નાસભાગ કરતા તેમને જોયેલા. આ ચાર માણસોને હું ઓળખુ છું મેં

જે આ ચાર નામ આપ્યા છે તે પૈકી બે જણા આજે આ આરોપીઓ તરીકે બેઠેલ ઈસમોમાં સામેલ છે જે પૈકી દીનુભાઈ ભીખાભાઈ અને હેંમતભાઈ ગોકળભાઈ એ રીતના છે અને બાકીના નથી.

<u>પેરા નં.૪</u>

સાહેદ આક્ષેપીત તરીકે બેઠેલ આરોપીઓ પૈકી વીનુભાઈ ભીખાભાઈ કહીને ઓળખી બતાવે છે. તેવી જ રીતે આક્ષેપીત તરીકે બેઠેલા આરોપીઓ પૈકી સાહેદ આરોપી હેંમતભાઈ સતાભાઈને હેંમતભાઈ ગોકળભાઈ તરીકે કહીને ઓળખી બતાવે છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૬) આ કામમાં સાહેદ નં.૧૧૩ અને આંક-૨૫૯ થી આ કામના સાહેદ મહંમદખાન ઉર્ફે ગફુરખાન અકબરખાન પઠાણ ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને જેઓ એક ઈન્જર્ડ આઈ વીટનેસ છે. અને તેઓની જુબાની માં નીચે જણાવેલ છે કે,

<u>પેરા નં.૪</u>

તા.૨૭મીએ ગોધરા ખાતે ટ્રેન બળી તેના અનુસંધાને બીજા દિવસે અમારા ગામમાં બંધનું એલાન હતું. ત્યારબાદ તા.૧-૩-૨૦૦૨ના રોજ પણ બંધનું એલાન હતુ અને તે દિવસે બજારો બંધ હતા. ગામમાં વાતાવરણ તંગ જેવુ દેખાતુ હતુ તે દિવસે હું મારા ઘરે જ હતા. ગોધરાકાંડ થયો તેના બે દિવસ પહેલા મારી પત્નિ અને બાળકો અંધાડી, તા.ઠાસરા મુકામે તેણીના પિયરમાં ગયેલા હતા અને ઉપર જણાવેલા બાકીના બધા માણસો અમે અમારા ઘરે હતા.

<u>પેરા નં.૫</u>

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ બપોરે જમી – પરવારીને બાર સાડા બાર વાગે અમારે નમાઝ પઢવા જવાનું હતુ ત્યારે વાતાવરણ તંગ જેવુ લાગતુ હતુ. તે વખતે હું મહોલ્લામાં જઈને પાછો આવેલો, મસ્જીદમાં ગયો ન હતો ત્યારપછી ઘરે આવી મારા ભાઈ અને બાપુજી સાથે હું ઘરમાં બેઠેલો. ત્યારપછી ૪:૦૦

વાગ્યાની આજુબાજુ હિન્દુ લોકોનું ટોળુ આવેલુ અને મારો કાપો, મુસલમાનોને જલાવી દો એવી બુમો પાડતુ આવેલુ આ બુમો મેં સાંભળેલી મેં મારા ઘરની ઝાંપલી પાસેથી જોયુ તો બજાર બાજુથી અને લીગડીયા વાડ તરફથી ટોળુ આવતુ જોયેલુ. આ ટોળમાં આશરે હજાર પંદરસો જેટલા માણસો હતા. આ ટોળુ હિન્દુ કોમનું હતુ અને આ લોકો ઓડ ગામના જ હતા. આ ટોળા પાસે કાકડા, પેટ્રોલના પાઉચ,કેરોસીનના કારબા તથા હથિયારો હતા. મેં ટોળામાંના માણસોને જોયેલા.

પેરા નં.૬

આ ટોળાના માણસોમાં (૧) અરવીંદભાઈ રાવજીભાઈ પટેલ (૨) હેંમતભાઈ ગોકળભાઈ પટેલ (૩) પરેશભાઈ રણછોડભાઈ (૪) વીનુભાઈ ભીખાભાઈ (૫) વીનુભાઈ શનાભાઈ (૬) દિલીપભાઈ રણછોડભાઈ (૭) તેમજ બીજા દિલીપભાઈ રણછોડભાઈ જે પૈકી એક દિલીપ રણછોડ મલાવ ભાગોળના અને બીજા દીલીપ રણછોડ હોળી ચકલા, (૮) હીરૂભાઈ રાવજીભાઈ બીન દેવજીભાઈ (૯) જયેન્દ્રભાઈ સતાભાઈ (૧૦) કાનજીભાઈ હરમાનભાઈ (૧૧) હરેશભાઈ હરમાનભાઈ (૧૨) ચંદ્રકાંત રાવજીભાઈ બીન માનાભાઈ એ રીતના હતા. આ લોકો ટોળામાં આગળ જ હતા. આ ટોળુ પહેલા લીગડીયા વાડના નાકે આવેલુ. ટોળાએ આવીને પહેલુ સિંકદરમીંયા ઉસ્માનમીંયાનું ઘર સળગાવવા માંડેલુ. પછી શફીમીંયા મંહમદમીંયાનું મકાન સળગાવવાનું ચાલુ કરેલું.

પેરા નં.૭

આ બંન્ને ઘરો સળાગાવવાનું ચાલુ કરતા આ બંન્ને ઘરના લોકોને મુરાદમીંયા ભુલામીંયાના ઘરમાં જતા જોયેલા. હું સિકંદરમીંયાને ઓળખું છું તેમનું મકાન મારા ઘરની પાછળ આવેલું છે. સિંકદરમીંયાના ઘરમાં પાંચ માણસો હતા બધાને હું ઓળખું છું. આ પાંચ માણસોમાં સિંકદરમીંયા ઉસ્માનમીંયા પોતે તેમજ તેમની માતા જેતુનબીબી, સિકંદરમીંયાની પત્નિ જેનું નામ યાદ નથી, તેમના બે બાળકો જેમના નામો યાદ નથી એ રીતના હતા તેવી જ રીતે શફી મીંયાના ઘરના માણસોને પણ હું ઓળખું છું તેમના ઘરના કુલ છ માણસો હતા. તેમાં શફીમીંયા પોતે તેમજ તેમની માતા મદીનાબીબી, તેમની

પત્નિ જેનું નામ યાદ નથી તે તેમજ શફીમીંયાના બે બાળકો તથા સોનગઢથી આવેલા તેમના બહેન અને બનેવી એ રીતના હતા.

<u>પેરા નં.૮</u>

પછી ટોળાએ ઐયુબખાન કાસમખાનના ઘર ઉપર કાકડા નાંખીને સળગાવવાનું ચાલુ કરેલુ હું, મારા માં-બાપ અને મારી બહેન નામે રૂકસાનાબાનું એ રીતના ઉપરના માળે મારા ભાઈ સાથે જતા રહેલા. આ બાજુ સળગતું હતુ તેથી પબ્લીક અને બીકના માર્યા ભાઈ સાથે જઈને બેસીએ તેથી ઉપરના માળે ભાઈ પાસે ગયેલા. પછી અમારા મકાન ઉપર સળગતા કાકડા અને પાઉચ નાંખતા હતા તેથી અમારુ મકાન પણ ઉપર સળગવા લાગેલું. ત્યારપછી મુરાદમીંયાના ઘરના દિવાલમાં બાકોરૂ પાડીને અમારા ઘરમાં આવેલા. તેમના પાછળના ભાગે સળગેલુ અને મુરાદમીંયાનું પણ સળગવા લાગેલુ તેથી મુરાદમીંયાના ઘરના તેમજ શફીમીંયાના ઘરના અને સિંકદરમીંયાના ઘરના બધા અમારે ત્યાં આવી ગયેલા. મુરાદમીંયાના ઘરમાં તે વખતે મુરાદમીંયા પોતે તેમજ તેમની પત્નિ સુગરાબીબી, તેમની એક બેબી અને બે ભાણીઓ તેમજ મુરાદમીંયાની પુત્રવધુ મહેમુદાબીબી, તેણીના બે દિકરા અને એક દિકરી એ રીતના હતા. મુરાદમીયાના ઘરના લોકો દિવાલમાં બાકોરુ પાડીને અમારા ઘરમાં આવેલા. તે વખતે ટોળાના માણસો પાછળનું બાળવાનું કરતા હતા અને અમારા ઘર ઉપર પણ પેટ્રોલના પાઉચ ને બધુ નાંખતા હતા. અમારા ઘરની આગળ નીચે પણ સળગાવવાનું ચાલુ કરેલું. નીચે સળગતું જોતા મહેમુદાબીબી તેમજ તેમના ત્રણેય બાળકો અને શફીમીંયા એ રીતના પાછા જતા રહેલા તે વખતે મારા બાપુજી ઘરમાં મારી સાથે હતા. ઘર સળગવા માંડ્યુ એટલે ઉપર પૂળા અને લાકડા બધુ મુકેલુ હતુ તેથી તેમજ ઐયુબખાનના ઘરમાં તમાકુ ભરેલી હતી તેથી ધુમાડો થવા લાગેલો. ધુમાડો થયો તે વખતે અમારા ઘરમાં આવી પહોંચેલા બધા બચવાની કોશીશમાં હતા.

<u>પેરા નં.૯</u>

હું અને મારા બાપુજી સૌથી ઉપરના માળે જતા રહેલા. ઉપર મારુ મોં અને હાથ બળી ગયેલો તેમજ મારા બાપુજીનું પણ મોં બળી ગયેલું. પછી અમે પતરા ઉપર જતા રહેલા મારા ઘરના જે માણસો રહી ગયા તે બળતા હતા એટલે

બચાવો બચાવો એવી બુમો પાડતા હતા. ઉપરથી મુરાદમીંયાના નળીયા ઉપર થઈને અમે રાવજીભાઈના ઘરની ગેલેરીમાં જતા રહેલા. તે વખતે મુરાદમીંયાનું ઘર સળગતું હતુ. હું હાથે, મોંએ અને કોણીએ દાઝી ગયેલો. હું મુરાદમીંયાના પતરા ઉપરથી ગયો તે વખતે પગે દાઝી ગયેલો. મારા બંન્ને પગના તળીયા દાઝી ગયેલા. હું અને મારા બાપુજી ગેલેરીમાં ગયા એટલે પબ્લીકના માણસોએ અમને જોઈ જતાં અમારી ઉપર પાઉચ, પથ્થરો અને કાકડા ફેંકેલા. મારા બાપુજી અને હું રાવજીભાઈની ગેલેરીમાં ગયા તે વખતે કુદીને આવતા મારા બાપુજીને જમણા હાથે ફ્રેક્ચર થયેલું. પછી મારા બાપુજીએ મને કહેલું કે બેટા તુ તારો જીવ બચાવીને જતો રહે મારી ચિંતા કરીશ નહી તેથી હું મુરાદમીંયાના નલીયા ઉપર થઈને જતો હતો તે વખતે બળતુ હોવાથી મારો પગ ફસાઈ ગયેલો અને માર પેન્ટ પણ નીકળી ગયેલું અને ટી-શર્ટ તેમજ લંગોટ એ રીતના કપડા જ રહેલા આ કપડા સાથે મુરાદમીંયાના પતરા પર થઈ મુસ્તુફામીંયાના પતરા ઉપરથી હું રાવજીભાઈના ડેલામાં કુદી પડેલો ત્યાં છાણ, ઉકરડો, ઘાસના પુળા એવુ બધુ હતુ તેની ઉપર કુદી પડેલો. તે વખતે આશરે સાતેક વાગ્યાની આસપાસનો સમય થયેલો. ઉકરડા ઉપર કુદી, રાવજીભાઈના ડેલામાં થઈ, મહોલ્લામાં થઈ અમારા પઠાણ મહોલ્લામાં જતો રહેલો તે વખતે ટોળાના માણસો હતા નહી. હું નીકળી ગયા પછી મારા બાપુજીનું શું થયું તે હું જાણતો નથી.

<u>પેરા નં.૧૦</u>

હું પઠાણ મહોલ્લામાં જતો હતો ત્યારે મને મજીદમીંયા મુરાદમીંયા સામે મળેલો મેં એને કહેલુ કે તારા ઘરનું કોઈ બચ્યુ નથી અને મારી નજર સામે સળગી ગયા છે. તેને કહીને હું મારા કાકા માતબરખાન ભીખનખાનના ઘરે જતો રહેલો. મજીદમીંયા અને પઠાણ મહોલ્લામાં જતા જ મળેલા. ત્યા મારા કાકી મહેરાજબીબી રસુલખાનને માથામાં વાગેલુ હતુ અને લુગડું બાંધેલું હતુ. પછી ફીરોઝખાન માતબરખાન મારી પાસે આવેલો. મેં આ ફીરોઝને કહેલુ કે, આપણા ઘરનું કોઈ બચ્યું નથી અને મારી નજર સામે બધા બળી ગયા છે. મેં ફીરોઝને કહેલું કે બાપુ બચ્યા હોય તો કાઢી લે પછી મજીદ તેના ઘરે ગયેલો અને ફીરોજ મારા ઘર તરફ ગયેલો બંન્ને જણા દોટ કાઢીને બચાવવા ગયેલા પછી ફીરોજખાન મારા બાપુજીને ખભા ઉપર ઉંચકીને લઈ આવેલો મેં મારા

બાપુજીને જોયેલા તેમને વાગેલું હતુ તેમને હાથે વાગેલુ હતુ તેમજ મોઢે અને હાથે દાઝેલા હતા.

<u>પેરા નં.૧૧</u>

ત્યારબાદ ફીરોજખાન તેના સ્કુટર ઉપર મને તથા મારા બાપુજીને બેસાડીને અમારા ઘરની પાછળથી અમારા કબ્રસ્તાનના રસ્તેથી મહાદેવવાળા રસ્તે થઈ અમારા ખેતરમાં લઈ ગયેલો અમારા ખેતરમાંથી અમે નબીમીંયાના ખેતરમાં ગયેલા ત્યાં અમે રાત રોકાયેલા અને સવાર થતાં નબીમીંયાના ટ્રેક્ટરમાં અમે મારી બહેનને ત્યાં ભાલેજ મુકામે ગયેલા. અમારા ઘરમાં આવેલા શફીમીંયા તેમજ મુરાદમીંયા તેમજ સિંકદરમીંયાના માણસો તેમજ મારા ઘરના માણસો મારી નજર સમક્ષ બળી ગયેલા.

<u>પેરા નં.૧૨</u>

મારી બહેનને ત્યાં સામાન્ય સારવાર કરેલી પછી ભાલેજ સરકારી દવાખાને ગયેલા. મારા બાપુજી પણ મારી સાથે આવેલા. અમને ભાલેજ સરકારી દવાખાને ટેમ્પામાં લઈ ગયેલા. ટેમ્પામાં ડોક્ટર સાહેબે અમને આવીને જોયેલા અને કહેવું કે ઈજાઓ વધારે છે કરમસદ કૃષ્ણ હોસ્પીટલમાં લઈ જાવ ભાલેજથી એમ્બ્યુલન્સમાં અમને કરમસદ હોસ્પીટલમાં લઈ ગયેલા. ત્યાં બપોરના આશરે ૨:૦૦ વાગે પહોંચેલા મને મારા બાપુજીના કરમસદ હોસ્પીટલમાં દાખલ કરેલા. મને ત્યાં ત્રણ દિવસ રાખેલો મને રજા આપતા હું ભાલેજ મુકામે મારી બહેનને ત્યાં પહોંચેલા. અત્યારે મારા બાપુજીની ઉંમર ૮૦-૮૫ વર્ષની હશે. અત્યારે મારા બાપુજીને શ્વાસ ચઢતો હોવાથી ઉભા થવાતુ નથી અને હલાતુ નથી એટલે કે ચાલી શકાતું નથી તેમજ તેઓને કાને ઓછુ સંભળાય છે તેમને શ્વાસ ચઢી જતો હોવાથી બહુ બોલાતું નથી.

<u>પેરા નં.૧૩</u>

મેં ટોળામાના જે માણસોના નામ આપ્યા છે તેઓને હું ઓળખી શકું મેં ઉપર જે માણસોના નામ જણાવ્યા છે તેઓ આજે કોર્ટમાં છે તેઓને હું ઓળખી બતાવી શકું. સાહેદ આક્ષેપીત આરોપીઓ પૈકીના આરોપી અરવિંદભાઈ રાવજીભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી હેંમતભાઈ સતાભાઈને હેંમતભાઈ ગોકળભાઈ પટેલ તરીકે જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પરેશભાઈ

રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ રણછોડભાઈને મલાવ ભાગોલવાળા દિલીપભાઈ રણછોડભાઈ એ રીતે નામથી અને જોઈને ઓળખી બતાવે છે. હું હોળી ચકલાવાળા જે દીલીપભાઈ રણછોડભાઈની વાત કરુ છું તેઓ અહીંયા આરોપીઓમાં સામેલ નથી. તેવી જ રીતે સાહેદ આરોપીઓને જોઈને તેમાં હીરૂભાઈ રાવજીભાઈ બીન દેવીજીભાઈ નથી તેમ જણાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી જયેન્દ્રભાઈ સતાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓને જોઈને તેમાં કાનજીભાઈ હરમાનભાઈ સામેલ નથી તેમ જણાવે છે. સાહેદ આરોપીઓને જોઈને તેમાં હરેશભાઈ હરમાનભાઈ સામેલ નથી તેમ જણાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓને જોઈને તેમાં ચંદ્રકાંત રાવજીભાઈ બીન માનાભાઈ સામેલ નથી તેમ જણાવે છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદે તેમના નજરોનજર તેમના કુટુંબીજનોને ટોળા દ્વારા જીવતા સળગાવી દીધેલાનુ અને સાહેદ પોતે પણ જે મકાનમાં ટોળા દ્વારા જે ૨૩ વ્યક્તિઓને સળગાવી દેવામાં આવેલ હતી, તે પોતે પણ બનાવ સમયે તે જ મકાનમાં હાજર હતા.અને સદર સાહેદ આ બનાવ મા ઈજા પામનાર સાહેદ છે અને તેઓએ તેમને થયેલ ઈજા અન્વયે ડોક્ટર પાસે સારવાર કરાવેલ છે અને ડોકટરે પણ સાહેદ ને થયેલ ઈજા અંગેની બાબતને તેમની જુબાની મુજબ સમર્થન આપેલ છે અને સદર સાહેદ બનાવ વખતે તેમની હાજરી બનાવવાળા સ્થળે એટલે કે મકાનમાં જણાવેલ છે અને બનાવ સમયે આ સાહેદે અન્ય સાહેદોની સાથે હાજરી હતી અને સદર સાહેદ તથા અન્ય સાહેદો જેમકે મહેમુદાબીબી, શફીમીંયા કે જેઓ બાજુમાં આવેલ મુરાદમીંયા ભુલામીંયાના મકાનમાંથી વચ્ચેની દિવાલમાંથી બકોરૂ પાડી સદર સાહેદના મકાનમાં આવેલ હતા તે વાતને પણ અન્ય સાહેદોએ સમર્થન પુરૂ

પાડેલ છે. તેથી આ સાહેદ એક નેચરલ અને ઈજાપામનાર વીટનેશ છે અને તેને ન માનવાને કોઈ કારણ નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ખુબ જ મહત્વનો બની જાય છે. અને તેને ધ્યાને લેતા પણ આરોપીઓનુ ગુનાહિત હિચકારૂ કૃત્ય સદર સાહેદની જુબાની થી સાબિત થાય છે.

૭) આ કામમાં સાહેદ નં.૧૧૧ અને આંક-૨૫૪ થી આ કામના સાહેદ આરીફમીંયા ઉર્ફે લાલા જુસબમીંયા મલેક ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની નીચે મુજબ જુબાની માં જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

તા.૨૭-૨-૨૦૦૨ના રોજ ગોધરામાં સળગાવેલું તે જાણવા મળેલું. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ અમારા ઓડ ગામમાં બજાર બંધ હતુ, તે દિવસે શુક્રવાર હતો. હું મારા ઘરે હતો. બપોરના ૪ઃ૩૦ વાગ્યાનો સમય હતો. હોળી ચકલા પાસેથી ૪૦૦-૫૦૦ માણસોનું ટોળુ આવેલું. અમારી સામેના સિંકદર ઉસ્માન અને ગફુરમીંયા એ બધાના મકાન કાકડા નાંખીને સળગાવતા હતા. આ ટોળાના માણસો પાસે પેટ્રોલના પાઉચ, કારબા, ઘાતક હથિયારો અને પેટ્રોલની બોટલો એ રીતનું હતુ આ ટોળાના માણસોને મે જોયેલા. આ ટોળુ આવ્યું ત્યારે હું મારા ઘરે હતો. ટોળુ આવ્યુ ત્યારે હું ઘરની બહાર હતો મેં ટોળુ જોયલું આ ટોળુ હિન્દુ કોમનું હતુ અને તેઓ બોલતા હતા કે મારી નાંખો, કાપી નાંખો, અમને મુસ્લીમોને, બાંડીયાઓને કાપી નાંખો, મારી નાંખો એવુ બોલતા હતા. ટોળામાના માણસોને મેં ઓળખેલા જેમાં (૧) હેંમતભાઈ ગોકળભાઈ (૨) સનતભાઈ રણછોડભાઈ (૩) ધર્મેશભાઈ નટુભાઈ (૪) વીનુભાઈ શનાભાઈ (૫) દિલીપભાઈ વીનુભાઈ (૬) પ્રવિણભાઈ મંગળભાઈ, (૭) દિલીપભાઈ રણછોડભાઈ એ રીતના ઓળખેલા તેઓનું હું જોયે પણ ઓળખું છું.

<u>પેરા નં.૩</u>

આ મેં જે નામ આપ્યા છે તે કોર્ટમાં બેઠેલા છે અને તેઓને હું ઓળખી બતાવી શકું સાહેદ આરોપીઓ પૈકી આરોપી હેંમતભાઈ સતાભાઈને હેંમતભાઈ ગોકળભાઈ તરીકે ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ

આરોપીઓ પૈકી આરોપી ધર્મેશભાઈ નટુભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેબ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ વીનુભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પ્રિવણભાઈ મંગળભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. બધા જ આરોપીઓને જોઈને હું કહુ છું કે તેમાં દિલીપભાઈ રણછોડભાઈ નામની વ્યક્તિ જણાતી નથી.

પેરા નં.૪

આ ટોળના માણસોએ ઝાંપલીવાળુ ઘર સળગાવેલુ તેમજ સિંકંદરમીયાનું ઘર સળગાવેલુ તેમજ શફીમીંયાનું અને મુરાદકાકાનું ઘર સળગાવેલું તથા ઐયુબખાનનું ઘર સળગાવેલું. આ મેં ઓળખેલા માણસો પેટ્રોલના કારબા, પાઉચ નાંખીને સળગાવતા હતા અમારી બાજુએ લોકો કાકડા અને પથ્થરો બધુ નાંખવા માંડ્યા એટલે હું મારી પત્નિ અને બાળકોને લઈને પઠાણ મહોલ્લામાં જતો રહેલો અને પઠાણ મહોલ્લામાં એક ઘર છે ત્યાં હું મારી પત્નિ અને બાળકોને લઈને સંતાઈ ગયેલો પછી ટોળુ ક્યાં ગયુ તે મેં જોયેલું નહી. હુ જીવ બચાવીને આવતો રહેલો. પછી રાત્રે મહાદેવવાળા રસ્તે થઈ, ખેતરોવાળા રસ્તે થઈ ભાલેજ જતો રહેલો. અમે રાત્રે ચાલીને ગયેલા અને ભાલેજ રાત્રે દસ-સાડા દસ વાગે પહોંચેલા ઝાંપલીવાળા મકાનમાં બધા મળીને ખાખ થઈ ગયેલા. ભાલેજ મુકામે હું મારા બનેવીને ત્યાં ગયેલા અને ત્યાં રોકાયેલા. હું બનેવીના ઘરે એક વર્ષ રોકાયેલો.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને પઠાણ ફળીયાના નાકેથી જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૮) આ કામમાં સાહેદ નં.૯૯ અને આંક-૨૧૬ થી આ કામના સાહેદ ફીરોજખાન માતબરખાન પઠાણ ને તા.૧૩.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં જણાવેલ છે કે

પેરા નં.૨

૨૦૦૨ની સાલમા ઓડ ગામમાં તોફાન થયેલુ તે દિવસે શુક્રવાર હતો અને બનાવ તા.૦૧/૦૩/૨૦૦૨ ના રોજ બનેલો. તે દિવસે બંધનુ એલાન હતુ. ગામમા તે દિવસે વાતાવરત તંગ હતુ, બજાર બંધ હતુ. ગોધરા ટ્રેન સળગી તેના અનુસંધાને ગુજરાત બંધનુ એલાન હતુ. હુ ઘરે જ હતો મારા કુટુંબના બધા માણસો પણ ઘરે જ હતા. તે દિવસે બપોરના સમયે બજાર બાજુ બહુ હો-હા થતી હતી, તે મને સંભળાતુ હતુ. તે પછી આગ લગાડેલી તેના જે ધુમાડા નીકળતા હતા તે અમારા ઘર આગળથી આકાશમા જોયેલા. આશરે ચારેક વાગ્યાના સુમારે અમારી બાજુ ટોળુ આવેલુ અને તે ટોળુ પૂર્ણીમા ચોકમા આવેલુ. આ ટોળામા બહુ માણસો હતા બેથી પાંચ હજાર જેટલા માણસો હશે. તે ટોળુ મે જોયેલુ. ટોળુ આવ્યુ ત્યારે અમારા ફળીયાના નાકે અમે ઉભા હતા. આ ટોળા પાસે પેટ્રોલ,કેરોસીન, કેમિકલના કારબા હતા. હાથમાં હથિયારો હતા, સળગતા કાકડા હતા. આ ટોળુ મારા કાકા અકબરખાનના મકાનને આગ લગાડતુ હતુ. મે આ ટોળામાના માણસો પૈકી ૮-૧૦ માણસોને ઓળખેલા. આ મે ઓળખેલા માણસો પેટ્રોલ અને કેરોસીન છાંટીને સળગાવતા હતા. આ ઓળખેલા માણસોએ અકબર ખાન ભીખનખાનના મકાનને સળગાવેલુ તેમજ આ મકાનની પાછળના મકાનોને તેમણે સળગાવેલા. મે ટોળામાના જે માણસોને ઓળખેલા તેમના નામ (૧) હરીશભાઈ વલ્લભભાઈ પટેલ, (૨) હીરૂભાઈ રાવજીભાઈ પટેલ, (૩) દીનુભાઈ ભીખાભાઈ પટેલ, (૪) પરેશભાઈ રણછોડભાઈ પટેલ, (૫) દિલીપભાઈ રણછોડભાઈ પટેલ, (૬) વીનુભાઈ શનાભાઈ પટેલ, (૭) પ્રવિણભાઈ મંગળભાઈ પટેલ, (૮) હેમંતભાઈ ગોકળભાઈ પટેલ, (૯) સુરેશભાઈ ભાઈલાલભાઈ પટેલ એ રીતેના ઓળખેલા. આ તમામ વ્યક્તિઓને હુ નામથી અને જોયે ઓળખુ છુ મે આ જે નામ કહયા છે તે વ્યક્તિઓ કોર્ટમાં છે. તેઓને ઓળખી બતાવી શકુ.

પેરા નં.૩

સાહેદ કોર્ટમાં આરોપીઓ તરીકે બેઠેલ આરોપીઓ પૈકી આરોપી હરીશભાઈ વલ્લભભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. મે જે આરોપી હીરૂભાઈ રાવજીભાઈ પટેલનુ નામ આપ્યુ છે તે આરોપીઓ તરીકે બેઠેલ વ્યક્તિઓમા સામેલ નથી અને આ હીરૂભાઈ પરદેશ જતા રહયા છે.

કોર્ટમા આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈ પટેલ ને સાહેદ દીનુભાઈ ભીખાભાઈ પટેલ તરીકે જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પરેશભાઈ રણછોડભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદને તેમણે આપેલ નામ દિલીપભાઈ રણછોડભાઈ પટેલને જોઈને ઓળખી બતાવવાનુ કહેવામા આવતા કોર્ટમાં બેઠેલ તમામ આરોપીઓને વ્યક્તિગત જોઈને તેમાં દિલીપભાઈ રણછોડભાઈ પટેલ નામના આરોપી નથી તેવે સાહેદ જણાવે છે. સાહેદ કોર્ટમા બેઠેલ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પ્રવિણભાઈ મંગળભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી હેમંત સતાભાઈ પટેલ ને હેમંતભાઈ ગોકળભાઈ પટેલ એ રીતે ઓળખી બતાવે છે. સાહેદ આરોપી તરીકે બેઠેલ સુર્યકાંત ભાઈલાલભાઈ પટેલ ને સુરેશભાઈ ભાઈલાલભાઈ પટેલ તરીકે ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૪</u>

મે જે આરોપીને દીનુભાઈ ભીખાભાઈ પટેલ તરીકે ઓળખયા છે તેમનુ બીજુ નામ વીનુભાઈ છે કે કેમ? તેની ખબર નથી પણ ગામમાં દીનુભાઈ તરીકે ઓળખાય છે. ઓડ ગામમાં જ મારો જન્મ થયો છે અને ત્યાં જ હું મોટો થયો છું. તેથી આ બધાને હું સમજણો થયો ત્યારથી ઓળખુ છું. આગ લગાડી તે વખતે મારા કાકા અકબરખાનના મકાનને આગ લગાડચા બધુ ખાખ થઈ ગયેલું. આગ લગાડી તે વખતે મારા કાકા અકબરખાન અને તેમના કુટુંબના સભ્યો ઘરમાં જ હતા. અકબરખાનના મકાન આગળથી મહંમદખાન સળગેલા શરીર સાથે દોડતો-દોડતો આવેલો અને તે દોડતો-દોડતો અમારા ફળીયામાં આવેલો. તેણે મારા ઘરે આવીને કહેલુ કે, બઘા આપણા ઘરના માણસો અંદર ફસાઈ ગયા છે. આ મહંમદખાન તે મારા કાકા અકબરખાનનો બીજા નંબરનો દિકરો થાય. મને એવુ થયું કે, જો કોઈ બચ્યું હોય તો હું બુમો પાડીને તેને બચાવી લઉ. તેથી હું મારા ફળીયામાંથી નીકળીને દોડતો- દોડતો અકબરખાનના ઘર પાસે પહોંચેલો. તે વખતે મારી સાથે મારો ભાઈ ફરીદખાન તથા મજીદમીંયા મુરાદમીંયા એ રીતના અમે ત્રણેય જણા અકબરખાનના ઘર પાસે પહોંચેલા. ત્યાં ઘર બરાબરનું સળગીને નીચે આવી ગયેલું. અમે ત્યાં

જઈને બુમો પાડી. અમે કાકાના નામથી અને કાકાના છોકરાના નામથી બુમો પાડેલી. મારા કાકા અકબરખાન ધીમા અવાજે બોલતા હતા કે, મને બચાવો, હું બાથરૂમ આગળ પડયો છું. આ બુમો મેં સાંભળેલી. હું દિવાલે-દિવાલે થઈને પછીતના ભાગે બાથરૂમ છે ત્યાં પહોંચેલો અને મારા કાકા અકબરખાનને ખેંચી કાઢીને ખભે નાખીને મારા ઘરે લાવેલો. આ બાથરૂમ ઘરની સામે ઓસરીમાં હતું. આ અકબરખાનને માથાના ભાગે વાગેલું હતું. મોઢાના ભાગે દાઝેલા હતા, ડાબો હાથ ભાંગી નાખેલો હતો અને શરીરે દાઝેલા હતા. અકબરખાન ઉપરાંત ઘરના સભ્યો પણ ઘરમાં હતા પણ અમે બુમો પાડી તો કોઈ નીકળેલું નહીં. ત્રણ માળનું મકાન બળીને નીચે આવી ગયેલું અને તેમાં આ અકબરખાનના કુટુંબના સભ્યો બળીને ખાખ થઈ ગયેલા.

<u>પેરા નં.૫</u>

હું મજીદમીંયા અને મારો ભાઈ ફરીદખાન મજીદમીયાન ઘર પાસે ગયેલા અને આ મજીદમીયાના ઘરના સભ્યોની અમોએ બુમો પાડેલી તો તેની પત્ની, તેની એક છોકરી અને એક છોકરો એ રીતના બહાર નીકળેલા પણ આ મજીદમીંયાના બાપુજી, તેમની માતા અને બીજી વ્યક્તિઓ હતી તે ઘરમાંથી નીકળેલી નહીં. પછી મજીદમીંયા પોક મુકીને રડવા માંડેલો. એટલામાં તે મકાન જે સળગતું હતુ તેના ઉપલા ભાગેથી નીચે લાશ પડેલી અને તે અમારા મોઢા આગળ સામે પડેલી. તે લાશના એક હાથમાં છ મહિનાની છોકરી હતી. તે લાશ પુરૂષની હતી અને તે લાશ સિકંદરમીંયાની હતી. આ લાશના હાથમાં જે છોકરી હતી તે સિકંદરમીંયાની છોકરીની હતી તે લાશ કોલસો થઈ ગયેલી

<u>પેરા નં.૬</u>

ત્યારપછી અમે અમારા ઘરે આવતા રહેલા. મારા કાકાના દિકરા મહંમદખાને મને કહેલું કે, આપણા ઘરનાને બધાને સળગાવી દીધા છે અને મારી નાખ્યા છે તો આપણે બધા અહીંથી નીકળી જઈએ, આપણને પણ મારી નાંખશે. પછી અકબરખાન અને મહંમદખાન બંનેને અમોએ સ્કુટર ઉપર નાખેલા અને ખેતરાળુ રસ્તે ખેતરમાં જતા રહેલા. ત્યારપછી રાત્રે ભાલેજ મુકામે આ લોકોને ટ્રેકટરમાં નાખીને લઈ ગયેલા. અમે ભાલેજ વહેલી સવારે ૪:૦૦ વાગ્યે પહોંચેલા. ત્યાં ભાલેજ મુકામે અમે મારા ફુવાને

ત્યાં ગયેલા. તે વખતે ભાલેજના દવાખાનાના મેડીકલ ઓફીસરે એમ્બ્યુલન્સમાં બંને જણા સાથે અમને કરમસદ મેડીકલ હોસ્પીટલમાં મોકલી આપેલા. કરમસદ હોસ્પીટલમાં સવારે સાત-આઠ વાગ્યે પહોંચેલાં. ત્યાં આ બંને જણા અકબરખાન અને મહંમદખાનને અંદરખાનને અંદરના દર્દી તરીકે દાખલ કરેલા અને સારવાર શરૂ કરેલી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે.અને સદર બનાવ આ સાહેદે પઠાણ ફળીયામાંથી જોયેલ છે તેમજ બનાવ બન્યાબાદ સદર સાહેદ તેમજ અન્ય સાહેદ ઈજાપામનાર તેમજ બચી ગયેલ સાહેદોને બચાવવા માટે પણ એટલે કે લેવા માટે બનાવવાળી જગ્યાએ ગયેલ હતા અને ત્યાંથી ઈજા પામનાર સાહેદ અકબરખાન ભીખનખાનને લઈને પઠાણ ફળીયામાં આવેલ હતા. તેથી, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી નકારી શકાય તેમ નથી. તેમજ તેમની જુબાનીને પણ નકારી શકાય તેમ નથી.

૯) આ કામમાં સાહેદ નં.૯૩ અને આંક-૨૦૭ થી આ કામના સાહેદ ઐયુબખાન કાસમખાન પઠાણ ને તા.૧.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની નીચે મુજબની જુબાની માં જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

રસુલખાન ના કુટુંબમાં તેમના પત્ની મહેરાજબીબી, બે બાળકો તેમજ તેમના પુત્રવધુ મહેરૂન્નીસા અને તેમના બે બાળકો એ બધા સાથે રહેતા હતા. અમારી આશરે બારેક વીઘા જેટલી સહિયારી ખેતીની જમીન છે. મારૂ મકાન રોડથી ઉત્તરે અડીને અકબરખાન ભીખનખાનનું મકાન આવેલુ છે. આ અકબરખાનના મકાનને અડીને મુરાદમીંયા ભુલામીંયાનું મકાન આવેલુ છે. આ મુરાદમીંયાના મકાનને અડીને મુસ્તુફામીંયા ઉમરાવમીંયાનું મકાન આવેલુ છે. આ મુસ્તુફામીંયાના મકાન પછી ઉત્તરે રાવજીભાઈનું ડહેલુ આવેલુ છે. મારા અને અકબરખાનના મકાનનું મુખ્ય બારણું પુર્વ બાજુએ આવેલુ છે. આ બારણુ

મુકીને આગળ  ચોક આવેલો છે અને આ ચોક મુકીને દક્ષીણ દિશાએ રસ્તા ઉપર મારો બહર જવાનો ગેટ છે.

<u>પેરા નં.૩</u>

હું ઉસ્માનમીંયા  ભુલામીંયાને ઓળખું છું. તેમનું મકાન મારા મકાનની પાછળ આવેલું છે મારા અને આ ઉસ્માનમીંયાના મકાન વચ્ચે રસ્તો આવેલો છે. સિંકદરમીંયા ઉસ્માનમીંયાને હું ઓળખું છું. તેમનુ મકાન ઉસ્માનમીંયા ભુલામીંયાની બાજુમાં આવેલુ છે. શફીમીંયા મહંમદમીયાને પણ ઓળખું છું તેમનુ મકાન સિકંદરમીંયાના મકાનની બાજુમાં આવેલુ છે. શફીમીંયાના મકાનની ઉત્તર બાજુએ રાવજીભાઈનો ડહેલો આવેલો છે.

<u>પેરા નં.૪</u>

મારા ઘરની આગળ જે સરેઆમ રસ્તો છે તે રસ્તેથી પુર્વ દિશાએ જઈએ તો બજાર તરફ જવાય અને પશ્ચિમ બાજુએ જઈએ તો દુધની ડેરી આવે. મારૂ તેમજ મારા મકાનની ઉત્તરે આવેલા ત્રણેય મકાનો માટી તેમજ ઈંટના બનેલા છે, તેમજ તેને સીમેન્ટ પ્લાસ્ટર મારેલુ હતુ અને લાકડાની પીઢોવાળુ મકાન હતુ. અકબરખાનનું મકાન ઝાંપલીવાળુ મકાન તરીકે ઓળખાતુ હતું. મારા મકાનના પહેલા માળે રસ્તા તરફ બે બારીઓ હતી. અકબરખાન ભીખનખાનના મકાનને બારીઓ નથી પણ પાછળની બાજુએ જાળીયા જેવુ હતું.

<u>પેરા નં.પ</u>

૨૦૦૨ ની સાલમાં ઓડ ગામમાં કોમી રમખાણો થયેલા અને તે તા.૧.૩.૨૦૦૨ ના રોજ થયેલા. હિન્દુ કોમના ટોળાએ મુસ્લીમ કોમના મકાનો બાળી મુકેલા. તે દિવસે ગામનું વાતાવરણ તંગ હતું. તા.૨૭મીએ ગોધરા કાંડ થયેલો તેથી વાતાવરણ તંગ હતુ તેવુ મને જાણવા મળેલું. ૧ લી તારીખે ઓડ ગામના બજારો બંધ હતા. બંધનું એલાન હોવાના કારણે બજારો બંધ હતા.

<u>પેરા નં.૬</u>

૧ લી માર્ચે મારી પત્ની અને મારા બાળકો તેણીના પિયરમાં હતા અને ઘરે મારા માતા, તેમજ ઉપરના માળે મારા કાકા, કાકી અને તેમના બે દિકરાઓ એ રીતેના હતા. હુ ઘરે હતો. આશરે પોણા ચાર વાગ્યે મારા ઘર ઉપર પથ્થરમારો કરવાનુ ચાલુ થયેલો. આ પથ્થરમારો હિન્દુ કોમના ટોળાએ કરેલો.

આ ટોળા જાહેર રસ્તા ઉપર હતા. તે ટોળુ મેં જોયેલું. આ ટોળુ આશરે ૫૦૦-૧૦૦૦ માણસોનું હતુ અને તે હિન્દુ કોમનું હતુ. આ ટોળુ ગામનુ હતુ. આ ટોળા પાસે ધારીયા, લાકડીઓ, કેરોસીનના પાઉચ, કારબા વિગેરે હતુ. આ ટોળાએ અમારા ઘરોને આગ લગાડેલી. તે વખતે હું ઘરની અંદર હતો. આ લોકોએ સળગાવવાનું ચાલુ કર્યું એટલે મારૂ ઘર સળગવા લાગેલું અને ત્રીજા માળે આગ લાગેલી. મેં ઓલવવાનો બહુ પ્રયત્ન કરેલો પણ કાબુમાં આવેલુ નહીં.

<u>પેરા નં.૭</u>

મેં આ ટોળાના માણસો પૈકી છ-સાત જણાને ઓળખેલા. જેમાં (૧) વીનુભાઈ ભીખાભાઈ (૨) હેમંતભાઈ ગોકળભાઈ (૩) વીનુભાઈ શનાભાઈ (૪) દીલીપભાઈ વીનુભાઈ (૫) સુરેશભાઈ ભાઈલાલભાઈ (૬) વિજયભાઈ રાવજીભાઈ (૭) અરવિંદભાઈ રાવજીભાઈએ રીતેના ઓળખેલા. આ લોકોને હું નામથી અને જોઈને ઓળખુ છું. આ લોકો રસ્તા ઉપરથી મારા ઘરને આગ લગાડતા હતા અને પથ્થરમારો કરતા હતા. આ લોકો કેરોસીનના પાઉચ, સળગતા કાકડા મારા ઘર ઉપર નાખતા હતા. મે આ જે સાત નામ આપ્યા છે તે આજે કોર્ટમાં હાજર છે, તેમને હું ઓળખી બતાવુ છું.

<u>પેરા નં.૮</u>

સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ હેમંતભાઈ સતાભાઈ તરીકે આરોપીઓમાં બેઠેલ આરોપીને હેમંતભાઈ ગોકળભાઈ તરીકે ઓળખી બતાવે છે. સાહેદ વીનુભાઈ શનાભાઈ તરીકે જે નામ આપેલુ છે તેમને આરોપીઓ તરીકે બેઠેલા ઈસમોમાં નથી તેમ જણાવે છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ વીનુભાઈ નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી સુરેશભાઈ ભાઈલાલભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી વિજયભાઈ રાવજીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ કોર્ટમા બેઠેલ આરોપીઓ પૈકી આરોપી અરવિંદભાઈ રાવજીભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

પેરા નં.૯

મે મારા ઘરમાં ઉપરના માળે આવેલ બારીમાંથી આ લોકોને જોયેલા. પછી બહુ આગ લાગી  એટલે હું મારા માતા, મારા કાકા નીચેના રૂમમાં આવતા રહેલા. મારા આ કાકાના દિકરાઓનુ નામ મહેબુબખાન રસુલખાન અને ફીરોઝખાન રસુલખાન એ રીતનુ છે.  આ લોકો પણ ઘરની અંદર જ હતા. ત્યારપછી ટોળુ સળગાવતુ-સળગાવતુ આગળ ગયેલુ. તે દૂધની ડેરી બાજુ ગયેલુ. પછી અમને ઘરમાંથી નીકળવાનો મોકો મળી ગયેલો. અમે ઘરમાંથી નીકળતા હતા ત્યારે રસ્તામાં અમાર કાકી નામે મહેરાઝબીબીને માથામા પથ્થર વાગેલ.પછી અમારો જીવ બચાવવા માટે અમે મહોલ્લામા પેંસી ગયેલા. અમે પઠાણ મહોલ્લામા પેંસી ગયેલા. આ પઠાણ મહોલ્લો અમારા ઘરથી ૫૦ ડગલા દૂર હશે અમે આ મહોલ્લામા થોડી વાર બેસી રહેલા. અમારા કાકા અકબરખાન ભીખનખાનનો દિકરો નામે મહંમદખાન અકબરખાન પોતાનો જીવ બચાવવા બળેલી હાલતમા મહોલ્લામા આવેલો. તેને મે જોયેલો. તે પગે સખત દાઝેલો હતો અને શરીરના અન્ય ભાગે પણ દાઝેલો હતો. તે એવુ કહેલા લાગેલો કે, *મારુ ઘર બધુ બળી ગયું છે. મારા ભાઈ, ભાભી અને તેમના છોકરા બધા બળી ગયા છે અને આપણે પણ જીવ બચાવવા માટે અહીયાથી નીકળી જવુ જોઈએ.*

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદે તેમના નજરોનજર તેમના કુટુંબીજનોને ટોળા દ્વારા જીવતા સળગાવી દીધેલાનુ અને સાહેદ પોતે પણ જે મકાનમાં ટોળા દ્વારા જે ૨૩ વ્યક્તિઓને સળગાવી દેવામાં આવેલ હતી, તે પોતે પણ બનાવ સમયે તે જ મકાનમાં હાજર હતા. સદર સાહેદ બનાવ વખતે તેમની હાજરી બનાવવાળા સ્થળે એટલે કે મકાનમાં જણાવેલ છે અને બનાવ સમયે આ સાહેદે અન્ય સાહેદોની સાથે હાજરી હતી. તેમજ સદર સાહેદ અને તેમના કાકી સદર બનાવ દરમ્યાન જેમ તેમ કરીને બચીને પઠાણ ફળીયા તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન ટોળા તરફથી કરવામાં આવેલ પથ્થરમારાથી સદર

સાહેદના કાકી  ને માથાના ભાગે પથ્થર વાગતા ઈજા થયેલ હતી અને તે ઈજા તેમજ બનાવને પણ સદર સાહેદ તથા તેમની કાકી ની જુબાનીથી પણ સમર્થન મળેલ છે. તેથી આ સાહેદ એક નેચરલ અને ઈજાપામનાર વીટનેશ છે અને તેને ન માનવાને કોઈ કારણ નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ખુબ જ મહત્વનો બની જાય છે. અને તેને ધ્યાને લેતા પણ આરોપીઓનુ ગુનાહિત હિચકારૂ કૃત્ય સાબિત થાય છે.

૧૦) આ કામમાં સાહેદ નં.૯૦ અને આંક-૨૦૦ થી આ કામના સાહેદ રૂકસાનાબાનુ ઈલીયાસમીયા મલેક ને તા.૧.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

હુ સાસરે હતી ત્યારે મારા કાકાના દિકરા મજીદમીયા મુરાદમીયાંએ મને જાણ કરેલી કે, ધમાલ થઈ છે અને તારા પિયરવાળા આટલા જણા ગુજરી ગયા છે. આવુ કેવી રીતે બન્યું? એવુ મે મારા આ કાકાના દિકરાને પુછતા તેણે જણાવેલુ કે, બેબીને લઈને તારા ભાઈ સિકંદરે ઉપરથી ભૂસકો મારેલો તો નીચે એ લોકોએ ઘેરી લઈને પટ્રોલ છાંટી બાળી દીધેલો. મારા કાકાના દિકરાએ કહેલુ કે, આ નામવાળા લોકોએ આ કામ કર્યું છે. પરંતુ ખાસ્સો સમય વીતો ગયો હોવાથી નામ યાદ નથી પણ તેઓને હુ જોયે ઓળખુ છુ. ૧ લી તારીખે ત્રીજા મહિનામાં ૨૦૦૨ માં મારા કાકાના દિકરાનો ફોન આવેલો. મારા કાકાના છોકરાએ જે નામ આપેલા તેમા (૧) મનુભાઈ જેઠાભાઈ,(૨) દિલીપભાઈ વીનુભાઈ, (૩) વીનુભાઈ ભીખાભાઈ એ રીતના નામો આપેલા. આ ઉપરાંત હેમંતભાઈ એવુ કાંઈક નામ આપેલુ. બીજાના નામો યાદ નથી. આ જે નામ લખાવ્યા છે તે નામવાળી વ્યક્તિઓને હુ પોતે ઓળખુ છુ. આ લોકો આજે કોર્ટમા હાજર છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી મનુભાઈ જેઠાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ કોર્ટમા બેઠેલ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ વીનુભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ

કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી હેમંતભાઈ સતાભાઈને હેમંતભાઈ એ રીતે જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૩</u>

ત્યાર પછી એક નાનો ભત્રીજો છે તેને લઈને હુ રહેલી. મારી મમ્મી પૂર્ણીમા ચોક પાસે અમારુ ઘર છે ત્યા મારા મમ્મી-પપ્પા રહેતા હતા. તે ઘરમા મારા જે સગાવ્હાલા ગુજરી ગયેલા તેમા મારી માતા જૈતુનબીબી, મારો ભાઈ સિકંદરમીયા. મારી ભાભી રશીદાબીબી, મારી ભત્રીજી નામે કરીશ્માબાનુ અને મારી બીજી ભત્રીજી મુન્ની ઉર્ફે ગુડ્ડી એ રીતના ગુજરી ગયેલા. આજદીન સુધી પોલીસે બનાવ બાબતે મારી કોઈ પુછપરછ કરી નથી. આ સિવાય બીજુ કાંઈ હુ જાણતી નથી.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતના ટોળામાના તહોમતદારોને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જે તે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને આ તમામ બનાવ અંગેની વિગતો સાહેદને તેમના કાકાના દિકરા અન્ય સાહેદ મજીદમીંયા મુરાદમીંયા થી ટેલિફોન ઉપર બનાવ બાદ તરતજ જાણવા મળેલ હતી. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેણીને બનાવ અંગેની જાણ તેના કાકાના દિકરા દ્વારા બનાવ પછીના થોડા સમય પછી તરત જ થયેલ હતી. તેથી સદર સાહેદની જુબાનીને પણ કોઈપણ રીતે ન માનવાને કારણ નથી.

૧૧) આ કામમાં સાહેદ નં.૯૮ અને આંક-૨૧૩ થી આ કામના સાહેદ કાલુમીયાં રસુલમીયાં પઠાણ ને તા.૧.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

<u>પેરા નં.૩</u>

૨૦૦૨ની સાલમા ઓડ ગામમાં ધમાલ થયેલી. આ ધમાલ તા.૦૧/૦૩/૦૨ ના રોજ થયેલી. તે દિવસે શુક્રવારે હતો. બપોરે ૧:૩૦ વાગ્યે મસ્જીદમા અમે નમાઝ પઢવા ગયેલા. વાતાવરણ તંગ હોવાથી ત્યાંના મૌલીવીએ કહેલુ કે, અહીયા નમાઝ પઢવાની નથી. ગામનુ બજાર બંધ હતુ, વાતાવરણ તંગ હતુ. સુરીવાળી ભાગોળે અમારા બધા ભાઈઓ રહે છે ત્યા ચોકમા ગયેલો. તે વખતે બે-સવા બે જેટલુ થયેલુ. મલાવ ભાગોળ બાજુથી હો-

હા બધી પબ્લીક આવતી હતી. આ પબ્લીક સુરીવાળી ભાગોળ બાજુ, બજાર આવતી હતી. ચાર-પાંચ હજાર જેટલા માણસો આ પબ્લીકમાં હશે. કોમની આ પબ્લીક હતી તે જોયેલુ નહી. આ પબ્લીકના માણસો હો-હા કરતા હતા, બીજુ કશું કરતા ન હતા. તે વખતે હુ નમાઝ પઢવા ગયેલો. સુરીવાળી ભાગોળે નમાઝ પઢેલ નહી. રામજીભાઈ ધુળાભાઈ અને બુધાભાઈ ધુળાભાઈએ પથરા મારવાના શરૂ કરેલા. રાવજીભાઈ સતાભાઈ અને રાવજી ભાઈ વલ્લભભાઈના ઘર ઉપરથી ઢેખાળા મારવાનુ શરૂ કરેલુ. આ લોકોને હુ ઓળખુ છુ. તેઓને હુ જોયે પણ ઓળખુ છુ. મને માથામા જમણી બાજુ કપાળની .પર વાગેલુ આ પથ્થર મને વાગ્યો ત્યારે અમે અમાર ફળીયામા ઉભા હતા.

<u>પેરા નં.૪</u>

કોર્ટમા આરોપીઓ તરીકે બેઠેલ આરોપીઓ પૈકી સાહેદ આરોપી રાવજીભાઈ ધુળાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. કોર્ટમા આરોપીઓ તરીકે બેઠેલ આરોપીઓ પૈકી આરોપી રમણભાઈ ધુળાભાઈને સાહેદ બુધાભાઈ ધુળાભાઈ તરીકે જોઈને ઓળખી બતાવે છે. સાહેદને રાવજીભાઈ સતાભાઈ નામની વ્યક્તિ ઓળખી બતાવવાનુ કહેવામા આવતા કોર્ટમા બેઠેલ આરોપીઓ પૈકી તેઓએ બધાને જોઈને તેમાં રાવજીભાઈ સતાભાઈ નામની કોઈ વ્યક્તિ નથી તેમ જણાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ તરીકે બેઠેલ તમામ ઈસમોને જોઈને આ આરોપીઓમાં રાવજીભાઈ વલ્લભભાઈ નામાના ઈસમ છે નહી તેવુ જણાવે છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૨) આ કામમાં સાહેદ નં.૧૦૧ અને આંક-૨૨૨ થી આ કામના સાહેદ કાલુમીયાં જીવામીયા મલેક ને તા.૧.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

૨૦૦૨ની સાલમા ઓડ ગામમાં બનાવ બનેલો. બનાવ તા.૦૧/૦૩/૦૨ ના રોજ શુક્રવારે બનેલો. તે દિવસે સવારે ૮:૦૦ વાગે હુ હીરૂભાઈ ડાહ્યાભાઈના તમાકુના ખેતરમા તમાકુનુ કામ કરવા માટે ગયેલો. બપોર ૧:૩૦ વાગ્યાના અરસામા જમવા માટે હુ ખેતરેથી મારા ઘરે પરત ફરેલો. જમી પરવારીને હું મારા ઘરમા બેઠેલો હતો. ગામની અંદર વાતાવરણ એવુ લાગતુ હતુ. ગામમાં ધમાલનુ વાતાવરણ લાગતુ હતુ. તેથી હુ ઘરેથી કયાંય નીકળેલો નહી. ત્યારબાદ ૩:૦૦ થી ૪:૦૦ ના ગાળામા હિન્દુઓનુ એક ટોળુ અમારા સુમરાવ ચોરામા ફળીયામા આવેલું. આ ટોળાના માણસો પાસે ઘાતક હથિયારો, કેરોસીનના ડબ્બા હતા, સળગતા કાકડા પણ હતા. આ ટોળાએ આવીને સૌ પ્રથમ અમારા ફળીયામા સાબીરખાન બકશુખાનનુ જે મકાન હતુ તેને સૌ પ્રથમ આગ લગાડેલી. બાજુમાંનુ કાલુમીયાં મહંમદમીયાનુ મકાન પણ સળગેલુ. મારૂ બળદગાડુ જે ચોકમા પડેલુ હતુ તે ટોળાના માણસોએ સળગતામા ધકેલીને બાળી મુકેલુ. તે ટોળામા હિન્દુ કોમના માણસો હતા. તે ટોળાના માણસોને હુ ઓળખુ છું તે ટોળામા (૧) સનતભાઈ રણછોડભાઈ, (૨) પરેશભાઈ રણછોડભાઈ, (૩) અરવિંદભાઈ રાવજીભાઈ, (૪) અતુલભાઈ ડાહ્યાભાઈ, (૫) સુરેશભાઈ ભાઈલાલભાઈનાઓને મે આ ટોળામા ઓળખેલા.

<u>પેરા નં.૩</u>

મે આ જે પાંચ નામ કહયા છે તે વ્યક્તિઓ આજે કોર્ટમા હાજર છે. તેઓને હુ ઓળખી શકુ. હુ કોર્ટમા આરોપીઓ બેઠેલ છે તે પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવુ છુ. તેવી જ રીતે આરોપીઓ પૈકી આરોપી પરેશભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવુ છુ. તેવી જ રીતે આરોપીઓ પૈકી હુ આરોપી અતુલભાઈ ડાહ્યાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવુ છુ. આરોપીઓ બેઠેલ આરોપી સૂર્યકાન્ત ભાઈલાલ ને સાહેદ સુરેશભાઈ ભાઈલાલભાઈ તરીકે જોઈને નામથી ઓળખી બતાવે છે. સુરેશભાઈ ભાઈલાલભાઈ નામના બે માણસો છે. જે પૈકીના એક સુરેશભાઈ ભાઈલાલભાઈ એટલે અમારા સુમરા ચોરાના છે અને મારા કહેવા મુજબના આરોપી છે તે આજ રોજ કોર્ટમા મોજુદ નથી. બીજા જે સુરેશભાઈભાઈલાલ છે તે સોના ટેકરીના છે, તેઓને મે આજરોજ કોર્ટમા

ઓળખી બતાવ્યા છે. હુ જે સુરેશભાઈ ભાઈલાલભાઈ ની વાત કરુ છુ તે બનાવવાળા સુરેભાઈ સુમરાવના ચોરામા રહે છે.

<u>પેરા નં.૪</u>

આ સળગાવીને લોકો હોળી ચકલા પૂર્ણીમા ચોક તરફ પરત ફરેલા. આશરે ચાર સવા ચારની આસપાસ આ ટોળાના માણસો પૂર્ણીમા ચોક તરફ પરત ફરેલા. આ ટોળાના માણસોએ બે મકાનો અને મારુ ગાડુ સળગાવ્યુ ત્યારે હુ મારા મકાનની અંદર હતો. ટોળાના માણસોને મે જોયા અને ઓળખેલ તે મે મારા ઘરના જાળીયામાંથી જોઈને ઓળખેલા

<u>પેરા નં.૫</u>

પછી હુ મારા ઘરમાથી મારો જીવ બચાવવા સામે મારા બાપુજીના ઘરમા ગયેલો. મારા બાપુજીને મે કહયુ કે, મારી સલામતી નથી તેમ કહી હુ મારી પત્ની અને મારા દિકરાને લઈને પાછલી ગલીમા થઈને મેઈન રસ્તા ઉપર થઈ પઠાણ મહોલ્લામા જતો રહેલો. પઠાણ મહોલ્લામા મારા કાકા અકબરમીયા ઉમરાવમીયા મલેકના ઘરે ગયેલો. આ મારા સગા કાકા નથી. આ કાકાના ઘરે મારી પત્ની અને મારા દિકરાને મૂકી હુ પઠાણ મહોલ્લાના નાકા ઉર આવીને ઉભો રહેલો. પઠાણ મહોલ્લાના મુસ્લીમ કોમના લોકો પણ આ નાકા ઉપર ઉભા હતા. તે વખતે ત્યાં પણ ધમાલ ચાલુ હતી. ત્યાં ઉસ્માનમીયા ભુલામીયાનુ મકાન મે પહેલુ સળગતુ જોયેલુ. તે ધમાલમા પણ હિન્દુ કોમના માણસો હતા. આ જગ્યા ઉપર પણ મે ઉપર જે પાંચ માણસો ઓળખી બતાવ્યાનુ લખાવ્યુ છે અને ઓળખ્યા છે તે પાંચ માણસોને જોયેલા અને ઓળખેલા. પછી પઠાણ મહોલ્લામાં મારા કાકાના ઘરે બીકનો માર્યો જઈને બેસી ગયેલો. થોડો સમય ત્યાં બેઠા પછી લગભગ સંધ્યાકાળના સમયે મને લાગેલુ કે, અહીંયા રહેવુ સલામત નથી. તેથી મારી પત્ની અને મારા દિકરાને લઈને સીમ તરફ મહાદેવવાળા મંદિરના રસ્તે થઈ સીધો હુ સીમમા નીકળી ગયેલો. મને સમય તો ખબર નથી તે વખતે ઘડીયાલ જોયેલુ નહી.

<u>પેરા નં.૧૩</u>

આ અરજીના અનુસંધાને પછી અમને સમન્સ બજાવેલો. આ સમન્સ ટીમ માંથી આવેલો. આ સમન્સ ગાંધીનગરથી આવેલો. સમન્સ આવ્યા પછી અમને બોલાવેલા અને અમારુ નિવેદન ફરીથી નોંધેલુ. મારુ આ નિવેદન તા.

૧૦/૦૫ નુ નિવેદન નોંધાવ્યુ તે પછી પટેલ સાહેબ રૂબરૂનુ આ નિવેદન કેટલા સમય પછી નોંધાવેલુ તે યાદ નથી. મે પટેલ સાહેબ રૂબરૂ જે બીજુ નિવેદન આપેલુ તે સુરેશભાઈ ભાઈલાલભાઈ કે જે કોર્ટમા મોજુદ છે અને મારો આરોપી સુરેશભાઈ ભાઈલાલ કે જેને પકડ્યો નથી અને અહી મોજુદ નથી તે બાબતે આપેલુ.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જે તે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૩) આ કામમાં સાહેદ નં.૭૦ અને આંક-૧૭૭ થી આ કામના સાહેદ અહેમદમીયા અબ્બાસમીયા મલેક ને તા.૧.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

બનાવ તા. ૦૧/૦૩/૨૦૦૨ ના રોજ શુક્રવારે બનેલો. તે વખતે હુ મારા ઘરે હતો તે દિવસે ગામનુ વાતાવરણ તંગ હતુ. ધમાલ થયેલી તેથી વાતાવરણ તંગ હતુ. હિન્દુ-મુસલમાન વચ્ચે ધમાલ થયેલ. શા કારણસર ધમાલ થયેલી તે હુ જાણતો નથી. પટેલ લોકો મારો કાપો એવી બૂમો પાડતા હતા અને એવી બૂમો સુરીવાળી ભાગોળે પાડતા હતા. મારો ભત્રીજો નમાઝ પઢવા ગયેલો તેને નમાઝ પઢવા દીધેલ નહી તે ઘરે આવેલો અને મને વાત મળેલી. તેણે આવીને કહેલુ કે, *નમાઝ પઢવા દીધી નહી ધમાલ જેવુ છે.* ધમાલ થઈ તેથી રાત્રે ૧:૦૦ વાગ્યે અમે કુટુંબના સભ્યો સાથે ભાલેજ ગયેલા. સવારે પોણા પાંના અરસામા અમે ભાલેજ પહોંચેલા.

<u>પેરા નં.૩</u>

ત્યારપછી બીજા દિવસે સવારે ૮:૦૦ વાગ્યે હુ ઓડ ગામે પાછો આવેલો. આવીને હુ ગોકળભાઈ સતાભાઈ ખેતરમા સંતાઈ ગયેલો. હુ નવાપુરામા જોવા માટે બનાવના બીજા દિવસે ઓડ ગામે આવેલો. હુ સવારે ૧૦:૦૦ વાગ્યે ઓડ ગામે આવી ગયેલો. અમારા નવાપુરા વિસ્તારથી આ ગોકળભાઈનુ ખેતર ભાલેજ જવાના રસ્તા ઉપર આવેલુ છે. ફાયરીંગમાં જે

પટેલ ગુજરી ગયેલા તેની અંતિમવિધિ કર્યા પછી આવીને અમારા ઘરો બાળેલા. આ ઘરો બાળનારા પટેલો હતા અને તેઓ ૫૦૦-૬૦૦ ની સંખ્યામાં હતા. તે બાળનારાઓમાં કોણ-કોણ હતા તેની મને ખબર છે. તે લોકોને હું ઓળખુ છું. આ બાળનારા લોકોમાં (૧) વિનુભાઈ ભીખાભાઈ (૨) મોહનભાઈ મહીજીભાઈ ભોઈ આ બંનેને મે છેટેથી જોયેલા. આ બંને જણા નિશાળ આગળ હતા. પહેલા આ ટોળાએ માલ-મિલ્કત લુંટેલી, પછી બાળેલું. આ બંને જણા આજે કોર્ટમાં છે. તેમને હું ઓળખુ છું. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી મોહનભાઈ મહીજીભાઈ ને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. નવાપુરામાં મકાન ઘાસતેલ અને પેટ્રોલ જેવા પદાર્થોથી બાળેલા. જે ટોળુ હતુ તે ટોળાના માણસો પાસે ઘાસતેલ અને પેટ્રોલ હતુ અને તે લઈને નીકળેલા.

<u>પેરા નં.૪</u>

ખેતરમાં હું બે કલાક રોકાયેલ. પથી અમે ભાલેજ જતા રહેલા. મારા મકાનને બાળી મુકેલુ. ઘરવખરીનો સામાન ઘરમાં હતો. તે સરસામાન લુંટાઈ ગયેલો. તે પછો મળેલો નહીં. મને બધુ મળીને ૭૦-૭૫ હજારનું નુકશાન થયેલું. મારૂ મકાન બીજી તારીખના રોજ બળેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૪) આ કામમાં સાહેદ નં.૬૫ અને આંક-૧૭૦ થી આ કામના સાહેદ નબીમીંયા અકબરમીંયા મલેક ને તા.૧૯.૧.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

૨૦૦૨ ની સાલમાં ફેબ્રુઆરી મહિનામાં ગોધરાકાંડ થયેલો. તેના બીજા દિવસે એટલે તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ રામજી મંદિરની દુકાનમાં દિવાનનો પાનનો ગલ્લો હતો તે બાળ્યો. એ દિવાન મુસ્લીમ કોમના છે. તે જ દિવસે રાત્રે

મારી નવાપુરા રોડ ઉપર કેળાની ઓફિસ આવેલી છે. કેળાની ઓફીસ સામે મુસ્લીમનો પાનનો ગલ્લો હતો તે ગલ્લામાં બાઈકો લઈને આવેલા લોકો સળગતા કાકડા મુકેલા. અંધારૂ હોવાથી તે રાત્રે બાઈક લઈને આવેલા લોકોને અમે ઓળખેલા નહીં. ત્રણેક બાઈક લઈને એ લોકો આવેલા. અમે ચાર-પાંચ જણાએ જોયેલું. સળગતા કાકડા લઈ આવેલા. ત્યારપછી અમે શાંતિથી બેસી રહેલા, કોઈ આવેલું નહીં. ત્યારપછી વહેલી સવારે ૫:૦ વાગ્યે ઉઠીને મેં કનુભાઈ મંગળભાઈનું જે ખેતર ભાગે રાખેલુ તેમાં પાણી વાળવા ગયેલો. બપોરે ૧:૦૦ વાગે આવેલો. બપોરે ભોજન લઈને કલાક આરામ કરીને ૧:૦૦ વાગ્યાના અરસામાં નમાજ પઢવા માટે ઓડ-જુમ્મા મસ્જીદમાં ગયેલો.

પેરા નં.૩

આ જુમ્મા મસ્જીદ ઓડ બજાર વચ્ચે આવેલી છે. ત્યાં બજારમાં પબ્લીકના ટોળા જોતા કાંઈક ભયંકર બન્યુ છે તેવુ લાગતા હું પાછો વળેલો. મારાથી નમાજ પઢવા માટે જઈ શકાયેલું નહીં. તે વખતે ચોક્કસ કેટલા વાગેલા તેનો ખ્યાલ નથી અને હું ડેરીવાળા ફળીયામાં મુસ્લીમ ફળીયામાં પેસી ગયેલો. ચર્ચા એવી થયેલી કે ગામમાં હાહાકાર થયો, હાહાકારના અવાજો સાંભળેલો. ફળીયામાં અમે ૧૦-૧૫ જણાં 'શુ થયું?' તે જોવા માટે ભેગા થયેલા. લગભગ ૪.૦૦ વાગ્યાના અરસામાં એક ટોળું લીંગડીયા વાડ તરફથી અમારા મુસ્લીમ ભાઈઓના ફળીયા બાજુ આવેલું. આ ટોળું અંદાજે લગભ ૧૦૦-૧૫૦ માણસોનું હતુ. આ ટોળુ મેં જોયેલુ અને તેમાંના બે-ચાર માણસોને ઓળખેલા. જેમાં (૧) દીનુભાઈ ભીખાભાઈ પટેલ (૨) પુનમભાઈ લાલજીભાઈ પટેલ, (૩) હેમંતભાઈ ગોકળભાઈ પટેલ એ રીતના ઓળખેલા. બીજા માણસો ઓળખાયેલા નહીં. આ ટોળાના હાથમાં લાકડીઓ. ધારિયા, જવલનશીલ પદાર્થના કારબા હતા. તેમજ મારો-કાપો-બાળો એ રીતના પોકારો પડતા હતા. મુસલમાનોને મારો-કાપો એવુ બોલતા હતા સામસામે પથ્થરમારો થયેલો અને આ સીલસીલો લગભગ કલાક-દોઢ કલાક ચાલેલો. આ ટોળાના માણસોએ બાળવાનુ શરૂ કરેલું. ઘરમાં જવલનશીલ પદાર્થો નાખીને બાળવા લાગેલા, મારામારી શરૂ કરેલી, પછી અમે લોકોએ ભાગવાની શરૂઆત કરેલી અને જીવ બચાવવા માટે અમે અમારા ઘર તરફ નવાપુરામાં નાસેલા. ઘરે આવીને હું મારા

પત્ની તેમજ બાળકોને લઈને રાત્રે અંધારામાં કણભાઈપુરા તરફ અમારી સીમ બાજુ નાસેલા. ત્યાંથી રાત્રે ત્રણ-ચાર વાગ્યે ચાલતા ભાલેજ આવી પહોંચેલા

<u>પેરા નં.૪</u>

મે જે ત્રણ માણસોના નામ ઉપર જણાવ્યા છે તેઓ આજે કોર્ટમાં હાજર છે. સાહેદ કોર્ટમાં આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈ પટેલ ને દીનુભાઈ ભીખાભાઈ પટેલ તરીકે જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે કોર્ટમાં આરોપીઓ તરીકે જે ઈસમો બેઠેલા છે તેમાંકી કૌશિકભાઈ જશભાઈ પટેલ નામની વ્યક્તિને આ સાહેદ પુનમભાઈ લાલજીભાઈ પટેલ એવા નામથી જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે આરોપીઓ પૈકીના આરોપી હેમંતભાઈ સતાભાઈ નામની વ્યક્તિને સાહેદ હેમંતભાઈ ગોકળભાઈ પટેલ એ રીતે જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૫</u>

મે આજરોજ કોર્ટમાં જે ત્રણ વ્યક્તિઓને ઓળખી બતાવેલ છે તે ઓડ ગામના છે. હું સમજણો થયો ત્યારતી આ લોકોને ઓળખુ છું.

<u>પેરા નં.૬</u>

ભાલેજ મુકામે અમે બે-ત્રણ મહિના સુધી રોકાયેલા. તા.૦૨.૦૩.૨૦૦૨ ના રોજ નવાપુરા બાળેલુ તે કોણે બાળેલું તેની ખબર નથી. મારૂ મકાન બળીને ભસ્મ થઈ ગયેલું. તેવી જ રીતે મારી જે ઓફિસ હતી તેની પણ તોડફોડ હતી તેની પણ તોડફોડ કરીને બાળી નાંખેલી. મને બધુ મળીને અંદાજે ચાર- પાંચ લાખ રૂપિયાનું નુકશાન થયેલું, તે ઉપરાંત ખેતીનુ પણ ઘણુ નુકશાન થયેલું. બનાવના અંદાજે બે મહિના પછી પોલીસે ભાલેજ પોલીસ સ્ટેશનમાં મારૂ નિવેદન નોંધેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૫) આ કામમાં સાહેદ નં.૫૩ અને આંક-૧૫૫ થી આ કામના સાહેદ યાસીનમીંયા મુસ્તુફામીંયા મલેક ને તા.૫.૧.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીના પેરા નં.૩ માં નીચે મુજબ જણાવેલ છે કે,

પેરા નં.૩

તે દિવસે ગામમાં ધમાલ થયેલી. દુકાનો, ઘરો બધુ બાળેલુ. મુસલમાનોના ઘરો અને દુકાનો બાળેલી. આ દુકાનો અને મકાનો હિન્દુ ટોળાએ બાળેલા. તે વખતે લગભગ એક- દોઢનો સમય હતો. તે વખતે હું મારા ઘરે હતો. મેં મારા ઘરે રહીને ધુમાડો નીકળતો જોયેલો. તે ધુમાડો બજારમાં નીકળતો હતો. પછી હિન્દુ ટોળાના ઘણા લોકો હતા તે અમારી બાજુ આવેલા અને તે લોકો પીરાવાળી ભાગોળ બાજુ આવેલા અને ત્યાં આવીને તે લોકોએ ધમાલ કરેલી. હુ મારા કાકાને ઘરે તેમના છોકરાને લેવા ગયો ત્યારે ધમાલ ચાલુ થઈ ગયેલી હતી. ધમાલ ચાલુ થઈ તે મેં મારી નજરે જોયેલું. આ ધમાલમાં મારા મોટા બા મદીનાબીબી, મારા મોટા બાની દીકરી સઈદાબાનુ, તેમના ઘરવાળા અબ્દુલ સત્તાર, મારા મોટા બાપુનો દિકરો શફીમીયા પત્ની મકસુદાબીબી, તેમની બે દીકરીઓ આશીયાનાબાનુ તથા અફસાનાબાનુ મારા બીજા કાકા મુરાદમીંયા ભુલામીંયા, મારા કાકી સુગરાબીબી મુરાદમીંયા મારા કાકાની દિકરી અફસાનાબાનું મુરાદમીંયા જેતુનબીબી ઉસ્માનમીંયા, મારા કાકાનો દિકરો સીકંદરમીંયા ઉસ્માનમીંયા, તેમજ મારા કાકાની પુત્રવધુ રશીદાબીબી સીકંદરમીંયા, તેમની દીકરી ગુડ્ડી વિગેરે લોકોને પુર્ણીમા ચોકની સામે અમારા જે ઘરો આવેલા છે ત્યાં જીવતા સળગાવી દીધેલા. આ ઘરનું નામ ઝાંપલીવાળુ બિલ્ડીંગ છે. આ સળગાવી મુકવાનો બનાવ ચાર-સાડા ચાર વાગ્યે બનેલો. મેં મારી નજરે જોયેલા

પેરા નં.૪

આ સળગાવનારમાં ટોળામાં જે આગળ હોય તે હતા અને તેમની પાછળ ટોળુ હતુ. મે આ લોકોને દરગાહ આગળથી જોયેલા. આ ટોળામાં ૧,૦૦૦-૧,૫૦૦ (હજાર-પંદરસો) માણસો હતા. આ ટોળુ હિન્દુ કોમનુ હતુ તે હુ જાણુ છુ. આ ટોળામાં (૧) સનતકુમાર રણછોડભાઈ (૨) હેમંતભાઈ

ગોકળભાઈ (૩) જયંતિભાઈ આશાભાઈ (૪) પરેશકુમાર રણછોડભાઈ દેસાઈભાઈ એ રીતનાને ઓળખેલા. આ લોકો ઝાંપલીવાળા બિલ્ડીંગ પાસે હતા. આ લોકો કેરોસીન અને પેટ્રોલના કારબાથી સળગાવતા હતા. તે મકાનમાં ૨૩ (ત્રેવીસ) જણ જીવતા સળગાવી દીધેલા. મે જે ચાર ઈસમોના નામ જણાવ્યા છે તેમને હું ઓળખુ છું. તેઓ આજે કોર્ટમાં હાજર છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકીના આરોપી સનતકુમાર રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી હેમંતકુમાર ગોકળભાઈ તરીકે કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકી હેમંતકુમાર ગોકળભાઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપી પૈકી હેમંતકુમાર સતાભાઈને ઓળખી બતાવે છે. તેવીજ રીતે સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પાકીના આરોપી પરેશકુમાર રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ કોર્ટમાં બેઠેલ આરોપીઓ પૈકીના આરોપી જયંતિભાઈ આશાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

પેરા નં.૫

સાંજે આશરે છ-સાત વાગ્યે હું મારા કાકાના છોકરાઓને લઈને ખેતરોના રસ્તે થઈ નવાપુરા વિસ્તારમાં આવેલો. ત્યાથી મારા ફેમિલીને લઈને ખેતરમાં નીકળી ગયેલો અને ખેતરમાં થઈ કુંજરાવ ગામમાં થઈને ભાલેજ નીકળી ગયેલો. રાત્રે અમે કુંજરાવમાં રોકાયેલા અને બીજા દિવસે સવારે નવ-દસ વાગ્યે મારા સગાને ઘરે પહોંચેલો. બે દિવસ સગાને ત્યાં રહયા પછી રાહત કેમ્પમાં ગયેલો.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. તેજ રીતે સદર સાક્ષીના કુટુંબીજનો એટલે કે તેમના ભાઈ ભાભી અને ભત્રીજીઓ તથા કાકા, કાકી ઝાંપલીવાળા મકાનમાં તોફાનીઓ દ્વારા જીવતા સળગાવી નાંખવમાં આવેલ હતા જે તેઓએ પઠાણ મહોલ્લામાંથી જોયેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૬) આ કામમાં સાહેદ નં.૫૩ અને આંક-૧૫૩ થી આ કામના સાહેદ સીકંદરમીંયા મહંમદમીંયા મલેક ને તા.૫.૧.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

બનાવ તા. ૧.૩.૨૦૦૨ ના રોજ શુક્રવારે બનેલો. હું મારા ઘરે હતો અને મારા કુટુંબીજનો પણ મારા ઘરમાં જ હતા. તે દિવસે ધમાલ થયેલી. ધમાલમાં બાળવાનુ અને મારામારીનું બનેલુ અને તે મારા ઘરની સામે બનેલુ. ૧ લી તારીખે બજાર બંધ હતુ, વાતાવરણ તંગ હતુ. ધમાલને કારણે વાતાવરણ તંગ થઈ ગયેલું. એ લોકોને આવતા મેં જોયેલા. તે ૫૦-૬૦ માણસોને આવતા જોયેલા તે પૈકી ચાર માણસોને મેં રૂબરૂ જોયેલા. આ આવનાર માણસો પાસે ઘાતક હથિયારો હતા અને પેટ્રોલ તેમજ ડીઝલ એ રીતનુ હતુ. આ આવનાર ઈસમો પટેલ કોમના હતા. તે વખતે બપોરના ચાર-સાડાચારનો સમય હતો. મેં જે ચાર માણસો ઓળખેલા તે પૈકી (૧) હરીશભાઈ વલ્લભભાઈ, (૨) સનતભાઈ રણછોડભાઈ (૩) વીનુભાઈ ભીખાભાઈ અને (૪) હેમંતકુમાર ગોકળભાઈ એ રીતેના હતા. આ લોકોને હું ઓળખુ છુ. આ લોકો કોર્ટમાં હાજર છે, તેમને હું ઓળખી બતાવી શકુ. સાહેદ કોર્ટમાં હાજર આરોપીઓ પૈકી આરોપી હરીશ વલ્લભભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ હાજર આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપી વીનુભાઈ ભીખાભાઈના નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ હેમંતભાઈ ગોકળભાઈ તરીકે નામ ધરાવતા આરોપીને ઓળખેલા તેમ જણાવે છે પરંતુ કોર્ટમાં તેઓએ જે આરોપીને ઓળખી બતાવેલ છે તે આરોપીનું નામ હેમંતભાઈ સતાભાઈ છે.

<u>પેરા નં.૩</u>

એ લોકો અમારા ઘરવાળાને મારવા, કાપવા અને બાળવા આવેલા. એ લોકોએ બાળી નાખ્યા અને મારી નાંખ્યા. પછી અમે ફળીયામાં ફફડાટના માર્યા નાસી ગયેલા. આ લોકોએ મારા ઘરના છ વ્યક્તિઓને મારી નાંખેલા. આ છ વ્યક્તિઓમાં (૧) મારા મમ્મી મદીનાબીબી મહંમદમીંયા (૨) મારા ભાભી મકસુદાબીબી શફીમીંયા (૩) મારા બહેન સઈદનબીબી અબ્દુલ સત્તાર (૪)

મારા બનેવી અબ્દુલ સત્તાર હાસનમીંયા (૫) મારા ભાઈની દીકરી આશિયાનાબાનુ એ રીતના છ જણાને બાળેલા. બાજુના ઘરમાંથી આ ઝાંપલીવાળા ઘરમાં એ લોકો આવેલા ત્યાં તેમને બાળેલા. આ ઝાંપલીવાળા ઘરમાં બધા મળીને ૨૭ (સત્તાવીસ) માણસોને બાળી નાખેલા તે પૈકીના મારા આ છ સગાં હતા.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના ચાર(૪) તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદે સદર બનાવમાં પોતાની માતા ભાભી, ભત્રીજીઓને ગુમાવેલ છે અને તોફાની ટોળાએ તેઓને બનાવવાળા સ્થળે જીવતા બાળી નાંખેલ તે સંજોગોમાં સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૭) આ કામમાં સાહેદ નં.૪૩ અને આંક-૧૪૩ થી આ કામના સાહેદ મહેબુબમીંયા ઉર્ફે કાલુમીંયા રસુલમીંયા શેખ ને તા.૩૦.૧૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

૨૦૦૨ ની સાલમાં ઓડમાં કોમી તોફાન થયેલા. આ બનાવ તા. ૦૧.૦૩.૨૦૦૨ ના રોજ શુક્રવારે બનેલો. તે દિવસે ગામમાં વાતાવરણ તંગ હતું અને બજાર બંધ હતુ. હું મારા ઘરે હતો. તેમજ અમારા કુટુંબના માણસો પણ ઘરે હતા. ૪ઃવાગ્યે બનાવ બનેલો. સુરીવાળી ભાગોળેથી ટોળુ આવેલુ અને તે ટોળુ હિન્દુ કોમનું હતું તેમજ ઓડ ગામનું હતુ. તે ટોળામાં આશરે ૫૦૦ માણસો હતા. આ ટોળુ આવ્યુ ત્યારે હું મારા ઘરની બહાર આંગણામાં હતો. આ ટોળુ ઉશ્કેરાઈને ગલત શબ્દો બોલતુ હતુ. આ ટોળાના માણસો પાસે હથિયારો હતા, લાકડીઓ, ધારિયા અને સળગતા કાકડા હતા. ટોળાએ આવીને અમારી બાજુમાં બકસુખાન રસુલખાનનું મકાન હતું તેને આગ ચાંપેલી. આ મકાનને આગ ચાંપીને એ લોકો આગળ જતા રહેલા. મકાનને આગ ચાંપતા તેને નુકશાન થયેલું. આ ટોળામાંના માણસો પૈકી મેં એક માણસને ઓળખેલો અને આ માણસનું નામ છોટુભાઈ રામાભાઈ પટેલ હતું. આ છોટુભાઈને હું ઓળખુ છુ

અને તેમને જન્મથી ઓળખુ છુ. આ છોટુભાઈ ટોળાના માણસોને ઉશ્કેરણી કરીને મારી નાખો- કાપી નાંખો એવુ બોલાવતા હતા. સાહેદ કોર્ટમાં હાજર તહોમતદારો પૈકી છોટુભાઈ રામાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

પેરા નં.૩

ત્યારબાદ આ ટોળુ પુર્ણીમા ચોક થઈને પીરાવાળી ભાગોળે જતુ રહેલું. ત્યારબાદ સાંજે ૭:૦૦ વાગ્યે અમારૂ મકાન છોડીને અમે નીકળી ગયેલા. મારી સાથે અમારૂ આખુ કુટુંબ હતું. ખેતરાળુ રસ્તે થઈને અમે ભાલેજ પહોંચેલા અને રાત્રે ૧૨:૦૦ વાગ્યે ભાલેજ પહોંચેલા અને ત્યાં રાહત કેમ્પમાં રોકાયેલા. પાંચ દિવસ પછી અમે અંદરખાને તપાસ કરતા મારા મકાનની તોડફોડ કરીને લુંટી ગયા હતા અને મારી ભેંસો પણ લઈ ગયેલા. મારા ઘરમાંથી રાચરચીલુ, દરદાગીના તેમજ ભેંસો વિગેરે લઈ જતા લગભગ ૮૦-૮૫ હજારનું નુકશાન થયેલું. મારા મકાનને કોઈ નુકશાન થયેલું નહીં પણ તેમાંનુ બધુ લુંટી ગયેલા. બનાવના લગભગ દોઢ મહિના પછી પોલીસમાં જવાબ આપેલો અને પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામા એક તોહમતદાર નામે છોટુભાઈને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારે ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૮) આ કામમાં સાહેદ નં.૪૨ અને આંક-૧૪૨ થી આ કામના સાહેદ બશીરમીંયા હસનમીંયા મલેક ને તા.૩૦.૧૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

પેરા નં.૨

૨૦૦૨ ની સાલમાં ઓડ ગામમાં કોમી તોફાન થયેલું અને આ તોફાન તા. ૧.૩.૨૦૦૨ ના રોજ શુક્રવારે થયેલું. ગામમાં કોમી તોફાનો હતા અને બજાર બંધ હતુ. હું મારા ઘરે હતો. બપોરના ત્રણ-ચાર વાગેલા. આ લોકો બુમો પાડતા ઘાતક હથિયારો લઈને આવેલા. હું તે વખતે ઘરમાં જ હતો. આ લોકોએ

અમારા ઘર ઉપર આગ સળગાવેલી. આ ટોળાના માણસો પાસે પેટ્રોલના કારબા, ધારીયા અને બધાય ઘાતક હથિયારો હતા. આ ટોળાના માણસો બઘા ઘરોને આગ ચાંપતા હતા. આ ટોળુ અમારા ગામનાં માણસોનુ જ હતુ. મેં ટોળામાં ચાર માણસો ઓળખેલા. ટોળામાં ૫૦૦-૬૦૦ માણસો હતા. આ ટોળાના માણસો પાસે પેટ્રોલના કારબા, ધારિયા અને બધાય ઘાતક હથિયારો હતા. આ ટોળાના માણસો બઘા ઘરોને આગ ચાંપતા હતા. આ ટોળુ અમારા ગામના માણસોનું જ હતુ. મે ટોળામાં ચાર માણસોને ઓળખેલા તેમના નામ (૧) પ્રવિણભાઈ મંગળભાઈ (૨) સનતભાઈ રણછોડભાઈ (૩)હેમંતભાઈ સતાભાઈ અને (૪) વીનુભાઈ શનાભાઈએ રીતેના હતા. આ લોકોને હું ઓળખુ છું. આ લોકોને હું લગભગ ૧૫-૨૦ વર્ષથી ઓળખુ છુ અને તેમને જોઈને પણ ઓળખુ છું. આ ચારેય જણા આજરોજ કોર્ટમાં હાજર છે. કોર્ટમાં બેઠેલા આરોપીઓ પૈકી પ્રવિણભાઈ મંગળભાઈ તરીકે બેઠેલ આરોપીને સાહેદ જોઈને નામથી ઓળખી બતાવે છે. તેવી જ રીતે તહોમતદારોમાં બેઠેલ આરોપી સનતભાઈ રણછોડભાઈ ને સાહેદ જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે તહોમતદારોમાં હેમંતભાઈ સતાભાઈના નામથી બેઠેલ આરોપીને આ સાહેદ નામથી જોઈને ઓળખી બતાવે છે તેવી જ રીતે તહોમતદારો પૈકી આરોપી વીનુભાઈ શનાભાઈને આ સાહેદ નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૩</u>

જે આ ચાર માણસોને મેં ઓળખી બતાવ્યા તે લોકો સળગાવતા હતા. અમારા ઘરે જ આખુ ટોળુ આવેલું, તેમાં આ લોકો હતા. આ લોકોએ ઘરને આગ ચાંપેલી તેથી મારૂ ઘર સળગી ગયેલું. તે લોકોએ મારા ઘરને આગ ચાંપી તેથી હું ઘરે જ હોઈ ઓલવવા લાગેલો. પછી થી ટોળુ સામે ઝાંપલીવાળા ઘરે ગયેલું. આ વખતે મારા ઘરના માણસો પણ મારી પાસે જ હતા. તે ટોળાએ ઝાંપલીવાળુ ઘર સળગાવેલું. તે ઘરની અંદર નાના-નાના છોકરાઓ હતા તે લોકોને બધાને સળગાવી દીધેલા. તે ટોળુ ચોફેર બધે મારામાર કરવા લાગેલું. પછી અમે ત્યાંથી નાસી છુટેલા. મારી સાથે મારા કુંટુંબીજનો હતા. સાંજે લગભગ સાડા સાત-આઠની વચ્ચે અમે નીકળી ગયેલા. બનેવીને ત્યાં એક દિવસ રોકાયેલા અંને પછી અને ભાલેજના રાહત કેમ્પમાં લગભગ ત્રણ મહિના રોકાયેલા.

પેરા નં.૪

બનાવના ચાર-પાંચ દિવસ પછી અમે ઓડ પાછા ગયેલા. ત્યાં અમારૂ કશું રહેવા દીધેલું ન હતુ અને લુંટફાટ થઈ ગયેલ હતો. આજની તારીખે પણ અમારૂ મકાન એ જ સ્થિતિમાં પડી રહેલું છે. મારા ઘરમાં બધો મળીને આશરે દોઢથી બે લાખ જેટલી કિંમતનો સરસામાન હતો. તે લોકો આ સરસામાન લુંટી ગયેલા. મારૂ મકાન આખુ સળગાવી દીધેલુ અને તેમાં મને દોઢથી બે લાખ જેટલાનું નુકશાન ગયેલું. મે ઓળખેલ આરોપીઓ પૈકીના પ્રવિણભાઈ મંગળભાઈ ઝાંપલીવાળા ઘરની સામે રહે છે. મે ઓળખેલ આરોપી વીનુભાઈ શનાભાઈ વ્યાસવાળા ફળીયામાં રહેતા હતા. આ વ્યાસવાળુ ફળીયુ રબારીના નાકા પાસે આવેલું છે. મે ઓળખેલ આરોપી સનતભાઈ રણછોડભાઈનું મકાન પુર્ણીમા ચોકમાં પહેલુ જ મકાન આવેલુ છે તેમાં રહે છે. મે ઓળખેલ આરોપી હેમંતભાઈ સતાભાઈ દુધની ડેરીની બાજુમાં પાંડવ સોસાયટીમાં રહે છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૧૯) આ કામમાં સાહેદ નં.૧૦૯ અને આંક-૨૫૧ થી આ કામના નજરે જોનાર અને ઈજા પામનાર સાહેદ મહેરાજબીબી રસુલખાન પઠાણ ને તા.૧૩.૪.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

પેરા નં.૩

૨૦૦૨ ની સાલમાં ઓડ ગામમાં ધમાલ થઈ હતી, તારીખની ખબર નથી પણ શુક્રવાર હતો તે જાણુ છુ, તેવી જ રીતે કયો મહિનો હતો તે જાણતી નથી. હું અભણ છું. બનાવના દિવસે હું મારા ઘરમાં જ હતી. મારી સાથે મારા પતિ તેમજ મારા બંને દિકરા હતા, દિકરી સાસરે હતી. બનાવના દિવસે બપોરે બે-અઢી વાગે પીઠુ બાળેલું. અને ધુમાડો દેખાયેલો. આ પીઠુ કાદર શેઠનું હતુ. આ પીઠુ અમારા ઘરથી ખાસ્સુ દુર આવેલુ. પછી બહુ બુમો પડવા લાગતા અમારો જીવ ગભરાયેલો. આ બુમો હોળી ચકલા બાજુ અને કાદર શેઠના પીઠા

બાજુ પડતી હતી. મારો કાપો બાળો એવી બુમો પડતી હતી. અમે ઘરમાં હતા તેથી આ બુમો કોણ પાડતુ હતુ તેની ખબર નથી. આ મારો-કાપો-બાળો કોના માટે કહેતા હતા તેની ખબર નથી.

<u>પેરા નં.૪</u>

પછી ૪:૦૦ થી ૫:૦૦ ની વચ્ચે હોળી ચકલા બાજુથી અમારી બાજુ ટોળુ આવેલુ. આ ટોળામાં બધા ગામના જ હતા અને આ ટોળુ પટેલ કોમનુ હતુ. તે ટોળુ મે જોયેલું. અમારા મકાનની રસ્તા તરફની બાજુએ બારીઓ હતી. બે રૂમમાં બે બારીઓ હતી. તે વખતે અમે મકાનના વચલા માળે હતા. આ ટોળાના માણસો અમારી બારીઓ તરફ પાઉચ, સળગતા કાકડા. બોટલો એવુ બધુ ફેંકતા હતા અને ગાળો બોલતા હતા. ટોળાના માણસોને મેં ઓળખેલા. આ ટોળામાં અમારા ફળીયાના તેમજ બીજા ફળીયાના માણસો હતા. આ ટોળામાંના બે-ચાર જણાને મેં ઓળખેલા, તે પટેલો હતાં. જેમાં (૧) હરીશભાઈ વલ્લવભાઈ (૨) દિલીપભાઈ વલ્લવભાઈ (૩) અમારી બાજુવાળા ભુપેન્દ્રભાઈ જેને ભોપો તરીકે ઓળખે છે તે (૪) દીનુભાઈ કે જે બડવા તરીકે ઓળખાય છે તેઓને ઓળખેલા તે ઉપરાંત (૫) સનતભાઈ રણછોડભાઈને પણ ઓળખેલા. આ લોકો બોટલો, કાકડા સળગાવીને બાળતા હતા.

<u>પેરા નં.૫</u>

મે આ જે નામ આપ્યા છે તેઓને નામથી અને જોઈને ઓળખું છું. આ લોકો કોર્ટમાં હાજર છે કે કેમ તે હું જોઈને કહી શકું. સાહેદ કોર્ટમાં હાજર આરોપીઓ પૈકી આરોપી હરીશભાઈ વલ્લવભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપી દીલીપભાઈ વલ્લવભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવ છે. સાહેદ ભુપેન્દ્ર ઉર્ફો ભોપો તરીકે આરોપી જયેન્દ્રભાઈ સતાભાઈને બતાવીને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓમાં બેઠેલ આરોપી વીનુભાઈ ભીખાભાઈને દીનુભાઈ ઉર્ફે બડવા તરીકે ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૬</u>

ટોળાના માણસોએ તેમજ મેં ઓળખી બતાવેલા આરોપીઓએ સળગતા કાકડા, બોટલો, પાઉચ નાખતા અમારૂ ઘર સળગેલું. તેથી થોડુ પાણી હતું તે

અમોએ છાંટેલું. પછી બહુ તાપ લાગ્યો અને પતરાં બહુ ગરમ થયા તેથી અમે નીચે ઉતરેલા. અમારા ઝાંપા આગળ થોડા માણસો ઉભા હતા. તે લોકોને મારા પતિએ કહેલું કે, સળગાવી દેવુ હોય તો મકાન સળગાવી દો પણ અમને નીકળી જવા દો. તો એ ઉભેલા માણસો એવુ બોલતા હતા કે, એકેય બાંડીયાને જવા દેવાનો નથી. થોડીવાર અમે અમારા ઘરની ઓસરીમાં ઉભા રહેલા. મારી સાથે મારા પતિ, બે દિકરા, નીચે રહેતો અમારો ભત્રીજો, મારા જેઠાણી એ રીતના હતા.

<u>પેરા નં.૭</u>

થોડુ ટોળુ વિખરાયેલુ તેથી અમે ઘરમાંથી નીકળવા લાગેલા અને થોડે દુર ગયેલા. તે દરમ્યાન પાછળથી કોઈકે મને પથરો મારેલો જે મને માથાના પાછળના ભાગે વાગેલો. તેથી હું નીચે પડી ગયેલી. મારા પતિ મને ઉઠાવવા ગયેલા અને જેવા નીચે નમ્યા તેવી આરોપી દીનુભાઈએ મારા પતિના બરડાના ભાગે લાકડી મારેલી. મને માથામાં પથ્થર વાગતા લોહી નીકળેલું. પછી ધીમે-ધીમે નીકળીને અમે પઠાણ ફળીયામાં જતા રહેલા. ત્યાં ફળીયામાં થોડીક વાર બેઠેલા. પછી મારો ભત્રીજો ગફુરખાન કે જે અકબરખાનનો દિકરો થાય તે સળગતા ઘરના પતરા કુદીને આવેલો. આ ગફુરખાન બહુજ ખરાબ હાલતમાં હતો. તેના હાથ-પગ બધુ બળી ગયેલું હતું. પછી અંધારૂ પડેલુ. ગફુરખાન એવુ બોલતા હતા કે, કાકા મારા ઘરના બધા બળી રહયા છે. અને જે બળતા હતા તે કહેતા હતા કે અમને પણ લેતા જાવ. પછી અંધારૂ પડતા મહાદેવવાલા રસ્તે થઈ, ખેતરોવાળા રસ્તે થઈ અમે ભાલેજ પહોંચેલા. મારી સાથે મારા કુટુંબના માણસો તેમજ ગામના બધા રડતા- કકળતા માણસો પણ પહોંચેલા. ભાલેજ કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી પણ મોડી રાત્રે પહોંચેલા. ભાલેજ મુકામે સગાવ્હાલાને ત્યાં રોકાયેલ.

<u>પેરા નં.૮</u>

અમારૂ ઝાંપલીવાળુ મકાન આખુ સળગી ગયેલુ. અમારી આખી જીંદગીની કમાણી ખલાસ થઈ ગયેલી. ચાર-પાંચ દિવસ પછી ફરી જયાં પથ્થરો વાગ્યો હતો ત્યાં લોહી નીકળવાનુ શરૂ થતાં મારો ભત્રીજો ઐયુબખાન સરકારી દવાખાને લઈ ગયેલો અને ભાલેજના સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યાં એક-બે દિવસ પાટા બંધાવેલા. ભાલેજ મુકામે એક મહિનો કેમ્પમાં રોકાયેલા. પછી

સગાનું મકાન ભાડે રાખેલુ અને તે ભાલેજમાં જ રાખેલું. ભાલેજ મુકામે એક મહિનો કેમ્પમાં રોકાયેલા. પછી સગાનું મકાન ભાડે રાખેલુ અને તે ભાલેજમાં જ રાખેલું. ભાલેજ મુકામે ત્રણ વર્ષ રોકાયેલ. પછી ઓડ ગામે ખેતરમાં ઝુંપડી બાંધીને રહેલા. અત્યારે પણ અમે ત્યાં જ ખેતરમાં રહીએ છીએ. ભાલેજમાં પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવેલી. બનાવ બન્યાના બે-ત્રણ મહિના પછી પોલીસને લખાવેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને બનાવવાળા મકાનમાંથી જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે અને ત્યારબાદ સદર સાહેદને ટોળામાં કરવામાં આવેલ પથ્થરમારાથી માથાના ભાગે ઈજા થયેલ હતી. અને તે અંગેની તેઓએ સારવાર પણ કરાવેલ છે અને સદર સાહેદને થયેલ ઈજા અંગે અન્ય સાહેદ અને તેમના ભત્રીજાની જુબાનીથી પણ સમર્થન મળે છે અને આ સાહેદ એક અભણ અને ગામડાની સ્ત્રીબાઈ છે. તેથી, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી અંગે શંકાને સ્થાન આપી શકાય નહીં.

૨૦) આ કામમાં સાહેદ નં.૧૦૮ અને આંક-૨૪૮ થી આ કામના સાહેદ ઈલીયાસમીંયા દિલબાસમીંયા સૈયદ ને તા.૧.૪.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

ગોધરાકાંડના અનુસંધાને તા.૧.૩.૨૦૦૨ના રોજ ઓડ ગામમાં બંધનું એલાન હતુ. તે વખતે હું મારા ઘર આગળ હાજર હતો. તે દિવસે દોઢ-પોણા બેના અરસામાં આશરે ૧૫૦૦ માણસોનું ટોળુ અમારા મુસ્લીમવાસ બાજુ આવેલુ. આ ટોળુ હિન્દુ કોમનુ હતુ અને તે બધા ગામનાજ હતા. આ લોકોના હાથમાં લાકડીઓ, કાકડા, ધારિયા એવુ હથિયાર જેવુ હતુ. ટોળાએ પથ્થરમારા જેવુ કરેલુ અને મારો, કાપો, બાળો એવી બુમો પાડતુ હતુ. આ ટોળાએ મારા મકાનની સામેની લાઈનમાંના બે મકાનો કાકડા નાખીને બાળેલા. આ ટોળુ ૧૫૦૦ માણસોનુ હતુ, તે ટોળામાં કોને ઓળખીએ. તે વખતે મેં ટોલાના માણસોને જોયેલા. તે કોણ માણસો હતા તેની ખબર નથી. ૮-૯ વર્ષ થઈ ગયા

તેથી ખબર નથી. આ લોકો ગામના જ હતા. ધમાલ વધી ગઈ તેથી ૩.૦૦ વાગ્યાના અરસામાં અમે પાછળ આસ્થાનામાં જતા રહેલા. ત્યારબાદ સાંજે સાતથી આઠના અરસામાં સુરેલીથી ત્રણ ટેમ્પા આવતા તેમાં જેટલા લોકો સમાયા તેટલા તે ટેમ્પામાં બેસીને સુરેલી પહોંચેલા. અમે ઘરના સાતેય જણા ટેમ્પામાં બેસીને સુરેલી નવેક વાગે પહોંચેલા.

<u>પેરા નં.૩</u>

તે વખતે મેં જે લોકોને ઓળખેલા તેમના નામ તે વખતે જાણતો હતો. બનાવ બન્યા પથી હું સુરેલી ગામે રહુ છુ અને આજદિન સુધી સતત હું સુરેલી મુકામે રહેતો આવેલો છું. સુરેલી મુકામે ફરીદખાન જબરૂખાનના ઘરે પહોંચેલા અને ત્યાં અમે રોકાયેલા. અમે ઘરના સાતેય માણસો આ ફરીદખાનના ઘરે બે મહિના જેટલું રોકાયેલા. ફરીદખાનના ઘરે કેમ્પ ચાલુ થતા ત્યાં અમે બે મહિના રોકાયેલા.

<u>પેરા નં.૫</u>

તે વાત ખરી છે કે, મેં બનાવ વખતે આવેલ ટોળામાંના જે માણસોને જોયેલા અને નામથી ઓળખેલા તે લોકોના નામ મેં પુલીસે પુછપરછ કરી ત્યારે જણાવેલા. તે વાત ખરી છે કે, મેં પોલીસને અનુક્રમે છોટુભાઈ રામાભાઈ પટેલ, અનિલભાઈ જશભાઈ પટેલ, ભુરાભાઈ રાવજીભાઈ પટેલ અને ગીરીશભાઈ સોમાભાઈ પટેલ એ રીતના નામ લખાવેલ. મને આ ચાર નામોવાળી વ્યક્તિઓ આરોપીઓ તરીકે અહીંયા છે કે કેમ અમે તમે તેમને ઓળખી બતાવો છો કે કેમ તે બાબતે પુછવામાં આવતા આરોપીઓ તરીકે બેઠેલ ઈસમોને તમામને જોઈને હું જણાવુ છુ કે, હું ચાર ઈસમો પૈકી કોઈને ઓળખી શકતો નથી. બનાવને ૭-૮ વર્ષ થઈ ગયા છે અને મારી પોઝીશન જ એવી થઈ ગઈ છે કે મારા શરીરના પણ ઠેકાણા રહયા નથી તેથી હું તેમને ઓળખી શકતો નથી. મને સોરાયસીસની તકલીફ છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે. અને આ સાહેદ બનેવ બનાવને સમર્થન આપે છે. સાહેદોએ આપેલ જુબાનીને પણ સમર્થન મળે છે. આમ, સદર સાહેદ એક નેચરલ

વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૨૧) આ કામમાં સાહેદ નં.૧૦૭ અને આંક-૨૪૬ થી આ કામના સાહેદ યાસીનમીંયા મહેમુદમીંયા મલેક ને તા.૩૧.૩.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

<u>પેરા નં.૨</u>

બનાવ ૨૦૦૨ ની સાલમાં શુક્રવારે બનેલો પણ તેની તારીખ યાદ નથી. તે દિવસે ધમાલ થયેલી, સળગાવેલું અને બધુ સળગાવેલુ. તે વખતે હું ખેતરમાં હતો. હુ પિયુષકુમાર ભાઈલાલભાઈ પટેલના ખેતરમાં કામ કરતો હતો. હું ખેતરમાં સવાર ૯:૦૦ વાગે ગયેલો. ખેતરમાં ચાર કલાક રોકાયેલો, પછી હું ઘરે આવેલો. હુ ઘરે ૪:૦૦ વાગ્યાની આસપાસ આવેલો. હું ઘરે આવ્યો ત્યારે મારૂ ઘર સળગાવેલું હતુ. મારૂ ઘર ટોળાએ સળગાવેલું. આ ટોળુ પટેલ કોમનું હતું. આ ટોળા પાસે લાકડીઓ અને શીશા હતા. ટોળુ મકાનો સળગાવતુ હતું. ટોળામાં કોણ હતુ તેમને ઓળખતો નથી. સળગાવ્યુ પછી અમે ઘરેથી નીકળી ગયેલા. અમે નીકળ્યા ત્યારે સાંજના સાત સાડા સાત વાગેલા.

<u>પેરા નં.૩</u>

હું અમારા લત્તામાં રહેતા બકશુમીંયાને ઓળખું છું. સુમરાવનો ચોરો દસ બંગલાની સામે આવેલો છે. હું જયા છું ત્યાં ૧૦-૧૫ મુસ્લીમોના મકાનો છે. મેં ટોળુ જોયુ નથી. અમે ત્યાંથી ભાલેજ ગયેલા. મારી સાથે મારી મમ્મી અને મારી બહેન હતા. ભાલેજ બીજા દિવસે સવારે પહોંચેલા. અમે ભાલેજ ચાલતા ગયેલા. મારા ઘરમાં ઘરવખરીમાં તિજોરી, ટીવી, મારા બહેનના દાગીના હતા. આ બધી વસ્તુઓ લુંટી ગયેલા પણ કોણ લુંટી ગયેલા તેની ખબર નથી. મને આશરે એક લાખ રૂપિયા જેટલું નુકસાન થયેલું. બનાવના બે-ત્રણ મહિના પછી ભાલેજ આઉટ પોસ્ટમાં મારૂ નિવેદન પોલીસે નોંધેલું

<u>પેરા નં.૪</u>

સાડા ત્રણ-ચાર ના અરસામાં એકાદ હજાર માણસોનું ટોળુ બજાર તરફથી હાથમાં હથિયારો, સળગતા કાકડા સાથે આવ્યુ હોય અને મેં જોયુ હોય તેવુ બન્યુ નથી. ટોળુ અમારા મહોલ્લા તરફ મારો-કાપો એવી બુમો પાડતુ આવ્યુ હોય તેવુ બન્યુ છે. ટોળામાંના માણસોને મેં ઓળખ્યા હોય તેવુ બનેલ

નથી. ટોળામાંના માણસો ઘર તરફ આવતા હું મારી માતા સાથે ઘરમાંથી બહાર નીકળી ગયાનુ બન્યુ છે. જે ટોળુ આવેલુ તે ટોળામાંના માણસોને મેં ઓળખ્યા ન હતા. ટોળાના માણસો મેં ઓળખ્યા હોય તેવુ બનેલ નથી. મેં ટોળાના માણસોને ઓળખ્યા હોય અને તેમના નામ પોલીસ રૂબરૂ ના નિવેદનમાં લખાવ્યા હોય તેવુ બનેલ નથી.

પેરા નં.૫

તે વાત ખરી છે કે, ઓડ બજાર તરફથી પેટ્રોલ-કેરોસીનના કારબા, લાકડીયો, ધારિયા સાથે હિન્દુ કોમના માણસો અમારા મહોલ્લા તરફ આવેલા. તે વાત ખરી નથી કે, મેં આ ટોળા પૈકી ધર્મેશકુમાર નટુભાઈ પટેલ, પરેશભાઈ રણછોડભાઈ પટેલ, નિલેષભાઈ ડાહ્યાભાઈ પટેલ, સનતભાઈ રણછોડભાઈ પટેલ અને મિનેશભાઈ અરવિંદભાઈ પટેલને ઓળખેલા. તે વાત ખરી છે કે, આ જે માણસો આવ્યા તે પૈકીના કેટલાક માણસોએ બકશુમીંયાનું ઘર સળગાવેલુ. તે વાત ખરી છે કે, બકશુમીયાનું ઘર મારા ઘરની બાજુમાં આવેલું છે. તે વાત ખરી છે કે, આ પાંચ માણસોના નામ મેં પોલીસ જવાબમાં લખાવેલ. તે વાત ખરી છે કે, આ જે પાંચ નામ જણાવ્યા તે વ્યક્તિઓ અમારા ઓડ ગામની છે. આ પાંચ જણાવને હું ઓળખુ છું તે ખરૃ છે.

પેરા નં.૬

આ પાંચ નામો પૈકી ધર્મેશભાઈ નટુભાઈ પટેલ આરોપી તરીકે અહીયા બેઠેલા છે કે કેમ તે બાબતે સાહેદને પુછવામાં આવતા અને આરોપીને ઓળખી બતાવવાનુ કહેવામાં આવતા આરોપીઓને જોઈને આમાં ધર્મેશભાઈ નટુભાઈ પટેલ નથી એવુ સાહેદ જણાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પરેશભાઈ રણછોડભાઈ પટેલને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપી નિલેષભાઈ ડાહ્યાભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવીજ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી સનતભાઈ રણછોડભાઈ પટેલને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદને મિનેષભાઈ અરવિંદભાઈ પટેલને આરોપીઓ પૈકી ઓળખી બતાવવાનું જણાવવામાં આવતા આ મિનેષભાઈ કોર્ટમાં નથી તેમ જણાવી રહયા છે.

પેરા નં.૭

એ વાત ખરી છે કે, હું ખેતરમાંથી બપોર ૨:૩૦ વાગે પરત આવેલો. તે વાત ખરી છે કે, ખેતરેથી ઘરે પરત આવ્યો ત્યારે સુરીવાળી ભાગોળે તોફાન થયુ છે તેવી ખબર પડેલી. મસ્જીદ અને દુકાનો બાળી મુકી છે તેવી મને ખબર પડયાનું ખરૂ છે.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૨૨) આ કામમાં સાહેદ નં.૧૦૨ અને આંક-૨૨૮ થી આ કામના સાહેદ કાલુમીંયા મહંમદમીંયા મલેક ને તા.૨૫.૨.૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

પેરા નં.૩

તા. ૧.૩.૦૨ ના રોજ શુક્રવારે એક છી દોઢના અરસામાં હું અમારા ગામની જુમ્મા મસ્જીદમાં નમાજ પઢવા માટે ગયેલો. ત્યાં પોલીસે અમને એમ કહ્યુ કે, તમારા ઘરે પોતપોતાના ઘરે તમારે નમાઝ પઢી લેવાની. નમાજ પઢવા માટે હું મારા ઘરેથી જુમ્મા મસ્જીદ ગયેલો. ત્યારપછી હું ત્યાંથી મારા ભાઈ શફીના ઘરે આવેલો. હું શફીના ઘરે પહોંચ્યો ત્યારે તેના ઘરે મારા બહેન-બનેવી, શફી, મારા ભાભી, મારી માતા બધા બેઠેલા હતા અને શફીની બંને દિકરીઓ મારા ભાભી પાસે હતી. ત્રણ-સાડા ત્રણનો સમય થયેલો. ગામમાં ધમાલ જેવુ હતું તેથી મારી માતાને એમ કહેલુ કે, ગામમાં ધમાલ બહુ છે એટલે તમે બધા મારા ઘરે ચાલો. આપણે બધા ત્યાં રહીશું. તો મારી માતાએ એમ કહેલુ કે, બેટા કશું જ નથી થવાનું. તેથી અમે ત્યાંને ત્યાં જ બેઠેલા રહેલા. ત્યાં ચાર-સાડા ચાર વાગે ટોળુ આવેલુ, મુસલમાનોને મારો-કાપો એ રીતની બુમો પાડતુ હતુ. આ ટોળુ શફીના ઘરની સામે હતું. આ ટોળા પાસે પેટ્રોલના પાઉચ, કેરોસીનના કારબા, ધારીયા, લાકડીઓ જેવા હથિયારો હતા. આ ટોળુ અમારા ઘરથી આશરે ૨૫-૩૦ ફુટના અંતરે હતું. તે ટોળુ મે જોયેલુ. તે ટોળામાં હિન્દુ લોકો હતા. તેઓના નામ (૧) હીરૂભાઈ ભાઈલાલભાઈ (૨) દિલીપભાઈ

વલ્લવભાઈ (૩) હરીશભાઈ વલ્લવભાઈ (૪) દીનુભાઈ ભીખાભાઈ (૫) હેમંતભાઈ સતાભાઈ (૬) પ્રવિણભાઈ મંગળભાઈ (૭) અરવિંદભાઈ જેના પિતાના નામની ખબર નથી તે રીતના મેં ઓળખેલા. આ જે ઈસમોને મે ઓળખી બતાવ્યાનું કહ્યું  છે તેઓને હું જોઈને ઓળખી શકું. આ લોકોને પહેલેથી ઓળખુ છુ. મેં આ જે માણસો કહયા છે તે આજે કોર્ટમાં હાજર છે. તેઓને હું ઓળખી શકું.

<u>પેરા નં.૪</u>

સાહેદ આરોપીઓ પૈકી આરોપી હીરૂભાઈ ભાઈલાલભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. તેવી જ રીતે સાહેદ આરોપીઓ પૈકી આરોપી દિલીપભાઈ વલ્લવભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. આરોપીઓ પૈકી આરોપી હરીશભાઈ વલ્લવભાઈને સાહેદ નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી વીનુભાઈ ભીખાભાઈને  દીનુભાઈ ભીખાભાઈ તરીકે નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી હેમંતભાઈ સતાભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓ પૈકી આરોપી પ્રવિણભાઈ મંગળભાઈને નામથી અને જોઈને ઓળખી બતાવે છે. સાહેદ આરોપી અરવિંદભાઈ કે જેમના પિતાના નામની ખબર નથી તેવુ કહી ગયા છે. તે આરોપીઓ પૈકી અરવિંદભાઈ રાવજીભાઈને અરવિંદ કહીને નામથી અને જોઈને ઓળખી બતાવે છે.

<u>પેરા નં.૫</u>

આ લોકોએ પેટ્રોલના પાઉચ અને એ બધુ મારીને મકાનો બાળી દીધેલા. મારો ભાઈ શફીમીંયા, તેમની પત્ની, તેની બંને દિકરીઓ, મારી માતા તેમજ મારા બહેન-બનેવી એ રીતના બધા સામે મારા કાકા મુરાદમીંયાના મકાનમાં જતા રહેલા. હું ત્યાંથી નાસીને પાછળના ભાગે થઈ, તળાવના ભાગે થઈ મારા ઘરે જતો રહેલો. ઘરે આવીને મારી પત્ની અને બાળકોને લઈને ખેતરાળુ રસ્તે થઈને હું ભાલેજ જતો રહેલો. તે વખતે સાંજના આશરે સાત-સાડા સાતનો સમય હતો. બીકના માર્યા હું નાસી ગયેલો.

<u>પેરા નં.૬</u>

મારા બહેન-બનેવી બનાવના અરસામાં સોનગઢ મુકામેથી આવેલા. બનાવ અગાઉ બે-ત્રણ દિવસથી તે લોકો ઈદ કરવા માટે આવેલા હતા. હું

ભાલેજ મુકામે મારી બહેનના ઘરે ગયેલો. મારી આ બહેનનું નામ મહેરાજબીબી છે. ત્યા બહેનના ઘરે હું એક-બે દિવસ રોકાયેલો. પછી અમારો કેમ્પ ખુલેલો. મારા બહેન-બનેવી, મારા ભાભી, તેમની બે દિકરીઓ અને મારી માતા એ રીતેના આ કોમી રમખાણોમાં મારા કાકાના મકાનમાંથી બીજા મકાનમાં ગયા ત્યાં મરી ગયેલા. આ લોકો અકબરખાનના ઘરમાં ગુજરી ગયેલા. આ અકબરખાનનું મકાન ઝાંપલીવાળુ મકાન તરીકે ઓળખાતુ હતું. આપણા બધા માણસો બળીને ખાખ થઈ ગયા છે. તેવુ મારા ભાઈ શફીએ મારી બહેનના ઘરે ભાલેજ મુકામે બીજી તારીખે સવારે જણાવેલુ. મારૂ જે નવાપુરાનુ મકાન હતુ તે છોકરાની સ્મશાનયાત્રા નીકળેલી ત્યારે આ લોકોએ બાળી મુકેલુ તેની જાણ અમને ભાલેજ થયેલી. પોલીસે મારૂ નિવેદન નોંધેલું. બનાવના અઠવાડીયા પછી ભાલેજ પોલીસ સ્ટેશનાં પોલીસે મારો જવાબ નોંધેલો. મારૂ મકાન બાળી નાખતા બધુ મળીને મને દોઢ-બે લાખનું નુકશાન થયેલું.

સદર સાહેદ તેની જુબાનીમાં સદર સમગ્ર બનાવને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે અને બનાવ વખતે ટોળામાના તહોમતદારોને જોયેલા અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમા પણ જેતે તહોમતદારોએ ભજવેલ ભાગ અંગે વિગતે વર્ણન કરેલ છે અને ઓળખી બતાવેલ છે. અને સદર સાહેદે બનેલ બનાવ અનુસંધાને તેઓના માતૃશ્રી, ભાભી, ભત્રીજી, બહેન-બનેવીને તોફાનીઓ દ્વારા ઝાંપલીવાળા મકાનમાં જીવતા સળગાવીને મારી નાંખેલ છે તથા અન્ય કુટુંબીજનોને ગુમાવેલ છે. આમ, સદર સાહેદ એક નેચરલ વીટનેશ છે અને તેની બનાવ વખતે હાજરી કોઈપણ રીતે ચેલેન્જ કરી શકાય તેમ નથી.

૨૩) આ કામમાં સાહેદ નં.૪ અને આંક-૮૭ થી આ કામના સાહેદ નબીભાઈ ઈસ્માઈલભાઈ ખલીફા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

તા.૨૭-૦૨-૨૦૦૨ના રોજ ગોધરા સાબરમતી એક્સપ્રેસમાં હિન્દુ કોમના કારસેવકોને સળગાવી મુકવાનો બનાવ બનેલો તે વાત ખરી છે કે, તે બનાવ બનેલો. તે વાત ખરી છે કે, તે બનાવ બનતા તા.૨૮-૨-૨૦૦૨ તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ ગુજરાત બંધ તેમજ ભારત બંધનું એલાન આપવામાં તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ ઓડ ગામમાં પણ બંધનું એલાન હતુ અને બજારો બંધ હતા. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ બજારો બંધ હતા ત્યારે હું મારા ઘરમાં

હતો. ૧૫૦૦ માણસોનું ટોળુ ધારીયા અને સળગતા કાંકડાઓ લઈ આવીને ઓડ ગામમાં મસ્જીદ અને દુકાનો સળગાવવા લાગેલા આ લોકોએ કેરોસીન કાંકડા વિગેરે નાંખીને સળગાવેલું. તેથી હું મારા ઘરમાંથી ઉપરના માળે નાસી ગયેલો અને ત્યાંથી નીચે ઉતરીને ખડકીમાં બેસી રહેલો. આ જે ટોળું આવેલું તે ઓડ ગામનું જ હતું બધા ઓડ ગામના જ હતા અને બધી કોમના માણસો હતા.

મારા ઘરથી મસ્જીદ નજીક જ થાય એટલે કે સામે જ છે. ટોળુ આવ્યુ ત્યારે હું જેવી રીતે મારા ઘરમાં હતો તેવી જ રીતે મારા કુટુંબીજનો પણ મારી સાથે જ હતા. ટોળુ આવ્યુ ત્યારે અમારા ઘરની પાછળ આવેલ જગ્યામાં અમે બેસી રહેલા. સાંજના ૬-૦૦ થી ૬-૩૦ (છ-સાડા છ) ના અરસામાં અમે સુરેલી ગયેલા. અમે સુરેલી એક ટેમ્પામાં ગયેલા. મારા ઘરના માણસો પણ તે વખતે મારી સાથે જ હતા અમે સુરેલી ગામે ગયા તેના બીજા દિવસે મને કાંઈ જાણવા મળેલુ નહી. મારી દુકાનનો સામાન સળગાવી મુકેલો હતો. મકાનનો સામાન લુંટી લીધેલો અને મારૂ મકાન બાળી નાંખેલુ. મકાન બાળી નાંખ્યાની સામાન લુંટી લીધાની જાણ મને સુરેલી મકુામે થયેલી. મારી દુકાન અને તેનો સરસામાન તેમજ મકાન અને તેમાંથી લુંટાયેલ સરસામાન તે બધાનો મળીને મને આશરે રૂા.૨,૦૦,૦૦૦-૦૦ (બે લાખ) જેટલું નુકશાન થયેલુ. મારી જેમ અમારા લત્તામાં રહેતા મુસ્લીમ કોમના બધા ઈસમોને નુકશાન થયેલુ.

ટોળાના જે માણસો આવેલા હતા તેમણે બધાએ બુકાની બાંધેલી હતી અને બહુ બધા માણસોનું ટોળુ હતુ તેથી ઓળકાયેલા નહી. પોલીસે મારી પુછપરછ કરેલી. આવેલા માણસોને બુકાની બાંધેલી હોઈ ઓળખેલા નહી તેવું પોલીસ જવાબમાં નહી લખાવ્યાનું બન્યુ છે. મારો જવાબ સુરેલી ગામે નોંધાયેલો. બનાવ બન્યાના ત્રીજા ચોથા દિવસે મારો આ જવાબ નોંધાયેલો.

૨૪) આ કામમાં સાહેદ નં.૫ અને આંક-૮૮ થી આ કામના સાહેદ અસલમભાઈ સુલેમાનભાઈ વહોરા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ બંધનું એલાન હતુ અને તે દિવસે આ ઓડ ગામ પણ બંધ હતું. ગામનું વાતાવરણ તંગ હતું. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ શુક્રવાર હતો. હું મારા ઘરે હતો. બપોરે ૨ઃ૦૦ થી ૨ઃ૩૦ (બે થી અઢી) ના અરસામાં અમે નમાઝ પઢી રહ્યા એટલે ૨૦૦૦-૨૫૦૦ (બે-અઢી હજાર)

માણસોનું ટોળુ મારો કાપો એવી કીકીયારીઓ પાડતુ આવેલું મુસલમામોને મારો કાપો એવી કીકીયારીઓ પાડતુ આવતું હતુ. આ ટોળા પાસે મારક હથિયારો હતા. કેરોસીનના કેરબા હતા, લાકડીઓ હતી, ભાલા અને તલવારો જેવા મારક હથિયારો પણ હતા. આ ટોળા પાસે સળગતા કાંકડા પણ હતા. આ ટોળુ આવ્યુ ત્યારે હું મારા ઘરે હતો.. ટોળુ અમારા ઘરથી આશરે ૫૦ (પચાસ) ફુટ હતું. ટોળાએ આવીને સળગતા કાંકડા બધુ નાંખીને દુકાનો સળગાવેલી. આ દુકાનો મસ્જીદની લાઈનમાં આવેલી છે. તે સળગાવેલી. મારા ઘરથી મસ્જીદ ૨૦-૨૫ (વીસ-પચીસ) ફુટના અંતરે છે. દુકાનો સળગાવી દીધેલી તે નજરે જોયેલું, મસ્જીદનો ખ્યાલ નથી. દુકાનોની પાછળના ભાગમાં મસ્જીદ આવેલી છે. દુકાનોની આગળ રસ્તો આવેલો છે.

દુકાનો સળગાવ્યા પછી તે લોકો વહેંચાઈ ગયેલા તે લોકો અમો મુસ્લીમોની મલાવ ભાગોળ વિગેરે જુદા જુદા વિસ્તારો છે ત્યાં વહેંચાઈ ગયેલા. દુકાનો સળગાવ્યા પછી તોફાન ચાલુ રહેલું. સાંજના ૬ઃ૦૦ વાગ્યા સુધી તોફાન ચાલુ રહેલું. પોલીસે લાઠીચાર્જ કરતા અને ટીયરગેસ છોડતા ટોળુ ત્યાંથી નાઠેલુ. પોલીસે ફાયરીંગ કર્યાનું બનેલું. ઠાકોરવાસ તરફથી ટોળુ આવતા લાઠીચાર્જ કરવા છતાં ટોળુ ન હટતા પોલીસ ફાયરીંગ કરેલું. આ ફાયરીંગ ૨ઃ૩૦ – ૩ઃ૦૦ (અઢી-ત્રણ) વાગ્યે થયેલું તે ફાયરીંગમાં એક છોકરો મરી ગયેલો.

સાંજે ૭-૦૦ વાગ્યે અમારી પોતાની મેટાડોરમાં બેસીને અમે ઓડથી નીકળી ગયેલા. અમારી સાથે મારૂ આખુ કુટુંબ હતુ અમે મેટાડોરમાં બેસીને ઉમરેઠ ગયેલા અમે ઉમરેઠ પાંચ-છ દિવસ રોકાયેલા. ત્યારપછી અમે આણંદ આવેલા.

ઓડ મુકામે મારા જે બે મકાનો હતા તેમજ એક દુકાન હતી તે બળી જઈને ખલાસ થઈ ગયેલી અને તેમાં આવેલ સરસામાન લુંટાઈ ગયેલો. મારા બંને મકાનો બીજા દિવસે એટલે કે શનિવારે બળી ગયેલા. આ મકાનો અને દુકાન હિન્દુઓએ બાળેલા તેટલુ જાણુ છું પણ કોણે બાળેલા તેની ખબર નથી. બીજા દિવસે ફાયરીંગમાં જે છોકરો ગુજરી ગયેલો તેની સ્મશાનયાત્રા હતી. સ્માશાનયાત્રા હતી તે થોડે દુર પહોંચી પછી અમારા મકાનો અને દુકાન લુંટી લીધેલા અને પછી સળગાવી દીધાનું અમે જાણેલું. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

બનાવના અઠવાડીયા પછી પુછપરછ માટે પોલીસવાળા આવેલા. પોલીસે અમારી પુછપરછ આણંદ મુકામે કરેલી. મારી દુકાન અને મકાન જે લૂંટાઈ ગયેલા અને બાળી નાંખ્યા તેમાં મને રૂા.૨૫ થી ૫૦ લાખનું નુકશાન થયેલું.

૨૫) આ કામમાં સાહેદ નં.૭ અને આંક-૯૦ થી આ કામના સાહેદ યુનુસભાઈ હસનભાઈ વહોરા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવેલ છે કે,

હું ઓડ ગામે સુરીવાળી ભાગોળે રહુ છું. હું ડ્રાઈવીંગ કરૂ છું. તે વાત ખરી છે કે તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરા સાબરમતી કાંડના અનુસંધાને તા.૨૮-૨-૨૦૦૨ તેમજ તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ ઓડ ગામમાં બંધનું એલાન હતું. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ હું ઓડ મુકામે મારા ઘરે હતો. ગામનું વાતાવરણ તંગ હતું. તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ દોઢ થી પોણા બેના અરસામાં બૂમાબુમ થયેલી. ધમાલ અને સળગાવો એવી બુમાબુમ થયેલી હજારથી પંદરસો માણસોનું ટોળુ આવી બુમાબુમ કરતું હતુ. આ ટોળુ બજારમાં મસ્જીદ આગળ હતુ. મસ્જીદથી મારૂ ઘર પાંચ મિનિટના રસ્તે થાય તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ શુક્રવાર હતો. તે દિવસે હું નમાઝ પઢવા ગયો નથી. ટોળુ મેં જોયેલુ. ટોળુ મસ્જીદ અને દુકાનો સળગાવતું હતુ અને પથ્થરમારો કરતુ હતુ. કાંકડાથી આ બધુ સળગાવતા હતા. પછી અમે બધા ફળીયામાં ભેગા થઈ સુરેલીથી ટેમ્પો આવતા તેમાં બેસીને સુરેલી જવા નીકળી ગયેલા. ટોળાએ દુકાનોમાં સળગતા કાંકડા નાંખેલા અને દુકાનો સળગાવેલી.

સુરીવાળી ભાગોળે મસ્જીદ આવેલી છે. મસ્જીદમાં પણ સળગાવ્યું હતું. ટેમ્પો સાડા ત્રણ ચાર વાગે આવ્યો હતો.

મારી પાસે હોન્ડા મોટર સાયકલ હતી. તેનો નંબર GJ-7 AF-1505 હતો હું જ્યારે ટેમ્પોમાં બેસીને સુરેલી જવા નીકળ્યો ત્યારે મારી આ મોટર સાયકલ મારા ઘરની બહાર રાખેલી હતી ત્યાંથી નીકળી ગયા તેથી મારી મોટર સાયકલનું શુ થયું તેની ખબર નથી. મારી માલ મિલ્કતને નુકશાન થયેલું મારુ મકાન અને મકાનમાંની ઘરવખરીને નુકશાન થયેલું. મારી મોટર સાયકલ મળેલી નહી મને બધુ મળીને છ – સાડા છ લાખ રૂપિયાનું નુકશાન થયેલું.

પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી આ પુછપરછ દોઢ મહિના પછી સુરેલી ગામે કરેલી. આ પુછપરછ કર્યા પછી પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

૨૬) કામમાં સાહેદ નં.૮ અને આંક-૯૨ થી આ કામના સાહેદ આરીફભાઈ ઈસ્માઈલભાઈ વહોરા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

હું ઓડ મુકામે સુરીવાળી ભાગોળ પાસે રહુ છું. મારુ મકાન સુરીવાળી ભાગોળે વહોરવાડમાં આવેલું છે. મારી અનાજ-કરીયાણાની દુકાન છે. આ દુકાન સુરીવાળી ભાગોળે આવેલી છે. મેં ધંધાના અનુસંધાને વાહન રાખેલું. આ વાહનમાં હીરો હોન્ડા હતું. તેનો નંબર અત્યારે યાદ નથી. તા.૨૭-૦૨-૨૦૦૨ના રોજ ગોધરા સાબરમતી ટ્રેન હત્યાકાંડના અનુસંધાને બીજા દિવસે એટલે કે તા.૨૮મી ફેબ્રુઆરી અને તા.૧ માર્ચના રોજ બંધનું એલાન હતું. તા.૧ માર્ચે ઓડ બજાર પણ બંધ હતું અને તે દિવસ શુક્રવાર હતો. તે દિવસે હું નમાઝ પઢવા ગયેલો. બપોરે ૧:૧૫ ના અરસામાં અવાજ આવતો હતો. તોફાનની બુમો પડતી હોય તેવી બુમોનો અવાજ હતો. તે બુમો બધી હિન્દુઓના ટોળાની હતી. બપોરે ગામનું વાતાવરણ તંગ હતુ. પછી તોફાન થયેલું. તોફાનોમાં અમે તો જોયું ન હતું. અમે ઘરમાં હતા તોફાનો બાબતે જાણેલું. બહાર તોફાન થઈ રહ્યું છે. તેવુ જાણેલું મુસલમાનોને મારો એવુ બધુ વાતાવરણ ચાલતુ હતુ. અમે અમારા ફળીયામાં હતા. કાંઈ જોયેલું નહી, બુમો સંભળાતી હતી.

સુરીવાળી ભાગોળે આશરે ૭૫ જેટલા મુસ્લીમોના મકાનો હશે. મારા ઘરનો નંબર ૧૮૭૮ છે. મારા મકાનની તોડફોડ કરીને આગ લગાડવામાં આવેલી. આ મકાનની તોડફોડ અને આગ લગાડવાનો બનાવ બીજી તારીખે (તા.૦૨) બનેલો. મકાનની તોડફોડ અને સળગાવવાનો બનાવ બન્યો ત્યારે અમે સુરેલી હતા. અમે તા.૧ લી એ સાંજે સુરેલી જતા રહેલા. સુરેલી અમારૂ કુટુંબ ગયેલું. મારુ જે હીરો હોન્ડા હતું તે પણ બીજી તારીખે બાળી મુકવામાં આવેલું. મારુ મકાન અને મારા હિરો હોન્ડાને કોણે નુકશાન પહોંચાડેલું તે હું જાણતો નથી. પાછળથી પણ આ નુકશાન પહોંચાડવાનું કૃત્ય કોણે કરેલું તેની મને ખબર પડેલી નહી. મને બધુ મળીને રૂા.૭-૮ લાખ જેટલું નુકશાન થયું

હશે. ગામમાં તપાસ કરવા માટે બહુ ટાઈમ પછી ગયેલા. લગભગ મહિના પછી ગામમાં તપાસ કરવા માટે ગયેલા.

૨૭) આ કામમાં સાહેદ નં.૯ અને આંક-૯૩ થી આ કામના સાહેદ ઐયુબભાઈ યુસુફભાઈ વહોરા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

તા.૨૭-૦૨-૨૦૦૨ ના રોજ ગોધરા ખાતે પ્રોબ્લેમ થયેલો તે અનુસંધાને બંધનું એલાન હતું. તા.૧ ના રોજ આ બંધનું એલાન હતું. તે અનુસંધાને ઓડ ગામ પણ બંધ હતું. ગામનું વાતાવરણ તંગ હતું. તા.૧લીએ હું મારા ઘરે હતો અને મારા ઘરનો સભ્યો પણ મારી સાથે હતા. બપોરે ૧ઃ૩૦ (દોઢ) વાગ્યે આસ્થાના દરગાહ ઉપર અમે નમાઝ પઢીને આવેલા. બે – અઢીના સુમારે ટોળા આવ્યા અને મારા ઘરની પાછળની બાજુએ અવાજ અને બધુ આવ્યુ. રૂમે ઘર બંધ કરીને બેસી રહેલા આ ટોળા હિન્દુ કોમના જ હતા. ટોળાએ પથ્થર મારો કર્યો, કાંકડા સળગાવ્યા એવું બધુ થયું અને ચીચીયારીઓના અવાજે આવ્યા કાંકડા સળગાવ્યા, પથ્થરમારો કર્યો તેથી શું બન્યું તેનો મને ખ્યાલ નથી. મારા ઘરથી આસ્થાના દરગાહ બે-ત્રણ મિનિટના અંતરે છે. તે વખતે અડધો કલાક જેટલો બનાવ ચાલેલો. પછી પોલીસે લાઠીચાર્જ કરેલો અને ફાયરીંગ કરેલું અને ટીયરગેસના શેલ છોડેલા. મેં ટોળા પૈકીના કોઈ માણસોને જોયેલા નહી પછી અમે આસ્થાનામાં જતા રહેલા અમે આસ્થાનામાં સાંજે ૫ઃ૦૦ – ૫ઃ૩૦ (પાંચ-સાડા પાંચ) ના અરસામાં ગયેલા. હું અને મારા કુટુંબના સભ્યો ગયેલા તેના અડધા કલાક પછી પોલીસે ટેમ્પોની વ્યવસ્થા કરતા અમે સુરેલી ગામે જવા નીકળી ગયેલા.

બીજા દિવસે સ્મશાનયાત્રા નીકળેલી ત્યારે મકાનો ઘરવખરી સાથે બાળી મુકેલા છે અને તેમાં મારૂ ઘર પણ બાળી નાંખ્યુ છે તેવું જાણવા મળેલુ. તે વખતે મારી પાસે મારા મોટાભાઈનું વાહન હતુ તે મારા ભાઈ ઈદ્રીશનું વાહન હતું. બનાવના આગલા દિવસે આ વાહન હું મારે ત્યાં લઈ આવેલો અને તે હીરો હોન્ડા મોટર બાઈક હતું. આ વાહન પણ બળી ગયેલું. મને બધુ મળીને આશરે રૂા.૪-૫ (ચાર-પાંચ) લાખનું નુકશાન થયેલું. મારુ મકાન, ઘરવખરી અને વાહન કોણે બાળી નાંખેલું તે હું જાણતો નથી. પોલીસે મારો જવાબ નોંધેલો.

૨૮) આ કામમાં સાહેદ નં.૧૦ અને આંક-૯૪ થી આ કામના સાહેદ અબ્દુલવાહીદ નન્નામીંયા સૈયદ ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

તા.૧-૦૩-૨૦૦૨ના રોજ ઓડ ગામાં તોફાન થયેલા અને મસ્જીદને આગ લગાડવામાં આવેલી. તા.૨૭મીએ ગોધરા સાબરમતી હત્યાકાંડના અનુસંધાને તા.૧લીએ બંધનું એલાન હતું. તા.લીએ ઓડ ગામમાં વાતાવરણ તંગ હતું. તા.૧લીએ હું મારા ઘરે હતો. મારા કુટુંબના માણસો પણ મારી સાથે ઘરમાં હતા.

વડીલોએ મસ્જીદ બજારમાં હોવાથી આસ્થાનામાં નમાઝ પઢી લેવાનું કહેતા અમોએ આસ્થાના દરગાહમાં નમાઝ પઢેલી. બપોરે ૧:૧૦ વાગ્યે અમે નમાઝમાં ગયેલા. ૨:૦૦ ના અરસામાં અમે નમાઝ પઢીને બહાર નીકળેલા. તે વખતે મસ્જીદમાંથી ધુમાડા નીકળતા જોયેલા. આ મસ્જીદ મારા ઘરથી પાંચેક મિનિટના રસ્તે આવેલી છે. અમે સામેવાળા મકાનની ઉપર ચઢીને જોયું તો બૂમો ચીસો પડતા હતી. આ બુમો ટોળાવાળા લોકો પાડતા હતા. આ ટોળું હિન્દુઓનું હતું. મુસ્લીમોને સળગાવો તેવી બુમો આ ટોળાના લોકો પાડતા હતા અને કાકડા ફેંકતા હતા. કાકડા ફેંકતા જોયેલા અને ઉપરથી કાકડા દેખાતા હતા. પછી અમે નીચે ઉતરીને બહાર નીકળવાની કોશિષ કરેલી. ત્યાં અમને પોલીસે બહાર નીકળવા દીધેલા નહી. આ બનાવ બે ત્રણ કલાક ચાલેલો. તે વખતે હું મારા ઘરે હતો. તે વખતે ત્રણ ચાર વાગી ગયેલા પછી સાંજે છ-સાત વાગ્યા પછી હું અંધારુ થતા હું મારો પરિવાર લઈને નીકળી ગયેલો. હું પાછલા રસ્તેથી ભાલીયાસર થી ચાલતો ભાલેજ ગયેલો. મારી સાથે મારો પુરો પરિવાર હતો.

બનાવ વખતે મારી પાસે એક મોટર સાયકલ હતી. ભાલેજ પહોંચ્યા પછી ૧૫-૨૦ દિવસ પછી હું ઓડ જોવા ગેયલો. હું જોવા ગયો ત્યારે મારા મકાનમાં કશુ બચેલું નહી. તેમજ સેન્ટરીંગનો સામાન પણ હતો નહી. સુઝુકી મોટર સાયકલ પણ ન હતી. મારુ મકાન બાળી નાંખેલું હતું, સુઝુકી પણ બાળી નાંખેલ. સેન્ટરીંગનો સામાન લોકો લઈ ગયેલા. મારૂ મકાન, સરામાન અને વાહનને કોણે નુકશાન પહોંચાડ્યું તે હું જાણતો નથી. મારે બધુ મળીને આશરે રૂા.૬-૭ લાખનું નુકશાન થયેલું પોલીસે મારુ નિદેવન બનાવના દોઢેક મહિના પછી ભાલેજ મુકામે નોંધેલું.

૨૯) આ કામમાં સાહેદ નં.૧૧ અને આંક-૯૫ થી આ કામના સાહેદ અહેમદઅલી હુસેનઅલી સૈયદ ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

તા.૨૭-૦૨-૨૦૦૨ના રોજ ગોધરા બનાવ બનેલો. તા.૨૮મી અને તા.૧લીએ બંધનું એલાન હતું અને તા.૧લીએ ઓડ ગામ બંધ હતુ. તે વખતે હું ઘરે જ હતો. ગામનું વાતાવરણ તંગ હતું. ઘરના સભ્યો પણ મારી સાથે ઘરમાં જ હતા. લગભગ ૧:૪૫ (પોણા બે) વાગ્યે મારા ઘર પાછળની મેઈન રસ્તા ઉપરથી ૫૦૦ માણસનું ટોળુ આવેલું. આ ટોળાએ પથ્થરમારો નાંખવાનો ચાલુ કરેલો અને ગેસના બોમ્બ તથા કાંકડા નાંખવાના ચાલુ કરેલા. આ ટોળું હિન્દુ કોમના માણસોનું હતું અમે ઘરમાંથી બહાર નીકળેલા જ નહી. ટોળાએ કાંકડા સળગાવીને મસ્જીદમાં નાંખેલા અને આગ લગાડેલી પછી અમે ઘરમાં પેસી ગયેલા, બહાર નીકળેલા નહી, ૬:૦૦ વાગ્યે ટેમ્પો આવેલો તેમાં અમે સુરેલી જવા નીકળી ગયેલા. મારૂ મકાન બંધુ સાફ કરી નાંખેલુ અને ઘરવખરીને પણ નુકશાન પહોંચાડેલું કોઈ જ સરસામાન બચેલો નહી. સરકારી વળતરના ફક્ત રૂા.૧,૨૫૦-૦૦ (એક હજાર બસો પચાસ) મળેલા મારૂ મકાન સરસામાન સાથે બાળી મુકેલું. સુરેલી કેમ્પમાં ગયા પછી બીજા દિવસે ખબર પડેલી કે, તમારૂ ઘરબાર બધુ બાળી દીધેલું છે અને ત્યાં કશું રહેવા દીધું નથી. મને આશરે રૂા.૨ લાખનું નુકશાન થયેલું. આ નુકશાન થયેલું. આ નુકશાન હિન્દુ લોકોએ પહોંચાડેલું. પોલીસે મારૂ નિવેદન સુરેલી મુકામે નાંખેલું અને તે બનાવના દોઢ મહિના પછી લીધેલું.

૩૦) આ કામમાં સાહેદ નં.૧૨ અને આંક-૯૭ થી આ કામના સાહેદ અકબરભાઈ હુસેનભાઈ સૈયદ ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીમાં નીચે પ્રમાણે જણાવે છે કે,

આસ્થાના દરગાહ ઉપર નમાઝ પઢીને ૨:૦૦ વાગ્યે પાછા આવ્યા ત્યારે મસ્જીદમાંથી ધુમાડા નીકળતા જોયેલા. આ મસ્જીદ મારા ઘરથી પાંચ મિનિટના રસ્તે આવેલી છે. બંને બાજેથી ટોળુ આવેલું, ધમાલ થયેલી. આ ટોળું પહેલાનું હોય કે બીજા કોઈનું હોય પણ ટોળું આવેલું. ટોળુ આવતા અમે બધા આસ્થાનામાં ભેગા થઈ ગયેલા. આ ટોળું ૫૦૦-૭૦૦ (પાંચસો-સાતસો) માણસોનું હશે. ટોળાના માણસો ધમાલ કરતા હતા. બધાને મારો એમ કહી

અંદરો અંદર મારતા હતા. મેં ટોળુ  જોયેલું. આ ટોળા પાસે કાંકડા હતા, બીજુ કશું હતું નહી. એ લોકોએ બધુ બાળેલું. મસ્જીદ બાળેલી છ-સાત વાગ્યે સુરેલીથી ટેમ્પો આવતા મારા કુટુંબ સાથું હું સુરેલી કેમ્પમાં પહોંચેલો.

બીજા દિવસે મને ખબર પડેલી કે, મારા મકાનોમાંનું બધુ લુંટી ગયા છે અને મકાન બાળી મુકયુ છે. મને વધુ મળીને આશરે રૂા.૧,૦૦,૦૦૦-૦૦ (એક લાખ) જેટલું નુકશાન થયેલું. પોલીસે બનાવના દોઢ મહિના પછી સુરેલી કેમ્પમાં આવીને મારી પુછપરછ કરેલી.

૩૧) આ કામમાં સાહેદ નં.૧૩ અને આંક-૯૮ થી આ કામના સાહેદ  ફારૂકભાઈ યુસુફભાઈ વહોરા ને તા.૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ ગોધરા કાંડના અનુસંધાને ધમાલ થયેલી. તે દિવસે બંધનું એલાન આપેલું હતું. તેથી ઓડ ગામનું બજાર બંધ હતુ અને વાતાવરણ તંગ હતું. ગોધરાકાંડને કારણે બંધનું એલાન અપાતા વાતાવરણ તંગ હતું. તે દિવસે શુક્રવાર હતો અને હું ઘરે જ હતો. ગામવાળાએ તે દિવસે મસ્જીદમાં નમાઝ બંધ રખાવેલી અને ''આપણેં આસ્થાના દરગાહ પઢીએ'' તેમ નક્કી કરેલું તેથી ૧:૧૫ થી ૧:૩૦ (સવા થી દોઢ) ના અરસામાં આસ્થાના દરગાહ ઉપર નમાઝ પઢવા ગયેલા. આશરે ૭૦-૮૦ (સીતેર-એંસી) મુસ્લીમ બિરાદરો આ દરગાહમાં નમાઝ પઢવા આવેલા. આ આસ્થાના દરગાહ મારા ઘરથી છઠ્ઠુ સાતમું મકાન છે. અમોએ નમાઝ પઢેલી તે વખતે બુમો સંભળાતી હતી. હિન્દુ લોકોનું ટોળુ બુમો પાડતું હતુ. આ ટોળું બજારની અંદર હતું. ટોળાની બૂમો સંભળાતી હતી. રાડારાડા બૂમો પડતી હતી તેથી શું બુમો પાડતા હતા તે સંભળાય નહી તે બાજુની બધી દુકાનો બાળતા હતા તેથી ધુમાડો દેખાયેલો. આ ટોળુ મેં જોયેલું નહી તેમજ ટોળાના કોઈ માણસો ઓળખેલા નહી. ટોળું હિન્દુ કોમનું જ હતું. દુકાનો બાળતા – બાળતા કીકીયારીઓ કરતા ટોળુ અમારી બાજુ આવતું હતુ. પોલીસે ટીયર ગેસના શેલ છોડીને ત્યાંથી તેમને છુટા પાડેલા. પછી એ લોકો જતા રહેલા પોલીસે હવામાં ગોળીબાર કરેલો તે વખતે હું મારા ઘરે હતો. પોલીસ સુરીવાળી ભાગોળે નાકુ છે ત્યાં એટલે કે મારા ઘરની સામે હતી. મેં ટોળુ જોયું નથી. આ બનાવ ૨:૦૦ થી ૨:૩૦ (બે-અઢી) વાગ્યાના અરસામાં બેનેલો. પછી પોલીસ ફાયરીંગ થતાં

એક છોકરો મરી ગયેલો તેવું જાણવા મળેલું. છોકરો મરી ગયાની જાણ સાંજે થયેલી. તે વખતે ગામનું વાતાવરણ તંગ હતું. પોલીસે ટેમ્પોની વ્યવસ્થા કરીને પોલીસ બંદોબસ્ત સાથે અમને સુરેલી કેમ્પમાં પહોંચાડેલા.

બનાવના બીજા દિવસે સ્મશાનયાત્રા પછી મારુ મકાન અને દુકાન બાળી નાંખ્યાનું સુરેલી જાણવા મળેલું. મને બધુ મળીને આશરે રૂા.૭-૮ (સાત-આઠ) લાખનું નુકશાન થયેલું. હું સુરેલી કેમ્પમાં બે-ત્રણ દિવસ રહેલો અને પછી આણંદ આવી ગયેલો. પોલીસે બનાવ બન્યાના દોઢ-બે મહિના પછી મારૂ નિવેદન નોંધલું.

૩૨) આ કામમાં સાહેદ નં.૧૪ અને આંક-૯૯ થી આ કામના સાહેદ અબ્દુલ હાફીઝ અબ્દુલ રહેમાન અરબ ને તા.૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની નીચે મુજબની જુબાની માં નીચે પ્રમાણે જણાવે છે કે,

ગોધરા કાંડના અનુસંધાને બંધનુ એલાન હોવાથી ઓડ ગામમાં પણ બંધનું એલાન હતું. ગામનુ વાતાવરણ ગંભીર હતુ. તે વખતે હું આસ્થાનામાં હતો અને મારા કુટુંબના સભ્યો પણ મારી સાથે ઘરે જ હતો. વાતાવરણ ગંભીર હતુ તેથી પોસીલવાળાએ કહેલુ કે, ‘‘તમે આજે મસ્જીદમાં નમાજ પઢવા આવતા નહીં પણ અસ્થાનામાં નમાજ પઢી લેજો’’. નમાજ ૧:૧૫ વાગ્યે શરૂ થયેલી અને ૧:૪૫ વાગ્યે પુરી થયેલી. તે વખતે આજુબાજુથી બઘા ટોળા આવ્યા અને ત્યાં ભેગા થવા માંડયા. ટોળામાં લગભગ ૧૫૦૦ જેટલા માણસો હતા. તે બઘા ગેર મુસ્લીમ- હિન્દુઓ હતા.

બધા મુસ્લીમોને મારવા માટે આ ટોળુ આવેલું. આ ટોળાના માણસો પાસે તલવારો, ધારીયા, લાકડીઓ, કાકડા વિગેરે હતા. પેટ્રોલ અને બધુ આ ટોળાના માણસો સાથે હતું. મે ટોળુ જોયેલું નહીં. અમે તે વખતે આસ્થાનામાં હતા તેથી સાંભળેલુ. પછી મારો કાપો, સળગાવો એવી બુમો આવતી હતી. પાછળ જે માણસો હતા તેમને એટલે કે બાળકો, સ્ત્રીઓ વિગેરેને આસ્થાનાની જે બારી હતી તે ખોલીને બહારથી અંદર લઈ લીધેલા. પછી અંદરને અંદર બેઠા રહેલા અને એટલામાં સાંજ પડવા આવેલી. દુકાનો અને બધુ સળગાવેલુ તેના કાળાકાળા ધુમાડા ચારે બાજુ જોવા મળેલા. પોલીસ બહાર હતી. અંદર આવેલી નહીં. પોલીસે ટીયર ગેસના શેલ છોડેલા અને ગોળીબાર કરેલો.

બનાવ આશરે ૧:૦૦ થી ૨:૦૦ ના ગાળામાં બનેલો. સામી પાર્ટીના એકને ગોળી વાગી ગયેલી. ટોળાના માણસો બધા આગ ચાંપવા લાગેલા. પાછળ જતા રહેલા અને મસ્જીદ છે તે બાજુ આગ ચાંપવા લાગેલા. સાંજે છ-સાત વાગ્યે સુરેલીથી ટેમ્પો આવતા સુરેલી કેમ્પમાં જતા રહેલા. અમારા ગયા પછી મારૂ આખુ બે માળનું મકાન તોડી નાંખેલુ, બધો સરસામાન લઈ ગયેલા. મને બધુ મળીને રૂ૧૦-૧૨(દસ-બાર) લાખ જેટલું નુકશાન થયેલું. અમારી દરગાહ અને મકાનમાંથી જે કોઈ વસ્તુઓ ગઈ તે પૈકી કોઈ પાછી મળેલી નહીં.

૩૩) આ કામમાં સાહેદ નં.૧૫ અને આંક-૧૦૦ થી આ કામના સાહેદ મહેબુબખાન હસનખાન પઠાણ ને તા.૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીમાં નીચે મુજબ જણાવે છે કે,

તા. ૧.૩.૦૨ ના રોજ બંધનું એલાન હતુ અને તે દિવસે શુક્રવાર હતો. ઓડ ગામમાં પણ બંધનું એલાન હતું. હું મારા ઘરે જ હતો. ગામમાં વાતાવરણ થોડુ તંગ હતું. ગોધરાના હત્યાકાંડને લીધે વાતાવરણ તંગ હતુ. પાછળથી મેં પબ્લીકનો અવાજ સાંભળેલો. જેથી હું, મારી પત્ની તથા બાળકો બધા પીરૂભાઈના ઘરે જતા રહેલા. પીરૂભાઈનુ ઘર મારા ઘરેથી થોડે દુર છે. પાછળથી જે બુમો સંભળાતી હતી તે બુમો હિન્દુઓની સંભળાતી હતી. આ ‘હિન્દુઓ મારો-મારો બુમો પાડતા હતા’. મેં તે દિવસે નમાઝ પઢેલી નહીં. અમે પીરૂભાઈના ઘરમાં બેઠા હતા એટલામાં પોલીસ આવેલી. પથ્થરમારો ચાલુ હતો એટલામાં પોલીસ આવેલી. પોલીસ અમને ઘરમાં બેસાડેલા અને કહેલું કે, ‘‘અમે તમને ભગાડીએ છીએ.’’ પછી પોલીસવાળા તે બાજુ ગયેલા. દરબારવગામાં ફાયરીંગ થયેલું. પછી થોડીવારે પોલીસવાળા પાછા આવેલા અને કહેલુ કે, ‘‘હવે પબ્લીક જતી રહી છે. તમે બેસી રહો’’. પછી અમે ત્યાને ત્યાં બેસી રહેલા. મારી સાથે મારા કુટુંબીજનો પણ હતા. મારા પપ્પા ઘરે જ હતા પણ તેઓ કયાં ગયેલા તેની ખબર નથી. બીજા-ત્રીજા દિવસે ખબર પડેલી. તેઓ ગોઠડા બાજુ નીકળી ગયેલા તેવુ જાણવા મળેલું.

બનાવ ૨:૦૦ થી ૨:૩૦ (બેથી અઢી) ના અરસામાં બનેલો. પછી સાંજે છ થી સાતના અરસામાં સુરેલીથી ટેમ્પો આવતા અમે કુટુંબ સાથે સુરેલી કેમ્પમાં પહોંચેલા. બીજા દિવસે સુરેલી અમને જાણવા મળેલું કે, તમારા બધા મકાનો તોડી નાખ્યા છે અને તેમાંથી ચીજવસ્તુઓની લુંટફાટ કરીને લઈ ગયા

છે. હવે હું કહુ છુ કે, મારૂ મકાન તોડેલું નહીં. પરંતુ તેમાંની ચીજવસ્તુઓ લઈ ગયેલા. મને આશરે રૂ.૮૦,૦૦૦(એંસી હજાર) નુ નુકશાન થયેલુ. મારી જે ચીજવસ્તુઓની લુંટફાટ થયેલી તે પૈકી કોઈ ચીજવસ્તુ પાછી મળેલી નહીં. બનાવના દોઢ મહિના પછી પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

૩૪) આ કામમાં સાહેદ નં.૧૭ અને આંક-૧૦૬ થી આ કામના સાહેદ ગુલહમીદ અબ્દુલકરીમ ખલીફા ને તા.૧૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાનીમાં નીચે મુજબ જણાવે છે કે,

ગોધરામાં ૨૦૦૨ ની સાલમાં બનાવ બનેલો. તે અનુસંધાને ભારત બંધનું એલાન હતુ. તા.૧.૩.૨૦૦૨ ના રોજ શુક્રવારે ઓડ ગામમાં વાતાવરણ તંગ હતુ. તે વખતે હું મારા ઘરે ઓડ મુકામે હતો. તે દિવસે બપોર પછી ૩ઃ ૦૦ વાગ્યે ઓડના બજારમાં બહુ તોફાન થયેલું. ઓડ ગામના બજારમાં આવેલી મસ્જીદમાં સળગતા કાકડા, પેટ્રોલ, કેરોસીન, ડીઝલ નાખીને મસ્જીદમાં આગ ચાંપેલી, બજાર ની દુકાનોની તોડફોડ કરવામાં આવેલી. ત્યારબાદ ડેરી બાજુ આવેલા. આ તોફાન કરનારા હિન્દુ લોકોના ટોળા હતા. ત્યારબાદ અમને વાતાવરણમાં બાંડયાઓને મારો-કાપો તેવી બધી બહુ હો-હા થવા લાગી તેથી અમે ચાલતા ભાલેજ જવા નીકલી ગયેલા. હું, મારી પત્ની મુમતાઝ, મારો ભાઈ અનવર, તેની પત્ની સલમાં, તેમનું બાળક અંજુમનબીબી વિગેરે ચાલતા ભાલેજ જવા લગભગ ૭ઃ૩૦ ના અરસામાં નીકળી ગયેલા. તે વખતે અંધારૂ થઈ ગયું હતું. અમે ચાલતા ભાલેજ જવા નીકળી ગયેલા.

ભાલેજમાં અમે બધા મારી સાસરીમાં એક-બે દિવસ રોકાયેલા અને પછી ભાલેજના રાહત કેમ્પમાં અમે બધા પહોંચેલા. ત્યારપછી એવી ખબર પડેલી કે, અમારા મુસ્લીમ કોમના ૨૭-૨૮ ( સત્તાવીસ થી અઠયાવીસ ) માણસો મરી ગયા છે તેવી ખબર પડેલી. નવાપુરા વિસ્તારનું મારુ મકાન એક માળનુ હતુ અને પતરાનુ છાપરૂ હતુ. મકાન અને ધરવખરીનો સંપૂર્ણપણે નાશ કરી નાખેલો. હિન્દુ લોકોના ટોળોએ આ બધુ નુકશાન કરેલુ. આ હિન્દુ લોકોના ટોળા ઓડના જ હતા.

૩૫) આ કામમાં સાહેદ નં.૧૮ અને આંક-૧૦૭ થી આ કામના સાહેદ ફીરોઝખાન અકબરખાન પઠાણ ને તા.૧૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ ના રોજ ઓડ ગામમાં કોમવાદ થયેલો. આ કોમવાદ મુસ્લીમો અને પટેલો વચ્ચે થયેલો. તા.૧લીએ સવારે ૮-૦૦ વાગ્યે હું ખેતમજુરીએ ગયેલો. બપોરે અઢી - ત્રણ વાગ્યે હું મારા ઘરે આવેલો. ઘરે આવ્યા પછી મકાનને કાકડા લગાડવાનુ અને પથ્થરમારો એવુ બધુ ચાલુ થઈ ગયેલુ. જે ટોળુ આવેલુ તેના બધા માણસો આવુ કરતા હતા. ટોળાના માણસો મુસ્લીમો સિવાયના ગામના માણસો હતા. અમે ઘરમાં હતા અને ઘરની બહાર નીકળેલા નહીં તેથી કોઈને જોયેલા નહીં. ત્યાર પછી હુ, મારી પત્ની અને અમારા મહોલ્લાવાળાએ છ-સાડા છ ના અરસામાં ફળીયું છોડી દીધેલુ અને ચાલતા –ચાલતા આઠ-નવ વાગ્યે ભાલેજ પહોંચેલ.

ઓડનું મકાન મારુ પોતાનું છે. ઓડ મુકામે મારૂ મકાન બજારમાં રોડ ઉપર જ છે. ભાલેજ મુકામે સગા – વ્હાલાને ત્યાં એક દિવસ રહેલા અને ત્યારપછી ભાલેજના રાહત કેમ્પમાં પહોંચેલા. મારૂ મકાન બાળી નાંખેલુ અને તોડી નાંખેલુ. આ નુકસાન કોણે કરેલું તેની ખબર નથી. અમે નીકળી ગયેલા તેથી જાણેલું નહી. પોલીસે મારૂ નિવેદન નોંધેલું. બનાવના ૧૦-૧૫ દિવસ પછી પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

મારૂ મકાન તોડી અને બાળી નાંખ્યુ તેની સાથે મારી ઘરવખરી પણ નાશ પામેલી મને બધુ મળીને લાખ - દોઢ લાખ રૂપિયાનું નુકશાન થયેલું.

૩૬) આ કામમાં સાહેદ નં.૨૦ અને આંક-૧૧૧ થી આ કામના સાહેદ પુજાખાન હુસેનખાન પઠાણ ને તા.૧૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં તોફાન થયેલું. ૨૦૦૨ની સાલમાં ૧લી તારીખે શુક્રવારના રોજ ધમાલ થયેલી.તે મહિનો કયો હતો તે ખબર નથી. આ ધમાલ થવાનું કારણ શું હતું તે હું જાણતો નથી પણ ધમાલ બપોરના ૩:૩૦ થી ૪:૦૦ દરમ્યાન થયેલી. ધમાલ થઈ ત્યારે હું ઘરે જ હતો અને મારા કુટુંબીજનો પણ ઘરે મારી સાથે જ હતા. અકબરખાનનું ઘર બાળ્યું એટલે અમે નીકળી ગયેલા. અકબરખાનનું ઘર મારા ઘરથી ૫૦ ફુટ દુર પુર્ણીમા ચોકમાં આવેલું છે. અકબરખાનનું ઘર બાળનાર હિન્દુ પરિવારના હતા અને તે ૧૫૦૦-૨૦૦૦ (પંદરસો થી બે હજાર) જેટલા માણસો હતા. આ ઘર પેટ્રોલ ભરેલા પાઉચ અને કાંકડાથી બાળી નાંખેલુ. આ હિન્દુ પરિવારના ટોળાના માણસો પાસે લાકડીઓ

અને ધારીયા હતા. આ હિન્દુ પરિવારના લોકો અકબરખાનના ઘર પાસે હતા. અકબરખાનના ઘરમાં સાત માણસો હતા તે જાણું છું. અકબરખાનનું ઘર બળી ગયું એટલે આ સાત જણા પણ બળી ગયેલા. અકબરખાનની જોડેનું મકાન પણ બાળેલું.

અમે સાંજે ૭:૦૦ વાગ્યે ખેતરમાં નીકળી ગયેલા અમે ઘરના ચાર ઈસમો નીકળી ગયેલા અને ભાલેજ મુકામે પહોંચેલા. મારા મકાનને બાળી નાંખેલું. મારૂ મકાન હિન્દુ પરિવારના માણસોએ બાળેલું. મને રૂા.બે લાખનું નુકશાન થયેલું.

૩૮) આ કામમાં સાહેદ નં.૨૧ અને આંક-૧૧૩ થી આ કામના સાહેદ સીંકદરશા ઈસ્માઈલશા દિવાન ને તા.૧૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં ઓડમાં ધમાલ થયેલ. બનાવ તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ બનેલો. ઓડમાં કોમી ધમાલ થયેલી. ગોધરા ટ્રેન સળગાવેલી તેથી ધમાલ થયેલી. ૧લી તારીખે ઓડમાં બંધનું એલાન હતું અને તે દિવસે ગુજરાત બંધ તેમજ ભારત બંધનું પણ એલાન હતું. તે દિવસે ઓડ ગામનું વાતાવરણ પણ તંગ હતું. તે દિવસે હું મારા ઘરે જ હતો અને મારો છકડો મારા ઘર આગળ મુકેલો હતો તે દિવસે સૂરીવાળી ભાગોળે બજારમાં ધમાલ થયેલી. ચારેક વાગ્યે અમારી પીરાવાળી ભાગોળે ધમાલ થયેલી. આ ધમાલ હિન્દુ લોકોએ કરેલી. આ ટોળુ ૧૫૦૦-૨૦૦૦ માણસોનું હતું. હું મારા ઘરમાં હતો અને અમો અમારા ઘરમાંથી બૂમો પાડતું આવતું ટોળુ જોયેલું. આ ટોળા પાસે ધારીયા, લાકડીઓ, કાંકડા હતા. ટોળું ધમાલ કરતુ હતું. ટોળાના માણસો મારો કાપો એવુ કહેતા હતા ટોળાએ ધમાલ કરી તે વખતે હું મારા ઘરમાં જ હતો. મારા છકડાને બાળી મુકેલો. મારી બાજુમાં રહેતા કાલુશા દિવાન પાસે પણ છકડો હતો. તે છકડો પણ મારા છકડા પાસે મારા ઘરની આગળ મુકેલો હતો. કાલુશાના છકડાને પણ બાળી મુકેલો. સહેજ ઠંડુ પડતા સાતેક વાગ્યે અમે બધા ભાલેજ જવા નીકળી ગયેલા. હું કબ્રસ્તાનમાં જ્યાં રહેતો હતો તે પણ બાળી મુકેલી. મકાનનો સરસામાન પણ બાળી મુકેલો. મારૂ મકાન બાળી નાંખ્યાનું પછીથી જાણેલું. મને છકડો અને મકાન બળી જતા કુલ આશરે બે – અઢી લાખ જેટલું નુકશાન થયેલું. પોલીસે મારુ નિવેદન નોંધેલું. મારૂ નિવેદન ભાલેજ

પોલીસ સ્ટેશને નોંધેલું. પોલીસે તા.૧૦-૩-૨૦૦૨ના રોજ મારુ નિવેદન નોંધેલું.

૩૯) આ કામમાં સાહેદ નં.૨૨ અને આંક-૧૧૩ થી આ કામના સાહેદ કાલુશા અબ્દુલશા દિવાન ને તા.૧૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ બંધનું એલાન હતું. ગોધરા બનાવ બનેલો તે અનુસંધાને આ બંધનું એલાન આપવામાં આવેલું. બંધનું એલાન ૧લી તારીખે ઓડમાં પણ હતું. ૧લી તારીખે હું મારા ઘરે હતો તે દિવસે ગામનું વાતાવરણ તંગ હતુ. મારો છકડો મેં મારા ઘર આગળુ મુકેલો હતો. લગભગ ત્રણ વાગ્યાની આસપાસ બનાવ બનેલો. ૩ઃ૦૦ વાગ્યે બધી હો- હા થવા લાગેલી. આ બૂમાબુમ ડેરીવાળા એરીયામાં થતી હતી. ત્યારપછી એ બાજુથી મારો અને કાપો એવુ બુમો આવવા લાગેલી. આ બૂમો હિન્દુ લોકો પાડતા હતા. એટલી બધી જોશથી બુમો પડતી હતી તેથી હિન્દુ લોકો બૂમો પાડતા હતા તે જાણેલું. ઝાંપલીવાળા મકાનમાંથી ધુમાડો નીકળતા જોયેલો.

બૂમો હિન્દુ લોકો જ પાડતા હતા. મેં ટોળુ જોયેલું. આ ટોળાના માણસો પાસે ધારીયા, ભાલા, પેટ્રોલના પાઉચ હતા. પછી ટોળું શું કરતું હતુ તેની મને ખબર નથી. બનાવ બન્યાના દસેક દિવસ પછી ખબર પડેલી કે અમારૂ ઘર અને છકડો બધુ બાળી નાંખ્યુ છે અને ઘરનો સામાન લુંટી ગયા છે. ગામમાં સું થયેલું તેની ખબર પડેલી નહી. મને બધુ મળીને આશરે લાખ દોઢ લાખનું નુકશાન થયેલું. મારો છકડો મને મળેલો. મને બનાવના દસ દિવસ પછી બળેલી હાલતમાં છકડો મળેલો. પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

૪૦) આ કામમાં સાહેદ નં.૨૪ અને આંક-૧૧૬ થી આ કામના સાહેદ મહંમદખાન હસુખાન પઠાણ ને તા.૧૬-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૧.૩.૦૨ ના રોજ ગામમાં તંગદિલી હતી. ગોધરાના અનુસંધાને વાતાવરણ તંગ હતુ. તે વખતે હું મારા ઘરે જ હતો અને મારા ઘરના માણસો પણ ઘરે જ હતા. હું ઘરે બેસીને કંતાન સીવતો હતો. બપોરના ૩ઃ૦૦ થી ૪ઃ૦૦ વાગ્યાનો સમય હતો. તે વખતે મારા કાકાનો છોકરો યાસીનખાન અમારા ફળીયામાં થઈને અમારા ઘરે આવેલો. આ યાસીનખાન ઝાંપલીવાળા ફળીયામાં

રસ્તા ઉપર ઘર છે તેમાં રહેતો હતો. આ યાસીનખાન અમને આવીને કહેલું કે, ગામમાં ભારે વાતાવરણ લાગે છે. જરા ચેતના રહેજો. પછી તે તેના ઘરે નીકળી ગયેલો. થોડીવાર પછી ટોળાની બુમાબુમ થવા લાગેલી. આ બુમાબુમ અમારા કાકાના ઘર આગળ થતી હતી. મારા કાકાનું નામ અકબરખાન ભીખુખાન છે. અમે ફળીયાના માણસોને લઈને ચકલામાં નીકળેલા. ત્યાં બધી બુમાબુમ થતી હતી, બુમો પાડતા હતા. મીંયાને મારા, બાંડાને મારા એવુ બોલતા હતા. આવી બુમો ટોળાના માણસો પાડતા હતા. અમારા ફળીયાથી આ અકબરખાનનું ઘર આશરે ૫૦ ફુટ દુર થાય. આ ટોળાના માણસોના હાથમોં લાકડીઓ હતી. ધારિયા હતા અને આ ટોળાના માણસો બીજી આવી વસ્તુ નાખતા હતા જેને કારણે ભડકો થતો હતો. આ ટોળામાં હજાર ઉપરાંત માણસો હતા. આ ટોળાના માણસો ગામના હતા. ત્યારબાદ અમારા ફળીયા તરફ ઈંટોના ટુકડા, સળગતા કાકડા વિગેરે નાખવા લાગેલા. મેં ટોળુ છેટેથી જોયેલું. અમારી ઉપર કાકડા અને ઈંટોના ટુકડા પડતા અમે ફળીયામાં પેંસી ગયેલા. અકબરખાનનું ઘર સળગતુ હતુ. પછી ફળીયામાં પેસીને અમે બધા ભેગા થઈને ઉભા રહેલા.

અકબરખાન ભીખનખાન મારા કુટુંબી કાકા થાય છે. મહંમદખાન આ અકબરખાનના દિકરા થાય છે. તે દિવસે આ મહંમદખાન તેમના ઘરમાં હતા. અમે ફળીયામાં પેસી ગયા પછી અડધો કલાલ બાદ મહંમદખાન અમારા ફળીયામાં આવેલા. તેમના હાથ અને પગ દાઝી ગયેસા હતા. આ મહંમદખાને અમને એમ જણાવેલુ કે, અમારાઘરમાં બધી બળી ગયા છે. તમે જીવ બચાવીને નાસો. તેથી અમે અમારા કુટુંબના સભ્યોને સાથે લઈને પાછલા દરવાજેથી નીકળી ગયેલા. અમે સાંજના ૭:૦૦ થી ૭:૩૦ ના અરસામાં નીકળી ગયેલા. અમે કુટુંબ સાથે તળાવમાં થઈ, મંદિરે થઈને ખેતરમાં નીકળી ગયેલા. ખેતરમાંથી અમે સીધા ભાલેજ પહોંચી ગયેલા. ભાલેજ મા સગા-વ્હાલાએ બે-ત્રણ દિવસ રાખેલા. પછી રાહત કેમ્પ ખુલતા અમે કેમ્પમાં રહેવા લાગેલા.

૪૧) આ કામમાં સાહેદ નં.૨૬ અને આંક-૧૨૨ થી આ કામના સાહેદ સિકંદરમીંયા ઈસામમીંયા મલેક ને તા.૨૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા. ૧.૩.૦૨ ના રોજ શુક્રવારે બપોરે ૧:૩૦ ના અરસામાં અમારા ઓડ ગામની સુરીવાળી ભાગોળે ધમાલ જેવુ વાતાવરણ થયેલું, તે વખતે હું

મારા ઘરે હતો. ૧ લી તારીખે ગામમાં વાતાવરણ તંગ હતુ અને બંધનુ એલાન હતુ, સુરીવાળી ભાગોળે ધમાલ થઈ છે. તે વાત લોકો મારફત જાણેલી. તે વખતે બપોરના ત્રણ-સાડા ત્રણ નો સમય થયેલો. હું ૧લી તારીખે નમાજ પઢવા ગયેલો નહીં. અમારી કોમના આગેવાનોએ ના પાડવાથી હું નમાજ પઢવા ગયેલો નહીં.

મારા પિતાજી હયાત છે. અત્યારે તેઓને આંખે દેખાતુ નથી. આરીફમીંયા મારા મોટાભાઈ થાય છે અને તેઓ મારી બાજુમાં રહે છે. હું મારા ઘરે હતો તે વખતે સળગવાનુ ચાલુ થયેલુ. આ સળગવાનું સુરીવાળી ભાગેળે શરૂ થયેલું. પેટ્રોલથી કાકડા બનાવીને નાખવા લાગેલા. તેથી મુસ્લીમ કોમના ઘરોને નુકશાન થયેલું. પછી હું મારા ઘરે જ હતો અને મારા કુટુંબના સભ્યો પણ મારી જોડે જ હતા. હિન્દુ લોકોએ મુસ્લીમોના ઘરો સળગાવ્યા છે તેવુ મને જાણવા મળેલું. રાત્રે ૮:૩૦ વાગ્યે હું અને મારૂ કુટુંબ ચાલતા ભાલેજ જવા નીકળી ગયેલા. અમે ખેતરાળુ રસ્તે ચાલતા અંતરની ખબર નથી. અમને ભાલેજ ચાલતા પહોંચતા આશરે કલાક જેટલો સમય લાગેલો.

૪૨) આ કામમાં સાહેદ નં.૨૭ અને આંક-૧૨૩ થી આ કામના સાહેદ રસુલમીંયા અહેમદમીંયા મલેક ને તા.૨૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ ની સાલમાં કદાચ ૧ લી તારીખ હશે તે દિવસે ઓડમાં ધમાલ થયેલી. મહિનો હું ભણેલો નહીં હોવાથી યાદ નથી. ગોધરા હત્યાકાંડને કારણે ગામમાં વાતાવરણ બહુ તંગ હતુ. તે દિવસે હું ઘરે હતો. લગભગ પોણા બે-બેનો બપોરનો સમય હતો. ગામમાંથી ખબર આવેલી કે, ગામમાં ધમાલ ચાલુ થઈ ગઈ છે. કોની-કોની વચ્ચે ધમાલ થયેલી તેની ખબર નથી પણ મુસ્લમાનોના ઘરો બાળવા માંડયા છે અને સળગાવ્યા છે તેવી ખબર પડેલી. મુસલમાન વગર બધી જ  કોમ હતી. તે કોમના માણસો આ ઘરો સળગાવવામાં હતા. પીરાવાળી ભાગોળ, સુરીવાળી ભાગોળ અને મલાવ ભાગોળ પાસે ટોળુ આવેલુ અને ઘરો સળગાવવા માંડેલા તેવી ખબર આવેલી. તે વખતે બપોરના પોણા બે-બે નો સમય થયેલો. તે વખતે અમે અમારા ઘરે જ હતા. પોણા પાંચ- પાંચ વાગ્યે પીરાવાળી ભાગોળે બરાબર  સળગવાનું શરૂ થયુ અને અમે ધુમાડા જોયા તેથી જીવ બચાવવા માટે અમે નીકળી ગયેલા. મારી સાથે મારા પરિવારના તમામ સભ્યો હતો. તે સિવાય બીજુ કોઈ ન હતું. અમે ખેતરમાં નાસી ગયેલા.

નવાપુરાથી અમારૂ ખેતર બે-એઢી કિલોમીટરના અંતરે આવેલુ છે. ભાલેજ મુકામે રહેતા અમારા સગા-વહાલાને ઓડ મુકામે ધમાલ થઈ છે તેવી ખબર પડતાં તેમજ અમારા ખેતરો જોયેલ હોય અને અમે ખેતરમાં છીએ તેવી તેઓને જાણ થતાં સાધનો મોકલીને અમને ખેતરોમાંથી લઈ ગયેલા અને અમને ભાલેજ મુકામા પહોંચતા કરેલા.

મારી દીકરીનું નામ સાયરાબાનુ છે. બનાવ બન્યો તે અરસામાં મારી દીકરીની ઉંમર ૧૭-૧૮ વર્ષની હતી. મારી દિકરીના લગ્નની તારીખ નક્કી કર્યાના ચાર દિવસ પછી આ ધમાલ થયેલી. તેની લગ્નની તારીખ નક્કી થયેલ હોવાથી લગ્નની તૈયારી કરેલી અને રિવાજ મુજબ દીકરીને જે કાંઈ આપવાનું થાય જેવુ કે વાસણ-કુસણ, તિજોરી એવુ બધુ લાવીને રાખેલુ. ઘરમાં રૂ. ૩૭૦૦૦ (સાડત્રીસ હજાર) જેટલી રોકડ રકમ, સોના-ચાંદીની જણસો તેમજ ઘર વખરીનો સરસામાન વિગેરે હતું. બનાવના પાંચ-સાત દિવસ પછી સ્થળ ઉપર આવીને જોતાં કશું જ બાકી રાખેલું નહીં અને બધુ લુંટીને લઈ ગયા હતા. ભીંતમાં એક ખીલી પણ રહેવા દીધેલી નહીં. મને બધુ મળીને અંદાજે બે-અઢી લાખ જેટલું નુકશાન થયેલું. મારૂ ઘર બળી ગયાનું અઠવાડીયા પછી ખબર પડેલી. પોલીસે મારી પુછપરછ કરેલી. મારી બે ભેંસો હતી. આ બંને ભેંસો મને પાછી મળી ગયેલી. મારી બે બકરીઓ પણ હતી જે પાછી મળેલી નહીં.

૪૩) આ કામમાં સાહેદ નં.૨૮ અને આંક-૧૨૪ થી આ કામના સાહેદ ઐયુબખાન સુબાભાઈ ખલીફા ને તા.૧૬-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

ઓડ ગામમાં ૨૦૦૨ ની સાલમાં શુક્રવારે ધમાલ થયેલી તેટલું જાણું છું. તારીખ અને મહિનો યાદ નથી. તે દિવસે બજાર બંધ હતુ અને મારૂ હેર કટીંગ સલુન પણ બંધ હતુ. હું મારા કુટુંબ સાથે ઘરે હતો. ગોધરાના બનાવના અનુસંધાને બંધનુ એલાન હોવાથી બજાર બંધ હતું. તે દિવસે હું નમાજ પઢવા ગયેલો નહીં અને ઘરે જ હતો. બે-અઢી વાગ્યે જાણવા મળેલું કે, બજારમાં બહુ ધમાલ થઈ છે. સુરીવાળી ભાગોળે ધમાલ થયાનું જાણવા મળેલું, શું ધમાલ થયેલી તેની ખબર નથી. કોની-કોની વચ્ચે ધમાલ થયેલી. તે અમે ઘરે હોવાથી ખબર નથી. મારા ઘરની સુરીવાળઈ ભાગોળ આશરે ૫૦૦-૬૦૦ ડગલા દુર થાય. સુરીવાળી ભાગોળ ધમાલ

થયેલી એટલું સાંભળેલું. અમે ત્યાં ગયેલા નહીં તેથી શું થયેલું તેનો ખ્યાલ નથી.

બહુ ધમાલ થઈ છે તેવુ જાણવા મળતા અમે સાંજે ૫:૦૦ વાગ્યે કુટુંબ સાથે ખેતરે થઈને ચાલતા-ચાલતા ભાલેજ પહોંચેલા. અમે લગભગ ૭:૦૦ વાગ્યે ભાલેજ પહોંચેલા. ભાલેજ અમારા સંબંધીને ત્યાં રાત રોકાયેલા. ત્યાં સગાને ત્યાં પંદર દિવસ રોકાયેલા. ત્યારબાદ આણંદ મુકામે ઈસ્માઈલ નગરમાં ધંધા માટે આવતો હતો. મારૂ હેર કટીંગ સલુન તેમજ મારૂ મકાન બળીને સળગી ગયેલું. બનાવના વીસ દિવસ પછી આ હકીકત જાણવા મળેલી. મને બધુ મળીને આશરે ૬૦-૭૦ હજારનું નુકશાન થયેલું. પોલીસે ભાલેજ આઉટ પોસ્ટમાં મારૂ નિવેદન નોંધેલું અને બનાવના ૧૫-૨૦ દિવસ પછી આ નિવેદન નોંધેલું.

તે દિવસે શુક્રવારની નમાજ મસ્જીદમાં પઢવાને બદલે અમે નમાજ ઘરે પછેલા. આ દરમ્યાન બપોરના દોઢ-પોણા બે વાગ્યાના સુમારે ઓડ, સુરીવાળી ભાગોળ હિન્દુઓએ મુસ્લીમોના મકાનો-દુકાનોને તોડફોડ કરી આગ લગાડેલી અને આ વખતે પોલીસ વાહનોની સાયરનો વાગવાના તથા પોલીસ ફાયરીંગ થવાના અવાજો સાંભળેલા હોય તેવુ બનેલાનું મેં સાંભળ્યું નથી.

૪૪) આ કામમાં સાહેદ નં.૨૯ અને આંક-૧૨૫ થી આ કામના સાહેદ સલીમશા મકબુલશા દિવાન ને તા.૨૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૧.૩.૦૨ ના રોજ ગુજરાત અને ભારત બંધનું એલના હતું. બંધનું એલાન હતુ. બંધનું એલાન હોવાથી હું નોકરીએ ગયેલો નહીં અને ઘરે જ હતો અને મારા કુટુંબીજનો પણ ઘરે જ હતા. સાંજે પાંચ-સાડા પાંચ વાગ્યે ધારીયા, લાકડીઓ બધુ લઈને ટોળા આવેલા. આ ટોળા દુધની ડેરી બાજુથી આવેલા અને દરગાહ બાજુ આવતા હતા. આ ટોળાના માણસો હિન્દુ કોમના હતા. આ ટોળા પાસે લાકડીઓ, ધારીયા, પેટ્રોલના પાઉચ, કાકડા એવુ બધુ હતુ. ટોળા મારો-કાપો એવી બુમો પાડતુ હતુ. ટોળુ અમારી તરફ આવશે એવુ લાગતા અમે બધા નાસીને નવાપુરા બાજુ જતા રહેલા. ત્યાંથી રાત્રે આઠ-નવ વાગ્યે અમે સુરેલી જતા રહેલા અને ત્યાં લગભગ રાત્રે દસ-સાડા દસ વાગ્યે પહોંચેલા.

મારી સાથે મારૂ આખુ કુટુંબ પણ હતું. સુરેલી ગામે અમારા કોમના લોકોને ત્યાં રહેલા. ત્યાં બે-એક વર્ષ જેટલું રહેલા. સુરેલી ગામે ઓરડી ગામે રાખીને બે વર્ષ જેટલું રહેલા.

બનાવના બીજા- ત્રીજા દિવસે વાતોવાતથી જાણવા મળેલું કે, મકાન અને એવુ બધુ તોડી નાખ્યુ અને સળગાવી દીધુ થે. મહિના –દોઢ મહિના પછી હું ઓડ ગામમાં ગયેલો. મારૂ મકાન સળગાવીને તોડી નાંખેલુ હતુ. મારા મકાનમાં જે ઘરવખરીનો સામાન હતો તે લુંટાઈ ગયેલું અને મને બધુ મળીને આશરે ૮૦-૯૦ (એંસી-નેવુ) હજારનું નુકશાન થયેલું.

૪૫) આ કામમાં સાહેદ નં.૩૨ અને આંક-૧૨૮ થી આ કામના સાહેદ નઝીરખાન રસુલખાન પઠાણને તા.૨૨-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ મા ધમાલ થયેલી એટલું જાણું છું. લગભગ ૧ લી તારીખ હતી. અને શુક્રવાર હતો. ત્રીજો મહિનો હતો. ટોળાએ આવીને પથ્થરબાજી કરેલી. તે વખતે હું ટેમ્પા ઉપરથી આવીને ઘરે બઠેલો હતો. બપોરના અઢી-ત્રણ વાગ્યાનો સમય હતો. ટોળાવાળાએ પથ્થરમારો કરેલો. મેં કોઈને જોયા નથી. તે ટોળાના માણસો કઈ કોમના હતા તેનો ખ્યાલ નથી. પથ્થરમારો થયો પછી ટોળુ નીકળી ગયેલું અને અમે પત્ની તથા બાળકોને લઈને ભાલેજ જતા રહેલા. સાંજના ચાર-પાંચ વાગ્યે અમે ભાલેજ જવા નીકળી ગયેલા અને ચાલતા રાત્રે સાત-સાડા સાત વાગ્યે ભાલેજ પહોચેલા. ભાલેજ અમારા સગા-વ્હાલાને ત્યાં ગયેલા અને પછી કેમ્પમાં પહોચેલા.

મારા મકાનની તોડફોડ કરીને લુંટફાટ કરેલી અને ઘરમાનું બધુ વીણી ગયેલા ઘરવખરીના સામાનની લૂંટફાટ થતા મને આશરે ૩૫ થી ૪૦ હજાર જેટલાનું નુકશાન થયેલું. આ નુકશાન કોણે કરેલું તેનું ખ્યાલ નથી. મારી ઘરવખરીની કોઈ ચીજવસ્તુ પાછી મળેલી નહી. એ વાત ખરી છે કે પોલીસે મારૂ નિવેદન નોંધેલું બનાવ બન્યાના અઠવાડીયા પછી પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

૪૬) આ કામમાં સાહેદ નં.૩૪ અને આંક-૧૨૨ થી આ કામના સાહેદ હારૂનભાઈ કાદરભાઈ મેમણ (વ્હોરા)ને તા.૨૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં ઓડ ગામમાં બનેલ બનાવની વિગત હું જાણું છું. આ બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ બનેલો તે દિવસે શુક્રવાર હતો અમે ચારેય ભાઈઓ આ દિવસે બપોરે ૧૨-૩૦ વાગ્યે અમારા ઘરે ગયેલા. આ દિવસે ઓડ ગામનું બજાર બંધ હતુ. ગોધરા હત્યાકાંડની બાબતે બજાર બંધ હતુ અને ગામનું વાતાવરણ તંગ હતું. ૧૨-૩૦ વાગે અમે ભાઈઓ ઘરે આવ્યા તે પહેલા અમે અમારી ટ્રાન્સપોર્ટની ઓફીસમાં હતા ત્યારબાદ બપોરે ૧-૦૦ વાગે હું મારા ઘરેથી મસ્જીદમાં નમાઝ પઢવા માટે ગયેલો. મારા ઘરેથી થોડાક અંતરે આ મસ્જીદ બજારમાં આવેલ છે ત્યાં પહોંચતા "અંહીયા નમાઝ પઢવાની નથી અને પોત પોતાના ઘરે નમાઝ પઢવાની છે" તેમ કહીને નમાઝ પઢવાની ના પાડેલી જે નમાઝીઓ અને આગેવાનો ભેગા થયેલા તેમણે ના પાડેલી તેથી હું મારા ઘરે પરત ફરેલો અને ઘરે આવીને નમાઝ પઢેલી તે વખતે લગભગ ૧-૩૦ વાગ્યા હતા.

પછી પાછળથી ઝઘડો થતો હોય તેવી બુમો પાડતા હતા માણસોનો અવાઝ આવતો હતો પછી થોડીવાર બાદ અમોએ પાછળની બાજુએ જોતા મકાનો સળગતા હતા અમોએ આ બુમો અમારા ઘરની અગાસી ઉપરથી સાંભળેલી. રફીકભાઈ મચ્છી વાળાના ફળીયામાં મકાનો સળગતા જોયેલા આ મકાન સળગાવનાર કોણ હતા તેની ખબર નથી. મકાન સળગાવવામાં કેટલા માણસો હતા તેની ખબર નથી.

પાછળના જે મકાનો સળગેલા તે મુસ્લિમો અમારી અરબ ગલીમાં આવી ગયેલા પછી એકા એક બજારમાં પણ બહુ જ અવાજ આવવા લાગેલા મારો, કાપો એવા અવાજો આવતા હતા બાંડીયાઓને મારો કાપો એવા અવાજો આવતા હતા પછી જે મસ્જીદ હતી તે અને દુકાનો અમોએ સળગતી જોયેલી. તે મસ્જીદની દુકાનો કોણે સળગાવેલી તેની ખબર નથી. તે બે વાગ્યા પછીનો સમય હતો પછી બધી બાજુ સળગવા લાગેલું અને અમારી ઓફીસ બાજુ પણ ધુમાડો નિકળવા લાગેલા પછી પાછળની બાજુ વધુ સળગ્યુ તેથી બધા મુસ્લીમો અમારી ગલીમાં આવી ગયેલા અમારી ગલીમાં લગભગ ૩૦૦ થી ૪૦૦ માણસો હતા તે બધા મુસ્લીમ કોમના માણસો ભેગા થયેલા.

રફીકભાઈ મચ્છીવાળાને હું ઓળખું છું તેમનું મકાન મારા મકાનથી લગભગ ૫૦૦ ફુટ દુર નાકા ઉપર આવેલું છે. પછી અમારા પણ જીવ પડીકે

બંધાઈ ગયેલા અને અમો અમારૂ જીવ બચાવવાની કોશીષમાં લાગી ગયેલા. પછી પાંચેક વાગે જાણવા મળેલ કે હિન્દુ છોકરો ગોળી બારમાં એક્સપાયર થયો છે. અમારા ગામમાં મસ્જીદ અને દુકાનો બધુ સળગતું હતુ તેથી થોડા મુસ્લિમ લોકો એક ટેમ્પામાં સુરેલી ગામે જવા નિકળી ગયેલા તે સાંજનો સમય હતો તે લોકોએ સુરેલી ગામે જઈને ઓડ ગામમાં બનેલ બનાવની વાત કરેલી અને એમ પણ કહેલું કે અત્યારે પણ આપણા મુસ્લીમ કોમના ૪૦૦ થી ૫૦૦ માણસો એક જગ્યાએ એકઠા થયા છે. પછી સુરેલી ગામેથી મુસ્લીમ લોકો ટેમ્પો લઈને ઓડ ગામે આવેલા અને એ લોકો અમને બધાને ટેમ્પામાં બેસાડીને સુરેલી ગામે લઈ ગયેલા અમે જ્યારે ઓડ ગામેથી સુરેલી ગામે જવા નિકળ્યા ત્યારે અંધારૂ થઈ ગયેલું હતુ અમે નિકળ્યાના ૧૫ થી ૨૦ મિનીટ પછી સુરેલી પહોંચી ગયેલા તે વખતે આશરે કેટલા વાગ્યા હશે તે કહી શકું નહી.

સુરેલી મુકામે ફરીદખાન જબરૂખાન પઠાણના ઘરે અમે બધા કુટુંબીજનો પહોંચેલા સુરેલી ગામે અમને જાણવા મળેલુ કે ઓડ ગામમાં બધી બાજુ આગ ફેલાય છે એવુ પણ જાણવા મળેલ કે બીજા દિવસે ગોળીબારમાં એક્સપાયર થયેલ છોકરાની અર્થી નીકળેલી અને વિધી પુરી થયા પછી અમારા અરબ ગલીના મકાનોને સળગાવી દેવામાં આવેલા મારો પોતાનો મકાન સંપુર્ણ સળગી ગયેલું.

તા.૧-૩-૨૦૦૨ના રોજ બપોરે અમે અમારા ઘરે હતા ત્યારે અમારી ટ્રાન્સપોર્ટની ઓફીસ તરફથી ધુમાડો નિકળતો અગાસીમાંથી જોયેલો ત્યાં મારી બે કાર સળગાવી દેવામાં આવેલી અને બે બાઈક પણ સળગાવી દેવામાં આવેલી. મારી ઓફીસ પણ સળગાવી દેવામાં આવેલી અને તેની ઉપર હું જ્યા રહેતો હતો તે ઘરમાંની બધી ઘરવખરી લુંટી લેવામાં આવેલી એ સળગાવનારા હિન્દુ કોમના હતા તેજાણું છું પણ કોણે સળગાવેલું તેની મને ખબર નથી. મે તે વખતે મારા જુના મકાનના છ લાખ અને મારી ઓફીસના નુકશાનના બે લાખ લખાવેલી ઓફીસ પરના ચાર વાહનો થઈને રૂા.૨ લાખનું નુકશાન થયેલું અને ઘરે જે વાહનો સળગી ગયેલા તેનું રૂા.૩૦ હજારનું નુકશાન થયેલું પોલીસે મારી પુછ પરછ કરેલી પોલીસે તા.૧૦-૫-૨૦૦૨ના રોજ મારૂ નિવેદન નોંધેલું.

૪૭) આ કામમાં સાહેદ નં.૩૮ અને આંક-૧૩૬ થી આ કામના સાહેદ કાલુમીંયા ભીખુમીંયા મલેકને તા.૨૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ શુક્રવાર હતો. હું મારા ઘરમાં હતો. લગભગ એક સવા વાગ્યે બુમાબુમ સાંભલેલી તેથી અમારી પાછળ આસ્થાના છે ત્યાં અમે બધા બેસી ગયેલા. આ બુમો પાડનાર કોણ હતું તે અમે જોયેલું નહી. પાંચ-સાડા પાંચ થયા પચી અમે બદા નીકળી ગયેલા. થોડાક સુરેલી ગયેલા. થોડાક ભાલેજ ગયેલા. ઓડ ગામ ૧ લી તારીખે સવારના ચાલુ હતું, બપોર પછી બંધ થઈ ગયેલું. પછી હું દાગજીપુરા મારી બહેનના ઘરે જતો રહેલો. ઓડથી લગભગ છ – સાડા છ પોણા સાત વાગ્યે નીકલી ગયેલા. બે - ત્રણ દિવસ પછી અમે તપાસ કરાવેલી તો મારૂ ઘર બધુ નાશ થઈ ગયેલું.

બનાવના દિવસે સુરીવાળી ભાગોળે બધા ટોળા હતા તે ટોળા જોઈને અમે આસ્થાનામાં આવી ગયેલા. આ ટોળામાં લગભગ ૫૦૦ – ૭૦૦ – ૧૦૦૦ જેટલા માણસ હતા ટોળાના માણસો લાકડીઓ ઉંચી કરતા હતા તે અમો જોતા હતા તે સિવાય બીજું કાંઈ જોયેલું નહી તે લોકો ધમાલ કરવા આવેલા. પેલા છોકરાને ગોળી વાગી એટલે બધુ વિખરાઈ ગયેલું. તે દોઢ- પોણા બેની આસપાસ બનેલું.

મારા ઘરને નુકશાન થયેલું તે બનાવના બે ત્રણ દિવસપછી જાણવા મળેલું વાતો વાતોથી મારા ઘરને નુકશાન થયેલાનું જાણેલું. તે દાગજીપુરા મુકામ જાણેલું. મકાનો બળી ગયા તેવુ જાણેલુ મને બધુ મળીને લગભગ ચાર લાખ જેટલું નુકશાન થયેલું.

મુસ્લિમો સિવાય બધી કોમના ટોળાના માણસો હતા પોલીસે મારૂ નિવેદન નોંધેલું. બનાવના બે મહીના પછી પોલીસે મારૂ નિવેદન નોંધેલુ.

૪૮) આ કામમાં સાહેદ નં.૩૯ અને આંક-૧૩૭ થી આ કામના સાહેદ શબ્બીરમીંયા રસુલમીંયા શેખ ને તા.૨૪-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં ઓડ ગામમાં ધમાલ થયેલી અને આ ધમાલ ૧લી તારીખે શુક્રવારે થયેલી પહેલા ગોધરામાં થયેલું અને પછી ઓડમાં ધમાલ થયેલી આ ધમાલ હિન્દુ મુસ્લિમ વચ્ચે થયેલી હું રીક્ષા લઈને ઘરે આવ્યો ત્યારે

બે વાગ્યા મને ખબર પડેલી તે દિવસે હું વર્દીમાં ગયેલો બે વાગ્યે હું જમેલો અને પછી ખબર પડેલી બુમા બુમ થઈ બાંડ્યાઓને મારો, બાંડ્યાઓને મારો એવું બોલતું ૫૦૦ નું ટોળું આવેલું તે ટોળુ અમારા ફળીયામાંથી પાર પડેલું. ટોળાના હાથમાં લાકડીઓ જેવું હતું. ટોળુ ફળીયામાંથી બહાર જતું રહેલું અમે ઘરમાં બેઠેલા હતા.

સાંજના ૬-૩૦ વાગ્યા પછી અમે ભાલેજ જવા નિકળી ગયેલા અને ચાલતા ભાલેજ રાત્રે ૧૦-૦૦ વાગ્યે પહોંચેલા. ભાલેજ મુકામે કેમ્પમાં રહેલા. મારા મકાનની લુંટ થઈ ગયેલી. બનાવના બે ત્રણ દિવસ પછી અમે જોવા માટે આવેલા અમારા ઘરના બારણાં ખુલ્લા હતા અને ઘરમાં કશું જોવા મળેલું નહી મને લગભગ બે લાખનું નુકશાન થયેલું.

૪૯) આ કામમાં સાહેદ નં.૪૦ અને આંક-૧૪૦ થી આ કામના સાહેદ ફારૂકમીયાં યાસીનમીંયા મલેક ને તા.૩૦-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં ધમાલ થયેલી અને ૧લી તારીખ તેમજ શુક્રવાર હતો અને માર્ચ મહીનો હતો. અમે ખેતરેથી કામ પરથી આવીને ઘરે જમવા માટે બેઠેલા. તે વખતે લગભગ ૪-૦૦ વાગ્યાનો સમય હતો. ટોળુ આવ્યુ અને બુમો પડી એટલે અમે નાસી છુટ્યા કાપી નાંકો કાપી નાંખો એવી બૂમો ટોળું પાડતુ હતું. મેં ટોળું જોયેલું નહી. ટોળુ પુર્ણીમાં ચોક આગળથી ૫૦ ફુટથી જોયેલું. ટોળામાં ૨૦૦-૫૦૦ માણસો હતા તેથી ઓળખું નહી.

ટોળુ જોઈને અમે ખેતરોમાં થઈને નાસી ગયેલા અને ભાલેજ પોહંચેલા. ટોળુ મારી નાંખો – કાપી નાંખો એવી બુમો પાડતું હતુ તેથી અમે નીકળી ગયેલા. ટોળા પાસે લાકડીઓ અને પેટ્રોલના પાઉચ બધુ હતું. આખી રાત અમે ખેતરોમાં બેસી રહેલા અને સવારે ભાલેજ પહોંચેલા. પાંચ દિવસ સુધી સગા-વ્હાલાને ત્યાં રહેલા અને પછી રાહત કેમ્પમાં રોકાયેલા. આ કેમ્પમાં અમે ત્રણ મહિના રોકાયેલા.

મારૂ પુર્ણીમા ચોકવાળુ મકાન સળગાવી દીધેલું. તે કોણે સળગાવેલું તે જાણતો નથી. આ મકાન સળગાવી દેતા મને નુકશાન થયેલું. મને બે - ત્રણ લાખનું નુકશાન થયું હશે.

૧લી તારીખે ગામમાં બંધનું એલાન હતું. ગોધરાકાંડને કારણે આ એલાન હતું અને ગામનું વાતાવરણ તંગ હતું. હું ૧લી તારીખે બપોરે ઘરે જમવા બેઠેલા ત્યારે સુરીવાળી ભાગોળે ધમાલ ચાલુ થઈ ગઈ છે. તેવું જાણવા મળેલું. તે સિવાય બીજું કાંઈ જાણેલું નહી. પોલીસે મારૂ નિવેદન નોંધેલું. પોલીસે બનાવના દોઢ-બે મહિના પછી મારૂ નિવેદન નોંધેલું.

૫૦) આ કામમાં સાહેદ નં.૪૪ અને આંક-૧૪૪ થી આ કામના સાહેદ અહેમદમીંયા હાસમમીંયા મલેક ને તા.૩૦-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

ગોધરાના બનાવના અનુસંધાને ગુજરાત બંધનું એલાન હોવાથી ૨૦૦૨ની સાલમાં ઓડ ગામમાં કોમી રમખાણો થયેલા. બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ શુક્રવારે બનેલો. મારા ગામમાં મસ્જીદ છે. આ મસ્જીદમાં નમાઝ મૌલવી સાહેબ પઢાવે છે. બનાવના દિવસે ગામમાં વાતાવરમ તંગ હતું. મારા ઘરથી મસ્જીદ પા કિલોમીટર દુર છે. હું બનાવના દિવસે બપોરે મસ્જીદમાં નમાઝ પઢવા ગયેલો પણ ત્યાં જમાદાર બેઠેલા હતા તેમણે નમાઝ પઢતા નહી, ઘરે જઈને પઢી લેજો, એવું કહેલું તે દિવસે ઓડનું બજાર બંધ હતું અને ભારત બંધનું એલાન હોવાથી બંધ હતું. તે વખતે હું મારા ઘરે હતો. ૨-૦૦ વાગ્યે નમાઝ પઢવા ગયેલો પછી ઘરે આવતો રહેલો. પછી ૪-૦૦ વાગ્યે એકદમ ઉહાપોહ થયો અને લોકો કિકિયારીઓ કરતા આવેલા. આ લોકો હિન્દુ હતા. તે લોકો મારો – કાપો એવી કિકિયારીઓ કરતા હતા. એ લોકો સુમરાવના ચોરે આવેલા. તેલોકો પૈકી કોઇને જોયેલા નહી. પછી હું મારા ઘરે જ હતો. પછી તે લોકો કિકિયારીઓ કરતાં પુર્ણિમા ચોક તરફ ગયેલા. પછી શું થયેલું તેની ખબર નથી. તે દિવસે રાત્રે હું મારા ઘરે જ હતો. બીજા દિવસે સવારે નીકળીને ભાલેજ પહોંચેલો. મારી સાથે મારા પત્નિ અને મારો ભાણો હતો. ભાલેજ સવારે આઠ નવ વાગ્યે પહોંચેલા અને ત્યાં કેમ્પમાં ગયેલા. હું જ્યારે નીકળ્યો ત્યારે મારૂ મકાન સલામત હતું. બે ત્રણ દિવસ પછી તપાસ કરતા મકાન સલામત હતું પણ મકાનમાં કશું રહેવા દીધેલું નહી. મકાનમાં ઘરવખરીનો સરસામાન હતો. તેમજ પાંચેક તોલા સોનુ અને કિલો જેટલી ચાંદી હતી તે પૈકી કસુ જ મળેલુ નહી. આ બધુ કોણ લુંટી ગયું તેની ખબર નથી. તેની ચાર પાંચ દિવસ પછી ખબર પડેલી ત્યારપછી હું તપાસ કરવા ગયો ત્યારે ખબર

પડેલી. મને બધુ મળીને આશરે બે- એક લાખ જેટલું નુકશાન થયેલું. પોલીસે મારૂ નિવેદન નોંધેલું અને તે બનાવના લગભગ દોઢ મહિના પછી નોંધેલું.

૫૧) આ કામમાં સાહેદ નં.૪૭ અને આંક-૧૪૭ થી આ કામના સાહેદ બશીરમીંયા હસનમીંયા મલેક ને તા.૩૦-૧૨-૨૦૦૯ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ શુક્રવારે ઓડ ગામમાં તોફાન થયેલું. અમને મસ્જીદમાં નમાઝ પઢવાની ના પાડેલી. ૨:૦૦ વાગ્યા પછી ધમાલ ચાલુ થયેલી. પહેલી ધમાલ સુરીવાળી ભાગોળથી કરતા કરતા એ લોકો આવેલા. એ લોકો એટલે ટોળું . આ ટોળું હિન્દુ કોમનું હતું. ધમાલ કરતા કરતા આવ્યા ત્યારે અમે અમારા ઘરમાં હતા. એ લોકો મારો કાપો એવી બુમો પાડતા સળગતા કાંકડા લઈને ઘરો ઉપર નાંખતા હતા. પછી બીકના માર્યા અમે દરવાજો બંધ કરી અંદર પેસી ગયેલા. આ ટોળું અમારા ઘર પાસેથી થઈ પીરાવાળી ભાગોળ, પુર્ણીમા ચોક જતું રહેલું. તે વખતે લગભગ ૪:૦૦ વાગ્યાનો સમય હતો.

બકસુમીંયા સાબીરમીંયાને હું ઓળખું છું. તેઓ અમારા બાજુના મહોલ્લામાં રહે છે. તેમનું મકાન કાંકડા નાંખીને સળગાવેલું હતું. એ લોકો સળગાવીને પછી આ બાજુ નીકળી ગયેલા. ટોળાના માણસોને ઓળખેલા નહી પણ પણ હિન્દુ કોમના હતા એટલુ જાણુ છું. પછી અમે ઘરની અંદર બેસી રહેલા. પછી લગભગ રાત્રે ૧૨:૦૦ વાગ્યે શાંત, પડતા અને નીકળી ગયેલા. પછી અમે સીધા અમારા ખેતરમાં જતા રહેલા. મારી સાથે મારૂ કુટુંબ હતું. પછી ચાલતા-ચાલતા ભાલેજ જતા રહેલા ત્યાં સવારમાં પહોંચી ગયેલા. ત્યાં અમે કેમ્પમાં રહેલા.

મારા મકાનને તોડફોડ કરીને આ લોકોએ લૂંટી લીધેલું. મને લગભગ રૂા.૫૦,૦૦૦-૦૦ ઉપરાતનું નુકશાન થયેલું. કોણ લૂંટી ગયેલું. તેની ખબર નથી. બનાવ બન્યાના લગભગ દોઢ મહિના પછી પોલીસે મારુ નિવેદન નોંધેલું.

૫૨) આ કામમાં સાહેદ નં.૫૦ અને આંક-૧૫૨ થી આ કામના સાહેદ શબ્બીરમીંયા રસુલમીંયા શેખ ને તા.૫-૧-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

૨૦૦૨ની સાલમાં શુક્રવારે બનાવ બનેલો. કઈ તારીખ હતી તેની ખબર નથી, બીજી કે એવી કંઈક હતી. બનાવના દિવસે બપોરે ૧૨-૩૦

અરસામાં મસ્જીદમાં હું નમાઝ પઢવા ગયેલો ત્યાં ઈન્સપેક્ટર હતા તેમણે કહેલું કે અહીંયા નમાઝ પઢશો નહી તેથી અમે ઘરે નાસી આવેલા. પછી ધમાલ થયેલી લગભગ ૧-૦૦ની આજુબાજુ ધમાલ થયેલી ટોળા ટોળા આવી ગયેલા એક જણના ઘરમાં આગ મુકીને બાળી મુકેલુ પછી અમો અમારા ઘરે નાસી આવેલા. પછી ટોળા વાળાએ એકદમ બધુ બાળી દીધેલું. દફનક્રીયા માટે લઈ જવાતો જનાજો બાળી મુકેલો અમારી ભજન ની વસ્તુઓ બાળી મુકેલી બધુ બાળી દીધુ એવી પછી ખબર પડેલી આ બધુ કોણે કરેલું તેની ખબર નથી. ભજન ઉપરાંત બધા સાધનો બાળી દીધેલા અને તાજીયા બાંધવાનો સામાન બાળી દીધેલો મસ્જીદનું કામ ચાલતું હતુ અને માર્બલ લાવેલા તે લોકો લઈ ગયેલા સીમેન્ટનું સાધન એ લોકો લઈ ગયેલા અમારા મકાનને કશું થયેલું નહી. લુંટફાટ થયેલી અમારા વાસણ, ઘરવખરીનો સરસામાન લઈ ગયેલા મને બધુ મળીને આશરે ૧ લાખનું નુકશાન થયેલું. અમારા ગયા પછી આ ઘરનું સરસામાન લઈ ગયેલા. પોલીસે મારૂ નિવેદન નોંધ્યું નથી.

૫૩) આ કામમાં સાહેદ નં.૭૮ અને આંક-૧૮૫ થી આ કામના સાહેદ ફરીદમીંયા રસુલમીંયા મલેક ને તા.૨૧-૧-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ શુક્રવારે બનેલો બનાવ બનવાનું કારણ જાણતો નથી. ગામ બંધ છે તેમ સાંભળવા મળેલ તે દિવસે હું ઘરે હતો હું મજુરી કરૂ છું. હું બાજુના ગામમાં ઉમરેઠ મજુરી કરૂ છું.

બનાવના દિવસે ૧-૦૦ દોઢ વાગે અમે સાંભળવા મળેલ કે ગામમાં ધમાલ થઈ છે. આ ધમાલ હિન્દુ મુસ્લિમ વચ્ચે થયાનું સાંભળેલ. ધમાલમાં શું થયેલ તેની મને ખબર નથી. બીજુ કાંઈ જાણવા મળેલ. તે દિવસે રાત્રીના એક વાગ્યે સુધી મારા ઘરે હતો હું મારૂ ઘર છોડીને ક્યાંય ગયેલો નહી. સુરીવાળી ભાગોળે હિન્દુ કોમના લોકોએ મુસ્લિમના મકાન બાળ્યા છે તેમ જાણવા મળેલુ તે સિવાય બીજું કાંઈ જાણવા મળેલ નહી. હું રાત્રે ૧-૦૦ વાગે ભાલેજ જવા નિકળી ગયેલો રાત્રે મારી બહેનને ત્યાં રોકાયેલો અને સવારે કેમ્પમાં ગયેલો કેમ્પમાં અમારી મુસ્લીમ કોમના લોકો હતો તેમના મારફત વાતોવાતોથી જાણવા મળેલ કે આપણા નવાપુરામાં મકાનો બાળી નાંખ્યા છે મારૂ મકાન બાળી નાંખ્યુ તેમાં સરસામાન હતું તે સરસામાનની બધી લુંટફાટ થયેલી. મને

લગભગ ૭૦ થી ૮૦ હજારનું નુકશાન થયેલું. બનાવના બે માસ બાદ ભાલેજ કેમ્પમાં પોલીસે મારૂ નિવેદન નોંધેલ અને પોલીસે મારી પુછપરછ કરેલી.

૫૪) આ કામમાં સાહેદ નં.૭૯ અને આંક-૧૮૬ થી આ કામના સાહેદ ઈસુબશા દાઉદશા દિવાન ને તા.૨૧-૧-૨૦૦૨ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ શુક્રવારે બનેલો. તે દિવસે વાતાવરણ તંગ હતું અને તે વખતે હું ઘરે જ હતો. વાતાવરણ તંગ હોવાથી હું મારા કુટુંબ સાથે ઘરે જ બેસી રહેલો. બજાર બાજુથી ૫૦૦-૧૦૦૦ માણસોનું ટોળુ આવેલ અને તે ટોળું પહેલાનું હતુ. મારો કાપો બાળો તેવી બુમો પાડતું હતું અને સામે બધુ સળગાવ્યું. આ ટોળામાં કોણ કોણ હતું તે મેં ઓળખેલા નહી. ત્યાર બાદ સાંજે મારા કુટુંબને લઈને ચાલતા નવા પુરા થઈને હું સુરેલી મુકામે નાસી ગયેલો. મોટી દૂધની ડેરીની સામે મુસ્લીમ વિસ્તાર છે. તેમાંથી ધુમાડા નીકળતાં જોયેલા. તે પાંચ એક વાગ્યાના અરશામાં જોયેલા. સાંજના પાંચ વાગ્યે હું કુટુંબ સાથે સુરેલી જવા નીકળેલો અને બે ત્રણ કલાકે પહોંચેલો. ધુમાડા નીકળતા હતા તે જગ્યાએ હું જોવા ગયેલો નહી. દુધની ડેરી વાળો વિસ્તાર પીરાવાળી ભાગોળ પણ કહેવાય સામે જે બિલ્ડીંગો છે તેને કંઈ થયેલ નહી જે થયેલ તે અમારા મુસ્લીમ વિસ્તારમાં થયેલ. બનાવના દસ બાર દિવસ પછી મારૂ મકાન બાળી નાંખ્યું છે અને લુંટાઈ ગયેલ છે જેમ જાણવા મળેલ. મારા મકાનનો ઘર વખરીનો સર સામાન લુંટી ગયેલા. મને બધુ મળીને બે અઢી લાખનું નુકશાન થયેલ. બનાવના લગભગ બે અઢી મહિના પછી પોલીસે સુરેલી મુકામે મારૂ નિવેદન નોંધેલ. તે નિવેદન નોંધ્યાની તારીખ ખબર નથી.

૫૫) આ કામમાં સાહેદ નં.૮૧ અને આંક-૧૮૮ થી આ કામના સાહેદ અપ્સરખાન ફરજુલ્લાખાન પઠાણ ને તા.૨૧-૧-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

બનાવ તા.૧-૩-૨૦૦૨ના રોજ શુક્રવારના રોજ બનેલો. તે દિવસે ગામ બંધ હતું. ભારત બંધનું એલાન હોવાથી ગામ પણ બંધ હતું. બનાવના દિવસે હું મારા ઘરે હતો. ગામમાં વાતાવરણ એકદમ તંગ હતું. ગામમાં જાણવા મળેલ કે શુક્રવારનો દિવસ હતો બે અઢીનો સમય હતો તેમ જાણવા મળેલ કે મુસ્લીમોની દુકાનો અને મકાનોને આગ લગાડવામાં આવેલ છે અને તે આગ

હિન્દુઓએ લગાડ્યાનું જાણવા મળેલ. તે આગ લગાડનારા કેટલા માણસો હતો તે જાણતો નથી. આ લોકો ક્યાંથી આવેલા તે પણ હું જાણતો નથી. પોલીસે ફાયરીંગમાં પટેલનો છોકરો ગુજરી ગયાનું જાણવા મળેલ. તેથી વાતાવરણ વધારે તંગ લાગેલ. બીજુ કંઈ બનેલ નહી. દિવસ અને રાત તે દિવસે અમારા અમારા ઘરે રહેલા અને બીજા દિવસે સવારે સાડા છની આસપાસ ભાલેજ જવા કુટુંબ સાથે નીકળી ગયેલા. ત્યા આશરે આઠ સાડા આઠ વાગ્યે પહોંચેલા અને મારા ફોઈને ત્યાં રોકાયેલા અને ત્યારપછી કેમ્પમાં રોકાયેલા. કેમ્પમાં મહીનો બે મહીના રોકાયેલા. ઓડમાં પાછા આવેલા નહી.

મારુ મકાન હતું તે સંપુર્ણ બળી ગયેલું. અને ઘર વખરીનો સરસામાન તેમજ મારા લગ્ન બાબતે જે વસ્તુઓ અને સર સામાન હતો તે બધુ બળીને સાફ થઈ ગયેલ. મને આશરે ત્રણ થી સાડા ત્રણ લાખ જેટલું નુકશાન બધુ મળીને થયેલ.

૫૬) આ કામમાં સાહેદ નં.૮૨ અને આંક-૧૮૯ થી આ કામના સાહેદ સફીકમહંમદ અબ્દુલભાઈ ખલીફા ને તા.૨૧-૦૧-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

ગોધરા ખાતે ૨૭-૨-૨૦૦૨ના રોજ બનાવ બનેલો અને ગાડી સળગાવી હતી તે બનાવ બનેલો હતો. તા.૧-૩-૨૦૦૨ના રોજ બનાવ બનેલો. તે દિવસે ગામમાં બંધ હતું. વાતાવરણ તંગ ખરાબ હતું. તે વખતે હું મારા ઘરે હતો. તે દિવસે શુક્રવાર હતો. શુક્રવારે નમાઝ પઢવા જઈએ. દોઢ વાગ્યે નમાઝ પઢવા જવાની તૈયારી કરેલ પણ વાતાવરણ ખરાબ હોવાથી નમાઝ પઢવા ગયેલ નહી પણ ઘરે જ રહેલા સુરીવાળી ભાગોળે ટોળું આવેલ તે જાણેલ. આ ટોળું બધા હિન્દુ લોકોનું હતું. આ ટોળુ મોટા ફળીયા બાજુથી આવેલું. આ ટોળામાં બે ત્રણ કાંકડાઓ એવું બધુ આ ટોળા પાસે હતું. એ લોકોએ આગ લગાડેલી પણ અમે જોયેલ નહી. સુરીવાળી ભાગોળે મુસ્લીમ ફળીયામાં આગ લગાડેલી. મારા મકાનને બહારથી આગ લગાડેલ તેથી અમે મેડા ઉપર જતા રહેલા. ત્યાં અમે બેસી રહેલા. ગામમાં ફાયરીંગ થયાનું જાણેલ તેમાં એક છોકરો ઓફ થઈ ગયેલાનું જાણેલ તે છોકરો પટેલ કોમનો હતો, તેમ જાણેલ તે મરણ પામનાર છોકરાના નામની ખબર પડેલી નહી. બહુ આગ લાગતા અમોએ બુમરાડ કરેલી અને પોલીસે સાંકળો ખોલેલ અને પોલીસ અમને પાછળથી લઈ ગયેલી. જે

ટોળાએ સળગાવેલ તે હિન્દુ કોમના હતા. પોલીસ અમને વ્હોરવાડમાં લઈ ગયેલી પછી વાતાવરણ ઠંડુ પડતા અમે સુરેલી જતા રહેલા. અમારૂ ઘર સળગ્યું ત્યારે અમારો ભાઈ ઈસુબભાઈ તથા રફીકભાઈ ત્યાં હતા. પછી સાંજના છ વાગ્યાના અરસામાં ટેમ્પામાં અમે સુરેલી ગયેલા. સુરેલી મુકામે ફરીદભાઈ જબરુભાઈ એ વ્યવસ્થા કરેલી. ત્યાં અમે રહેલા. પછી અમે કેમ્પમાં રહેલા. મારૂ મકાન સળગી જતા મને ૩-૪ લાખનું નુકશાન થયેલું.

૫૭) આ કામમાં સાહેદ નં.૯૧ અને આંક-૨૦૨ થી આ કામના સાહેદ જુસબમીંયા ઈસામમીંયા પઠાણ ને તા.૨૭-૧-૨૦૧૦ ના રોજ તપાસેલ છે. અને તેઓએ તેઓની જુબાની માં નીચે મુજબ જણાવે છે કે,

તા.૦૧-૦૩-૨૦૦૨ના રોજ ઓડ ગામમાં ધમાલ થયેલી. આ ધમાલ હિન્દુ મુસ્લીમ વચ્ચે થયેલી. બનાવના દિવસે હું ઘરે જ હતો. ઘરે હું, મારી પત્ની અને મારો દિકરો એ રીતના હતા. ધમાલ બપોરે ૨:૦૦ વાગ્યા પછી શરૂ થયેલી. મોટા ફળીયાની પાસે નાનુ ફળીયું છે, તે બાજુથી ટોળું આવેલું. તે ટોળામાં ૫૦૦- ૧૦૦૦ માણસો હતા. તે ટોળાને મેં જોયેલું. આટોળાના માણસો પાસે પાઉચ જેવું કાંઈક હતું અને પાવડાના દસ્તા હતા. તેમેં જોયેલું ટોળુ આવતા આમને સામને થયેલું. મારી નાંખો કાપી નાંખો એમ કહેતા ટોળુ આવેલું. તે ટોળાના માણસોએ ધમાલની શરૂઆત કરેલી તે લોકોએ મારામારી અને એવુ બધુ ચાલુ કરેલું. પછી પોલીસ આવી ગયેલી અને ટીયર ગેસના શેલ છોડેલા અને ત્યારબાદ ફાયરીંગ કરેલું. ટોળાને છુટુ પાડવા માટે ફાયરીંગ કરેલું. તેવખતે હું ઘરે જ હતો, મારા ઘરથી આશરે ૧૦૦-૧૫૦ ફુટના અંતરે ટોળું જોયેલું.

બનાવના દિવસે બજાર બંધ હતું. તે દિવસે ગામનું વાતાવરણ તંગ હતું. અમારા ગામમાં જુમ્મા મસ્જીદ છે. મારા ઘરથી આ મસ્જીદ પહોંચતા ચાલતા જતા પાંચ મિનિટ લાગે. તે દિવસે આ મસ્જીદમાં નમાઝ થયેલી નહી. ત્યારપછી ટોળાએ શું કરેલું તે મેં જોયું નથી. સુરેલીના બે-ત્રણ વડીલો ટેમ્પા લઈને આવેલા તેમાં અમે રાત્રે આઠ – નવ વાગ્યે સુરેલી જતા રહેલા.

હું નબીમીંયા અશરફમીંયાને ઓળખું છું. તેમનું મકાન મારી બાજુમાં છે. તેમના મકાનનો બનાવના દિવસે અઢી - ત્રણ વાગ્યે સળગાવેલું. મારૂ મકાન પણ સળગાવેલું. તે વખતે હું પાછળ જે ભાડાના મકાનમાં રહેતો હતો ત્યાં હતો.

મારા ભાઈ બદરૂખાન સહિતના ત્રણેય ભાઈઓ તે મકાનમાં જ હતા. તે વખતે મારા આ ત્રણે ભાઈઓનું મકાન થોડુક સળગેલું.

અમે સુરેલી અડધા કલાકમાં પહોંચી ગયેલા. અંદાજે ૨૦ મિનીટ લાગેલી. સુરેલી ગામે પહોંચીને અમે સીધા કેમ્પમાં ગયેલા. કેમ્પમાં એવા સમાચારો આવેલા કે, બધુ પતી ગયું છે અને બધુ સળગાવી દીધું છે. ચાર- પાંચ દિવસ પછી કેમ્પમાં એવી ખબર પડેલી કે, અમારી કોમનું કશું રહ્યું નથી અને બધુ સાફ થઈ ગયું છે.

હું મહંમદરફીક ગુલામરસુલને ઓળખું છું. તેમનું મકાન સુરીવાળી ભાગોળે આવેલું છે. ગુલામરસુલ જહાંગીરમીંયા ગુજરી ગયાનું જાણેલું પણ કઈ રીતે ગુજરી ગયા તે જાણેલું નહી. મારૂ મકાન સંપુર્ણ નાશ પામેલું. મને લગભગ અઢી-ત્રણ લાખનું નુકશાન થયેલું. બનાવના પાંચ દિવસ પછુ સુરેલી કેમ્પમાં પોલીસે મારૂ નિવેદન નોંધેલું.

ઈ.પી. કો. કલમ ૧૨૦(બી) મુજબ નામદાર કોર્ટે તોહમતદારો સામે તહોમતનામુ ફરમાવેલ છે. તે અનુસંધાને સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ કે, તોફાની ટોળા પાસે કેરોસીન તથા પેટ્રોલના પાઉચ હતા તથા અન્ય જીવલેણ ઘાતક હથિયારો હતા. જયારે સાહેદોએ કેરોસીન અને પેટ્રોલના પાઉચ અંગે તેઓની જુબાનીમાં જણાવેલ છે તેથી તે વાતને માની શકાય છે. તહોમતદારોએ આ હુમલો કર્યો તેનુ પુર્વઆયોજીત કાવતરૂ ઘડેલ હતુ કારણકે, પેટ્રોલ અને કેરોસીનના પાઉચ લઈને ઝનુની ટોળાએ હુમલો કરેલ હતો. તે વાત થી સ્પષ્ટ થાય છે કે, આ હુમલો પુર્વ તૈયારી સિવાય શક્ય બની શકે તેમ નથી.

**<u>ડોક્ટર અને એફ.એસ.એલ.</u>**

આ કામના ડોકટર સાહેદોને નામદાર કોર્ટે તપાસેલ છે અને તે અનુસંધાને ઈજા પામનાર સાહેદો અકબરખાન ભીખનખાન પઠાણ, મહંમદખાન અકબરખાન પઠાણ, મહેરાજબીબી (મહેરૂનબીબી) આર. પઠાણ નાઓને ભાલેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કરમસદ શ્રી કૃષ્ણ હોસ્પીટલ ના જુદા જુદા ડોકટરોએ તપાસેલ છે, તેમજ મૃત્યુ પામનાર સીકંદરમીંયા ઉસ્માનમીંયા મલેક તથા તેમની પુત્રી ગુડ્ડી ઉર્ફે મુન્નીની લાશના શબ પરિક્ષણ પણ થયેલ છે. આમ, નામદાર કોર્ટના રેકર્ડ ઉપર ઉપરોક્ત દર્શાવેલ ઈજા પામનાર સાહેદો તથા મૃત્યુ પામનાર ના શબ પરિક્ષણ કરનાર ડોક્ટરોની જુબાની પણ ખુબજ મહત્વનો અને અગત્યનો ભાગ બની જાય તેમ છે.

આમ, આ કામે સૌ પ્રથમ ડોક્ટર શ્રી અશોકભાઈ બાબુલાલ શર્મા કે જેઓ સને ૨૦૦૨ ની સાલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભાલેજ મુકામે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા.૨.૩.૨૦૦૨ ના રોજ બપોરના આશરે સાડાબાર વાગે મોહંમદખાન અકબરખાન પઠાણને ઉપરોક્ત ડોક્ટરશ્રીએ તપાસેલ છે અને તે તપાસ અનુસંધાને તેઓને નીચે મુજબની ઈજાઓ દર્શાવેલ છે.

(૧) ડાબા ગાલે, ડાબી કોણીએ, ડાબી હથેળીએ ચામડીના ઊંડાણ સુધી દાઝેલા હતા.

(૨) જમણા હાથે જમણી હથેળી એ ચામડીના ઊંડાણ સુધી દાઝેલા હતા.

(૩) ડાબા અને જમણા પગના તળીયામાં ચામડીના નીચેના ભાગ સુધી ઊંડાણ માં દાઝેલા હતા.

સદર ઈજાઓ ચોવીસ કલાકની અંદર હતી, તથા સદર ઈજાઓ દાઝી જવાના કારણે થઈ શકે તેવી હતી.

મહંમદખાનને ભાલેજ મુકામે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે પ્રમુખ સ્વામી કોલેજ અને હોસ્પીટલ, કરમસદ મુકામે તે જ દિવસે રીફર કરવામાં આવેલા.

ઉપરોક્ત દર્શાવેલ ઈજાઓ ડોક્ટરના જણાવ્યા મુજબ ઈજા નં.૧ અને ૨ આગની જવાળાઓથી થઈ શકે તેવી હતી, ઈજા નં.૩ પગના તળીયા કોઈ ગરમ પદાર્થ સાથે સંપર્કમાં આવતા થઈ શકે તેમ છે. સદર ડોકટરે કરેલ સારવાર અંગેનુ પ્રમાણપત્ર તેઓને નિ. ૧૪/૧૯ થી બતાવવામાં આવતા તેમાં તેમની સહી તેમજ હોસ્પીટલનો સિક્કો ઓળખી બતાવેલ છે અને તેને નામદાર કોર્ટે આંક-૩૯૯ આપેલ છે. તદઉપરાંત સદર સારવાર કરનાર ડોક્ટર સમક્ષ ઈજા પામનાર અકબરખાન ભીખનખાન પઠાણ તેઓની હિસ્ટ્રીમાં એમ પણ જણાવેલ છે કે, તેઓના ઉપર લાકડીથી હુમલો થયાની તથા દાઝી ગયાની ફરિયાદ હતી.

**અકબરખાન ભીખન ખાનને થયેલ ઈજાઓ નીચે મુજબની હતી.**

(૧) માથાની જમણી બાજુએ એક છુંદાયેલો ઘા હતો. જેની સાઈઝ ૧ ઈંચ x ૦.૫ઈંચ x ૦.૫ઈંચ ની ઈજા હતી. ઈજા ત્રાંસી હતી.

(૨) જમણા હાથના બહારના ભાગે મધ્યમાં એક છુંદાયેલો ઘા હતો. જેનુ માપ ૧ ઈંચ x ૦.૫ઈંચ x ૦.૫ઈંચ નો હતો. ઈજા ત્રાંસી હતી.

(૩) ડાબા પગના મધ્યમાં એક છુંદાયેલો ઘા હતો. જેનુ માપ ૧ ઈંચ x ૦.૫ઈંચ x ૦.૫ઈંચ નો હતો. ઈજા ત્રાંસી હતી.

(૪) જમણા હાથના મધ્યમાં, જમણા બાવડા પર, જમણી જાંગના બહારના ભાગમાં તથા જમણા પગના પંજા પર ચકામાઓ જેની સાઈઝ ૧ થી ૨ ઈંચ x ૦.૫ઈંચ હતી. ઈજાનો રંગ લાલ કલરનો હતો.

(૫) બંને બાજુના કાન જમણા હાથના મધ્યમાં જમણા પગ પર દાઝયા હતા.દાઝેલી ઈજા ચામડીના ઊંડાણ સુધી હતી. અને કુલ ૫ ટકા જેટલી હતી. સદર ઈજા નંબર ૧ થી ૫ ની ઈજાઓ ચોવીસ કલાક ની અંદરની થયેલી હતી. ઈજા નં.૧,૨,૩ અને ૪ સદર બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. ઈજા નં.૫ દાઝી જવાના કારણે થઈ શકે તેવી હતી. અકબરખાનને પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર આપવા માટે પ્રમુખ સ્વામી કોલેજ અને હોસ્પીટલ, કરમસદ મુકામે તે જ દિવસે રીફર કરવામાં આવેલા. સદર ઈજાઓ નં. ૧ થી ૪ લાકડી અને પથ્થર જેવા બોથળ પદાર્થ થી થઈ શકે તેવી હતી. અને ઈજા નં. ૫ અગ્નિની જવાળાઓથી થઈ શકે તેવી હતી. સદર ડોક્ટરને નિ. ૧૪/૧૮ થી બતાવવામાં આવતા તેમાં તેમની સહી તેમજ સિક્કો છે જે ઓળખી બતાવેલ છે અને તેને નામદાર કોર્ટે આંક-૪૦૦ આપેલ છે.

તે જ રીતે ઈજા પામનાર મહેરાજબીબી (મહેરૂનબીબી) રસુલખાન પઠાણ નાઓને તા.૭.૩.૨૦૦૨ ના રોજ સાંજના ૫.૪૫ વાગે તપાસેલ છે અને તેઓએ તેમની હિસ્ટ્રીમાં પથ્થર વાગ્વાથી ઈજા થવાનુ જણાવેલ છે. જે ઈજા નીચે મુજબ દર્શાવેલ છે.

(૧) માથાની જમણી બાજુએ એક છુંદાયેલો ઘા હતો જેનુ માપ ૨ઈંચ x ૦.૫ઈંચ તથા હાડકાની ઉંડાણ સુધીનો હતો. ઈજા ત્રાંસી હતી. ઈજા સાદી હતી. સદર ઈજા સખત બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. સદર ઈજા સામાન્ય સંજોગોમાં ૧૦ દિવસમાં સારી થઈ શકે તેવી હતી. ઉપરોક્ત ઈજા પથ્થરને છુટો મારતા થાય તેવી હતી. સદર ડોક્ટરને નિશાની ૧૪/૨૦ થી બતાવવામાં આવતા તેમાં તેમની સહી તેમજ હોસ્પીટલનો સિક્કો છે જે ઓળખી બતાવેલ છે અને તેને નામદાર કોર્ટે આંક-૪૦૧ આપેલ છે.

આમ, ઉપરોક્ત ઈજા પામનાર નજરે જોનાર સાહેદોને સદર ડોક્ટરે પ્રાથમિક સારવાર આપેલ છે અને તપાસેલ છે અને તેમની હિસ્ટ્રીમાં પણ ટોળા દ્વારા તેઓના મકાનો ઉપર હુમલો કરવામાં આવેલ છે અને તેથી તેમને ઈજા થયેલ છે તે દર્શાવેલ છે.

નામદાર કોર્ટે આંક-૩૯૩ અને સાહેદ નં.૧૪૧ થી ડો. આશિષ મણીભાઈ પટેલને તપાસેલ છે અને આ ડોક્ટર બનાવ બન્યો તે અરસામાં ઓડ સામુહિક સારવાર કેન્દ્ર ખાતે ફરજ બજાવતા હતા અને તેઓને તા.૧૧.૩.૨૦૦૨ ના રોજ સુરેલી ગામના કબ્રસ્તાનમાંથી સિંકદરમીંયા ઉસ્માનમીંયા મલેક  તથા ગુડ્ડી ઉર્ફે મુન્ની ની લાશના અવશેષો ડી.એન.એ. વિભાગમાં મોકલવાનાં હોઈ પી.એસ.આઈ ખંભોળજ તરફથી મેડીકલ ઓફિસર ઉમરેઠને યાદી લખવામાં આવેલ હતી. જે યાદી નિ. ૧૪/૫૮ થી નામદાર કોર્ટમાં રજુ થયેલ છે અને જેને નામદાર કોર્ટે આંક-૩૯૪ આપેલ છે. તેમજ શબ પરિક્ષણ નોંધના પાના નં.૮ ઉપર તેમના હસ્તાક્ષરમાં નોંધ લખેલ છે.

આ કામે નામદાર કોર્ટે આંક ૩૮૦થી સાહેદ નં. ૧૩૯ ડોક્ટર ઉમીયા જાદવભાઈ પીપલીયા ને તપાસેલ છે. બનાવના અરસામાં સદર ડોક્ટર ઓડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા હતા અને તેઓને તા.૩.૩.૨૦૦૨ ના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં એક્ઝીક્યુટીવ મેજી. તરફથી શબ પરિક્ષણ અંગેની યાદી મળેલ હતી. જે યાદીને નામદાર કોર્ટે આંક-૩૮૧ આપેલ છે.  આ શબ પરિક્ષણ કરવા માટે એક પ્લાસ્ટીકની થેલીમાં શબ લાવવામાં આવેલ હતા તે પૈકી એક શબ પુખ્ત વ્યક્તિનું હતુ અને બીજુ શબ નાના બાળકનું હતુ અને બંને શબ બળેલી હાલતમાં હતા. અને શરીરના માત્ર હાડકા હતા તેમ જણાવેલ છે અને આ હાડકા સંપુર્ણ બળેલી હાલતમાં હતા.

ના.કોર્ટે ડૉ.અનીલ કુમાર મધુકાંત મહેતાને સાહેદ નં.૧૫૩ અને આંક નં.૪૫૫ થી તપાસેલ છે. જેઓ સને-૨૦૦૨ની સાલમાં અમદાવાદ ખાતે એફ.એસ.એલ.ની કચેરીમાં ફરજ બજાવતા હતા. સદર બનાવ અંગે પોલીસે કબજે કરેલ  સીંકદરમીંયા તથા તેની દિકરી ગુડ્ડીના હ્યુમરસ બોન તેમજ રીબના ટુકડા તેમજ કબ્રસ્તાનની માટીનો નમુનો કબજે કરેલ હતો તે એક મોટા પુઠ્ઠાના બોક્ષમાં સીલ બંધ હાલતમાં પૃથ્થકરણના અભિપ્રાય માટે અમદાવાદ મુકામે મોકલવામાં આવેલ હતો જે મુદ્દામાલ તેઓએ તા.૧૦-૪-૨૦૦૨ના રોજ આ કામના નિશાની ૧૪/૬૦ થી તેઓની સહી વાળી પહોંચ રજુ કરેલ છે

અને તેને ના.કોર્ટે આંક-૪૫૬ આપેલ છે. તે જ રીતે તેઓને ઝાંપલીવાળા બિલ્ડીંગથી મળી આવેલ હાંડકા અંગે નો જે મુદ્દામાલ મળેલ છે.

ના.કોર્ટે ડૉ.નારણભાઈ રામજીભાઈ ચૌધરીને સાહેદ નં.૧૪૯ અને આંક નં. ૪૩૭ થી તપાસેલ છે. જેઓ સને-૨૦૦૨ની સાલમાં ઉમરેઠ તાલુકાના શીલી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨-૩-૨૦૦૨ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યાના અરસામાં પોલીસ યાદી સાથે બે વ્યક્તિઓ આવેલી જે પૈકી એક પ્રવિણસિંહ ચંદ્રસિંહ ચૌહાણ ઉ.વ.૩૦, વતન-અહીંમા, તેમજ ભાનુસિંહ ભગવાનસિંહ ચૌહાણનાને તબીબી સારવાર માટે લાવવામાં આવેલા અને આ તબીબી યાદી તેઓને ઓડ આઉટ પોસ્ટના પી.એસ.ઓ. તરફથી મળેલી. તે યાદીને ના.કોર્ટે આંક-૪૩૮ આપેલ છે. આ તબીબે આવેલ બંન્ને વ્યક્તિઓ પૈકી પ્રથમ પ્રવિણસિંહ ચૌહાણની તબીબ તપાસ કરેલ હતી જેઓને નીચે મુજબની ઈજાઓ થયેલ હતી.

ઈજા નં.૧ જમણી બાજુના ઉપરના ભાગે ૨.૨ સે.મી. x ૧.૫ સે.મી. નું ચકામુ હતું.

ઈજા નં.૨ જમણી ઝાંઘ ઉપર ૩ સે.મી. x ૧સે.મી. નું ચકામુ હતું.

ઉપરોક્ત ઈજા નં.૧ અને ૨ બંન્ને ઈજાઓ બોથડ સાધનોથી થયેલી હોવી જોઈએ તેવો તેમનો અભિપ્રાય આપેલ છે. અને તેઓએ તેમની સારવાર કર્યા અંગેનો પ્રમાણપત્ર તેમના હસ્તાક્ષરમાં તેમની સહી અને દવાખાનાના સિક્કા સાથે આપેલ છે જે નિશાની ૧૪/૨૧ થી રજુ કરેલ છે. જેને ના.કોર્ટે આંક-૪૩૯ આપેલ છે.

આજ તબીબે બીજા દર્દીને એટલે કે ભાનુસિંહ ભગવાનસિંહ ચૌહાણને પણ તપાસેલ છે જેઓની ઈજાઓ નીચે મુજબ છે.

ઈજા નં.૧ ડાબા લમણા ઉપર આંખની બાજુમાં ૩ સે.મી. x ૨ સે.મી. નું ચકામુ હતું.

ઈજા નં.૨ ડાબા ખભા ઉપર ૩ સે.મી. x ૧સે.મી. નું ચકામુ હતું.

ઉપરોક્ત ઈજા નં.૧ અને ૨ બંન્ને ઈજાઓ બોથડ સાધનોથી થયેલી હોવી જોઈએ તેવો તેમનો અભિપ્રાય આપેલ છે. અને તેઓએ તેમની સારવાર કર્યા અંગેનો પ્રમાણપત્ર તેમના હસ્તાક્ષરમાં તેમની સહી અને દવાખાનાના સિક્કા સાથે આપેલ છે જે નિશાની ૧૪/૨૨ થી રજુ કરેલ છે. જેને ના.કોર્ટે આંક-૪૪૦ આપેલ છે.

આમ ઉપરોક્ત તમામ તબીબોએ કરેલ જુદી જુદી વ્યક્તિઓની સારવાર અને તેઓની બનાવ અંગેની હીસ્ટ્રી પણ જોતા બનેલ બનાવને સંપુર્ણપણે સમર્થન મળે છે અને ઝનુની ટોળાએ કરેલ હુમલામાં ઈજાપામનાર વ્યક્તિઓના સારવારના પ્રમાણપત્ર અને તેઓની ઈજા ઉપરથી પણ તે બનાવ બન્યા અંગેનું ફલીત થાય છે. અને આ સંજોગોમાં સારવાર કરનાર તબીબો તેમજ એફ.એસ.એલ.ના અધિકારીઓ કે જેઓ એક તટસ્થ સાહેદો છે કે તેમને ન માનવા અંગેનું કોઈ કારણ ઉપસ્થિત થતું નથી અને આ તમામ પુરાવા બનેલ બનાવને સંલગ્ન છે. કે જે બનાવ ન બનવા અંગેની માનવુ ભુલ ભરેલું છે તેમજ બનાવમાં મૃત્યુ પામેલ નથી. તેમજ બચાવ  પક્ષની ઉલટતપાસમાં પુછાયેલા સવાલને પણ સમર્થન આપતું નથી. તેથી ડોક્ટર્સની જુબાની, એફ.એસ.એલ.ના અધિકારીઓની જુબાની તથા સાહેદોની જુબાનીને પણ એક સાથે સાંકળવામાં આવે તો બનેલ બનાવને પુરેપુરો સમર્થન મળેલ છે.

## <u>પંચ</u>

ના. કોર્ટ સમક્ષ પ્રોસ્યુકિશન તરફે જુદા જુદા પંચોને તપાસેલ છે. અને તે પંચો પૈકીના અમુક પંચો બનાવ અને પંચનામાને સમર્થન આપેલ છે. ના.કોર્ટે તપાસેલા પંચો કે જેઓ નીચે જણાવ્યા પ્રમાણેના છે.

ના.કોર્ટે પંચ મહેબુબમીંયા લાલમીંયાને સાહેદ નં.૧૨૮ અને આંક-૩૧૦થી તપાસેલ છે. આ પંચ કે જેઓ પુર્ણીમા ચોકથી રાવજીભાઈના મકાન તરફ જવાના રસ્તા ઉપર ઉમરાવમીંયાના મકાનના પાછળના ભાગે કોલસાના ઢગલામાંથી એક પીળા કલરના શર્ટનો ટુકડો, પીળા રંગના જાંગીયાનો ટુકડો, એક કાંડા ઘડીયાળ ચેઈન વાળી ડાયલ વગરની તથા પેન્ટનો ટુકડો તા.૩-૩-૨૦૦૨ના રોજ કબજે કરેલ મુદ્દામાલ અંગેના પંચનામા પૈકીના એક પંચે આ પંચનામું ના.કોર્ટ સમક્ષ નિશાની ૧૪/૬ થી રજુ કરેલ છે. અને તેમાંની પંચની સહી પંચે ઓળખી બતાવેલ છે અને તે પંચનામાને ના.કોર્ટે આંક-૩૧૧ આપેલ છે. આમ સદર સાહેદે તેમની નજર સમક્ષ પોલીસે કરેલ પંચનામું તેમજ કબજે કરેલ મુદ્દા માલને સમર્થન આપેલ છે. અને સદર સાહેદ વર્ષોથી ભાલેજ મુકામે રહે છે અને તેઓની ઉલટ તપાસમાં પણ તેઓ જણાવેલ છે કે બનાવવાળી જગ્યાનું પંચનામું થયું તે અગાઉ તેઓ ક્યારેય પણ ઓડ ગામે ગયેલ નથી. આથી આ પંચને નહી માનવાનું કોઈ કારણ નથી.

ના.કોર્ટે અન્ય બીજા પંચનામાં પૈકીના એક પંચનામાના પંચ કે જેઓ અલીમીંયા અમદુમીંયા શેખ સાહેદ નં.૧૩૪ આંક-૩૩૬થી ના.કોર્ટે તપાસેલ છે. આ પંચ પુર્ણીમા ચોકમાં આવેલા અકબરખાન ભીખનખાન પઠાણના ઝાંપલી વાળા મકાન તરીકે ઓળખાતા મકાનમાંથી સાહેદ મહેમુદાબીબી મજીદમીંયાએ બતાવેલ જગ્યા મુજબ મકાનના જુદા જુદા ભાગમાંથી હાંડકાના નાના નાના ટુકડાઓ કબજે કરેલ હતા અને માટીના નમુના પંચો, આણંદ બરો ચીફ ઓફીસર, તલાટી શ્રી, એફ.એસ.એલ.ના અધિકારીઓ તથા પોલીસની હાજરીમાં જે.સી.બી. મશીન દ્વારા મુદ્દામાલ કબજે કરેલ હતો. અને આ તમામ મુદ્દામાલ પંચની હાજરીમાં જ પુઠ્ઠાના બોક્ષમાં બંધ કરીને સીલ કરવામાં આવેલ હતો. અને તેમાં મુકેલ બળેલા હાંડકા પંચે ના.કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. ના.કોર્ટ સમક્ષ પંચને તેમનું પંચનામું નિશાની ૧૪/૧૦ થી રજુ થયેલ છે. તે બતાવવામાં આવેલ છે તેના દરેક પાના ઉપર આ પંચે તેમની સહી ઓળખી બતાવેલ છે અને તેને ના.કોર્ટે આંક-૩૩૭ આપેલ છે. આમ સદર પંચની હાજરીમાં બનાવવાળી જગ્યાએથી પોલીસ અને અન્ય અધિકારીઓની હાજરીમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓના હાંડકા, માટી વિગેરે મુદ્દામાલ તરીકે કબજે

કરેલ છે. તેથી આ પંચને ન માનવાનું કોઈ કારણ નથી. અને આ પંચે બનાવને તથા પ્રોસીક્યુશનને પુરેપુરુ સમર્થન આપેલ છે.

ના.કોર્ટમાં અન્ય એક પંચ મુનાફમીંયા જેનુમીંયાને સાહેદ નં.૧૩૬ અને આંક-૩૪૦ થી તપાસવામાં આવેલ છે. સદર પંચ બનાવમાં મરણ જનાર સિંકદરમીંયા ઉસ્માનમીંયા મલેક તથા તેની દિકરી ગુડ્ડી ઉર્ફે મુન્નીના અવશેષો સુરેલી ગામમાં આવેલા હુસેની કબ્રસ્તાનમાં દફન થયેલા શબના અવશેષો એફ.એસ.એલ. તથા ડી.એન.એ. માટે પૃથ્થકરણ માટે મોકલવાના હોઈ તે અંગેનું પંચનામું તા.૧૧-૩-૨૦૦૨ના રોજ ઉમરેઠ સી.એચ.સી.ના ડૉ.એ.સી. પટેલ તથા ઓડ સી.એચ.સી.ના ડોક્ટર આશીષ પટેલની હાજરીમાં તેઓએ સદર અવશેષો કબજે કરેલ છે. અને આ તમામ કબજે કરેલ અવશેષોને સદર એફ.એસ.એલ.ના અધિકારી તથા ડોક્ટરોએ પણ સમર્થન આપેલ છે. આ પંચનામું નિશાની ૧૪/૧૧ થી રજુ કરેલ છે. અને તેને આંક-૩૪૧ આપેલ છે. આમ આ પંચે પણ પ્રોસિક્યુશનને તથા બનાવને સંપુર્ણપણે સમર્થન આપેલ છે અને તેને ન માનવાનું કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

<u>પોલીસ</u>

પોલીસે સને ૨૦૦૨ માં તેઓએ કરેલી તપાસ ખોટી હતી અને તો.દારોને બચાવવા અંગેની હતી અને તે તપાસ દરમિયાન હાલના આરોપીઓ પૈકીના બે આરોપીઓને સાક્ષી તરીકે દર્શાવેલ હતા અને ત્યારબાદ તેઓને આરોપી તરીકે સદર કામમાં ચાર્જશીટમાં દર્શાવેલ છે. ૨૦૦૨ માં બનેલ બનાવ ના સ્થળે યોગ્ય પોલીસ બંદોબસ્ત મુકવો જોઈએ તેમ કરેલ નથી. અને બનાવવાળી જગ્યા કોર્ડન કરેલ નથી અને બનાવવાળી જગ્યાએથી પુરાવાનો તોફાનીઓ દ્વારા નાશ કરવા દેવા માટે પુરતો સમય આપેલ હતો અને સદર બનાવના તપાસ અધિકારીઓ સામે આ કામના સાહેદોએ પણ બનાવની તપાસ અંગે શંકા વ્યક્ત કરેલ હતી, આ કામના એક સાહેદ મજીદમીંયા મુરાદમીંયાએ તેમની જુબાનીના પેરા નં.૯માં પણ તપાસ અધિકારીઓ સામે શંકાવ્યક્ત કરેલ

છે અને તેઓની ઉચ્ચ અધિકારીઓને કરેલ વિનંતી બાદ જ બનાવ વાળા સ્થળે તોફાનીઓ દ્વારા જીવતા સળગાવી દેવામાં આવેલા તે સ્થળે તેઓની લાશોની શોધખોળ માટે તપાસ કરવામાં આવેલ હતી આમ શરૂઆતથી આ કામના તપાસ અધિકારી ગમે તે કારણોસર આ બનાવના આરોપીઓ તરફ કુણું વલણ રાખતા હતા તે ફલીત થાય છે. સદર બનાવ બન્યો ત્યારબાદ બનાવવાળા સ્થળે ગામમાં અન્ય જગ્યાએ આગ લાગેલ હતી તેમ છતા તેઓએ શરૂઆતના તબક્કામાં ફાયર બ્રીગેડને બોલાવવાની જરૂર હતી તેમ છતાંય બોલાવેલ નથી અને ગામમાં ફાયર બ્રીગેડ બહારની બાજુએ એટલે કે હાઈવે ઉપર આવેલ હતી અને ત્યાં તોફાની ટોળાએ ફાયર બ્રીગેડને ગામમાં પ્રવેશવા દિધેલ નહી અને પરત મોકલી દિધેલાની વાત સામે આવેલ છે તેમ છતાં આ કામના તપાસ અધિકારીઓએ ફાયર બ્રીગેડ ગામમાં ન પ્રવેશવા અવરોધ ઉભો કરનારા ઈસમો સામે કોઈ કાયદેસરના પગલા લીધેલ નથી. તેમજ, જે આરોપીઓના નામ ખુલેલ હતા તેઓની આગોતરા જામીન અરજી વખતે પણ કોઈ વિરોધ દર્શાવેલ નથી. તેમજ અન્ય આરોપીઓના પાસપોર્ટ પણ જમા લેવા અંગેનો કોઈ પણ આદેશ નામદાર કોર્ટ સમક્ષથી લીધેલ નથી. તેમજ સદર આરોપીઓ પૈકી બે આરોપીઓ વિદેશ જતા રહેલ છે જેમાંથી એક આરોપી હીરૂભાઈ રાવજીભાઈ બનાવ પછી ધરપકડ કરતા પહેલા તરત જ વિદેશ જતા રહેલા અને બીજા આરોપી દિલીપભાઈ બાબુભાઈ પટેલ જામીન ઉપર મુક્ત થયા પછી વિદેશ જતા રહેલ છે.

આ કામે ના.કોર્ટે તપાસેલ પોલીસ કર્મચારીઓ પૈકીના નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલા કર્મચારીઓને તપાસેલ છે.

(૧) આ કામે બનેલ બનાવ અંગે ફરીયાદીએ તેઓની ફરીયાદ આપેલ અને તે ફરીયાદ ખંભોળજ પો.સ્ટેશનના પી.એસ.ઓ. નરવતસિંહ ભુપતસિંહ રાઠોડનાઓએ નોંધેલી હતી. આ સાહેદને ના.કોર્ટે સાહેદ નં.૧૫૧ અને આંક-૪૫૦ થી તપાસેલ છે. આ કામમાં ફરીયાદીએ આપેલ ફરીયાદનો સમય, તારીખ તે તમામ વાતને આ સાહેદ સમર્થન આપે છે. આ સાહેદને નિશાની ૧૪/૧ થી ફરીયાદ બતાવવામાં આવેલ છે અને તે ફરીયાદીએ આપેલાનું જણાવેલ છે અને તેમાં ફરીયાદીની સહી પણ છે. અને તે સહી તેમની રૂબરૂમાં કર્યાની હકીકત જણાવે છે જેને ના.કોર્ટે આંક-૪૫૧ આપેલ છે.

તેજ રીતે ખંભોળજ પો.સ્ટેશન નોંધાયેલ ફ.ગુ.ર.નં.૨૩/૨૦૦૨ની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૭થી નોંધ કરવામાં આવેલ છે અને તે એન્ટ્રી સદર સાહેદના હસ્તાક્ષરમાં છે જે ના.કોર્ટમાં રજુ થયેલ છે. જેને આંક-૪૫૨ આપવામાં આવેલ છે. આમ સદર પોલીસના તટસ્થ સાહેદને પણ નહી માનવાનું કોઈ કારણ નથી. તેમજ ફરીયાદીએ આપેલ તેમની ફરીયાદ અને સમય અંગે પણ કોઈ તકરાર કે વાદ વિવાદ થતો દેખાતો નથી.

(૨) આ કામે ના.કોર્ટે અન્ય પોલીસ કર્મચારી ભાનુસિંહ ભગવાનસિંહ ચૌહાણને સાહેદ નં.૯૨ આંક-૨૦૬ થી તપાસેલ છે. જેઓ બનાવના સમયમાં ખંભોળજ પો.સ્ટેશનમાં જી.આર.ડી. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને તે સમયે ઓડ ગામમાં ડેરી વાળા પોઈન્ટ ઉપર ફરજ હતી તે જ રીતે તેઓ ૧લી માર્ચ ૨૦૦૨ના રોજ સવારે ૯-૦૦ વાગે તેઓના ફરજના પોઈન્ટ ઉપર એટલે કે સુરીવાળી ભાગોળ ગયેલ હતા. તે દરમ્યાન બપોરના એકાદ વાગ્યાની આસપાસ બે એક હજાર માણસોનું ટોળુ આવેલ હતુ અને એસ.આર.પી.વાળા તથા બધાને ટોળાના માણસો આગા પાછા કરતા હતા અને ટોળાના માણસો પથ્થરો, કાંકડા, કેરોસીનના ડબલા તેઓની પાસે હતા અને તેઓ પણ પત્થર મારો કરતા હતા અને તે પત્થર મારો સદર પોલીસ કર્મચારી ઉપર કરેલ હતો અને આ પથ્થર મારાથી આ કર્મચારીને ડાબી આંખના નીચે તેમજ ખભાના ઉપરના ભાગે લોહી નીકળેલ હતું તેમજ તેઓની સાયકલ પણ બાળી નાંખેલ હતી. અને આ ટોળુ હિન્દુ કોમનું જ હતું આમ તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આ સાહેદ તેમને થયેલ ઈજા અંગે સારવાર પણ કરાવેલ છે અને ડોકટરે પણ તે અંગેનું પ્રમાણપત્ર આપેલ છે. અને જે ના.કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે અને જેને પાકો આંક પડેલ છે. આમ આ સાહેદને પણ ન માનવાનું કોઈ કારણ નથી. તેમજ આ સાહેદ અન્ય સાહેદોની જુબાની મુજબ ટોળું એકાદ વાગ્યાની આસપાસ આવીને ગામમાં આગ ચંપી લુંટફાટ, તોડફોડ કરી રહ્યું હતુ તે બનાવને પણ સમર્થન મળી રહે છે.

(૩) આ કામે ના.કોર્ટે અન્ય પોલીસ કર્મચારી પ્રવિણસિંહ ચંદ્રસિંહ ચૌહાણને સાહેદ નં.૯૬ આંક-૨૧૧ થી તપાસેલ છે. જેઓ બનાવના સમયમાં ખંભોળજ પો.સ્ટેશનમાં જી.આર.ડી. તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને તે સમયે ઓડ ગામમાં ડેરી વાળા પોઈન્ટ ઉપર ફરજ હતી તે જ રીતે તેઓ ૧લી માર્ચ

૨૦૦૨ના રોજ સવારે ૯-૦૦ વાગે તેઓના ફરજના પોઈન્ટ ઉપર એટલે કે સુરીવાળી ભાગોળ ગયેલ હતા. તે દરમ્યાન બપોરના એકાદ વાગ્યાની આસપાસ બે એક હજાર માણસોનું ટોળુ આવેલ હતુ અને બુમો પાડતું હતુ.મુસલમાનોને બહાર કાઢો, અને એસ.આર.પી.વાળા તથા બધાને ટોળાના માણસો આગા પાછા કરતા હતા અને ટોળાના માણસો પથ્થરો, કાંકડા, કેરોસીનના ડબલા તેઓની પાસે હતા અને તેઓ પણ પત્થર મારો કરતા હતા અને મસ્જીદ તોડવા લાગેલા મસ્જીદના બારી બારણાં તોડી નાંખેલા અને તે પત્થર મારો સદર પોલીસ કર્મચારી ઉપર કરેલ હતો અને આ પથ્થર મારાથી આ કર્મચારીને પીઠના ભાગે તેમજ ખભા ઉપર અને સાથળના ભાગે પત્થરો વાગેલા તેમજ તેઓની સાયકલ પણ બાળી નાંખેલ હતી. અને આ ટોળુ હિન્દુ કોમનું જ હતું આમ તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આ સાહેદ તેમને થયેલ ઈજા અંગે સારવાર પણ કરાવેલ છે અને ડોક્ટરે પણ તે અંગેનું પ્રમાણપત્ર આપેલ છે. અને જે ના.કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે અને જેને પાકો આંક પડેલ છે. આમ આ સાહેદને પણ ન માનવાનું કોઈ કારણ નથી.

(૪) આ કામે ના.કોર્ટે અન્ય પોલીસ કર્મચારી એ.એસ.આઈ. ભિમસીંહ પ્રભાતસિંહ રાઉલજીને સાહેદ નં.૧૫૦ આંક-૪૪૩ થી તપાસેલ છે. જેઓ બનાવના સમયમાં ખંભોળજ પો.સ્ટેશનમાં આવેલ ઓડ આઉટ પોસ્ટમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. સદર બનાવના દિવસે આ સાહેદ સુરીવાળી ભાગોળે આવેલ હિન્દુ કોમનું ટોળુ આવીને તોફાન કરતું હોવાની હકીકતને સમર્થન આપેલ છે. તેમજ ત્યારબાદ ફરીયાદીના ઘરને આગ ચાંપી બાળી નાંખેલ છે. ફરીયાદીને લઈને ખભોળેજ પો.સ્ટેશનમાં ફરીયાદ આપવા અંગે લઈ ગયાની હકીકત પણ જણાવેલ છે. અને ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવેલ ફરીયાદ આપ્યા અંગેનો સમય તેમજ આ સાહેદે જણાવેલ સમય બંન્ને વાતમાં સામ્ય જણાય છે એટલે કે બનાવ અંગે અને તેના સમય અંગે કોઈપણ જાતની તકરાર દેખાતી નથી. તેજ રીતે બનાવ વાળા સ્થળે તોફાની ટોળા દ્વારા બાળી નાંખવામાં આવેલ સિંકદરમીંયા અને ગુડ્ડીની બળેલી પડેલી લાશો અંગે પણ અગાઉ સાહેદો મજીદમીંયા, મહેમુદાબીબી, શફીમીંયાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે તે જ રીતે આ સાહેદે પણ સદર બંન્ને જણાની લાશ અંગે જણાવેલ છે અને તે લાશ કબજે લઈને દવાખાને લઈ જવા માટે યાદી

કરેલ હતી. જે યાદી નિશાની ૧૪/૫૧ થી રજુ થયેલ છે જેને આંક-૪૪૪ આપવામાં આવેલ છે. તેમજ તે રીતે આ સાહેદે એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને સદર મળેલ લાશ અંગે યાદી લખેલ છે તે યાદી નિશાની ૧૪/૫૩ થી રજુ થયેલ છે. જેને આંક-૪૪૫ આપવામાં આવેલ છે તે જ રીતે સદર મળેલ લાશની અંતીમ ક્રીયા માટે ઓડ નગર પાલીકાના ચીફ ઓફીસરને સંબોધીને લખેલ યાદી નિશાની ૧૪/૫૫ થી રજુ થયેલ છે. જેને આંક ૪૪૬ આપવામાં આવેલ છે. આમ સિંકદરમીંયા અને ગુડ્ડીના બનાવ અંગે તેમજ તેઓના મરણ અંગે તેમજ તેઓની લાશ મળી આવ્યા અંગેના પણ સચોટ પુરાવાઓ ના.કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે તેથી બચાવપક્ષ તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો કે આ બનાવમાં મૃત્યુ પામલે ૨૩ વ્યક્તિઓ હાલ પણ હયાત છે, અને અન્ય જગ્યાએ સ્થળાંતર કરીને રહેવા ચાલ્યા ગયેલ છે તે વાતને પણ સમર્થન મળતું નથી. સદર સાહેદે ગામમાં બનેલ બનાવ દરમ્યાન મુસ્લિમ લોકોના મકાનોમાંથી લુંટફાટ થયેલ વાસણો અને ઘરવખરી જેવા મુદ્દા માલ કબજે કર્યા. તે પંચનામું પણ સદર સાહેદની હાજરીમાં થયેલ છે જે પંચનામાને આંક-૩૩૩ આપવામાં આવેલ છે.આમ આ સાહેદ એક તટસ્થ સાહેદ છે. અને તેને ન માનવાનું કોઈ કારણ નથી. અને તેની હાજરીમાં જ સિંકદરની લાશ તેમજ ગામમાં ગામના જ હિન્દુ કોમના તોફાનીઓ દ્વારા કરવામાં આવેલ તોફાન અંગે પણ કોઈ શંકા નથી.

(૫) આ કામે ના.કોર્ટે સને-૨૦૦૨માં તપાસ કરનાર અધિકારી રણછોડભાઈ ગોપાલભાઈ પટેલને સાહેદ નં.૧૫૫ અને આંક-૪૯૦થી તપાસેલ છે. અને તેઓએ પણ બનેલ બનાવને સમર્થન આપેલ છે. અને તેઓની હાજરીમાં તા.૩-૩-૨૦૦૨ના રોજ થયેલ પંચનામાને પણ સમર્થન આપેલ છે. તે જ રીતે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૮/૨૦૦૨માં દર્શાવેલ મળી આવેલ હાડપીંજર ના પંચનામાની પણ વિગતો જણાવેલ છે.

(૬) આ કામે ના.કોર્ટે સને-૨૦૦૨માં તપાસ કરનાર અધિકારી કેશુભાઈ રામભાઈ ભુવાને સાહેદ નં.૧૫૬ અને આંક-૫૧૧થી તપાસેલ છે. અને તેઓએ પણ બનેલ બનાવને સમર્થન આપેલ છે. અને તેઓ તે વખતે સી.પી.આઈ.ના હોદ્દા ઉપર હતા. અને તેઓની હાજરીમાં તા.૧૬-૩-૨૦૦૨થી તા.૨૨-૩-૨૦૦૨

સુધીના ગાળામાં તપાસ સંભાળેલ હતી. તેમજ મળેલ બે લાશો પૈકીના ડી.એન.એ. કરવા માટે લોહીના નમુના લેવા માટે પણ તજવીજ કરેલ હતી.

(૭) આ કામે ના.કોર્ટે એસ.આઈ.ટી.ના અધિકારીશ્રી હિંમાશુભાઈ ચંદ્રવદનભાઈ પાઠકને સાહેદ નં.૧૫૭ આંક-૫૧૯થી તપાસેલ છે કે જેઓએ આ કામમાં શરૂઆતમાં તપાસ સંભાળેલ હતી અને મલાવ, વાવ તથા કુવાનું પંચનામું કરેલ છે.

(૮) આ કામે ના.કોર્ટે એસ.આઈ.ટી.ના અધિકારીશ્રી ગીરીશભાઈ હરીભાઈ પટેલ ને સાહેદ નં.૧૫૮ આંક-૫૪૦થી તપાસેલ છે અને જેઓએ આ કામમાં જે સાહેદોએ સર્વોચ્ચ અદાલત સમક્ષ અરજીઓ કરેલ હતી તેઓને બોલાવીને તેઓના નિવેદનો નોંધેલ છે અને તેઓએ તે અનુસંધાનમાં ના.કોર્ટ સમક્ષ કોઈ વધારાના એકત્રીત કરેલ પુરાવા કે સાહેદોએ નોંધાવેલ નિવેદનો કે સોગંદનામા રજુ કરેલ નથી. આ સાહેદે તોફાનો દરમ્યાન મૃત્યુ પામેલાના વારસદારોને તેઓને મળેલ વળતરની રકમ અંગેની પણ તપાસ કરેલ છે. તેમજ મૃત્યુ પામેલાના ડિ.એન.એ. માટે બ્લડ સેમ્પલ પણ લીધેલ છે.

આ કામે સને-૨૦૦૨ની પોલીસ તપાસ શંકાશીલ અને આરોપીઓને મદદરૂપ થાય તેમ હતી તેથી ના.સુપ્રિમ કોર્ટની દોરવણી હેઠળ સદર કેસને એસ.આઈ.ટી.ને સોંપવામાં આવેલ હતો અને તેની વધુ તપાસ અંગેનો હુકમ કરવામાં આવેલ હતો. પરંતુ જેમ અગાઉ એટલે કે ૨૦૦૨માં પોલીસે જે તપાસ કરેલ હતી તે તપાસમાં વધુ ઉંડાણ પુર્વકની તપાસ એસ.આઈ.ટી.એ કરેલ નથી. અને તે રીતે બનાવ અંગેની ૨૦૦૨ની અને એસ.આઈ.ટી.ની તપાસમાં ઘણી બધી સામ્યતા રહેલી છે અને તે સંજોગોમાં સદર કામના સાહેદોએ ના.કોર્ટ સમક્ષની આપેલી તેઓની જુબાનીને માનવી જોઈએ.

આ કામે નામદાર કોર્ટે તોહમતદારો વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(ક), ૨૯૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૬, ૩૩૭, ૩૦૨, ૩૦૭, ૩૯૬, ૩૯૭, ૪૩૫, ૪૩૬, ૩૪, ૧૨૦(બી) તથા બી.પી. એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓ સદરહુ તોહમતદારોએ કરેલ છે તે બાબતે નામદાર કોર્ટે મજકુર તોહમતદારો સામે તા.૧૨.૧૧.૦૯ ના રોજ

તોહમત ફરમાવેલ છે.આ કામે હિન્દુ કોમના ધર્માંધ, ઝનુની ટોળાએ ગેરકાયદેસર મંડળી રચી મુસ્લીમોની લાગણી દુભાય તેવી રીતે સુત્રોચ્ચાર કર્યાનું રેકર્ડ ઉપર સાબિત થયુ છે તે સંજોગોમાં સદર ગેર કાયદેસર મંડળીના તમામ સભ્યોનુ એક કોમન ઓબ્જેક્ટ કે જે મુસ્લીમોની લાગણી દુભાય, મુસ્લીમ ધર્મનો અપમાન થાય તે રીતે વર્તવુ, મુસ્લીમોની માલ-મિલ્કત લુટવી બાળવી તથા મુસ્લીમોને જાનથી ખતમ કરી નાખવા તેવા એક કોમન ઓબ્જેક્ટ સાથે ગેરકાયદેસર મંડળી રચી નીકળેલા ટોળાએ મુસ્લીમોની માલ-મિલ્કત લુંટી તેમને જાનથી મારી, જીવતા સળગાવી નાંખેલ છે તે સંજોગોમાં તોહમતદારો વિરૂધ્ધની નામદાર કોર્ટે તોહમત ફરમાવેલ તમામ કલમો અનુસંધાને નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ સાહેદોની જુબાનીઓથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

આ કેસમાં સાહેદોની જુબાનીથી એવુ સ્પષ્ટ ફલિત થયેલ છે કે ટોળાના માણસોએ ઘાતક હથિયારો ધારણ કરેલ, પેટ્રોલના કેરબા, કેરોસીનના કેરબા તદઉપરાંત એક મહત્વનો મુદ્દો કે જે છે તે ટોળાએ કેરોસીન, પેટ્રોલના પાઉચ લઈને આવેલ હતા. સામાન્ય સંજોગોમા બજારમાં આવા પેટ્રોલ કેરોસીનના કોઈ પાઉચ વેચાતા મળી આવતા નથી. તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળી ના સભ્યોએ અગાઉથી પેટ્રોલ કેરોસીનના પાઉચ તૈયાર કર્યા હોય તો જ બનાવના દિવસે, સમયે, સ્થળે તેવા પાઉચનો ઉદ્યાયોગ થયેલ હોય તે સંજોગોમાં ગેરકાયદેસર મંડળીએ અગાઉથી પાઉચ તૈયાર કરાવેલ છે અને આવા પાઉચ તૈયાર કરવા અને બનાવ સમયે તોહમતદારોની પાસે મળી આવવા તેવો પુરાવો આવેલ છે તેથી બનાવ અગાઉ ગેરકાયદેરસ મંડળીના તમામ સભ્યો પાસેથી મળી આવેલ પેટ્રોલ કેરોસીનના પાઉચ, તે રીતેનો ગંભીર પ્રકારનુ કાવતરૂ રચ્યું હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય છે. તે સંજોગોમાં ઈ.પી.કો ૧૨૦-બી નો પુરાવો સદર ગુનાના રેકર્ડ ઉપર સીધેસીધો આવી જાય છે. અને તેથી એવીડન્સ એક્ટની કલમ -૪,૮ અને ૧૦ અન્વયે આપ નામદાર કોર્ટનુ ધ્યાન દોરીએ છીએ.

**એવીડન્સ એક્ટ કલમ-૪, માની લેવા અંગે**

એવીડન્સ એક્ટની કલમ-૪ માં જણાવ્યા મુજબ, તોહમતદારો પાસે બનાવ સમયે પેટ્રોલ કેરોસીનના પાઉચ તૈયાર કરેલ હતા તે અનુસંધાને નામદાર

કોર્ટ સ્પષ્ટ એવુ પ્રિઝમ્શન કરી શકે કે તોહમતદારોએ અગાઉથી કાવતરૂ રચી ગુનો આચરેલ છે.

<u>એવીડન્સ એક્ટ કલમ-૮, હેતુ, તૈયાર, અને આગળનુ કે પાછળનું વર્ણન</u>

Motive, preparation and previous or subsequent conduct – any fact inrelevant which shows or constitutes a motive or preparatin for any fact in issue or relevant fact.

<u>એવીડન્સ એક્ટ કલમ-૧૦,</u>

Things sais or done by conspirator in refrence to common design- where there is reasonable ground to believe that two or more persons have conspired together to commit an offence or an actionable wrong, anything said done of written by any one of such persons in refrence to their common intention, after the time when such intention was first entertained by any of them, is a relevent fact as aginst each of the purpose of proving the existence of the conspiracy as for the purpose of showing that any such persons was a party to it.

આમ, એવીડન્સ એક્ટની ઉપરોક્ત કલમો મુજબ તોહમતદારો સામે નામદાર કોર્ટમાં રેકર્ડ પર આવેલ પુરાવાને લક્ષમાં લઈને રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણીને ગેરકાયદેસર મંડળીએ આચરેલ ગુનાહિત કૃત્ય અંગે સજા કરવી જોઈએ.

- **<u>આ પ્રકારના ગુનાઓમાં ના.દાર ઉપરી અદાલતોએ આપેલ મહત્વના ચુકાદાઓ અંગે:-</u>**

**(1)** **<u>2010 SAR (Cri.) P. 915</u>**

**<u>Supreem Court</u>**

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવા છતા તે વ્યક્તિએ ટોળા દ્વારા આચરવામાં આવતા ગુનાઓમાં સક્રિય ભાગ નથી લીધો તેવું માની તેને નિર્દોષ ઠરાવી શકાય નહિ આવી સ્થિતિમાં તો.દારને આઈ.પી.સી. કલમ- ૧૪૯ પ્રમાણે ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાના કારણે તે મંડળીએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરી શકાય તેમજ આ ગેરકાયદેસર મંડળીએ તેમાં તેમનો હેતુ પાર પાડવા માટે કોમન ઓબ્જેક્ટ હેઠળ પણ ગુનો આચરેલ છે. તે મુજબનો ના.સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો ખુબ મહત્વનો છે.

(૨) તો.દારોએ કોઈ overact નથી કર્યુ કે બનાવ વખતે કોઈ ચોકકસ ભૂમીકા નથી ભજવી તે બાબત મહત્વની ગણી શકાય નહિ અને તો.દારો ગંભીર ગુના આચરતા ટોળામા સામાન્ય ઈરાદો પાર પાડવા સારું તેમા સામેલ ગણી કલમ ૧૪૯ પ્રમાણે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો. **<u>AIR 2004 S.C. Page 4570</u>** છે.

(૩) નીચે દર્શાવેલ ના.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ના.કોર્ટે ઓબ્ઝર્વ કરેલ છે કે ફરીયાદ પક્ષે તપાસેલ ડીસ્કવરી પંચનામાના સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન ન આપ્યું હોય, પરંતુ હકીકતો ઉપરથી એમ ઠરાવાય કે પુરાવાને લક્ષમાં લેવાથી ડિસ્કવરી પંચનામાને બાકાત કરી દેવાય તો પણ આરોપીની ગુના અંગેની જવાબદારી સ્થાપિત થઈ શકે છે. તે જ રીતે ઈ.પી.કો. ૧૨૦એ મુજબ ગુનાહીત કાવતરા મુજબ પ્રત્યક્ષ પુરાવાથી સ્થાપિત કરવુ જરૂરી નથી. સંયોગીક પુરાવા બતાવીને તેમજ રેકર્ડ ઉપર જાહેર થતી અન્ય હકીકતો દ્વારા તે સ્થાપિત થઈ શકે છે.

**<u>GLH 2001 (i) P. 673</u>**

**<u>Rajesh Chandulal Gandhi V/s. State of Gujarat.</u>**

**Para no.44,**

Prosecution witness no.14, Abdulrehman Munshi, is examined at Ex. 57, who was working at the relevant time as Police Inspector at Vatva Police Station. According to his evidence. On 7-2-93, a ‘vardhi’ was received from the control room at about 2.10 p.m. at Vatva Police Station that in village Vatva, in the farm of Namdar, there was a big fight or quarrel. He, therefore, rushed to the said place and found Girish murdered. Upon inquiry, Rakesh, nephew of the deceased lodged a detailed complaint, which was forwarded to the PSO for registration. It is also, found by him, during the course of interrogation that there was motive for the commission of offence. With the complaint, report under Section 157 was also sent, as stated by him. Of course, special report was sent late to the Magistrate concerned, but according to the settled proposition of law, merely the special report is sent late, ipso facto, is not sufficient to dynamite the otherwise weightly and sound case of the prosecution only on this point. Whereas, in the present case, it is clear from the record that the venue of offence, which is a farm-house, in Vatva was visited by him and he had come back after certain formalities of investigation which was completed late in the evening and the report, therefore, under Section 157 was sent on the next date to the concerned Magistrate. There is no reason to disbelieve his version. Apart from that, there is other clear, consistent, coherent, compelling evidence to reach to the conclusion that the FIR was lodged, immediately after the occurrence of the incident and, therefore, the purpose for which the provision of Section 157 is incorporated to vouchsafe that the FIR is not manipulated cannot be said to

have been frustrated in the present case. In our opinion, mere sending report under section 157 late, itself is not a factor sufficient and efficient to discard otherwise reliable and dependable strong evidence of the prosecution.

**Para no. 45**

Section 157 of the Code provides a procedure for investigation and in sub-section (1) of Section 157, it is provided that if, from the information received or otherwise, an officer in-charge of the Police station has reason to suspect the commission of an offence which he is empowered under Section 156 to investigate, he shall forthwith send a report of the commission of offence to a Magistrate empowered to take cognizance of such offence upon a police report and shall proceed in person, or shall depute one of his subordinates not below the rank of an officer to be prescribed by the State Government in this behalf to proceed, to the spot, to investigate the facts and circumstances of the case.

**Para no.46**

The condition precedent to the commencement of investigation under Section 157 is that the FIR, must prima facie, disclose that a cognizable offence has been committed and it is necessary for the concern Police Officer to send a special report to the magistrate concerned. This is a safeguard with a purpose and policy behind it. However, delay in sending such a report to the concerned Magistrate by the concern Police Officer or the Investing Officer is not, always, fatal. It could be explained. It could be accounted for. Even otherwise, the delay in despach of first information report is not a circumstance due to which

the entire prosecution case cannot be thrown to the wind, which is otherwise, unerringly proving the culpability of the accused persons beyond any doubt. Firstly, it cannot be said that there was an inordinate delay in sending special report under Section 157 of the Code. Secondly, the prosecution has accounted for the delay. Thirdly, otherwise also, in the light of the evidence on record and our thorough and threadbare examination of the other testimonial collections of the documentary evidence led by the prosecution and relied on by the Trial Court, undoubtedly, merely because there was little delay in sending the special report as contemplated under Section 157 of the Code, it would not affect the merits of the case. Therefore, no capital canbe made out in the present case on account of the delay in sending the special report nor it would lead to even a remote inference that there was possibility of manipulation.

**Para No. 52**

It is true that the discovery panchanama witness examined by the prosecution has not supported the prosecution case. Discovery of incriminating article or the weapon employed in commission of crime is one of the circumstances and pieces of evidence. Even if discovery panchnama is excluded from the consideration of evidence, it cannot be contended that the culpability of the accused of the charges framed against them has not been established beyond reasonable doubt. Two witnesses whose presence was natural at the relevant point of time, at the venue of offence, i.e. PW-1, Rakesh and PW-12 Satish, have given the narration of the account of incident witnessed by them. There is nothing in their evidence which would even

remotely, prompt us to discard their version. Why should they not be believed? Of course, they are interested witnesses and, therefore, at the best evidence of interested persons should be closely scruinised. But interest or relationship would not be a discounting factor if the reliability or dependability of the testimony is proved to be hilt. In this connection, in our opinion, the Trial Court has, rightly, found them dependable and reliable.

**Para No-58**

Of course, offence of criminal conspiracy as contemplated by Section 120-A of the Chapter V-A of the IP Code is not required to be established by direct evidence. It can be established and shown by circumstantial evidence. It can be established and shown by circumstantial evidence and other set of facts emerging from the record. In order to constitute an offence of criminal conspiracy, there must be two or more persons who should agree to do an illegal act or an act which is not legal by illegal means and such an agreement is designated as criminal conspiracy. In the light of the factual scenario emerging from the proved facts that the manner and mode in which the accused persons reached to the farm-house of the deceased with deadly weapons with them, with a pre-determined due to the relationship between Namrata and Montu, nothing would prevent us in, straightway, concluding that they had agreed to do away with the deceased in case he failed to settle the issue of Namrata and Montu

**Para No-59**

Of course, criminal conspiracy under section 120-A is distinct offence. The very agreement is the ingredient of the offence. It is not necessary that all the conspirators must

know watch and every detail of the conspiracy as long as they participate in the main object of the conspiracy. There may be so many devices and techniques adopted to achieve the common aim or goal of the conspiracy. Obviously, conspiracy is hatched in secrecy and it is very difficult to adduce direct evidence of the same. The offence can only be proved largely upon inference of the proved sent of facts and circumstances. This proposition can hardly be controverted or disputed. If the criminal conspiracy is established, the offence of criminal conspiracy, which is, of course, a distinct offence, is punishable under Section 120-B of the IP Code. There are various factors which would lead us to only and only one inference that the accused persons had a common goal and animus to commit the murder of deceased – Girish.

**આમ ઉપરોક્ત ચુકાદા અનુસંધાને ડિસ્કવરી પંચનામા ફરીયાદ પક્ષને સમર્થન ન આપ્યું હોય તો પણ આરોપીની ગુના અંગેની જવાબદારી સ્થાપિત થઈ શકે છે.**

(૪) **તો.દારો હુમલો કરતા ટોળામા સામેલ હોય અને એક કોમના માણસોનુ ખૂન કરી મૃત્યુ નીપજાવતા હોય તો વિસ્તૃત વર્ણન કે તે પછીના બનાવ મહત્વના નથી અને તો.દારોએ તે ટોળામા હોવાથી તેમના ગુનો સાબીત થયેલો ગણી શકાય. આ બાબતેનો ચુકાદો નીચે જણાવ્યા પ્રમાણેનો ખુબ મહત્વનો છે.**

**1999 (i) Sc Cases P. 148**

**Kishori V/s. State of Delhi.**

The eveidence tendered by PW 5 Bhakti Bai, is categorical in stating that Kishori, the appellant was present at the time of attack by the members of the mob and she was able to identify him in the Court as well. She is clear that several blows were on her husband. She is not able to

state as to what happened to her husband when she was asked to leave her husband on the thereat of dishonouring her but she is definite that her husband was killed. Her version appears to be natural and probable when she stated a mob attacked her house and there was thereat to the lives and hobour of women, it is quite natural that she had to go out of the house. Though the learned counsel for the accused sought to bring out that in the statements made before the plice, Kishori's name had not been included in some of the documents, the name of Kishori was mentioned in Exhibit PW 5/D.A which is the original Gurmukhi affidavit filed at the earliest point of time and Khsori was known to everyone in the area, he being a meat-seller. Thus there was ample material on record to bring home quilt to the accused that he had been responsible as a member of the mob for the death of the said persons. However, the learned counsel for the appellant sought to plead that there were several discrepancies in the evidence tendered by these witnesses. We have carefully and thoughly examined the record and do not find any such discrepancy which would have a bearing on the eveidence tendered by the evewitnesses to the effect that death of their respective husbands had occurred and in identifying the presence of the accused in the mob which indulged in their killing. Matters of detail as to the roles attributed to the several persons in the mob or narration as to the succession of events that took place may not be of much relevance. Therefore, in our view, the High Court and the Sessions Court were justified in affirming the conviction of the accused, Kishori.

The law is well settled by reason of the decisions of this Court as to the circumstances in which capital punishment can be imposed. It is held therein that capital punishment can be imposed in therarest of the rare cases and if there are any agtravating circumsntances such as the accused having any criminal record in the past, the manner of committing the crime, delay in imposing the sentence and so on. In the present case, the prosecution case, as unfolded before the Court, indicates that the riot in Delhi broke out as a result of the death of Smt. Gandhi and her death appears to be the symbol or web aroung which the violent emotions were released. The death of Smt. Gandhi became a powerful symbolic image as a result of which the croweds were perpetrating violence in the height of frenzy. It is common experience that when people congregate in crowds, normal defences are lowered os that the crowed instinct assaults on the sense of individuality or transcends one's individual boundaries by offering a realease from inhibitions from personal doubts and anxiety. In such a situation, one can well imaging that a member of such a group loses one's self and the normal standards or sense of judgement and reality. The primary motivational factor in the assembly of a violent mob may result in the murder of several persons. Experts in criminology often express that when there is a collective action, as in the case of a mob, there is a diminished individual responsibility unless there are special circumstances to indicate that a particular individual had acted with any predetermination such as by use of a weapon not normally found. If however, a member of such a crowd picks up an article or a weapon which is close by and joins the mob, either on his own volition or at

the instigation of the mob responding to the exhortation of the mob, playing no role of leadership, we may very well say that such a person did not intend to commit all the acts which a mob would commit left to himself, but did so that there was a mob attack resulting in the death of the three persons. Though the appellant is stated to be responsible for inflicting certain knife injuries. Yet it is not clear whether those injuries of themselves would have been sufficient to result in the death of the deceased. In the absence of any medical eveidence in these cases, it has become very difficult to draw any inference as to the injuries inflicted by the appellant. We are conscious of the fact that when an accused person in charged with an offence not only under Section 302 IPC but also read with Section 34 IPC or Section 149 IPC, the culpability of such an accused resulting in the death of the person will not be less than that of homicide amounting to murder. But what we are weighing now is whether such culpability is of such a nature which should result in capital punishment to the accused.

* Though the appellant had been charged with offences in seven cases and he had been convicted in all those cases, on appeal he had been acquitted in four cases and it is only in three cases that his conviction has been affirmed, of them, two are before us in appeal by special leave. Therefore, the basis upon which the Sessions Court concluded that he had been convicted in a number of cases, thereby indicating that the appellant is a hard – boiled criminal, may not stand to reason. On the other hand, what could be seen is that all these killings had taken place in a chain of events occurring on one night and day and, therefore, pertained to one

incident. Looked from that angle, it could not be stated that the appellant was indulging in criminal activities one after another. None of the witnesses has indulging in criminal activities one after another. None of the witnesses has stated that Kishori, the applellant, was the leader of the mob or he exhorted the members thereof to do any particular act. His role appears was only as a member of the mob.

* It is no doubt true that the high ideals of the Constitution have to be borne in mind, but when normal life breaks down and groups of people go berserk losing balance of mind, the rationale that the ideals of the Constitution should be upheld or followed, may not appeal to them in such circumstances, nor can we expect such loose heterogeneous group of persons like a mob to be alive to such high ideals. Therefore to import the ideas of idealism to a mob in such a situation may not be realistic. It is no doubt true that courts must be alive and in tune with the notions prevalent in the society and punishment imposed upon an accused must be commensurate with the heinousness of the crime. We have elaborated earlier in the course of our judgement as to how mob psychology works and it is very difficult to gauge or assess what the notions of society are in a given situation. There may be one section of society which may cry for a very deferent sentence while another section of society which may cry for a very deterrent sentence while another section of society may exhort upon the court to be lenient in the matter. To gauge such notions is to rely upon highly slippery imponderables and, in this case, we cannot be definite about the views of society.

*	We may notice that the acts attributed to the mob of which the any organized systematic activity teading to genocide. Perhaps, we can visualize that to the extent there was unlawful assembly and to the extent that the mob wanted to teach a stern lesson to the Sikhs, there was some organization; but in that design, that they did not consider that women and children should be annihilated which is a redeeming feature. When an amorphous group of persons come together, it cannot be said that they indulge in any systematic or organized activity. Such group may indulge in activities and may remain cohesive only for a temporary period and thereafter would disintegrate. The acts of the mob of which the appellant was a member cannot be stated to be the result of any organization or any group indulging in violent activities formed with any purpose or scheme so as to call an organized activity. In that sense, we may say that the acts of the mob of which the appellant was a member was only the result of a temporary frenzy which we have discussed earlier. He did not pay the role of a leader of the mob as noticed earlier.

**(5)** **<u>1998(6) SC Cases 554.</u>**

**<u>State of A.P V/s. Thakkidiram Reddy and Others.</u>**

**<u>Para no.17,</u>**

From the above judgement of this court, it is evident that to ascertain whether a particular persons shared the common object of the unlawful assembly, it is not essential to prove that he committed some illegal overt act of had been guilty of some illegal omission in pursuance of the common object. Once it is demonstrated from all the facts and circumstance of a given case that he shared the

common object of the unlawful assembly in furtherance of which some offence was committed – or he knew was likely to be committed – by any other person, he would be guilty of the offence. Undoubtedly, commission of an overt act by such a person would be one of the tests to prove that he shared the common object, but it is not the sole test. Coming now to the present case, the fact that at the dead of night, a mob of persons armed with various weapons forcibly trespassed into the house of the deceased after breaking open the door, clearly indicates that they had formed an unlawful assembly with a common object to commit some offence and each of them would be liable for the offence committed or knew was likely to be committed by any of the members of the mob. To ascertain what was the common object of the above unlawful assembly, we will advert later. Suffice it to say, at this state, that in the facts and circumstance of this case, the six accused (with whom only we are concerned in these appeals) would be gulty for the offence committed by any other member of the mob, in furtherance of the common object, without proof of any overt act committed by them. We do not, however, wish to dilate on this aspects of the matter any further as we find that the second ground canvassed by the High Court that the ocular evidence regarding overt acts committed by A-2 to A-5 and A-9 is not supported by medical evidence, is factually incorrect.

**(૬) કોમી હુલ્લડમા  ટોળાએ લાકડીઓ અને પથ્થરમારાથી હુમલો કરી એક જાતીના લોકોને જીવતા બાળીનાંખેલ અને તે ટોળામા સાહેદોએ જે તો.દારો ને જોયેલા તેમને કલમ ૧૪૭,૩૦૨,૧૪૯  ૪૩૬,૧૪૯ ૩૨૩,૧૪૯ તથા ૩૦૭,૧૪૯**

પ્રમાણે ના.કોર્ટ સજા ફરમાવેલ આ બાબતે ના.સુપ્રિમ કોર્ટનુ **AIR 1997 S.C. Page - 1654** સ્પષ્ટ છે.

**AIR 1997 S.C. 1654** માં ના સુપ્રિમ કોર્ટે આ કેસમા મદદરૂપ તે મતલબનુ એવુ ઓબ્જર્વેશન કરેલ છે કે જયારે હુલ્લડમા માણસો માર્યા ગયા હોય,ત્યારે બનાવને મોટો ચીતરવા મહત્વના ન ગણી શકાય તેવી વિરોધાભાસી જુબાની પ્રત્યતદર્શી સાહેદોની જુબાનીમા હોઈ શકે છે અને જયારે મોટા પ્રમાણમા હુમલાખોર તો.દારો હોય, હુલ્લડનો કેસ હોય અને સંખ્યાબંધ સાહેદો હોય, ત્યારે સાક્ષીઓના પુરાવાને નકારી ન કાઢતા સાહેદોની જુબાની એક સરખી ન હોય તે કુદરતી રીતે શકય છે.

આ હકીકત ના.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદાના પેરા-૩૨ મા નોંધેલ છે જે આ કામના સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરતા પણ ધ્યાને લેવી જરૂરી છે.

**(7) 1995(5)SC Cases 602**

**Bharvad Jakshibhai Nagjibhai and Others Vs. State of Gujarat.**

સદર ચુકાદાના પેરા નં.૯, ૧૦, ૧૯ અને ૨૧ કે જે નીચે મુજબ છે. તેમાં પણ ના.ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબ ઓબ્ઝર્વ કરેલ છે.

**Para no.9,**

Law is now well settled that though the Code of Criminal Procedure does not make any distinction between the powers of the appellate court while dealing with an order of conviction or of acquittal, normally the appellate court does not disturb an order of acquittal in a case where two views of the evidence are reasonably possible but the above principle is not applicable where the approach of the trial Judge in dealing with the evidence is manifestly erroneous and the conclusions drawn are wholly unreasonable and perverse. In the instant case we find that

the High Court was fully conscious, and did not transgress the bounds, of its appellate powers while dealing and reversing the order of acquittal.

**Para no.10**

As already noticed the prosecution case was that the successive assault on Govindbhai, Arvind and Vinod were parts of the same transaction and outcome of one and the same common object and not isolated incidents. Surprising however, the trial Judge appraised the evidence of the eyewitnesses treating the three incidents of assault as distinct and unconnected with each other. The High Court was, therefore, fully justified in observing that the basic approach of the trial Judge in appreciating the prosecution evidence was absolutely erroneous, as it proceeded as if the three assault were for different motives or common objects.

**Para no. 19**

Considering the nature of injuries inflicted on the above three persons and the discrepancy about the utterance of the mob we are in complete agreement with the reasoning of the High Court as quoted earlier and the conclusion drawn therefrom that it could not be conclusively inferred that the common object of the assembly was to commit the murder. If really a mob of 50-60 persons wanted to commit the murders nothing prevented them from inflicting severe injuries on the persons of Govindbhai and the two victims, more. So, when some of them were armed with sharp-cutting and dangerous weapons. The fact that the accused –Appellants 1 and 2 used blunt edges of the weapons and not their sharp edges

goes a long way to show that they did not also share a common intention to kill Govindbhai when they assaulted him. We are, therefore, unable to accept the contention of Mr. Lalit that the members of the unlawful assembly shared the common object or accused- Appellants 1 and 2 shared the common intention of committing the murder of Govindbhai.

**Para No. 21**

That brings us to the question of sentence as raised by Mr. Lalit. It is undoubtedly true that considering the manner in which the accused-appellants assaulted Govindbhai the sentence of three years imposed by the High Court for the offence errs on the side of leniency. But then, we cannot be oblivious of the fact that since the offences were committed more than 14 years have elapsed and during this long period the appellants have gone through the ordeal of protracted criminal trial and of the two appeals. Having given our anxious consideration to these competing claims we do not fell inclined to inhence the sentence.

(૮) **આ ઉપરાંત કોઈ** overact **તો.દારો તરફથી થયેલ નહોય છતા ટોળાના સામાન્ય ઈરાદો આગ,લૂંટફાટ અને ખૂન કરવાનો હોય તો ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તો.દારને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના આઈ.પી.સી. કલમ-૩૦૨, ૪૩૬ પ્રમાણે પણ દોષીત ઠરાવી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો 1992(1) Supreme Court Case 727 મુક્તેસ્વરરાય તથા બીજા વિ. સ્ટેટ ઓફ બિહારનો ચૂકાદો આપણી સમક્ષ છે. જેના મહત્વના પેરા નં.૩ અને ૫ નીચે મુજબ છે.**

**1992(1) SC Cases 727**

**મુક્તેસ્વરરાય તથા બીજા વિ. સ્ટેટ ઓફ બિહાર**

**Para no. 3.**

We have perused the implugned judgment. The learned Judge has discussed the evidence of all the eye-witnesses and thereafter he has discussed the case against each of the accused and such of those appellants who have been identified by two or more eye-witnesses have been held to be the members of the unlawful assembly. We may observe that so far as the presence of the present appellants are concerned two learned Judge have accepted the prosecution case and after going through the evidence carefully we see no reason to disagree. Therefore the presence of these appellants in the mob is established.

**Para no. 5**

We are unable to agree with the learned counsel that these appellants were mere onlookers. The prosecution case is that mob in which these appellants were present moved into the village. Therefore it is established beyond reasonable doubt that the conviction is respect of each of these appellants under Section 302 read with Section 149 IPC and sentence of imprisonment for life are set aside. The other convictions are confirmed. But so far as the sentence under Section 364 read with Section 149 and Section 436 read with Section149 IPC is concerned it is reduced from 10 years to 5 years. All the other convictions and sentenced are confirmed. With the above modifications these three appeals are partly allowed.

**(9) 1995(4) Supreme Court Case Page No. 392**

**રનબીર યાદવ વિ.સ્ટેટ ઓફ બિહાર પેરા નં.૯**

આ જજમેન્ટ આવતા ના.સુપ્રિમ કોર્ટે પેરા નં.૪૬ અને ૪૭માં ઈ.પી.કો. કલમ-૧૪૯, ૩૦૨, ૪૩૬ અન્વયે પ્રકાશ પાડેલ છે. અને તે જ રીતે આ કામમાં પણ આરોપીઓના અપકૃત્ય દેખાઈ આવે છે.

આ કામમા બનાવના દિવસે તો.દારોએ ગોધરાકાંડ બાદ મુસ્લીમો ઉપર હુમલો કરવા જાણે તેમને છુટો દોર આપી દેવામા આવેલ તે રીતે વર્તી ગેરકાદેસર મંડળી રચી, મુસ્લીમોને મારો, કાપો, બાંડીયાઓને જીવતા સળગાવી દો એક પણ જીવતો બચવો જોઈએ નહિ તેવા વાંધાજનક સૂત્રોચ્ચારો કરી પોતાનો સામાન્ય ઈરાદો પુરો પાડવા ગંભીર પ્રકારના ગુનાઓ આચરેલ છે અને ૨૩ જેટલા મુસ્લીમ સ્ત્રી,બાળકો અને માણસોને જીવતા બાળીનાંખી ગુનાઓ કરેલ છે. આ હુલ્લડ અને તોફાન દરમ્યાન હિચકારા કૃત્યો અને ગુનાઓ કરતા ટોળામા સાહેદોએ ના.કોર્ટમા જુબાનીમા આવેલ છે અને તે તો.દારોને તે ગુનાહિત ટોળામા સામેલ જોયેલ છે. તેથી બનાવ વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તેમનું સામાન્ય ઈરાદો મુસ્લીમોને મારીનાંખવા, આગ,લૂંટફાટ કરવાનો હતો અને તે પાર પાડવા તે ટોળાએ જે ગંભીર ગુનાઓ કરેલ છે તે તમામ ગુનાઓ માટે તે ટોળામા સામેલ દરેક તો.દાર જવાબદાર છે અને તે ટોળાએ આચરેલ દરેક ગંભીર ગુનાઓ માટે વ્યકિતગત રીતે જવાબદાર અને સજાને પાત્ર છે. આ માટે દરેક તો.દારે overact કરેલ હોવુ જરૂરી નથી તે કાયદામા ખૂબજ સ્પષ્ટ થયેલ હકીકત છે. તેમજ ના.સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે ગેરકાયદેસર મંડળીના તમામ સભ્યો કોઈપણ એક સભ્યના કૃત્યના અનુસંધાને પણ એક સરખા જવાબદાર છે.

(૧૦) આ ઉપરાંત બનાવના નજરે જોનાર સાહેદો ઈજાગ્રસ્ત હોય તો બનાવ વખતે તેમની હાજરીને શંકાસ્પદ ગણી ન શકાય આ ટ્રાયલમા પણ ના.કોર્ટમા જુબાની આપતા મોટાભાગના સાહેદો તેજ ગામમાં વર્ષોથી રહેનાર સાહેદો છે. બનાવ બન્યો છે તેજ ફળીયામાં વર્ષોથી રહે છે. તો.દારો પણ તેજ ગામના છે અને તેથી તેમને ઓળખે છે. વળી, જુબાની આપનાર મોટાભાગના સાહેદોને બનાવ વખતે થયેલ પથ્થરમારા કે ઝાંપલીવાળા મકાનને લગાડવામા આવેલ આગમા થી ઈજાગ્રસ્ત છે. તેથી તેમની બનાવ વખતે હાજરી અંગે શંકા કરવી નિરર્થક છે.

આ સંબંધે ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે **AIR 1993 S.C. Page 1544** નોંધાવેલ છે તે મહત્વનો છે.

(૧૧) આ ઉપરાંત એક ખુબજ મહત્વના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે જણાવ્યુ છે તેમ હુલ્લડના ગુન્હાઓમાં સજા કરવા માટે બે ત્રણ કે વધારે સાહેદોની સાતત્યપુર્ણ (CONSISTENCE) જુબાની જરૂરી ગણી શકાય જે WHOLLY RELIABLE WITNESS ન હોય તોય ચંદ્રશેખર વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર **AIR 2001 S.C. Page 4024**

(૧૨) **1994 Cr.L.J. Page 1103**

**Navganbhai Somabhai and Others V/s. State of Gujarat**

આ ચુકાદાના પેરા નં.૬ના અંદર પણ ગેરકાયદેસર મંડળી અંગેનું ખુબ સ્પષ્ટ રીતે ના.સુપ્રિમ કોર્ટે દર્શાવેલ છે.

**ના.કોર્ટમા સાહેદોની જુબાનીને સંપૂર્ણરીતે વિશ્વસનીય ગણવાના સબળ કારણો:-**

ગોધરાકાંડ બાદ ઓડ ગામે તા.૧.૩.૦૨ ના રોજ જે કોમી તોફાન થયેલ તે બાબતની F.I.R. માં ફરીયાદીએ તો.દારોના નામો આપેલ છે. તો.દારોના નામો ખોટી રીતે કોઈની ચઢવણી કે અદાવતના કારણે અપાયેલા હોવાની શકયતા કોઈપણ રીતે રહેતી નથી. આ કામના અસરગ્રસ્તો અને લઘુમતી કોમના લોકો ઉપર જે અત્યાચાર અને આગ,લૂંટફાટ, સામૂહિક હત્યાના કૃત્યો આચરવામા આવેલ તે કૃત્યો કરનાર ગામના લોકો જ હતા. અસરગ્રસ્ત સાહેદોએ તેમને સ્પષ્ટ ઓળખેલ છે અને પોલીસ તપાસ દરમ્યાન નોંધવામા આવેલ તેમના પોલીસ જવાબમા પણ તેમણે તો.દારોના નામ લખાવેલ છે. તે સમયે સાહેદો ઉપર કોઈપણ આગેવાનો કે સામાજીક કાર્યકારોની અસર કે ચઢવણીને અવકાશ હતો જ નહિ. બનાવ બન્યા બાદ વહેલામા-વહેલી તકે સાહેદોએ પોલીસ જવાબમા જે તો.દારોના નામ લખાવેલ

છે તે ખોટા હોઈ ના શકે અને ખોટા માણસોના નામ લખાવવાનો સાહેદોનો કોઈ હેતુ જણાતો નથી.

સાહેદોએ તેમના વહાલસોયા કુટુંબના સભ્યોને પોતાની આંખ સામે મોતને ઘાટ ઉતારતા જે તો.દારોને જોયેલ છે.તેવા ખરા તો.દારોને જતાં કરી કોઈ નિર્દોષ માણસોને વગર કારણે સાહેદો સંડોવણી કરે તે શકય નથી અને માની શકાય નહિ.

તો.દારોએ ગુનાહિત કાવતરાના ભાગરૂપે તેમના સામાન્ય ઈરાદાને વ્યવસ્થિત રીતે પાર પાડી શકાય તે હેતુથી મુસ્લીમોની વસ્તી તરફ લગાડેલ હતા વળી, બનાવના દિવસે મોટા ભાગના મકાનોને આગ લગાડી મોટો અગ્નિકાંડ સર્જવામા આવેલ, સાહેદોએ તો.દારોને સારી રીતે ઓળખેલ છે. અને ના.કોર્ટમા પણ તેવા તો.દારોને ઓળખી બતાવે છે. મોટી સંખ્યામા તો.દારો જુદા-જુદા હથિયારો સાથે હુમલો કરતા અને સાહેદો બચવા સારુ જે મકાનમાં આશ્રય લીધેલ હોય તે મકાનને તો.દારોએ હુમલો કરી આગ લગાડેલ હોય તેવા સંજોગોમા સાહેદો તેમને થયેલ ઈજાઓ અને તેવી વિપરીત સ્થિતિના કારણે એકસુત્રતા જુબાનીમા જાળવી ન શકે તે સમજી શકાય તેમ છે તે મતલબનો ચુકાદો ના.સુપ્રિમકોર્ટનો **1994 Cr.L.J. Page 1103** નો આ બનાવમા પણ તેવી પરિસ્થિતિમા સંપૂર્ણરીતે માની તેના પ્રકાશમાં સાહેદોએ જેમણે ખૂબ જ વિપરીત પરિસ્થિતિમા ઈજાગ્રસ્ત થઈ જે મકાનમા તેઓ આશરો લઈ રહેલ હતા તેની બારી તોડીને તેમને સળગાવવામાં આવેલ તેવા સમયે તેમણે જોંયેલ તો.દારો વિરુદ્ધની જુબાનીનું મુલ્યાંકન કરવા નમ્ર વિનંતી છે.

તો.દારે ટોળામા કોઈ સક્રિયભાગ ભજવ્યા હોવાની જરૂરીયાત રહેતી નથી અને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના ગુનાઓ બાબત ટોળામા સામેલ તે તો.દારોની જવાબદારી પણ થઈ પડે છે. અને F.I.R. માં તો.દારના નામ ગેરકાયદેસરની મંડળીમા હોવાનુ આવ્યુ હોય તે પણ મહત્વનુ બની રહે છે.

એક મહત્વના મુકાદામા ના.સુપ્રિમકોર્ટે રીપોર્ટ થયેલ **AIR 1995 S.C. Page 1748** માં તે ચુકાદાના પેરા-૧૮ મા સ્પષ્ટતા કરેલ છે તે પ્રમાણે મોટાપાયે અનેક તો.દારો હુમલો કરતા હોય ત્યારે તેઓએ ભજવેલ વ્યક્તિગત ભાગ બાબતે સાહેદો જણાવી શકે નહિ. પરંતુ, તો.દારો બનાવ વખતે હથિયારો સાથે ટોળુ રચી, હુમલો કરવા આગળ આવેલ ત્યારે તેઓનો સામાન્ય ઈરાદો

ગેરકાયદેસર મંડળી બની સામાપક્ષના માણસોનુ કાસળ કાઢવાનુ જ હતુ અને પુરાવા પ્રમાણે ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૪૯ પ્રમાણે સજા પાત્ર છે.

આ બનાવમા ના.કોર્ટને મદદરૂપ થઈ પડે તેવો એક મહત્વનો ચુકાદો **<u>1998 Cri L.J. Page 988 (Delhi High Court</u>)** નો છે. જે પ્રમાણે તો.દાર ગેરકાયદેસર મંડળીરચી પોતાનો સમાન્ય ઈરાદો ખૂન,લૂંટફાટ અને મકાનો બાળવાનો હોઈ તે દરેકની વ્યક્તિગત સક્રિય ગુનાહિત કૃત્ય બતાવવુ જરૂરી નથી અને તો.દારોએ વિશેષ કોમના માણસોને મારી નાંખવા અને તેમની માલમીલ્કતને લૂંટવા અને બાળવાનો સામાન્ય ઈરાદો ધરાવતો હોય અને શંકાસ્પદ ઈન્વેસ્ટીગેશન થયેલુ હોય અને જયા લાશો કે ગુનામા વપરાયેલ હથિયારો મળી આવ્યા ન હોય તો તેવી હકીકત અને સંજોગો પણ ગંભીર ગણાઈ શકાય નહિ.

કેટલાક તો.દારોના નામ F.I.R. માં ના લખાવ્યા હોય તે પણ આવા સંજોગોમા મહત્વપૂર્ણ ગણી શકાય નહિ.

એકવધુ અતિમહત્વના ચુકાદામા ના.સુપ્રિમકોર્ટે **<u>AIR 2002 S.C. 1965</u>** માં ઉલ્લેખ કરેલ છે તે પ્રમાણે હિચકારા બનાવમા એકજ કોમના ૨૩ જેટલા માણસો મરણ પામ્યા હોય અને કેટલાકને ઈજાઓ થયેલ હોય અને તે વિસ્તારમાં ગભરાટ ફેલાયેલો હોય અને ખૂબજ ઉગ્ર ટોળાએ હુમલો કર્યો હોય તેવા સંજોગોમા એક કે બે સાહેદોની પણ જુબાની માની શકાય તેવી જુબાની મહત્વની થઈ પડે છે. આવા સંજોગોમા સાહેદોની સંખ્યા કરતા તેમના પુરાવાની ગુણવત્તા મહત્વની થઈ પડે છે. આજ ચુકાદામા ના.સુપ્રિમ કોર્ટ ખૂબજ મહત્વનુ ઓબ્જર્વેશન કરેલ છે અને જસ્ટીસ શ્રી અરીજીત પસાયત સાહેબના તેમના ચુકાદાના પેરા-૯૪ માં જણાવ્યા પ્રમાણે બનાવના સમયને સારો એવો સમય વીતી ગયો હોય, માનસીક નિર્બળતા અને બનાવના વિકૃત દ્રશ્યો અને આઘાતના કારણે માનસીક આઘાત લાગેલ હોય તેવા સંજોગોમા સાહેદની જુબાનીમા સામાન્ય વિરોધાભાસ હોઈ શકે છે નામદાર કોર્ટોએ કયા પ્રકારના વિરોધાભાસને મહત્વનો ગણવો જોઈએ તે નકકી કરવુ જોઈએ.

તો.દારની ઓળખ બાબતમા ના.સુપ્રિમ કોર્ટે પોતાના **<u>AIR 1997 S.C.Page 322</u>** માં નોંધ્યુ છે તે પ્રમાણે જયારે વધુ સાહેદો હોય તેવા સંજોગોમા એક સાહેદની જુબાની પણ તો.દારની ઓળખ માટે પૂરતી ગણી

શકાય છતા મોટા પ્રમાણમા ગેરકાયદેસર મંડળી બાબતમા કોર્ટ ને માનવા લાયક સાક્ષીઓની ઓળખનો પુરાવો તો.દારની ઓળખના પુરાવા તરીકે આગ્રહ રાખી શકે. આ કામમા તો.દારોને ના.કોર્ટમા એક કરતા વધારે સાહેદોએ ઓળખી બતાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સાહેદોએ તો.દારોને ઓળખી બતાવેલ હોઈ પરંતુ, તેમના નામ તેઓએ અગાઉ લખાવેલ  ન હોય તેવા સંજોગોમા **Dana Yadav V/s. State of Bihar** મા **AIR 2002 S.C. Page 3325** માં નોંધ્યા પ્રમાણે આવા સાહેદની જુબાની ન માનવી તેવો કોઈ કાયદો નથી.

તો.દારો સામે પડેલ સમગ્ર પુરાવો જોતા એ સ્પષ્ટ થાય છે કે, સાહેદો તો.દારોના ગામના જ રહેવાસીઓ છે. તેમને તો.દારો સાથે કોઈ અદાવત નથી કે તેવો કોઈ કારણસર  સાહેદો તેમના ખોટા નામ આપે વળી, બનાવ બન્યો  તે બાદ મોટા ભાગના સાહેદોએનો વહેલામા-વહેલી તકે પોલીસ જવાબ લખાવેલ છે તેમા પણ સંબંધીત તો.દારોના નામ તેમણે જાહેર કરેલ છે અને ના.કોર્ટમા તેવા તો.દારને ઓળખી પણ બતાવેલ છે આવા સાહેદોની જુબાની નું મૂલ્યાંકન કરવામા આવે ત્યારે તેઓએ ના.કોર્ટમા આપેલ જુબાની ખૂબજ વિશ્વાસનીય શંકા રહીત અને માની શકાય તેવો પૂરાવો પૂરી પાડતી જુબાનીઓ છે.

આ કામમા એ હકીકત સ્પષ્ટ છે કે, ૨૦૦૨મા બનેલ કમનસીબ કોમી હુલ્લડોમા તપાસ કરનાર એજન્સીઓ અને રાજય જેવા  શક્તિશાળી બળનુ પક્ષપાતી અને દ્વેશપૂર્ણ વલણ હોવાને કારણે અસરગ્રસ્તોને ન્યાય મળી શકે તેવી કોઈ તપાસ જાણીબુઝીને થયેલ નહિ અને ખરા તો.દારો સુધી ન્યાયના હાથ પહોંચી શકે નહિ તે માટે પ્રયત્ન કરવામા આવેલ જેથી અસરગ્રસ્તોને દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ રાજયની તપાસ કરતી પોલીસ એજન્સી વિરૂધ્ધ રજુઆત કરાતા  ના.કોર્ટ તે અરજીમાં તથ્ય જણાતા સીટની રચના કરેલ સીટની રચના થયા બાદ પણ તેના અમલદારો તરફથી થતી તપાસ બાબતમા અનેક આશંકાઓ રહેલી છે આમ, આ સ્થિતિમા ખૂબજ હિત પ્રકારના ગંભીર પ્રકારના ગુનાઓમા ભોગ બનેલ અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સીઓની સાચી મદદ અને દોરવણીના બદલે હિન કૃત્યો અને ગંભીર ગુનાઓ કરતા તો.દારોને લાભ થાય તે પ્રકારનુ ઇન્વેસ્ટીગેશન થયેલાનુ જણાય છે આવા સંજોગોમા

ના.સુપ્રિમ કોર્ટ **Baladin and others V/S State of U.P. A.I.R. 1956 S.C. 181** માં નોંધેલ છે તે પ્રમાણે જયારે પોલીસ તપાસ શંકાશીલ રીતે થયેલ હોય તેવી સ્થિતિમા સાહેદોની જુબાનીમા Contradication, omissions, બહુ મહત્વના ન ગણી શકાય આ સંજોગોમા સાહેદે ના.કોર્ટમા આપેલ જુબાની જ મહત્વ ધારણ કરે છે અને તે જુબાની ના.કોર્ટ તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની શકાય તેમ છે તે રીતે તેનુ મૂલ્યાંકન કરવુ જોઈએ આ સિવાય ન્યાયની પ્રક્રિયાને આડે રસ્તે ચડાવવા એક યા બીજા પ્રકારના આક્ષેપો ઉભા કરી શક્તિશાળી પીઠબળ ધરાવતા સ્થાપિત હિતો તરફથી સાહેદોની જુબાની ઉપર યેનકેન પ્રકારે શંકાના વાદળો ઉભા કરવા જાત-જાતના પ્રયત્નો કરવામા કશુ બાકી રાખવામા આવ્યુ નથી તે ના.કોર્ટે સુક્ષ્મ રીતે જોવુ જોઈએ.

આ કામના સાક્ષીઓની આર્થિક પરિસ્થિતિ, રહેણી કરણી, આજુબાજુની પરિસ્થિતિ કે કામકાજ કે કૃત્યુ એવુ ન હતુ કે જેનાથી આરોપીઓને કોઈ નુકશાન થાય કે ઉશ્કેરણી થાય. તેમ છતાં, સદર કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી કાવતરૂ રચી મુસ્લીમ સમુદાયના મકાનો ઉપર, જાનમાલ ને નુકશાન પહોંચાડેલ છે અને ખાનાખરાબી કરેલ છે.

આ કામના તોહમતદારોએ ધાર્મિક ઝનુન, બદલાની ભાવના અને ગામના મુસ્લીમો સાથે કોઈપણ જાતની દુશ્મની સિવાય મુસ્લીમ સમુદાયના ઘરબારમાં લુટફાટ કરેલ છે. આગચંપી કરેલ છે તેમજ મુસ્લીમોના મકાનમાં મુસ્લીમો રહે છે અને તેમની હાજરી હોવાનું જાણતા હોવા છતાં, તેઓના મકાન ઉપર હિચકારો હુમલો કરીને જાનથી મારીને બાળી કાઢેલ છે.

આ કામના તોહમતદારોને ભોગબનનાર સાહેદો પૈકીના કેટલાક સાહેદોએ તોફાની ઝનુની ટોળાને જયારે તેઓ તેમના ઘરને નુકશાન પહોંચાડી રહ્યા હતા, બાળી રહ્યા હતા તે વખતે તે ટોળાને ભોગ બનનારાઓએ વિનંતી કરેલ, કરગરેલ, તેમ છતાં, આ કામના તોહમતદારોએ તેમનું બદઆશય પાર પાડવા માટે ભોગ બનનારાઓની કોઈપણ જાતની વિનંતીને કાને ધરેલ નહીં. અને તેઓએ તેમનુ હિચકારૂ કૃત્ય આચરેલ હતું.

આમ, ઉપરોક્ત તમામ સંજોગો અને બનાવને સંલગ્ન તમામ હકીકતો જોતા આ કામના તોહમતદારોને સખતમાં સખત સજા થવી જોઈએ. અને

કડકમાં કડક સજા થશે તો જ ન્યાયનો હેતુ જળવાઈ રહેશે અને લોકોમાં ન્યાય પ્રણાલીકા પર ભરોસો કાયમ રહેશે.

ખૂબજ મોટા પ્રમાણમા થયેલ કોમી હુલ્લડોમા સાહેદોએ તેમના અનેક વ્હાલાસોયા પ્રીયજનોને ગુમાવેલ છે અને કોઈપણ જાતની રોકટોક વગર સમાજમાં આ રીતના અમાનવીય હત્યાકાંડ સર્જતા તત્વોને નશીયતરૂપ સજા થાય તે જરૂરી છે. આવા તત્વોને તેમના ગુનાઓ બદલ યોગ્ય સજા થાય તો જ સમાજમાં છાસવારે કોમી-તંગીદીલી ઉભી કરી પોતાના લાભ સારૂં નિર્દોષ લોકોની જાન અને માલ-મિલ્કત સાથે ખેલ ખેલતા તેમને રોકી શકાય. ગંભીર પ્રકારના કોમી હુલ્લડો કરવા દોડી આવતા તો.દારોને કાયદા તરફથી યોગ્ય સજાના અભાવે તેઓને હંમેશ ના માટે મોકળુ મેદાન મળી જવાનો જાણે કે, પરવાનો મળી જશે તેથી પોતાનુ સર્વસ્વ ગુમાવનાર ગરીબ, અભણ અને અશક્ત લોકોની ન્યાયની પોકાર સાંભળી ગુનેગાર તો.દારોને સખત સજા કરવા નમ્ર વિનંતી છે.

આણંદ

તારીખ ૨૮.૦૨.૧૧